Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલ ભારત

૨૫ग
૨૨

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'

૧૮ પુસ્તકોની પહેલી યોજના

- આ શ્રેણીના દરેક પુસ્તકની છૂટક કિંમત **દસ આના** રહેશે.
- બધાં પુસ્તકો માટે નામ નોંધાવનારને ૧૮ પુસ્તકો દસ રૂપિયામાં મળશે.
- ટપાલથી મગાવનારે રૂ. ૧–૮–૦ ટપાલખર્ચનો મોકલવો.
- પ્રસિદ્ધ થનારાં પુસ્તકોમાં સંજોગવશાત્ સંસ્થા ફેરફાર કરી શકશે.

નીચેનાં તેર પુસ્તકો તૈયાર છે

૧. **પ્રકાશનાં પગલાં :** (સચિત્ર) લેખક: શ્રી. કરસનદાસ માણેક
   * જગતના ભિન્નભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ ૦–૧૦

૨. **રાખની ઢગલી :** (સચિત્ર) લેખક : શ્રી. 'સૌજન્ય'
   * વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ ૦–૧૦

૩. **હાસ્યતરંગ :** (સચિત્ર) લેખક : શ્રી. જ્યોતીન્દ્ર હ૦ દવે
   * જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ–લેખો ૦–૧૦

૪. **જીવનની કલા :** લેખક : શ્રી. રવિશંકર મહેતા
   * જીવનની સફળતા માટેનું વ્યવહારુ માર્ગદર્શન ૦–૧૦

૫. **જગતમાં જાણવા જેવું :** (સચિત્ર) લે૦ છોટાલાલ કામદાર
   * જગતની અદ્ભુતતા અને ઉપયોગિતાનો પરિચય ૦–૧૦

૬. **જીવનપરિવર્તન :** (સચિત્ર) લેખક : શ્રી. 'સોપાન'
   * જીવનપલટાની એક કરુણ–મંગલ સળંગ વાર્તા ૦–૧૦

૭. **ઇતિહાસને અજવાળે :** (સચિત્ર) લે૦ ઇંદ્ર વસાવડા
   * ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા ૦–૧૦

૮. **ગૃહજીવનની કલા :** (સચિત્ર) લે૦ "સમાજશાસ્ત્રી"
   * ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો ૦–૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

११८४-११८५

૯. [illegible] ગામડું : (સચિત્ર) લે૰ ચુનીલાલ મડિયા
* હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન 0–10

૧૦. ગૃહજીવનનાં દશ્યો : (સચિત્ર) લેખિકા: શ્રી. કુમુદ શેઠ
* આપણાં ગૃહકુટુંબનાં સાચાં શબ્દચિત્રો 0–10

૧૧. મારો ભારત દેશ : (સચિત્ર) લે૰ કાન્તિલાલ પરીખ
* ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય 0–10

૧૨. આરોગ્યસાધના : (સચિત્ર) લે૰ ડુંગરશી ધ૰ સંપટ
* આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન 0–10

૧૩. ભગવાનનાં છોરુ : (સચિત્ર) લે૰ પુરાતન બુચ
* હરિજનોના જીવનપ્રસંગોનો હૂબહૂ ચિતાર 0–10

નીચેનાં પાંચ પુસ્તકો હવે પછી પ્રકટ થશે

પાંચ પુસ્તકો તૈયાર થયે તેનાં નામ અને લેખક વિષે
જાહેરાત કરવામાં આવશે. આજની ધારણા પ્રમાણે
એ પુસ્તકોમાં નીચેના વિષયોનો સમાવેશ થશે:–

૧૪. રવીન્દ્ર-જીવન :
* કવિવર રવીન્દ્રનાથ ટાગોરના જીવનનો પ્રેરણાત્મક પરિચય

૧૫. ગુજરાતના સેવકો :
* આજના ગુજરાતને ઘડનારા મૂંગા સેવકોની જીવનકથા

૧૬. માતૃત્વ :
* બાળઉછેરને લગતા પ્રશ્નો અને ઉત્તરો

૧૭. જાગ્રત નારી :
* નારીજીવનને પ્રેરણા આપતા લેખો ને જીવનચરિત્રો

૧૮. સાહસ કથાઓ :
* લોકકલ્યાણ અર્થે સાહસ કરનારા વીરોની કથાઓ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, નદી જવાને રસ્તે, સેશન્સ કોર્ટ પાસે, **અમદાવાદ**
અને કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

બાલભારત–૧૦૦૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 11 ग/22

पंजिका संख्या 22,049

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

બાલ ભારત

ગુરુકુલ કાંગડી
૧૧ ग/२२
२२०४१
२-११-२००३
CHECKED 1973
Initial

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ-૨

પ્રત : ૧૦૧૦૦ :: સંવત : ૨૦૦૨

દોઢ રૂપિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવાદક :
પ્રફુલ્લ પ્રા. ઠાકોર

[સર્વ હક્ક પ્રકાશક-સંસ્થાને સ્વાધીન છે.]

મુદ્રક અને પ્રકાશક :
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
રાયખડ :: અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

‘ મહાભારત ’ કોઈ પણ ભારતવાસીથી અજાણ્યું નથી. હિન્દુસ્થાનમાં જે જે પ્રાચીન ગ્રંથો મહત્ત્વના અને ઉપકારક ગણાતા આવ્યા છે, તેમાં મહાભારત પ્રથમ શ્રેણીનો પુરવાર થઈ ચૂકયો છે અને તેથી જ આ સંસ્થા તરફથી તેનું ભાષાંતર સાત મોટા ગ્રંથોમાં પ્રસિદ્ધ થયું છે.

આવા આ મહાન ગ્રંથની ઓછું ભણેલાં સ્ત્રી–પુરુષો તથા બાળકો માટે નાની આવૃત્તિ પ્રસિદ્ધ કરવામ વે, તો તે ઉપયોગી થઈ પડે. આથી આ ‘ બાલભારત ’ની યોજના કરવામાં આવી છે. હિંદી, બંગાળી, અંગ્રેજી એમ લગભગ ઘણીખરી ભાષાઓમાં આ પ્રકારના પ્રયત્નો થયા છે.

બંગાળી ભાષામાં શ્રી. સુબોધચંદ્ર મજુમદા બાળ માટે ‘ છેલેદેર મહાભારત ’ નામનું એક સુંદર મહાભારત લખેલું છે. તે મહાભારત ત્યાંનાં બાળકોને એટલું બધું ગમી ગયું છે, કે તેની અત્યાર સુધીમાં અગિયાર આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે. તે પુસ્તકની ઉપયોગિતા જોઈ કલકત્તા વિશ્વ-વિદ્યાલયની પાઠ્યપુસ્તક સમિતિએ માધ્યમિક અને પ્રાથમિક શાળાઓ માટે અભ્યાસેતર વાચનને માટે આ પુસ્તકને મંજૂર કર્યું છે. એ પુસ્તકનો થોડા ફેરફાર સાથે ગૂજરાતીમાં આ અનુવાદ છે. ગૂજરાતીમાં આ પુસ્તક એટલું સુંદર છે કે નહિ, તે નક્કી કરવાનું કામ વાચકબંધુઓનું છે.

આ સંસ્થા તરફથી બાલોપયોગી બીજાં પણ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. તેમાં આથી એક પુસ્તકનો ઉમેરો થાય છે. આ પુસ્તક કંઈ નવું નથી; પરંતુ મહાભારતનો કથાભાગ બાળકોના જ્ઞાનની વૃદ્ધિ થાય એ સારુ ક્રમબદ્ધ ગોઠવીને આપ્યો છે અને પ્રસંગોપાત નવ ચિત્રો પણ આપ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં સુધી આપણા દેશમાં શિક્ષણની પૂર્વપરંપરા થોડી-ઘણી પણ ચાલુ હતી, ત્યાં સુધી મહાભારતની જ કથાઓ ઐતિહાસિક હકીકતોના રૂપમાં છોકરાંઓને ભણાવાતી હતી; પણ એ રિવાજ હવે તો બંધ પડતો જાય છે. પરિણામ એ આવ્યું છે, કે જે સાધારણ વાતો અથવા ધર્મનીતિનાં તત્ત્વો સ્વરાજ્યના સમયમાં નાનાં બાળકો સુધી પણ વગર ખર્ચે પહોંચી જતાં અને તેમને અનાયાસે સમજાઈ જતાં, તે જ તત્ત્વો–તે જ વાતો આજે વિદ્યાર્થીવર્ગ લાખો–કરોડોના ખર્ચે ચાલતી આજની કેળવણી દ્વારા મેળવી શકતો નથી. એ એક દુર્ભાગ્ય જ છે !

આ બાબતમાં સ્વ૦ લોકમાન્ય તિલકે ઠીક જ કહ્યું છે, કે ભારતવર્ષમાં અત્યારે જ્યારે એક તરફ રાષ્ટ્રીય એકતા પ્રાપ્ત કરવા માટે જેટલાં પણ સાધન મળી આવે તેટલાં ખોળી કાઢવાને આપણે તત્પર થયા છીએ, ત્યારે બીજી તરફ જે રાષ્ટ્રીય ગ્રંથનો આજે હજારો વર્ષથી સમાજને સંગઠિત રાખવા પાછળ અત્યુત્તમ ઉપયોગ થતો આવ્યો છે, તેની આપણા આજના યુવાનો જ અવગણના કરી રહ્યા છે. એ અત્યંત અફસોસની વાત છે.

આવી સ્થિતિમાં કેટલાક સમયથી આ ગ્રંથના અનુવાદો તેમજ સંક્ષિપ્ત આવૃત્તિઓ પ્રસિદ્ધ થવા લાગી છે, કે જેથી ઉપર્યુક્ત શોચનીય સ્થિતિ કંઈક અંશે દૂર થાય. નવી પ્રજાના મનમાં પોતાના પૂર્વજોનાં વૈભવ, શૂરતા, ઉદાત્ત વિચારો અને મહત્તા યોગ્ય સમયે ઉતારવામાં આવે, તો તે દ્વારા દેશકલ્યાણ અને ઉત્કર્ષ જલદી સાધી શકાય એમાં શક નથી.

ન્યુ દિલ્હી,
તા. ૫–૫–'૪૬

'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

વિષય	પૃષ્ઠ
૧ આદિપર્વ	
દેવવ્રતની ભીષ્મપ્રતિજ્ઞા … … …	૯
ધૃતરાષ્ટ્ર ને પાંડુનો જન્મ … …	૧૨
પાંડવ–કૌરવનો જન્મ … … …	૧૩
ભીમનાં પરાક્રમ … … …	૧૫
દુર્યોધનનું કાવતરું … … …	૧૬
ભીમસેન પાતાળમાં … … …	૧૭
ભીમનું ઘેર પાછા આવવું … …	૨૧
ગુરુ દ્રોણાચાર્ય … … … …	૨૧
પાંડવ–કૌરવોનો અસ્ત્રવિદ્યાભ્યાસ …	૨૪
ભીષ્મનો પૂર્વપરિચય … … …	૨૬
અસ્ત્રવિદ્યામાં કુમારોની પરીક્ષા … …	૨૯
શિષ્યોની પરીક્ષા … … …	૩૦
કર્ણ … … … … …	૩૪
ગુરુ–દક્ષિણા … … … …	૩૬
યુધિષ્ઠિર યુવરાજપદે … … …	૩૮
દુર્યોધનનું કાવતરું … … …	૪૦
હિડંબ રાક્ષસનો ભેટો … … …	૪૫
ઘટોત્કચનો જન્મ … … …	૪૮
પાંડવો એકચક્રા નગરીમાં … …	૫૦
ભીમે બક રાક્ષસને માર્યો … … …	૫૨
દ્રૌપદીનો પરિચય … … …	૫૪
પાંડવો પાંચાલ દેશમાં … … …	૫૫
દ્રૌપદીનો સ્વયંવર … … …	૫૭
દ્રૌપદી પાંચની પત્ની કેમ થઈ ? … …	૬૨
પાંડવોને ધૃતરાષ્ટ્રનું તેડું … … …	૬૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડવોની રાજધાની ૬૬
અર્જુનનો બાર વર્ષનો વનવાસ ૬૮
સુભદ્રા-હરણ ૭૨
ખાંડવવનદાહ ૭૫

૨ સભાપર્વ

મયદાનવે રચેલું સભાગૃહ ૮૦
રાજસૂય યજ્ઞ માટે નારદની સૂચના ... ૮૨
જરાસંધનો વધ ૮૩
પાંડવોનો દિગ્વિજય ૮૯
રાજસૂય યજ્ઞ અને શિશુપાળનો વધ ... ૯૨
દ્યૂત માટે યુધિષ્ઠિરને આમંત્રણ ૯૫
દ્રૌપદી વસ્ત્રાહરણ અને શ્રી કૃષ્ણની સહાય... ૧૦૧
પાંડવોનો વનવાસ ૧૦૪

૩ વનપર્વ

વનમાં પાંડવોને સૂર્યની સહાય ૧૦૯
કામ્યક વનમાં ભીમને હાથે કિર્મીરનો વધ ૧૧૨
અર્જુનની તપસ્યા ૧૧૫
અર્જુનને દિવ્ય અસ્ત્રોની પ્રાપ્તિ ૧૧૮
ભીમને હનુમાનનો ભેટો ૧૨૨
અર્જુનને અલૌકિક અસ્ત્રોની પ્રાપ્તિ ... ૧૨૬
ચિત્રસેન દુર્યોધનને કેદ કરે છે ૧૨૮
અર્જુને દુર્યોધનને છોડાવ્યો ૧૩૦
દુર્વાસા મુનિ પાંડવોના અતિથિ ૧૩૨
જયદ્રથે કરેલું દ્રૌપદીનું હરણ ૧૩૪
કર્ણના દાનવ્રતનો પરિચય ૧૩૬
યક્ષ અને યુધિષ્ઠિરનો સંવાદ ૧૩૮

૪ વિરાટપર્વ

ગુપ્ત વેષે પાંડવોનો નિવાસ ૧૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીચક–વધ ૧૪૮

રાજા વિરાટ પર સુશર્માની ચડાઈ અને
કૌરવો ગાયો લઈ ગયા તેથી બન્ને વચ્ચે યુદ્ધ ૧૫૪

અભિમન્યુ અને ઉત્તરાનાં લગ્ન ૧૬૧

૫ ઉદ્યોગપર્વ

પાંડવ–કૌરવ–યુદ્ધની તૈયારી ૧૬૩

૬ ભીષ્મપર્વ

ભીષ્મના યુદ્ધનો પ્રથમ દિવસ ૧૭૩

ભીષ્મ–યુદ્ધના ચાર દિવસો ૧૭૮

ભીષ્મ–યુદ્ધના ૮ દિવસો... ... ... ૧૮૧

ભીષ્મે પોતાના વધનો બતાવેલો ઉપાય ... ૧૮૬

અર્જુને શિખંડીને આગળ કરી ભીષ્મને પાડ્યા ૧૮૮–

દશમા દિવસે ભીષ્મ બાણશય્યા પર ... ૧૯૦

૭ દ્રોણપર્વ

સેનાપતિ દ્રોણનું યુદ્ધ ૧૯૩

અભિમન્યુ–વધ... ... ... ૧૯૮

અર્જુનની પ્રતિજ્ઞા અને જયદ્રથવધ ... ૨૦૦

ઘટોત્કચ ને દ્રોણનો વધ ૨૦૨

૮ કર્ણપર્વ

સેનાપતિ કર્ણનું યુદ્ધ ૨૦૫

બન્ને પક્ષનું ઘોર યુદ્ધ ૨૦૬

દુઃશાસનનો વધ ૨૧૦

કર્ણનો વધ ૨૧૧

૯ શલ્યપર્વ

શલ્યને મારવા યુધિષ્ઠિરની પ્રતિજ્ઞા ... ૨૧૫

શલ્ય અને શકુનિ મરાયા ૨૧૭

દુર્યોધન સરોવરમાં છુપાઈ ગયો ૨૧૯

આખરે ભીમની ગદાથી દુર્યોધન પડ્યો ... ૨૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ સૌપ્તિકપર્વ

અશ્વત્થામાનું ઘોર કૃત્ય... ... ... ૨૨૫
મરતા દુર્યોધનને અશ્વત્થામાના કૃત્યથી શોક ૨૨૯
અશ્વત્થામાનો પ્રાણ સમો મણિ પાંડવોએ કબજે કર્યો ૨૩૧

૧૧ સ્ત્રીપર્વ

કૌરવોની સ્ત્રીઓનો શોક ૨૩૩

૧૨ શાંતિપર્વ

ભીષ્મનો ઉપદેશ ૨૩૮

૧૩ અનુશાસનપર્વ

ભીષ્મનો સ્વર્ગવાસ ૨૩૯

૧૪ અશ્વમેધપર્વ

અશ્વમેધ યજ્ઞની તૈયારી ૨૪૧
અશ્વમેધ માટે અર્જુનનો દિગ્વિજય ... ૨૪૩
અશ્વમેધની સમાપ્તિ ૨૪૭

૧૫ આશ્રમવાસિકપર્વ

વાનપ્રસ્થ ધૃતરાષ્ટ્ર વગેરે અગ્નિથી બળી મૂઆં ૨૪૮

૧૬ મૌસલપર્વ

શ્રી કૃષ્ણનું સ્વધામગમન... ... ... ૨૫૦

૧૭ મહાપ્રાસ્થાનિકપર્વ

પ્રથમ દ્રૌપદીનું મરણ ૨૫૩
સહદેવ અને નકુળનું મરણ ૨૫૪
અર્જુનનું મરણ ૨૫૫
ભીમસેનનું મરણ ૨૫૬
યુધિષ્ઠિરની ઇંદ્રે લીધેલી પરીક્ષા ૨૫૭

૧૮ સ્વર્ગારોહણપર્વ

યુધિષ્ઠિર સદેહે સ્વર્ગમાં... ... ... ૨૬૦
બધાં દિવ્ય શરીરે સ્વર્ગમાં ૨૬૧
મહાભારતનાં નીતિસૂત્રો ૨૬૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલભારત

૧ : આદિપર્વ

દેવવ્રતની ભીષ્મપ્રતિજ્ઞા

આજે જ્યાં દિલ્હી શહેર છે, તેની આજુબાજુ આજથી ઘણાં વર્ષો પહેલાં હસ્તિનાપુર નામનું એક શહેર હતું. હસ્તિનાપુરમાં ઘણાં વર્ષો પહેલાં ચંદ્રવંશના રાજાઓ રાજ્ય કરતા હતા.

ચંદ્રવંશમાં પ્રતીપ નામનો એક રાજા થઈ ગયો. પ્રતીપ રાજાને એક પુત્ર હતો. તેનું નામ શાંતનુ. શાંતનુ ઘણો જ પુણ્યશાળી રાજા હતો. તેની પાસે એક એવી શક્તિ હતી, જેની મદદ વડે તે ઘરડા માણસને એક યુવાન જેવો બળવાન અને સુંદર શરીરવાળો બનાવી શકતો! શાંતનુ રાજાની આટલી બધી ખ્યાતિ જોઈ ખુદ ગંગાદેવી પૃથ્વી ઉપર આવ્યાં અને શાંતનુ સાથે લગ્ન કર્યાં. એક પછી

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક એમ આઠ બાળકો ગંગાદેવીને પેટે અવતર્યાં, પણ પહેલા સાત તો જન્મતાંની સાથે જ મૃત્યુ પામ્યા. ફક્ત સૌથી નાનો બાળક બચી જવા પામ્યો. આ બાળકનું નામ દેવવ્રત હતું. દેવવ્રતને નાનો મૂકીને ગંગાદેવી સ્વર્ગમાં પાછાં જતાં રહ્યાં.

જેમ જેમ દિવસો જતા ગયા, તેમ તેમ દેવવ્રત મોટો થતો ગયો. એક દિવસ શાંતનુ રાજાએ યમુના નદીને કિનારે એક સુંદર કન્યાને જોઈ. કન્યા ઘણી જ સુંદર હતી. વળી, તેના શરીરમાંથી એવી તો સુગંધ નીકળતી હતી, કે આજુબાજુનું બધું વાતાવરણ સુગંધથી ભરાઈ જતું! આ કન્યાનું નામ હતું સત્યવતી. તેની માતા એક માછલી હતી; પણ નાનપણથી જ તે માછીમારોના એક રાજાને ત્યાં ઊછરી હતી. આથી લોકો તો તેને 'માછી-કન્યા'ના નામથી જ ઓળખતા. પહેલાં તો સત્યવતીના શરીરમાંથી માછલીના જેવી દુર્ગંધ નીકળતી હતી, પણ પરાશર મુનિના આશીર્વાદથી તેના શરીરમાંથી સુગંધી કમળના જેવી સુવાસ નીકળવા માંડી. એક તો સુંદર કન્યા અને તેના શરીરમાંથી નીકળતી મધુર સુવાસ; પછી તો પૂછવું જ શું? જાણે સોનામાં સુગંધ ભળી હોય ને! શાંતનુને આ કન્યા ઘણી ગમી ગઈ અને તેને પોતાની રાણી બનાવવાનો વિચાર કર્યો. માછીરાજા પાસે જઈ તેણે એ પ્રમાણે માગણી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ્રતિજ્ઞા લઈને કહું છું કે, "હું આખી જિંદગી કુંવારો રહીશ." [પૃ. ૧૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માછીરાજા શાંતનુની માગણીનો અસ્વીકાર કરતો બોલ્યો: "મહારાજ, દેવવ્રત આપનો પાટવી કુંવર છે; એટલે સત્યવતીના પુત્ર માટે રાજગાદીની તો કાંઈ જ આશા નથી. જો આપ પ્રતિજ્ઞા કરતા હો, કે દેવવ્રતને ગાદી ન આપતાં સત્યવતીના પુત્રને ગાદી આપવી, તો હું આપની સાથે સત્યવતીનો વિવાહ કરું."

શાંતનુથી આવી પ્રતિજ્ઞા તો કેવી રીતે લઈ શકાય? દેવવ્રત તેનો પાટવીકુંવર હતો, એટલે રાજગાદી તો તેને જ મળવી જોઈએ. વળી, દેવવ્રત જેવા બુદ્ધિશાળી અને વીર પુત્રો બહુ થોડાને હોય છે; આવા દેવ જેવા દેવવ્રત પાસેથી તેના હકની રાજગાદી કેવી રીતે ઝૂંટવી લેવાય? લોકો પણ શાંતનુ માટે શું ધારે?

શાંતનુ ઘણો દુઃખી થતો પાછો ફર્યો. પોતાનું મન ખાટું થવાને લીધે રાજકાજમાં હવે તેને ઝાઝો રસ રહ્યો નહિ. પોતાના દુઃખથી તે રાતની ઊંઘને પણ ભૂલી ગયો.

પિતાજીની આવી દશા જોઈ દેવવ્રત ઘણો દુઃખી થયો. મંત્રીઓ પાસેથી જ્યારે તેણે જાણ્યું કે પિતાના દુઃખનું કારણ પોતે જ છે, ત્યારે તેણે તરત જ માછીરાજા પાસે જઈને કહ્યું: "મહાશય, આપની કન્યાનો વિવાહ મારા પિતા સાથે કરો. હું પ્રતિજ્ઞા લઈ કહું છું, કે આપની કન્યાનો પુત્ર જ હસ્તિનાપુરનું રાજસિંહાસન શોભાવશે. મારે રાજપાટની જરૂર નથી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માછીરાજા બોલ્યો: "કુમાર, તમે તો તમારી પ્રતિજ્ઞાનું પાલન કરશો, એ વિષે મને જરા ય શંકા નથી; પણ આપના પુત્રો રાજગાદી માટે સત્યવતીના પુત્ર સાથે તકરાર કરશે, તો?"

દેવવ્રત બોલ્યો: "જો આપને આ વિષે શંકા પડતી હોય, તો હું ફરીથી પ્રતિજ્ઞા લઈ કહું છું કે હું આખી જિંદગી કુંવારો રહીશ!"

દેવવ્રતની આ કઠોર પ્રતિજ્ઞા સાંભળી સ્વર્ગમાંથી દેવો-એ તેના ઉપર ફૂલોનો વરસાદ વરસાવ્યો. માછીરાજાને હવે તો શાંતનુ સાથે સત્યવતીનાં લગ્ન કરવામાં વાંધો ન હતો. દેવવ્રતની આ ભીષણ પ્રતિજ્ઞાને લીધે તેનું નામ 'ભીષ્મ' પડ્યું.

શાંતનુ દેવવ્રત ઉપર ખૂબ ખુશ થયો. તેણે ભીષ્મને 'ઇચ્છા–મૃત્યુ' નામનું વરદાન આપ્યું. આ વરદાનથી ભીષ્મમાં પોતે જ્યારે ઇચ્છે ત્યારે જ મૃત્યુ પામી શકે એવી શક્તિ આવી.

ધૃતરાષ્ટ્ર ને પાંડુનો જન્મ

ભારે ધામધૂમ વચ્ચે સત્યવતી અને શાંતનુનાં લગ્ન થયાં. કેટલાક સમયે સત્યવતીએ બે બાળકોને જન્મ આપ્યો. આ બે બાળકોનાં નામ ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય હતાં. શાંતનુના મૃત્યુ પછી ચિત્રાંગદ અને ચિત્રાંગદ પછી વિચિત્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીર્ય હસ્તિનાપુરની ગાદીએ આવ્યા. ભીષ્મ વિચિત્રવીર્યને રાજ્ય ચલાવવામાં મદદ કરતા અને સલાહ આપતા.

કેટલાક દિવસો પછી ભીષ્મ કાશીના રાજાની બે કુંવરીઓ—અંબિકા અને અંબાલિકા—નું હરણ કરી લાવ્યા અને તેમને વિચિત્રવીર્ય સાથે પરણાવી. વખત જતાં બંને રાણીઓને પેટે એક એક પુત્ર અવતર્યો. અંબિકાના પુત્રનું નામ પાડવામાં આવ્યું ધૃતરાષ્ટ્ર અને અંબાલિકાના પુત્રનું નામ પાડવામાં આવ્યું પાંડુ.

પાંડવ-કૌરવનો જન્મ

ધૃતરાષ્ટ્ર તો જન્મથી જ અંધ હતો; એટલે તે મોટો હોવા છતાં પિતાના મૃત્યુ પછી તેને રાજગાદી ન મળતાં તેના નાનાભાઈ પાંડુને મળી. પોતાને ગાદી ન મળવાથી ધૃતરાષ્ટ્રને ઘણું દુઃખ થયું; પણ શું કરે ? એટલામાં તેના દુઃખમાં વધારો કરવા પહેલાં પાંડુને ત્યાં પુત્રનો જન્મ થયો અને ત્યાર પછી ધૃતરાષ્ટ્રને ત્યાં પુત્રજન્મ થયો. "પોતાને ત્યાં જો પહેલાં પુત્રજન્મ થયો હોત, તો તો ધૃતરાષ્ટ્રના પુત્રને જ રાજગાદી મળત; પણ હવે તો પાંડુના પુત્રને જ મળવાની" એ વિચાર ધૃતરાષ્ટ્રને ઘણું દુઃખ આપવા લાગ્યો.

પાંડુરાજાને બે રાણીઓ હતી—કુંતી અને માદ્રી. પાંડુને પાંચ પુત્રો હતા: તેમાંના યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન કુંતીના હતા; ત્યારે સહદેવ અને નકુળ માદ્રીના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દરેક પુત્રે જુદા જુદા દેવોના વરદાનથી જન્મ લીધો હતો; તેથી દરેક પુત્ર તે તે દેવનો પુત્ર કહેવાતો. યુધિષ્ઠિરે ધર્મરાજાના વરદાનથી જન્મ લીધો હતો; તેથી તેઓ ધર્મ-પુત્ર કહેવાતા. ભીમે પવનદેવના વરદાનથી જન્મ લીધો હતો; તેથી તે પવનપુત્ર કહેવાતો. અર્જુને દેવરાજ ઇંદ્રના વરદાનથી જન્મ લીધો હોવાથી તે ઇંદ્રપુત્ર કહેવાતો; અને સહદેવ અને નકુળે સ્વર્ગના વૈદ્ય બે અશ્વિનીકુમાર ભાઈઓ-ના વરદાનથી જન્મ લીધો હોવાથી તેઓ અશ્વિનીકુમાર-પુત્રો કહેવાતા.

ધૃતરાષ્ટ્રની રાણીનું નામ ગાંધારી હતું. તેને દુર્યોધન, દુઃશાસન વગેરે સો પુત્રો હતા અને દુઃશલા નામની એક પુત્રી હતી.

ધૃતરાષ્ટ્ર અને પાંડુ જે કુળમાં જન્મ્યા હતા, તે કુળનું નામ કુરુવંશ હતું; પણ પાંડુના પુત્રો 'પાંડવો'ના નામથી ઓળખાતા, જ્યારે ધૃતરાષ્ટ્રના પુત્રો 'કૌરવો'ના નામથી ઓળખાતા.

પાંડુએ અનેક દેશો અને રાજ્યો જીતી લીધાં હતાં. થોડાક દિવસ ઋષિમુનિઓની સાથે રહેવા તે વનમાં ગયો હતો. ત્યાં તે ઘણું ખરું રોજ શિકાર કરવા જતો. એક વાર શિકાર કરતાં કરતાં પાંડુએ એક હરણને તીર માર્યું. હરણે મરતાં મરતાં પાંડુને શાપ આપ્યો. આ શાપને લીધે થોડા જ વખતમાં પાંડુરાજાનું અકાળ મૃત્યુ થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના સ્વામીનું મૃત્યુ થવાથી માદ્રીએ સતી થવાનો વિચાર કર્યો. સહદેવ અને નકુળને કુંતીના હાથમાં સોંપતાં માદ્રીએ કહ્યું : "બહેન, હું તો સ્વામીની પાછળ સતી થાઉં છું; પણ તમે આ સહદેવ અને નકુળને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનની માફક સંભાળજો."

ભીમનાં પરાક્રમ

આમ કહી માદ્રી તો સતી થઈ ગઈ. કેટલાક દિવસો પછી કુંતી પોતાના પાંચે બાળકોને લઈ કેટલાક ઋષિમુનિઓ-ની સાથે હસ્તિનાપુર આવી. પાંડુના પુત્રોની ઓળખાણ આપી ઋષિમુનિઓ તો વનમાં પાછા ફર્યા. ભીષ્મ, વિદુર, ધૃતરાષ્ટ્ર વગેરે પાંચ પાંડવો ઉપર ઘણો પ્રેમ રાખતા અને ગાંધારી પણ કુંતીને આશ્વાસન આપવા લાગ્યાં.

રાજમહેલમાં રહેતા પાંડવો દિવસે દિવસે મોટા થવા લાગ્યા. દુર્યોધન વગેરે સૌ ભાઈઓ પણ તેમની સાથે જ રમતા. રમવા–ખેલવામાં, દોડાદોડી કરવામાં કૌરવો પાંડવોથી હમેશાં પાછળ જ રહેતા; અને જ્યારે તેમણે જાણ્યું કે મોટા થયા પછી યુધિષ્ઠિરને રાજ્ય મળવાનું છે–દુર્યોધનને નહિ, ત્યારે તો તેઓ ઈર્ષ્યાથી બળી જવા લાગ્યા.

પાંચ પાંડવોમાંથી ભીમસેન બહુ જોરાવર હતો. રમતાં રમતાં ભીમ કૌરવોનાં માથાં એકબીજા સાથે અફાળતો અને તેમને હેરાન હેરાન કરી મૂકતો. બધા ભાઈઓ ભેગા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ભીમસેન સામે ઘણી યુક્તિઓ કરવા લાગ્યા, પણ તેઓ એકેમાં ફાવ્યા નહિ. નદીમાં રમતાં રમતાં ભીમસેન દશબાર કૌરવોને ભેગા કરી પાણીમાં ડુબાડતો; અને જ્યારે પાણી પી પીને તેઓ મરવા જેવા થઈ જતા, ત્યારે તેમને પાણીમાંથી બહાર કાઢી છોડી મૂકતો. ફળ તોડવા કૌરવો જ્યારે ઝાડ ઉપર ચડતા ત્યારે ભીમ એટલા જોરથી ઝાડ હલાવતો, કે કૌરવો તો ફળની માફક ટપોટપ નીચે ખરી પડતા! અને એમ કોઈનો હાથ તો કોઈનો ટાંટિયો ભાંગતો.

દુર્યોધનનું કાવતરું

પોતાની આવી દશા જોઈને કૌરવો મનમાં તો ભીમ ઉપર ઘણા ય ચિડાતા; પણ કરે શું? ધૃતરાષ્ટ્રના સો પુત્રો-માંનો પહેલો પુત્ર દુર્યોધન બડો કપટી અને લોભી હતો. ભીમસેનનું બળ અને તેજ જોઈ તેને લાગ્યું: "ભીમ આટલો નાનો છે અને તે છતાં આપણને આટલા બધા હેરાન કરે છે, તો જ્યારે મોટો થશે ત્યારે તો કોણ જાણે શુંનું શું ય કરી બેસશે! માટે જ્યારે તે બાગમાં ફરતો હોય ત્યારે તેના હાથપગ બાંધી ગંગામાં જ ડુબાડી દેવો જોઇએ. ભીમના મરી ગયા પછી બાકીના ચાર ભાઈઓ તો કાંઈ હિસાબમાં નથી!"

મનમાં આવો વિચાર કરી દુષ્ટ દુર્યોધન પાંડવોને કહેવા લાગ્યો: "ચાલો, ભાઈઓ, આજે તો ગંગાતીરે આવેલા બાગમાં જ રમવા જઇએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ભીમ એવા જોરથી ઝાડ હલાવતા કે કારવા
ફળની માફક ટપોટપ નીચે પડતા. [પૃ. ૧૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડવોએ તો દુર્યોધનની વાત કાંઈ પણ ખરાબ વિચાર લાવ્યા વગર કબૂલ કરી. રાજકુમારો બાગમાં રમવા આવે એટલે બાગને કાંઈ શણગારવો તો જોઇએ ને? ત્યાં ખાવાપીવાની પણ કેટલી ય વસ્તુઓ મોકલવામાં આવી. ખૂબ રમ્યા પછી બધા ખાવા માટે ગયા. ખાતાંખાતાં પણ રમત તો ચાલુ જ હતી. દુર્યોધન પોતે આગ્રહ કરી ભીમને મીઠાઈ ખવડાવતો. દુષ્ટબુદ્ધિ દુર્યોધને ભીમને માટે ખાસ ઝેર ભેળવેલા લાડુ તૈયાર કરાવરાવ્યા હતા; તેથી જ તે પોતાના હાથે ભીમને ઝેરવાળા લાડુ ખવડાવતો. આ કપટની ભીમને તો કાંઈ પણ ખબર ન હતી; એટલે તે તો ઘણો ખુશ થતો થતો ઝેરવાળા લાડુ ખાતો હતો. પેટ ભરીને ખાધા પછી બધા ગંગામાં નાહવા ગયા. કેટલીક વાર પછી ભીમની આંખો ઝેરને લીધે ઘૂમવા લાગી. ભીમ પાણીમાંથી બહાર નીકળી શક્યો નહિ. તે પાણીમાં જ બેભાન થઇને પડ્યો.

દુર્યોધન સિવાય બીજું કોઈ ભીમની આ દશાની વાત જાણતું ન હતું. બધા ભાઈઓ જરા આરામ કરવા બાગમાં પાછા ફર્યા, ત્યારે દુર્યોધને ભીમના હાથપગ બાંધ્યા અને તેને પાણીમાં ડુબાડી દીધો.

ભીમસેન પાતાળમાં

પણ દુર્યોધનના આ કપટનું ફળ તો બીજું જ આવ્યું. જ્યાં આગળ દુર્યોધને ભીમને પાણીમાં ડુબાડ્યો હતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર ત્યાં–તે જ જગ્યાએ પાતાળમાં જવાનો રસ્તો હતો. ભીમ આ રસ્તા ઉપર ગબડતો ગબડતો પાતાળમાં આવેલા નાગના રાજ્યમાં જઈ પડ્યો. બેભાન અવસ્થામાં પડેલા ભીમના શરીર નીચે કોણ જાણે કેટલાય સાપ છુંદાઈ ગયા. પાતાળમાં ભીમનું આ પરાક્રમ જોઈ નાગલોકમાં તો હાહાકાર મચી ગયો. એક મોટું સૈન્ય લઈ બધા નાગ ભીમને કરડવા આવ્યા. પણ નાગનું ઝેર ભીમને માટે તો ઉપકારી નીવડ્યું. કહેવત છે, કે ઘણીવાર ઝેરનું ઔષધ ઝેર જ હોય છે. દુર્યોધને ભીમને લાડુમાં જે ભયંકર ઝેર ખવડાવ્યું હતું, તે ઝેરની અસર આ ઝેરથી નાબૂદ થઈ. ભીમે ધીમે ધીમે પોતાની આંખો ઉઘાડી. તેને મનમાં થયું, કે "આ કોણ કરડે છે?" આંખો ચોળીને જુએ, તો સામે સેંકડો નાગ! ભીમ તો એવો ક્રોધે ભરાયો, કે એક એક હાથે દશવીસ નાગને મારી નાખવા લાગ્યો. તે દિવસે ભીમને હાથે કોણ જાણે કેટલાય નાગ મર્યા હશે. નાગ બધા ગભરાઈ ગયા. દોડતા દોડતા તેમના રાજા વાસુકિ પાસે ગયા અને તેને કહેવા લાગ્યા: "મહારાજ, જલદી કરો, નહિ તો પાતાળમાં એક પણ નાગ નહિ રહે. કોણ જાણે કોઈક એક માણસ પૃથ્વી ઉપરથી અહીં આવી પડ્યો છે; અને તે નાગને જુએ છે ત્યાંથી મારે છે!"

નાગરાજ વાસુકિ દોડતો દોડતો આવીને જુએ તો તો ભીમસેન. ભીમ તો વાસુકિના દોહિત્ર કુંતિભોજનો દોહિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતો હતો. પોતાના દૌહિત્રના દૌહિત્ર ભીમનો વાસુકિએ ખૂબ આદર-સત્કાર કર્યો. પોતાના મહેલમાં લઈ જઈ તેને ઘણાં બધાં રત્નો આપ્યાં. શું સુંદર એ રત્નો! વાસુકિ-રાજાના મહેલમાં અમૃતની તો કોઠીઓ ને કોઠીઓ ભરેલી હતી. દરેક કોઠીને ખૂબ સાચવીને રાખવામાં આવતી. અમૃતમાં ઘણા ગુણ હોય છે. અમૃત પીવાથી માણસ હાથીના જેવા બળવાન શરીરવાળો બને છે-તેને ભૂખ તરસ લાગતી નથી વગેરે. નાગરાજે ભીમને આવું અમૃત પીવાનો આગ્રહ કર્યો. ભીમ કાંઈ જેવો તેવો માણસ ન હતો. તે તો એક પછી એક એમ આઠ કોઠીઓ ભરેલું અમૃત પી ગયો! પછી તો ભીમના બળનું પૂછવું જ શું? ભીમને પોતાને પણ એમ લાગ્યું, કે હવે તો તે આખી પૃથ્વીમાં એકલે હાથે ઊથલપાથલ કરી શકશે.

વાસુકિએ ભીમને માટે એક જુદા મહેલમાં રહેવા કરવાની વ્યવસ્થા કરી. આટલું બધું ખાધા પછી ભીમને એવું તો ઘેન ચડ્યું, કે તેણે તો ઘોરવાનું જ શરૂ કરી દીધું!

આ બાજુ યુધિષ્ટિર પોતાને ઘેર જઈ જુએ તો ભીમ આવ્યો ન હતો. તેમણે તો ધાર્યું હતું, કે ભીમ તેમની પહેલાં ઘેર પહોંચી ગયો હશે; પણ ઘેર ભીમને ન જોતાં તેમના મનમાં ચિંતા થવા લાગી, કે ભીમ ક્યાં ગયો હશે?

યુધિષ્ઠિરે માતા કુંતીને પૂછ્યું "મા, તેં તો ભીમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ કામ માટે કોઈ જગ્યાએ મોકલ્યો નથી ને? ભીમ અમારી સાથે ઘેર આવ્યો નથી. અમારા મનમાં એમ કે તે અમારા પહેલાં જ ઘેર પહોંચી ગયો હશે."

ભીમ ઘણો બળવાન અને સાહસિક હતો તેથી ઘણા લોકો તેની ઉપર દાઝે બળતા તે વાત કુંતી જાણતાં હતાં. આથી તેમને તો ઘણી ચિંતા થઈ. ભીમની તપાસ કરવા ચારે બાજુએ તેમણે બધા ભાઈઓને દોડાવ્યા. ભાઈઓએ કેટલીય તપાસ કરી, પણ ભીમનો તો કાંઈ પણ પત્તો લાગ્યો નહિ. છેવટે થાકીને કુંતીએ વિદુરને બોલાવ્યા. વિદુરને તેઓ કહેવા લાગ્યાં: "દિયરજી, બધા ભાઈઓ ભેગા થઈ ગંગાતીરે આવેલા બાગમાં રમવા ગયા હતા. બાકીના તો બધા પાછા આવી ગયા છે, પણ ભીમનો હજુ સુધી કાંઈ પત્તો લાગતો નથી. દુષ્ટ દુર્યોધનથી ભીમનું બળ સાંખી શકાતું નથી; તેણે તો કાંઈ ઊંધુંચત્તું નહિ કર્યું હોય?"

વિદુરજી કુંતીને શાંત પાડતાં બોલ્યા: "ભાભી, તમે હજુ ભીમને બરાબર ઓળખતાં નથી. મહામુનિ વ્યાસજીએ જ કહ્યું છે, કે તમારા છોકરાઓનું આયુષ્ય બહુ લાંબુ છે. કોઈ માણસ તમારા છોકરાઓનો વાળ પણ વાંકો કરી શકવાનો નથી; માટે તમારે કાંઈ પણ ચિંતા કરવાની જરૂર નથી. ભીમ જ્યાં હશે ત્યાંથી હમણાં જ પાછો ફરશે."

વિદુરની વાત સાંભળી કુંતીનું મન જરા વાર માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૨૨૦૪૧
११ΙΙΙ/२२
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો શાંત પડ્યું; પણ ભીમ ન આવ્યો. ભીમની રાહ જોતાં જોતાં મા કુંતીની અને ભાઈઓની આંખમાં આંસુ આવ્યાં.

ભીમનું ઘેર પાછા આવવું

આ બાજુ ભીમ જાગીને જુએ તો પોતે ગંગાકિનારે આવેલા બાગમાં પડ્યો હતો. દાદાના દાદા નાગરાજ વાસુકિ તેને ત્યાં મૂકી ગયા હતા. ભીમ દોડતો દોડતો ઘેર આવ્યો. માને અને મોટાભાઈઓને પ્રણામ કર્યા અને નાના ભાઈઓને તો ભેટી જ પડ્યો. ભીમને સાજો તાજો જોઈ બધાને ખૂબ આનંદ થયો. દુર્યોધને કેવી રીતે મીઠાઈમાં ઝેર ભેળવી તેને ખવડાવ્યું હતું અને તે ઝેર નાગના ઝેરથી કેવી રીતે નાશ પામ્યું—તે બધી વાત ભીમે માતાને અને ભાઈઓને કહી. ત્યાર પછી દુર્યોધન સાથે ખાવા-પીવામાં પાંડવો હમેશાં સાવધાન રહેતા.

ગુરુ દ્રોણાચાર્ય

ભીષ્મ પિતામહ ઉપર બધા બાળકોને ભણાવવા ગણાવવાનો ભાર હતો. કૃપાચાર્ય નામનો એક બ્રાહ્મણ બધા બાળકોને ભણાવતો; પણ ભીષ્મનો વિચાર દ્રોણાચાર્યને છોકરાઓના શિક્ષક તરીકે રાખવાનો હતો. ભરદ્વાજ ઋષિનો પુત્ર દ્રોણ બાણવિદ્યામાં ઘણો હોશિયાર હતો. બાણવિદ્યામાં તેના જેવો હોશિયાર તે વખતે તો કોઈ ન હતો. ખુદ પરશુરામ પાસેથી તે અસ્ત્રવિદ્યા શીખ્યો હતો. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રોણાચાર્યની એક બે વાત જરા જાણવા જેવી છે.

નાનપણમાં દ્રોણ અગ્નિવેશ ઋષિના આશ્રમમાં અસ્ત્ર વિદ્યા શીખવા રહેલો. પાંચાલ દેશનો રાજકુંવર દ્રુપદ પણ અગ્નિવેશ ઋષિને ત્યાં અસ્ત્રવિદ્યા શીખવા રહેલો હતો. એક જ ગુરુના આ બે વિદ્યાર્થીઓ વચ્ચે ઘણો પ્રેમ હતો. એક દિવસ વાતવાતમાં દ્રુપદે દ્રોણને કહ્યું: "મિત્ર, મોટો થઈ જયારે હું રાજા થઈશ, ત્યારે અર્ધું રાજ્ય તને આપીશ. પ્રાણથી પણ વહાલો મિત્ર દુઃખમાં રહે અને હું સુખમાં રહું, એ તો કેવી રીતે બની શકે?"

દ્રુપદની વાત સાંભળી દ્રોણ કહેતો: "મિત્ર, એમ જ થશે."

ત્યારપછી તો કેટલા ય દિવસો વહી ગયા. બન્ને મિત્રો અસ્ત્રવિદ્યાનો અભ્યાસ સમાપ્ત કરી ગુરુના આશ્રમમાંથી પોતપોતાને ઘેર ગયા. દ્રુપદ તો પાંચાલ રાજ્યનો રાજા બન્યો. દ્રોણે કૃપાચાર્યની બહેન કૃપી સાથે લગ્ન કર્યું. વખત જતાં તેને ત્યાં એક પુત્રનો જન્મ થયો. પુત્રનું નામ પાડવામાં આવ્યું અશ્વત્થામા. દ્રોણ ઘણો ગરીબ બ્રાહ્મણ હતો. તેની પાસે પુત્રને દૂધ પિવડાવવા જેટલા પૈસા પણ ન હતા. એક દિવસ પોતાની સાથે રમતા બધા બાળકોને દૂધ પીતા જોઈ અશ્વત્થામાને પણ દૂધ પીવાની ઇચ્છા થઈ. માતાપિતા પાસે જઈ તેણે દૂધ પીવાની હઠ લીધી. દ્રોણે આજુબાજુ દૂધની તપાસ કરી, પણ કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મ્યાએથી દૂધનું એક ટીપું સરખું ય તેને મળ્યું નહિ. પોતાના બાળકને દૂધ માટે રડતો જોઈ કયા માબાપને દુઃખ ન થાય? અશ્વત્થામાને ખૂબ રડતો જોઈ કૃપીએ પાણીમાં જુવારનો લોટ નાખી 'દૂધ' બનાવી આપ્યું. અશ્વત્થામા જુવારના લોટવાળા ધોળા પાણીને દૂધ માની પી ગયો અને રાજી થતો થતો પોતાના ભાઈબંધો સાથે રમવા ચાલ્યો ગયો.

પોતાના પુત્રની આવી દશા જોઈ દ્રોણ ઘણો દુઃખી થયો. પોતાના પુત્રને જરાક જેટલું દૂધ પણ ન મળી શકે એટલો બધો પોતે ગરીબ છે તેની તો તેને આજે જ ખબર પડી. દ્રોણ આવા વિચારમાં હતો તેટલામાં તેને પોતાનો નાનપણનો મિત્ર દ્રુપદ યાદ આવ્યો. દ્રુપદે લીધેલી પ્રતિજ્ઞા યાદ કરી. દ્રોણને લાગ્યું, કે દ્રુપદ જ તેનું દુઃખ દૂર કરી શકશે. આવો વિચાર કરી દ્રોણ પાંચાલ દેશમાં ગયો. દ્રુપદ રાજા માથે હીરાનો મુગટ પહેરી સોનાના સિંહાસન ઉપર રાજસભામાં બેઠો હતો; તે વખતે દ્રોણ ત્યાં જઈ પહોંચ્યો. દ્રુપદને તે કહેવા લાગ્યો: "દ્રુપદ, હું તારો નાનપણનો ભાઈબંધ દ્રોણ છું. તેં પ્રતિજ્ઞા લીધી હતી, કે 'જ્યારે હું રાજા થઈશ ત્યારે હું અર્ધું રાજ્ય તને આપીશ.' આ પ્રતિજ્ઞા યાદ છે કે? આજે હું ઘણી ગરીબાઈમાં આવી પડ્યો છું. તારી પ્રતિજ્ઞા ઉપર વિશ્વાસ રાખી હું અહીં આવ્યો છું; પણ ભાઈ, હું તો ગરીબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણ. મારે રાજ્યપાટની શી જરૂર? મને તો ફક્ત થોડાક રૂપિયા આપ એટલે બસ."

દ્રોણની વાત સાંભળી દ્રુપદ જાણે તેને ઓળખતો જ ન હોય એવું વર્તન બતાવવા લાગ્યો! કેટલીય વાર પછી તેણે દ્રોણને ઓળખ્યો; પણ તેને તુચ્છકારી કાઢતાં દ્રુપદ બોલ્યો: "એક રાજા સાથે એક ગરીબ બ્રાહ્મણને ભાઈબંધી હોઈ શકે નહિ! ભાઈબંધી તો સરખા સરખા વચ્ચે હોય. નાનપણમાં લીધેલી પ્રતિજ્ઞા મને તો કંઈ યાદ આવતી નથી; તેથી જો એકાદ રાત અહીં પડ્યા રહેવું હોય તો પડ્યા રહો અને થોડીક ભિક્ષા જોઈતી હોય તો તે લો."

દ્રુપદને આ પ્રમાણે બોલતો સાંભળી દ્રોણને બહુ અપમાન જેવું લાગ્યું. તેણે તે જ જગ્યાએ પ્રતિજ્ઞા લીધી, કે "દ્રુપદના આ અપમાનનું વેર લઈ તેને ભાઈબંધીની વાત યાદ કરાવી આપીશ. તેનું રાજ્ય જીતી અર્ધું રાજ્ય તેને આપીશ અને અર્ધું હું રાખીશ. સરખા સરખા વચ્ચે મિત્રતા ત્યારે થશે!"

પાંડવ-કૌરવોનો અસ્ત્રવિદ્યાભ્યાસ

દ્રોણ છૂપા વેશમાં પોતાના સાળા કૃપાચાર્યને ઘેર આવ્યો. એક દિવસ બધા રાજકુમારો ભેગા થઈ લોખંડના દડાથી રમતા હતા. રમતાં રમતાં દડો કૂવામાં પડી ગયો. કેટલીય મહેનત કરી, પણ કૂવામાંથી દડો બહાર નીકળી શક્યો નહિ. દ્રોણાચાર્ય તે વખતે એ રસ્તે થઈને જતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દ્રોણાચાર્યે મંત્ર ભણી બાણ છોડ્યું; જોતજોતામાં બાણ દડાને લઈ બહાર નીકળ્યું. [પૃ. ૨૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. તેમણે રાજપુત્રો પાસેથી બધી બીના જાણી લીધી. પછી હસતાં હસતાં બોલ્યા: "અરે, તમે તો બધા ક્ષત્રિય-પુત્રો છો; અને અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરો છો છતાં કૂવા-માંથી દડો બહાર કાઢી શકતા નથી? શિવ, શિવ! બોલો, હું કૂવામાંથી દડો કાઢી આપું, તો શું ખવડાવશો?"

કુમારો બોલ્યા: "જો આપ કૂવામાંથી દડો કાઢી આપશો, તો આપને કાયમ અમારે ત્યાં જ અમે ભોજન આપશું!"

કુમારોની વાત સાંભળી દ્રોણાચાર્યે મંત્ર ભણી બાણ છોડયું. જોતજોતાંમાં બાણ દડાને લઈને બહાર નીકળ્યું. કુમારો તો આ વૃદ્ધ બ્રાહ્મણનું પરાક્રમ જોઈ આભા જ બની ગયા! જ્યારે ભીષ્મ પાસે આ સમાચાર પહોંચ્યા ત્યારે ભીષ્મને લાગ્યું, કે "જરૂર આ બ્રાહ્મણ દ્રોણાચાર્ય જ હોવો જોઈએ; કારણ કે દ્રોણાચાર્ય સિવાય બીજું તો કોણ આવું કામ કરી શકે?" ભીષ્મે દ્રોણાચાર્યને ખૂબ ધન આપ્યું, તેમને રહેવા વ્યવસ્થા કરી આપી અને બધા રાજપુત્રોને અસ્ત્રવિદ્યા શિખવાડવા રાખી લીધા.

પહેલે જ દિવસે જ્યારે કુમારો દ્રોણાચાર્ય પાસે અસ્ત્ર-વિદ્યા શીખવા ગયા, ત્યારે દ્રોણાચાર્યે બધાને પૂછ્યું: "તમે બધા મારા શિષ્યો છો. હું તમને ખૂબ સરસ રીતે અસ્ત્રવિદ્યા શિખવાડીશ, પણ અસ્ત્રવિદ્યા શીખી રહ્યા પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારે મારું એક કામ કરવું પડશે. બોલો, કોણ કરવા તૈયાર છે?" બીજા કુમારો તો દ્રોણની વાત સાંભળી તેના ઉપર વિચાર કરવા લાગ્યા; પણ અર્જુન બોલી ઊઠ્યો: "ગુરુદેવ! આપ જે કાર્ય કરવાની આજ્ઞા આપશો, તે કાર્ય હું કરીશ." અર્જુનની વાત સાંભળી દ્રોણાચાર્ય ખૂબ ખુશી થયા. અર્જુનને તેઓ ભેટી પડ્યા અને તેને આશીર્વાદ આપવા લાગ્યા.

ભીષ્મનો પૂર્વપરિચય

હવે ભીષ્મ વિષે પણ એકાદ વાત જાણવા જેવી છે.

ભીષ્મે પોતાના પિતા શાંતનુના સુખ માટે રાજગાદીને ઠોકરે મારી હતી અને તેને માટે પોતે આખી જિંદગી કુંવારા રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી—એ બધી વાત તો તમે પહેલેથી જાણો છો. પૂર્વજન્મમાં આ ભીષ્મ એક દેવ હતા. તે અને તેમના બીજા સાત ભાઈઓ—એ આઠ વસુઓ કહેવાતા. એક વાર પોતાની સ્ત્રીઓ સાથે ફરતાં ફરતાં આ આઠે વસુઓ વસિષ્ઠઋષિના આશ્રમમાં આવી પહોંચ્યા. વસિષ્ઠ મુનિએ વસુઓની ખૂબ આગતા-સ્વાગતા કરી. વસિષ્ઠ મુનિ પાસે એક કામધેનુ ગાય હતી. તેનું નામ નંદિની. નંદિની એવી તો મઝાની ગાય હતી, કે જેટલી વાર ઇચ્છા થાય તેટલી વાર જેટલું જોઈએ તેટલું દૂધ તે આપતી.

સ્વર્ગમાં પણ આવી ગાય નથી, એમ વિચાર કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસુઓની સ્ત્રીઓએ આ ગાયને સ્વર્ગમાં ઉપાડી જવાનો વિચાર કર્યો. વસિષ્ઠ મુનિ આથી ક્રોધે ભરાશે અને પોતાને બધાંને શાપ આપશે, એ વાત વસુઓ જાણતા હતા. તેમણે પોતાની સ્ત્રીઓને ઘણી ઘણી સમજાવી, પણ તે તો એકની બે ના થઈ. આખરે બીજો કોઈ રસ્તો ન સૂઝવાથી કામધેનુને લઈ તેઓ સ્વર્ગ તરફ જવા લાગ્યા.

વસિષ્ઠ મુનિ જ્યારે આશ્રમમાં પાછા ફર્યા, ત્યારે તેમણે બધી વાત જાણી. પોતાની પ્રિય ગાય ચોરાઈ ગઈ છે એમ જાણી વસિષ્ઠ મુનિ ખૂબ ક્રોધે ભરાયા અને વસુઓને શાપ આપતાં બોલ્યા: "તમે બધા દેવો છો, પણ ઋષિમુનિની પ્રિય ગાયની ચોરી કરવી એ દેવો માટે શોભતું નથી; માટે તમારે મનુષ્યજન્મ લેવો પડશે."

વસિષ્ઠમુનિનો શાપ સાંભળી વસુઓ બધા ચોંકી ઊઠ્યા. મુનિ પાસે જઈ તેઓ રડી પડ્યા. કેટલી ય વિનતિ અને આજીજી કર્યા પછી મુનિ જરા પીગળ્યા અને બોલ્યા: "મારા મોંમાંથી એક વાર જે શબ્દ નીકળ્યો તે પ્રમાણે થવું જ જોઈએ. તમારે મનુષ્યરૂપે જન્મવું તો પડશે જ. પણ તમારામાંથી પહેલા સાત ભાઈઓ મનુષ્યરૂપે જન્મી તરત જ મૃત્યુ પામશો. આઠમા વસુનો અપરાધ તમારા બધા કરતાં મોટો છે. કામધેનુની ચોરી કરનાર તે જ છે, એટલે તેને ઘણા વખત સુધી પૃથ્વી ઉપર રહેવું પડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસુઓ તો દેવો હતા એટલે સામાન્ય માણસને ઘેર તો કેવી રીતે જન્મ લઈ શકે? આવા અપમાનથી બચવા તેઓ ગંગાદેવી પાસે ગયા. ગંગાદેવીને તેમણે પૃથ્વી ઉપર અવતાર લેવાની ખૂબ આજીજી કરી. તેમની વિનતિથી ગંગાદેવી તે પ્રમાણે કરવા તૈયાર થયાં. વસુઓએ ગંગાદેવી સાથે એમ નક્કી કર્યું, કે પૃથ્વી ઉપર ચંદ્રવંશમાં શાંતનુ નામનો જે ઘણો ધાર્મિક રાજા છે, તેને ત્યાં આઠે વસુઓએ ગંગાદેવીના પેટે જન્મ લેવો અને જન્મ થાય કે તરત જ ગંગાદેવીએ બાળકને ગંગામાં ડુબાડી દેવો; એટલે વસુઓને બહુ લાંબા વખત સુધી પૃથ્વી ઉપર રહેવું પડશે નહિ.

એક દિવસ શિકાર કરતાં કરતાં રાજા શાંતનુએ ગંગાકિનારે એક સુંદર સ્ત્રીને જોઈ. તેની સાથે લગ્ન કરવાની શાંતનુને ઇચ્છા થઈ. શાંતનુના મનની વાત જાણી તે સ્ત્રી બોલી: "મહારાજ, હું આપની સાથે લગ્ન કરવા તૈયાર છું; પણ લગ્ન કર્યા પછી મારી ઇચ્છામાં આવે તેમ હું કંઈ પણ કામ કરું તેમાં આપે આડે આવવું નહિ. જે દિવસે આપ મારી ઇચ્છાની વિરુદ્ધ જશો, તે દિવસથી હું આપની સાથે રહી શકીશ નહિ." આ સ્ત્રી તે બીજું કોઈ નહિ, પણ પેલાં ગંગાદેવી જ હતાં!

ગંગાદેવીના કહ્યા પ્રમાણે વર્તવાનું મહારાજા શાંતનુએ કબૂલ કર્યું. લગ્ન કર્યા પછી ગંગાદેવીને ઘણાં તેજસ્વી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકો અવતર્યાં, તે બધાંને તેણે ગંગાના જળમાં ડુબાડી દીધાં! રાજા શાંતનુને આથી ઘણું દુઃખ થતું, પણ મનમાં ગંગાદેવી સાથે કરેલી શરત યાદ આવતાં તેઓ કંઈ પણ બોલી શકતા નહિ. આ પ્રમાણે ધીમે ધીમે સાત બાળકો ડુબાડી દીધાં. આઠમા બાળકને ગંગાદેવી ગંગાજળમાં ડુબાડી દેવા જતાં હતાં, ત્યારે શાંતનુએ ગંગાને તેમ ન કરવા જણાવ્યું. રાજા પોતાની ઇચ્છા વિરુદ્ધ જતાં ગંગા બાળકને શાંતનુના હાથમાં સોંપી ત્યાંથી ચાલી નીકળ્યાં. જતી વખતે ગંગાદેવીએ શાંતનુને બધી વાત કહી. પોતે શા માટે બાળકોને ગંગામાં ડુબાડી દેતાં હતાં, તે વાત પણ કહી. ગંગાદેવીની વાત સાંભળી શાંતનુને ઘણું દુઃખ થયું, પણ હવે ગંગાને પોતાની પાસે રાખવા માટે કોઈ ઉપાય ન હતો.

ગંગાના આ પુત્રનું નામ દેવવ્રત રાખવામાં આવ્યું. દેવવ્રત દિવસે દિવસે મોટો થતો ગયો. ભણવાગણવામાં અને અસ્ત્રવિદ્યામાં તે બહુ હોશિયાર નીકળ્યો. દેવવ્રત શિકાર કરવામાં અને એવી બીજી મઝા કરવામાં દિવસો પસાર કરવા લાગ્યો. આ દેવવ્રત પાછળથી 'ભીષ્મ' શા માટે કહેવાયો, એ વાત તો તમે જાણો છો; એટલે ફરીથી તે અહીં નહિ કહું.

અસ્ત્રવિદ્યામાં કુમારોની પરીક્ષા

આ બાજુ રાજકુમારો ગુરુ દ્રોણાચાર્ય પાસે અસ્ત્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યા શીખવા લાગ્યા. દ્રોણનું નામ સાંભળી બીજા દેશના રાજકુમારો પણ તેમની પાસે અસ્ત્રવિદ્યા શીખવા આવવા લાગ્યા. બીજા બધા વિદ્યાર્થીઓ કરતાં અર્જુન ઉપર દ્રોણાચાર્ય ઘણું હેત રાખતા. અર્જુન પણ દરેક બાબતમાં ગુરુદેવને પ્રસન્ન રાખતો. ગુરુદેવ અર્જુનને કહેતા: "વત્સ, બધા વિદ્યાર્થીઓ કરતાં સૌથી વધારે અસ્ત્રવિદ્યા હું તને શિખવાડીશ–પૃથ્વી ઉપર તારા જેવો કોઈ વીર પુરુષ થશે નહિ."

શિષ્યોની પરીક્ષા

ઘણા દિવસો સુધી અસ્ત્રવિદ્યા શીખ્યા પછી પરીક્ષાનો સમય પાસે આવ્યો. દ્રોણે પોતાના શિષ્યોની પરીક્ષા લેવા માટે એક ભૂરું પંખી તૈયાર કર્યું; અને તેને એક ઝાડની ઊંચી ડાળી ઉપર બેસાડી પોતાના શિષ્યોને બોલાવી કહેવા લાગ્યા: "આ ઝાડની ડાળી ઉપર એક ભૂરું પક્ષી રાખવામાં આવ્યું છે. હું જ્યારે કહું ત્યારે તમારે તેનું માથું વીંધવાનું."

દ્રોણાચાર્યે પ્રથમ યુધિષ્ઠિરને બોલાવ્યા અને લક્ષ્ય વીંધવાનું કહ્યું. યુધિષ્ઠિર હાથમાં ધનુષ્યબાણ લઈ લક્ષ્ય વીંધવા તૈયાર થયા, ત્યારે દ્રોણાચાર્યે તેમને પૂછ્યું: "વત્સ, તું શું જુએ છે?"

યુધિષ્ઠિરે જવાબ આપ્યો: "ગુરુદેવ, હું આપને જોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અસ્ત્રવિદ્યાની પરીક્ષામાં અર્જુન લક્ષ્ય વેધે છે. [પૃ. ૩૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકું છું, બધા ભાઈઓને જોઈ શકું છું અને પક્ષીને પણ જોઈ શકું છું.

ગુરુજી અસંતુષ્ટ થઈ બોલ્યા: "જા, તારાથી લક્ષ્ય વીંધી શકાશે નહિ!"

દ્રોણાચાર્યે એક પછી એક એમ બધા રાજપુત્રોને બોલાવ્યા. બધા જ આચાર્યના પ્રશ્નનો જવાબ ઉપર પ્રમાણે આપવા લાગ્યા. દ્રોણાચાર્યે છેવટે અર્જુનને લક્ષ્ય વીંધવાની આજ્ઞા કરી. અર્જુન જ્યારે હાથમાં ધનુષ્યબાણ લઈ લક્ષ્ય વીંધવા તૈયાર થયો, ત્યારે ગુરુએ પૂછ્યું: "વત્સ, તું શું જોઈ શકે છે?"

અર્જુને જવાબ આપ્યો: "ગુરુદેવ, હું તો ફક્ત ભૂરા પક્ષીના માથાને જ જોઈ શકું છું!"

દ્રોણાચાર્યે સંતોષ પામી કહ્યું: "ત્યારે તો તું લક્ષ્યભેદ કરી શકીશ."

જોતજોતામાં તો અર્જુને તીર મારી પક્ષીનું માથું કાપી નાખ્યું. ચારે બાજુએથી આનંદની તાળીઓ પડી. ગુરુ દ્રોણાચાર્યના આનંદનું પૂછવું જ શું? આચાર્યદેવને લાગ્યું, કે "અર્જુન જરૂર દ્રુપદને હરાવી મારા અપમાનનું વેર લેશે."

ત્યારપછી એક દિવસ દ્રોણાચાર્ય પોતાના શિષ્યોને લઈ ગંગાનદીમાં સ્નાન કરવા ગયા. પાણીમાં જ્યારે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નાન કરતા હતા, ત્યારે એક મોટો મગર દ્રોણનો પગ પકડી તેમને પાણીમાં ખેંચવા લાગ્યો. દ્રોણે જો ધાર્યું હોત, તો તે પોતાના બળથી મગરના પંજામાંથી છૂટી શક્યા હોત; પણ પોતાના શિષ્યોની પરીક્ષા લેવાના વિચારથી તેમણે બધાને બૂમો પાડી કહ્યું: "અરે! જુઓ તો ખરા, આ મગર મને ખેંચી જાય છે. તમે બધા ભેગા થઈ મને બચાવો." બીજા બધાને મૂર્તિની માફક સ્થિર ઊભેલા જોઈ અર્જુને ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું અને તીર મારી મગરને મારી નાખ્યો. દ્રોણની આંખમાં પોતાના પ્રિય શિષ્યનું પરાક્રમ જોઈ હર્ષનાં આંસુ આવ્યાં.

અર્જુનની બહાદુરી અને સાહસ જોઈ દ્રોણાચાર્ય તેના ઉપર ઘણા જ ખુશ થયા હતા. અર્જુનને બ્રહ્માસ્ત્રની ભેટ આપતાં દ્રોણાચાર્ય બોલ્યા: "વત્સ, આ એક ભયંકર અસ્ત્ર છે. મનુષ્યો ઉપર આ અસ્ત્ર છોડવું નહિ; કારણ કે તેનાથી આખી પૃથ્વી બળીને ખાખ થઈ જશે. દેવો અને યક્ષો સાથેના યુદ્ધમાં જ આ અસ્ત્રનો ઉપયોગ કરવો."

અર્જુનનું આવું મહાભાગ્ય જોઈને બીજા શિષ્યો શરમના માર્યા પોતાનું મોં નીચું કરવા લાગ્યા.

જ્યારે દ્રોણાચાર્યે જોયું, કે રાજકુમારો અસ્ત્રવિદ્યામાં ઠીક ઠીક હોશિયાર થયા છે, ત્યારે તેમણે એક દિવસ મહારાજ ધૃતરાષ્ટ્રને કહ્યું: "મહારાજ, રાજપુત્રો અસ્ત્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યામાં ઠીક ઠીક હોશિયાર બન્યા છે. આપની ઇચ્છા હોય તો એક દિવસ તેમની પરીક્ષા લઈ જોઈએ." ધૃતરાષ્ટ્ર દ્રોણની વાત સાંભળી ખૂબ ખુશ થયા. પરીક્ષા માટે એક સારો દિવસ નક્કી કરવામાં આવ્યો. એક મોટી અને વિશાળ જગ્યા રંગભૂમિ તરીકે રાખવામાં આવી.

તે દિવસે મહારાજ ધૃતરાષ્ટ્ર પોતાના મંત્રીઓને લઈ રંગભૂમિ ઉપર પહોંચી ગયા. કુંતી, ગાંધારી વગેરે સ્ત્રીવર્ગ પણ ત્યાં હાજર જ હતો. તે ઉપરાંત નગરમાંથી સંખ્યાબંધ લોકો ત્યાં આવ્યા હતા. આચાર્ય દ્રોણ પણ અશ્વત્થામાને લઈ આવી પહોંચ્યા અને ધીમે ધીમે બધા રાજકુમારો પણ હાથમાં અસ્ત્રશસ્ત્ર ધારણ કરી રંગભૂમિ ઉપર આવી પહોંચ્યા.

અસ્ત્રવિદ્યાથી રંગભૂમિ ઉપર કાર્યક્રમની શરૂઆત થઈ. કોઈ ધનુષ્ય, તો કોઈ ખડ્ગ, તો કોઈ વળી ગદા લઈ યુદ્ધ કરવા લાગ્યા. ભીમ અને દુર્યોધનનું ગદાયુદ્ધ જોઈ પ્રેક્ષકો તો આભા જ બની ગયા! કોઈએ આવું ગદાયુદ્ધ કોઈપણ જગ્યાએ હજુ સુધી જોયું ન હતું. મહારાજ ધૃતરાષ્ટ્ર તો અંધ હતા; એટલે એક બીજો માણસ તેમને બધા બનાવો કહેતો. મહાયુદ્ધ પૂરું થયા પછી આચાર્યદેવ બોલ્યા: "હવે મારો સૌથી પ્રિય શિષ્ય અર્જુન તેની અદ્ભુત અસ્ત્રવિદ્યા આપને બતાવશે."

ગુરુની આજ્ઞા પ્રમાણે અર્જુન પોતાની વિદ્યા બતાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યો. શું આશ્ચર્યભરી તેની વિદ્યા! ઘડીકમાં એવી જાતનું બાણ છોડતો, કે ચારે બાજુએ ફક્ત અગ્નિની જ્વાળાઓ દેખાતી. લોકો તો બધા ભયથી નાસવા લાગ્યા! ત્યાં તો એવું બાણ છોડતો, કે આકાશમાંથી મુશળધાર વરસાદ પડવા લાગતો. ચારે બાજુએ બસ પાણી જ પાણી દેખાય! વળી વાયુ-અસ્ત્ર છોડી વરસાદ બંધ કરી દેતો. પર્વતાસ્ત્ર નામનું બાણ છોડી એક મોટો પર્વત ત્યાં ખડો કરી દેતો!

કર્ણ

આ વખતે કર્ણ નામનો એક વીરપુરુષ ત્યાં આવી પહોંચ્યો. કર્ણ પણ કુંતીનો પુત્ર હતો. સૂર્યદેવના વરદાનથી કુંતીને આ પુત્ર થયો હતો; પણ તેનો જન્મ થતાંની સાથે જ કુંતીએ તેને એક પેટીમાં પૂરી નદીમાં નાખી દીધો હતો. અધિરથ નામના એક સારથિએ તેને પાણીમાંથી બહાર કાઢ્યો અને તેને પોતાના પુત્રની માફક મોટો કર્યો. પાંડવો જાણતા ન હતા, કે કર્ણ તેમનો મોટો ભાઈ છે; અને કર્ણ પણ જાણતો ન હતો, કે પાંડવો તેના નાના ભાઈઓ છે. લોકો તો એમ જ જાણતા હતા, કે કર્ણ તો અધિરથ સારથિનો પુત્ર છે.

કર્ણનો જન્મ કવચ અને કુંડળ સાથે જ થયો હતો. આવા કર્ણે રંગભૂમિ ઉપર આવી દ્રોણાચાર્ય અને કૃપાચાર્યને પ્રણામ કર્યા; અને અર્જુનને કહેવા લાગ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અર્જુન, પ્રેક્ષકો તારી અસ્ત્રવિદ્યા જોઈ આશ્ચર્ય પામ્યા છે. પણ હું તારાથી ચડી જાય એવી અસ્ત્રવિદ્યા હવે બતાવું છું."

કર્ણે અર્જુનને દ્વંદ્વયુદ્ધ કરવા આહ્વાન આપ્યું. કર્ણ જેવા વીર પુરુષને જોઈ દુર્યોધન મનમાં ઘણો રાજી થયો. તેને લાગ્યું, કે અર્જુનનું અભિમાન ઉતારવા આ ઠીક માણસ મળ્યો છે. તેણે કર્ણ સાથે મિત્રતા બાંધી. દુર્યોધન અને તેના પક્ષના માણસો કર્ણનો વિજય ઇચ્છવા લાગ્યા; અને પાંડવો અને તેમના પક્ષના માણસો અર્જુનનો વિજય ઇચ્છવા લાગ્યા.

રંગભૂમિ ઉપર દ્વંદ્વયુદ્ધની શરૂઆત થતી જોઈ કૃપાચાર્ય બોલ્યા: "અરે, બાપુ, તું એક પાંડવ સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે, કેમ? પણ રાજાના પુત્રો ગમે તેવા રખડતા માણસ સાથે યુદ્ધ કરી શકતા નથી. રાજપુત્રો તો રાજપુત્રો સાથે જ દ્વંદ્વયુદ્ધ કરી શકે. તું કયા રાજકુળમાં જન્મ્યો છે, તું કોણ છે, તે બધું પહેલાં કહે. પછી યુદ્ધ શરૂ કર."

કર્ણ કાંઈ રાજાનો પુત્ર ન હતો. તે તો અધિરથ સારથિનો પુત્ર હતો તેથી શરમના માર્યા તેણે નીચું માથું કર્યું! દુર્યોધન તે વખતે બોલી ઊઠ્યો: "જે વીર છે, તે યોદ્ધો છે. ઊંચા કુળમાં જેમનો જન્મ થયો હોય, તે બધાની સાથે દ્વંદ્વયુદ્ધ કરી શકે; તેમ છતાં પણ જો અર્જુન રાજા સિવાય બીજા કોઈ સાથે યુદ્ધ ન કરી શકતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, તો હું કર્ણને અંગદેશનો રાજા બનાવું છું."

દુર્યોધને કર્ણને આમ અંગદેશનો રાજા બનાવ્યો. કર્ણે રાજીખુશીથી અંગદેશનું રાજ્ય સ્વીકાર્યું. દુર્યોધનની આવી રીતભાત અને કર્ણને અર્જુન સાથે હરીફાઈ કરતો જોઈ ભીમસેન બહુ ક્રોધે ભરાયો. મોટી ત્રાડ પાડી તે બોલી ઊઠ્યો: "સારથિનો પુત્ર થઈને તું એક રાજાના પુત્ર અર્જુન સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે, કેમ? જા, જા; યુદ્ધમાં પ્રાણ આપવાનો તારો ધંધો નથી! હાથમાં ચાબૂક લઈ ઘોડા હાંક."

આથી કર્ણને માથું કાપી નાખ્યા જેવું અપમાન લાગ્યું. સૂર્યની સામે જોઈ તેણે માંડમાંડ પોતાની આંખમાં આવેલાં આંસુ ખાળી રાખ્યાં. ચારે બાજુએ ભારે કોલાહલ મચી ગયો. એટલામાં સાંજ પડવાથી તે દિવસે રમતગમત પૂરી થઈ. પ્રેક્ષકોમાંથી કોઈ ભીમનાં તો કોઈ અર્જુનનાં, કોઈ કર્ણનાં તો કોઈ દુર્યોધનનાં વખાણ કરતાં કરતાં સૌ પોતપોતાને ઘેર ગયાં.

ગુરુ–દક્ષિણા

રાજપુત્રોનો અભ્યાસ પૂરો થયો. હવે દ્રોણાચાર્યને ગુરુદક્ષિણા આપવાનો વખત આવ્યો. દ્રોણાચાર્ય કહેવા લાગ્યા: "પાંચાલ દેશના રાજા દ્રુપદને હરાવી તેને દોરડા વતી બાંધી મારી સમક્ષ હાજર કરો. આટલું કરશો, તો મને મારી ગુરુદક્ષિણા મળી રહેશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુજીની વાત સાંભળી બધા કુમારો યુદ્ધને માટે તૈયારી કરવા લાગ્યા. દુર્યોધનના મનમાં એવી ઇચ્છા હતી, કે તે પોતે જ દ્રુપદને યુદ્ધમાં હરાવી ગુરુદેવ આગળ પોતાની બહાદુરી બતાવશે; પણ દ્રુપદ તો જબરો રાજા અને મોટો લડવૈયો હતો. તેનું લશ્કર પણ ઘણું મોટું હતું. બંને પક્ષ વચ્ચે ઘણી ભયંકર લડાઈ શરુ થઈ. લડાઈ શરુ થયા પછી કેટલીક વારે દ્રુપદના સૈન્યે દુર્યોધનના સૈન્યને હરાવ્યું.

દુર્યોધનને હારી ગયેલો જોઈ પાંડવોથી હવે વધારે વાર છાનામાના બેસી શકાયું નહિ. ભીમ તો હાથમાં ગદા લઈ એક મસ્ત બનેલો આખલો વનમાં જેમ ગોવાળિયાઓને મારે તેમ દ્રુપદના સૈનિકોને મારવા લાગ્યો. અર્જુન અને દ્રુપદ વચ્ચે ત્યાર પછી ભયંકર યુદ્ધ થયું. છેવટે અર્જુને દ્રુપદને હરાવ્યો. અર્જુન કૂદકો મારી દ્રુપદના રથ ઉપર ચડી ગયો અને તેને દોરડા વતી બાંધ્યો. પોતાના રાજાની આવી સ્થિતિ જોઈ દ્રુપદનું લશ્કર તો ચારે બાજુએ નાસવા લાગ્યું!

અર્જુને દ્રુપદને આવી સ્થિતિમાં દ્રોણાચાર્ય સમક્ષ હાજર કર્યો અને આ રીતે ગુરુની ઇચ્છા પૂરી પાડી. આચાર્ય દ્રોણ દ્રુપદને કહેવા લાગ્યા: "મહારાજ દ્રુપદ, આજે આપની પાસે રાજપાટ કશું રહ્યું નથી. તમારું એવું માનવું છે, કે રાજાનો મિત્ર તો રાજા જ હોઈ શકે; તેથી આજથી તમારું અર્ધું રાજ્ય હું લઉં છું. હવે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તમે સરખા બન્યા છીએ, એટલે આપણે મિત્ર બની શકીશું. ગંગાનદીનો દક્ષિણ પ્રદેશ તમારું રાજ્ય કહેવાશે; અને ઉત્તરનો પ્રદેશ મારું રાજ્ય કહેવાશે."

આમ ફરીથી દ્રોણ અને દ્રુપદ વચ્ચે મિત્રાચારી બંધાઈ; પણ આ રીતે બળજબરાઈથી થયેલી મિત્રતા કેટલા વખત સુધી ટકી શકે? યુદ્ધમાં હારી જવાથી અને દ્રોણને હાથે પોતાનું આવું અપમાન થયેલું હોવાથી, દ્રુપદ ઘણો અશાંત બન્યો. આખો વખત દ્રોણને હરાવી પોતાને થયેલા અપમાનનું વેર કેવી રીતે વાળવું તેનો જ વિચાર દ્રુપદ કરવા લાગ્યો. પોતાના એકલાના બળથી તો દ્રોણને હરાવવા એ અશક્ય હતું; એટલે એક બહાદુર અને ગુણવાન પુત્ર મેળવવા માટે તેણે તપશ્ચર્યા કરવા માંડી.

યુધિષ્ઠિર યુવરાજપદે

આ બનાવ પછી એક વરસે મહારાજ ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને યુવરાજ બનાવ્યા. યુધિષ્ઠિર ઘણા ધાર્મિક, માયાળુ અને શાંત સ્વભાવના હતા. તેમના આ ગુણોથી પ્રજા તેમના ઉપર ઘણું હેત રાખતી. બધાનાં મોંએથી પાંડવોનાં વખાણ જ સાંભળવાનાં મળતાં. ભીમે અને અર્જુને ઘણા દેશો જીતી લીધા અને ત્યાંથી આણેલા ધનથી પોતાના રાજ્યની તિજોરી ભરી દીધી. આ બે ભાઈઓના પરાક્રમથી તેમના રાજ્યની હદ દિવસે દિવસે મોટી થતી ચાલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસે દિવસે પાંડવોને આગળ ધપતા જોઈ મહારાજ ધૃતરાષ્ટ્ર અને તેમના પુત્રો ઈર્ષ્યાથી બળી જવા લાગ્યા.

હવે પાંડવો માટે શું કરવું તે સારુ ધૃતરાષ્ટ્રે પોતાના મંત્રીઓની સલાહ લીધી. મંત્રીઓએ સલાહ આપી, કે "શત્રુને બહુ વધવા દેવો કામનો નથી; કારણ કે બધા પાંડવોને જ ચાહે છે એટલે ભવિષ્યમાં આખું કુરુરાજ્ય તેઓ જ પચાવી પાડશે અને આપના પુત્રો માટે કશું રહેશે નહિ." બધાએ ભેગા થઈ નક્કી કર્યું, કે પાંડવોને દૂર દેશમાં મોકલી દેવા અને ત્યાં તેમને મારી નાખવા.

મહારાજ ધૃતરાષ્ટ્ર બોલ્યા: "ભીષ્મ, દ્રોણ અને આખી પ્રજા પાંડવો ઉપર સ્નેહ રાખે છે; તેથી મને ભય રહે છે કે આપણે જો એવું કાંઈ કરીશું, તો રાજ્યમાં મોટું ધાંધલ મચી રહેશે."

દુર્યોધન બોલ્યો: "પિતાજી, આપ પાંચે પાંડવોને કુંતીદેવી સાથે વારણાવત નગરીમાં મોકલી દો, એટલે કાંઈ હરકત નહિ આવે."

આખરે એમ નક્કી કરવામાં આવ્યું. મહારાજ ધૃતરાષ્ટ્રને સલાહ આપતાં એક મંત્રીએ રાજસભામાં કહ્યું: "મહારાજ, વારણાવત જેવું સુંદર સ્થળ આખી પૃથ્વીમાં બીજે ક્યાં ય જડે તેમ નથી. દૂર દૂર દેશથી પણ લોકો આ સ્થાન જોવા માટે આવે છે." આ વાત સાંભળી પાંડવોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારણાવત જવાની ઇચ્છા થઈ. ધૃતરાષ્ટ્ર બોલ્યા: "તમે વારણાવત જઈ શકો છો; અને જો ત્યાં રહેવા વિચાર હોય, તો ત્યાં રહી પણ શકો છો." પાંડવોએ વારણાવત જવાનો એક સારો દિવસ નક્કી કર્યો અને તે દિવસે ત્યાં જવાનો વિચાર કર્યો.

દુર્યોધનનું કાવતરું

પાંડવો વારણાવત જાય છે, એ સમાચાર સાંભળી દુર્યોધનના આનંદનો પાર રહ્યો નહિ. તેણે પુરોચન નામના પોતાના એક મંત્રીને બોલાવી કહ્યું: "પુરોચન, તું મારો ખાસ વિશ્વાસુ માણસ છે; એટલે જ મારા મનની વાત તારા આગળ કહું છું. આ પાંડવો જો જીવશે, તો મને તો કાંઈ રાજ્ય મળવાની આશા દેખાતી નથી. પાંડવો થોડાક વખતમાં જ વારણાવત જવાના છે. તેમનાથી પહેલો ત્યાં જા, અને રૂ, લાકડાં, લાખ વગેરે જલદીથી સળગી જાય એવા પદાર્થોનો એક સુંદર મહેલ બનાવજે. અને પાંડવોની ખૂબ આગતાસ્વાગતા કરી આ મહેલમાં રાખજે. કોઈને આ વાતની જરા સરખી ગંધ ન આવવી જોઈએ. ત્યાર પછી એક સારો દિવસ જોઈ રાતે તેઓ બધા જ્યારે ઘસઘસાટ ઊંઘતા હોય ત્યારે મહેલને આગ લગાડજે, જેથી કોઈને વહેમ આવે નહિ. મારું આટલું કામ કરીશ, તો હું તને પુષ્કળ પૈસા આપીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્યોધનનો દુષ્ટમંત્રી પુરોચન પાંડવો કરતાં પહેલો રથમાં બેસી વારણાવત જઈ પહોંચ્યો; અને દુર્યોધનની આજ્ઞા પ્રમાણે લાખનો એક સુંદર મહેલ તેણે તૈયાર કર્યો.

આ બાજુ પાંડવોએ બધાંને પ્રણામ કરી વિદાય લીધી. વિદુર તો ધૃતરાષ્ટ્ર અને તેમના છોકરાઓની દુષ્ટ મતલબ સમજી ગયા હતા; એટલે જ્યારે બધા જવાને નીકળ્યા, ત્યારે તેમણે યુધિષ્ઠિરને ઇશારાથી કહ્યું: "હમેશાં આપત્તિથી દૂર રહીને ચાલજો. મહેલમાં એક ભોંયરું ખોદજો, જેથી આગમાં બળી મરાય નહિ. તમારા શત્રુ પાસે તમને મારવા લોખંડનું હથિયાર તો નથી, પણ બીજું એક હથિયાર છે. જે માણસ આંખો ઉઘાડી રાખી ચાલતો નથી, તે આંધળો જ છે. જે માણસ અધીરો છે, તેની બુદ્ધિ સ્થિર થઈ શકતી નથી. ચાલતાં ચાલતાં જ રસ્તો મળી રહેશે. તારાઓને જોઈ દિશા નક્કી કરજો. મનને હમેશાં વિશાળ રાખજો. બેટા, હમેશ સમજીને ચાલજો." વિદુરજીએ યુધિષ્ઠિરને આ વાત એવી ભાષામાં કહી, કે તેમના બે સિવાય બીજું કોઈ તેનો અર્થ સમજી શક્યું નહિ.

વિદુરની શિખામણ સાંભળી યુધિષ્ઠિર બોલ્યા: "સમજી ગયો." વિદુર, ભીષ્મ વગેરે પાંડવોને આશીર્વાદ આપી પાછા ફર્યા. કુંતીમાએ યુધિષ્ઠિરને પૂછ્યું: "બેટા યુધિષ્ઠિર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિયરજીએ તને શું કહ્યું? હું તો કાંઈ સમજી શકી નહિ; તેથી જો વાંધો ન હોય, તો મને કહે."

યુધિષ્ઠિરે જવાબ આપ્યો, કે "મા, કાકાએ મને કહ્યું, કે દુર્યોધને તમને મારી નાખવા માટે વારણાવતમાં એક લાખનો મહેલ તૈયાર કર્યો છે. ખૂબ સાવધાનીથી ચાલજો, સત્યને માર્ગે જજો, મન વિશાળ રાખજો; તો જ રાજ્ય મેળવી શકશો."

યુધિષ્ઠિરની વાત સાંભળી બધાને ઘણી ચિંતા થઈ; તેમ છતાં પણ જો પાંડવો સાવધાનીથી ચાલે, તો તો કંઈ ભય જેવું હતું જ નહિ. વારણાવતની પ્રજા પાંડવોને જોઈ ખૂબ ખુશ થઈ.

એવામાં વિદુરજીએ લાક્ષાગૃહમાં ભોંયરું તૈયાર કરવા માટે એક સારા માણસને ત્યાં મોકલ્યો. તેણે વારણાવત આવી પાંડવોને પોતાની ઓળખાણ આપી. તે બોલ્યો: "દુષ્ટ પુરોચનનો વિચાર અંધારિયાની ચૌદશને દિવસે આ મહેલને આગ લગાડવાનો છે. વિદુરજીએ મને આપ સહુની રક્ષા કરવા માટે અહીં મોકલ્યો છે. જમીનમાં હું એક ભોંયરું ખોદી આપીશ અને આપને બધાંને સહીસલામત બહાર મૂકી આવીશ. આ વાત કોઈ પણ માણસ જાણી શકશે નહિ."

તેની વાત સાંભળી બધા બહુ ખુશી થયા. પેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ છાનોમાને પાંડવો જે ઓરડામાં સૂતા હતા, તે ઓરડામાં એક ભોંયરું તૈયાર કરવા લાગ્યો. પાંડવો દિવસે શિકાર કરવા જતા અને રાતે બીતાં બીતાં ભોંયરામાં સૂઈ રહેતા. પાંડવો અને કુંતી સિવાય બીજા કોઈને આ વાતની ખબર ન હતી. દુષ્ટ પુરોચન પણ એવા ભરોંસે જ રહ્યો, કે પાંડવો તેના ઉપર ખૂબ વિશ્વાસ રાખે છે અને હવે કોઈ જાતની હરકત નથી.

આ પ્રમાણે એક વરસ ચાલ્યું ગયું, અને કૃષ્ણપક્ષની ચૌદશની તિથિ આવી પહોંચી. તે દિવસે તો પુરોચન લાક્ષાગૃહને આગ લગાડવાનો હતો. પાંડવોએ નક્કી કર્યું, કે પોતે જ મહેલને આગ લગાડવી અને સહીસલામત રીતે બહાર ચાલ્યા જવું.

તે દિવસે રાતે કુંતીદેવીએ બ્રાહ્મણોને અને બીજા માણસને ભોજન માટે નોતર્યા હતા. એક ઘરડાં ડોશીમા પોતાના પાંચે છોકરાઓને લઈ ત્યાં આવ્યાં હતાં. ખૂબ મીઠાઈ ખાવાથી તેને બહુ ઘેન ચડ્યું અને તે અને તેમના છોકરાઓ ત્યાં જ સૂઈ રહ્યા. મોડી રાતે નગરનાં બધાં માણસો ઊંઘી ગયાં હતાં અને પુરોચન પણ પોતાના મકાનમાં ઘસઘસાટ ઊંઘતો હતો, ત્યારે ભીમસેને લાગ જોઈ લાક્ષાગૃહને અને પુરોચનના મકાનને આગ લગાડી. આગથી આખો મહેલ ભડભડ બળવા લાગ્યો. પાંડવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોંયરા વાટે બહાર નીકળ્યા અને ઘણે દૂર સુધી ચાલી ગયા. આ બાજુ દુષ્ટ પુરોચન અને પેલાં ડોશીમા તેમના પાંચે છોકરાઓ સાથે બળી મૂઆં.

વારણાવતના લોકો બીજે દિવસે સવારમાં આવી જુએ છે, તો પુરોચન આગમાં બળી ગયો હતો; અને રાખમાં જુએ, તો પેલાં ડોશીમા અને તેમના પાંચ છોકરાનાં હાડકાં! તેમણે માન્યું, કે જરૂર પાંડવો અને કુંતીમા આગમાં બળી ગયાં છે. તેઓ આથી ઘણા દુઃખી થયા અને મનમાં ધૃતરાષ્ટ્રને ગાળો ભાંડવા લાગ્યા.

પાંડવોના મૃત્યુના સમાચાર સાંભળી મહારાજ ધૃતરાષ્ટ્ર અને કૌરવો મનમાં ઘણા રાજી થયા; પણ બહાર તો એમ બતાવવા લાગ્યા, કે પાંડવોના મૃત્યુથી તેમને ઘણું દુઃખ થયું છે!

આ બાજુ પાંડવો ભોંયરામાંથી બહાર નીકળી ચાલતાં ચાલતાં ગંગાકિનારે આવી પહોંચ્યા. વિદુરજીના એક માણસે ત્યાં હોડી તૈયાર રાખી હતી. તેની મદદથી પાંડવો-એ ગંગાનદી પાર કરી. પેલા માણસની મારફત વિદુરજીને તેમણે પ્રણામ કહેવડાવ્યા અને આગળ ચાલવા લાગ્યા.

પાંડવો આગળને આગળ ચાલવા લાગ્યા. તેમને આટલું બધું દુઃખ વેઠવું પડતું જોઈ ભીમની છાતી દુઃખથી ફાટી જતી. દુર્યોધનની દુષ્ટ બુદ્ધિને લીધે જ આ બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુ:ખ ઊભું થયું છે, એ વાત ભીમ સારી રીતે જાણતો હતો. તે મનમાં બોલતો : "મોટાભાઈ યુધિષ્ઠિર તો કશું બોલતા નથી! પણ મને જો એક જ વાર રજા આપે, તો દુર્યોધનને તો રમતાં રમતાં મારી નાખું."

હિડંબરાક્ષસનો ભેટો

ચાલતાં ચાલતાં પાંડવો એક વનમાં આવી પહોંચ્યા. તેમને એવી ભૂખ અને તરસ લાગી હતી, કે એક ડગલું પણ તેઓ આગળ વધી શકે એમ હતું નહિ. એક ઝાડની છાયામાં તેઓ બેઠા અને ભીમને પાણી લાવવા માટે મોકલ્યો. કેટલેક દૂર ગયા પછી ભીમને પાણી મળી શક્યું; પણ પાછો આવીને જુએ, તો બધાં ઘસઘસાટ ઊંઘતાં હતાં. ભીમે તેમને જગાડ્યાં નહિ અને પાણી ત્યાં મૂકી પોતે બેસી રહ્યો.

આ વનમાં એક મોટું શમીનું ઝાડ હતું. આ શમીના ઝાડ ઉપર હિડંબ નામનો એક રાક્ષસ રહેતો હતો. તેણે પાંચ પાંડવો અને કુંતીમાને જોયાં. ઘણે દિવસે માણસોનો શિકાર હાથમાં લાગવાથી તેના મોંમાં પાણી છૂટ્યું! પોતાને આજ માણસોનું લોહી પીવા મળશે એ વિચારથી તે ઘણો રાજી થયો.

આ રાક્ષસને એક બહેન હતી. તેનું નામ હિડંબા. હિડંબાને બૂમ પાડી હિડંબ કહેવા લાગ્યો : "અરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિડંબા, આપણા વનમાં આજે જે માણસો આવ્યા છે, તેમને અહીં લાવ. મારે તેમનું લોહી પીવું છે."

ભાઈની વાત સાંભળી હિડંબા પાંડવો પાસે ગઈ. બીજા બધા તો ઊંઘતા હતા, પણ ભીમ જાગતો બેઠો હતો અને તેમની રક્ષા કરતો હતો. હિડંબાએ દૂરથી ભીમસેનને જોયો અને તેનું રૂપ જોઈ બધી વાત ભૂલી ગઈ. મનમાં વિચાર કરવા લાગી, કે "જો લગ્ન કરવું તો આવા વીર પુરુષ સાથે જ કરવું; નહિ તો આખી જિંદગી કુંવારા રહેવું!"

આ પ્રમાણે વિચાર કરી હિડંબાએ પોતાનું રાક્ષસી રૂપ છોડી દઈ એક ઘણી સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું; અને ભીમસેન પાસે જઈ બોલી: "અરે, તમે પાંચ દેવ-પુત્રો જેવા આ જંગલમાં કેમ નિરાંતે સૂઈ રહ્યા છો? આ જંગલમાં હિડંબ નામનો એક દુષ્ટ રાક્ષસ રહે છે. તે મારો ભાઈ છે. તમારું લોહી પીવાની તેને ઘણી ઇચ્છા છે; પણ તું મને ઘણો ગમે છે. હું તારી સ્ત્રી થઈશ અને તું મારો પતિ બનજે. હું તમને બધાંને રાક્ષસના પંજા-માંથી છોડાવીશ."

ભીમે જવાબ આપ્યો: "રાક્ષસબાક્ષસની વાત હું કંઈ ના સમજું. રાક્ષસથી હું કાંઈ બીતો નથી. માને અને ભાઈઓને ભર ઊંઘમાંથી હું અત્યારે જગાડી શકું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. તારા ભાઈને જલદીથી અહીં મોકલ; એટલે જરા તેને મારા હાથની પ્રસાદી ચખાડું !"

ભીમ અને હિડંબા આ પ્રમાણે વાતો કરતાં હતાં, ત્યારે પોતાની બહેનને વાર લગાડતી જોઈ હિડંબ પોતે જ પાંડવોને મારી નાખવા ખાઉં ખાઉં કરતો આવ્યો. હિડંબા બીતી બીતી બોલી: "જુઓ, આ મારો દુષ્ટ ભાઈ આવી પહોંચ્યો."

ભીમે કહ્યું: "તારે કાંઈ ગભરાવાની જરૂર નથી. તારી આંખ સામે જ હું તારા ભાઈને મારી નાખીશ."

હિડંબે જોયું, કે હિડંબાએ એક સુંદર સ્ત્રીનો વેશ લીધો છે; એટલે તે મોટી ત્રાડ પાડી બોલી ઊઠ્યો: "અરે એ હરામખોર! રાક્ષસી થઇને માણસના ઉપર પ્રેમ રાખે છે? પહેલાં તો તને જ મારી નાખું. પછી આ લોકોને મારી તેમનું લોહી પીશ."

ભીમે કહ્યું: "આવને ભાઈ, તારી જ વાટ જોતો બેઠો છું. જરા તારા હાથનું બળ તો બતાવતો જા!" આમ બોલી ભીમ માતાને અને ભાઈઓને ઊંઘમાં ખલેલ ન પહોંચે એ માટે હિડંબને ખેંચીને દૂર લઈ ગયો. ત્યાં બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમના બૂમબરાડાથી પાંડવો અને કુંતી-દેવી જાગી ઊઠ્યાં.

કુંતીએ આંખો ચોળીને જોયું તો હિડંબા! અરે, આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભર જંગલમાં આવી સુંદર સ્ત્રી ક્યાંથી આવી ? કુંતીદેવીએ તેને પૂછ્યું : "બહેન, તું કોણ છે ? અહીં ક્યાંથી આવી ચડી ?" હિડંબાએ બધી વાત કહી. પોતાના ભાઈ હિડંબ અને ભીમસેન વચ્ચે ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે અને પોતે ભીમસેનને કેટલો બધો ચાહે છે, તે પણ કહ્યું. હિડંબાની વાત સાંભળી યુધિષ્ઠિર, અર્જુન, સહદેવ, નકુળ બધા ભીમ-સેનને મદદ કરવા દોડતા જઈ પહોંચ્યા.

અર્જુને કહ્યું : "મોટાભાઈ, કહો તો હું એકલો રાક્ષસને મારી નાખું !"

ભીમસેને જવાબ આપ્યો: "ના, ભાઈ, ના; તેને તો હું જ પૂરો કરીશ. હવે જો એક મઝા !"

આમ બોલી ભીમે હિડંબના બે પગ પકડ્યા અને કુંભાર જેમ ચાક ફેરવે તે પ્રમાણે ભીમ હિડંબને અદ્ધર ચક્કર ચક્કર ફેરવવા લાગ્યો. ભીમને હાથે આવો મેથીપાક ખાધા પછી હિડંબના પ્રાણ ના જાય તો પછી બીજું શું થાય ? આમ ઘણી વાર સુધી ફેરવ્યા પછી ભીમે તેને જમીન ઉપર પછાડ્યો. બસ, હિડંબ રાક્ષસ તરત જ મરણ પામ્યો.

ઘટોત્કચનો જન્મ

આ પછી બધા તે વન છોડીને આગળ ચાલવા લાગ્યા. હિડંબા પણ તેમની સાથે આગળ ચાલવા લાગી. આથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમ ઘણો ગુસ્સે ભરાયો અને તેને મારવા લાગ્યો; પણ યુધિષ્ઠિરે ભીમને તેમ કરતાં રોક્યો અને બોલ્યા : "ભીમ, એક સ્ત્રી ઉપર આપણે હાથ ઉગામવો ઠીક નહિ; અને હિડંબા તારી સાથે લગ્ન કરવા ઇચ્છે છે, એટલે તું તેની સાથે લગ્ન જ કરી લે."

કુંતીમાએ પણ ભીમને એ જ સલાહ આપી; એટલે ભીમે હિડંબા સાથે લગ્ન કર્યાં. લગ્ન થયા પછી કેટલેક દિવસે હિડંબાને એક પુત્ર થયો. તેનું નામ રાખવામાં આવ્યું ઘટોત્કચ. ઘટોત્કચ બરાબર ભીમ જેવો જ બળવાન અને બહાદુર હતો. તેના માથા ઉપર એક પણ વાળ ન હતો; એટલે જ તેનું નામ ઘટોત્કચ પાડવામાં આવ્યું હતું!

જન્મ થયા પછી ઘટોત્કચે ભીમસેનને કહ્યું: "પિતાજી, હવે હું જઈશ. જ્યારે કંઈ પણ કામ પડે ત્યારે મને યાદ કરજો; હું તરત જ આવી હાજર થઈશ." આ પ્રમાણે કહી તેણે બધાંને પ્રણામ કર્યાં અને પોતાની મા સાથે ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યો.

ઘટોત્કચ ઘણો બળવાન હતો અને મહાભારતના યુદ્ધમાં તેણે પાંડવોને ઘણી મદદ કરી હતી, તે બધું તો તમે આગળ ઉપર જાણશો.

પાંડવો ત્યારપછી વલ્કલવસ્ત્રો પહેરી, માથે મોટી જટા રાખી સંન્યાસીના વેશમાં મત્સ્ય, ત્રિગર્ત, પાંચાલ વગેરે દેશોમાં ફરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડવો એકચક્રા નગરીમાં

આ પ્રમાણે તેઓ ફરતા હતા, તેવામાં એક દિવસ શ્રી કૃષ્ણ તેમને મળવા આવ્યા. બધા પાંડવોએ શ્રી કૃષ્ણને પ્રણામ કર્યા. શ્રી કૃષ્ણે તેમને કહ્યું: "ભાઈઓ, તમે દુઃખી થશો નહિ; કારણ કે છેવટે તો તમે સુખી જ થશો. મારે મન તો પાંડવો અને કૌરવો સરખા છે; પણ આજે તમે મદદ વગરના છો, એટલે હું તમને વધારે ચાહું છું. તમે બધા થોડા દિવસ એકચક્રા નામના શહેરમાં જઈ રહો." ત્યારપછી કુંતીદેવી તરફ જોઈ શ્રી કૃષ્ણ બોલ્યા: "ફોઈ, તમારા પુત્રો આખી પૃથ્વી જીતવાના છે. રાજસૂય, અશ્વમેધ વગેરે યજ્ઞો તેઓ કરશે. કંઈ કામ પડે તો મને સંભારજો; હું તરત જ તમારી સામે આવીને ઊભો રહીશ."

શ્રી કૃષ્ણની સલાહ પ્રમાણે પાંડવો એકચક્રા નગરીમાં ગયા અને ત્યાં એક બ્રાહ્મણને ત્યાં રહેવા લાગ્યા.

દિવસે પાંડવો નગરમાં ભિક્ષા માગવા જતા અને સાંજે ઘેર પાછા ફરતા. ભિક્ષામાંથી જે કંઈ તેમને મળતું, તેના બે સરખા ભાગ કરવામાં આવતા. એક ભાગ આખો ભીમ ખાઈ જતો, જ્યારે બાકીના એક ભાગમાંથી ચારે ભાઈઓ અને કુંતીમા પોતાનું પેટ ભરતાં!

એક દિવસ ભીમ માની પાસે ઘેર રહ્યો હતો અને બાકીના ચાર ભાઈઓ ભિક્ષા માગવા ગયા હતા. તે વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણના ઘરમાંથી એકાએક રડવાનો અવાજ સંભળાયો. કુંતી દોડતાં ત્યાં જઈને જુએ છે, તો બ્રાહ્મણ, તેની સ્ત્રી, તેનાં છોકરાછોકરીઓ–બધાં જ ચોધાર આંસુએ રડતાં હતાં.

કુંતીએ પૂછ્યું: "અરે! શું થયું છે, તે તો કહો. રડો છો શા માટે?"

બ્રાહ્મણે જવાબ આપ્યો: "આ નગરમાં બક નામનો એક રાક્ષસ રહે છે. તેણે એવો નિયમ કર્યો છે, કે દરરોજ તેના ખોરાક માટે નગરના એક ઘરમાંથી એક માણસ, વીશ ગાડાં ભાત અને બે પાડાઓ મોકલવા. જો આ પ્રમાણે ન કરવામાં આવે, તો તે આખા શહેરને સાફ કરી નાખે તેવો છે! કાલે અમારા ઘરનો વારો છે. રાક્ષસ પાસે કોણ જાય તેની બધી ભાંજગડ ચાલે છે. બ્રાહ્મણી કહે, કે 'હું જાઉં' અને છોકરાંઓ કહે છે, કે 'અમે જઈએ'; પણ હું અહીં રહું અને તેમને રાક્ષસ પાસે મોકલું તો કેવું દેખાય?"

કુંતીએ બ્રાહ્મણને કહ્યું: "જો એમ છે તો તમારે ચિંતા કરવાની કંઈ જરૂર નથી. મારો એક છોકરો જ રાક્ષસ પાસે જશે. મારે તો પાંચ છોકરા છે; તેમાંથી એક રાક્ષસ પાસે જશે, તો શું બગડી જવાનું છે?"

બ્રાહ્મણ આશ્ચર્ય પામી બોલ્યો: "અરે, એમ તે કાંઈ હોય? તમે તો અમારે ઘેર મહેમાન છો અને વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણ છો ! હું કોઈ રીતે આપના પુત્રને રાક્ષસ પાસે જવા દેવાનો નથી."

કુંતીએ બ્રાહ્મણને ઘણો સમજાવ્યો. આખરે બ્રાહ્મણ તેમ કરવા કબૂલ થયો.

યુધિષ્ઠિર વગેરે ચારે ભાઈઓ સાંજે પાછા ફર્યા, ત્યારે કુંતીએ તેમને બધી વાત કહી. પહેલાં તો કોને મોકલવો એ માટે ખૂબ ખેંચતાણ થઈ, પણ કુંતી બધાને સમજાવતાં બોલ્યાં : "મારો વિચાર ભીમને જ મોકલવાનો છે; કારણ કે ભીમ કંઈ સાધારણ માણસ નથી. તે એક શું એકવીશ રાક્ષસોને મારી શકે તેમ છે; અને બ્રાહ્મણના ઘરમાં રહીને તેને આવે વખતે ઉપયોગી નહિ થઈ પડીએ, તો આપણું જીવ્યું શું કામનું છે?" માની વાત સાંભળી બધાએ ભીમને મોકલવાનું નક્કી કર્યું.

ભીમે બકરાક્ષસને માર્યો

બીજે દિવસે સવારમાં ભીમસેન ઘણા આનંદથી બક રાક્ષસ માટે ખાવાનું લઈ જંગલમાં ગયો. જંગલમાં જઈ 'બક! ઓ બક! અરે, બકરાજ! ખાવાને જલદીથી પધારો!' એમ બોલી બકને મોટી બૂમ પાડવા લાગ્યો અને બકને માટે આણેલો ભાત પોતે જ ઘણા આનંદપૂર્વક ખાવા લાગ્યો!

બક રાક્ષસ કંઈ જેવો તેવો ન હતો. ભીમની બૂમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળી તે બહાર આવ્યો; અને જુએ છે, તો એક કાળા માથાનો માનવી તેને માટે આણેલા ભાતના મોટા મોટા કોળિયા ભરી મોંમાં મૂકતો હતો!

બકે મોટી ત્રાડ પાડી કહ્યું: "અરે એ, તું કોણ છે? મારો ભાત તું ખાઈ જાય છે? મારી આગળ તારી આટલી બધી હિંમત? ઊભો રહે, હું તને હમણાં જ તેનું પરિણામ બતાવું છું!"

ભીમે તો તેના બોલવા તરફ ધ્યાન જ ન આપ્યું અને પહેલાં જેમ ભાત ખાતો હતો તે પ્રમાણે ખાવા લાગ્યો. રાક્ષસે પાછળથી આવી ભીમની પીઠ પર મુક્કીઓ મારી, પણ ભીમ તો કંઈ જ બોલ્યો નહિ! છેવટે રાક્ષસ કંટાળીને એક મોટું ઝાડ ઉપાડી લાવ્યો અને તેનાથી ભીમને મારવા લાગ્યો, ત્યારે ભીમે મોટી ત્રાડ પાડી અને ઝાડને દૂર ફેંકી દીધું. પછી ભીમ અને બક વચ્ચે ભયંકર લડાઈ જામી, પણ ભીમની સામે બક કેટલી વાર ટકી શકે? ભીમે બકના શરીરના બે ભાગ કર્યા.

બીજે દિવસે બક રાક્ષસને મરેલો જોઈ એકચક્રા નગરના લોકો ખૂબ ખુશી થયા. આજે ઘણે દિવસે તેમણે સાચો આનંદ અનુભવ્યો.

આ પ્રમાણે પાંડવો ઘણી મુશ્કેલીથી બ્રાહ્મણના ઘરમાં રહેતા હતા. એવામાં એક દિવસ એક બ્રાહ્મણના મોઢે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે સાંભળ્યું, કે ટૂંક સમયમાં જ પાંચાલ દેશના રાજા દ્રુપદની સુંદર કન્યા દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે. દૂર દૂર દેશથી મોટા મોટા રાજાઓ અને યોદ્ધાઓ દ્રૌપદીને મેળવવા પાંચાલ દેશમાં જવાના છે.

દ્રૌપદીનો પરિચય

મહારાજ દ્રુપદની વાત તમે આગળ વાંચી ગયા છો. દ્રોણાચાર્ય સાથે તેને કેવી રીતે તકરાર થઈ હતી, દ્રોણાચાર્યે તેનું અર્ધું રાજ્ય કેવી રીતે લઈ લીધું હતું અને તેની સાથે કેવી રીતે ફરીથી ભાઈબંધી બાંધી હતી, તે બધી વાત પણ તમે જાણો છો. દ્રોણાચાર્ય સાથે દ્રુપદે ભાઈબંધી બાંધી તો ખરી, પણ મનમાં પોતાના અપમાનનું વેર કેવી રીતે લેવું તેનો વિચાર કરવા લાગ્યો; છેવટે એકાદ યજ્ઞ કરી એક બહાદુર પુત્ર મેળવવો એમ નક્કી કર્યું.

ઘણી શોધખોળ કર્યા પછી દ્રુપદને કાલ્માષી નદીને કિનારેથી યાજ અને ઉપયાજ નામના બે મુનિઓ મળી આવ્યા. આ બન્ને ભાઈઓ હતા. તેમની અદ્ભુત શક્તિ જોઈ દ્રુપદ રાજાએ પુત્રપ્રાપ્તિ માટેના યજ્ઞમાં તેમને જ પુરોહિત તરીકે નીમ્યા.

યજ્ઞમાં જ્યારે આહુતિ આપવામાં આવી, ત્યારે અગ્નિકુંડમાંથી એક સુંદર શરીરવાળો છોકરો બહાર આવ્યો. તેનું રૂપ અગ્નિના જેવું જ ઉજ્જવળ હતું, માથા ઉપર સુંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુગટ હતો અને હાથમાં ધનુષ્યબાણ હતાં. મોટો સિંહનાદ કરતો એ છોકરો અગ્નિકુંડમાંથી બહાર નીકળ્યો.

એવામાં આકાશમાંથી દેવવાણી સંભળાઈ: "આ છોકરો દ્રોણાચાર્યનો વધ કરશે!"

આ પછી અગ્નિકુંડમાંથી એક છોકરી પણ બહાર આવી. છોકરીના શરીરનો રંગ તો કાળો હતો, પણ તે ઘણી રૂપાળી હતી. માથા ઉપર ઊછળતાં મોજાં જેવા વાળ, ભમરાના જેવી કાળી આંખો, તેના ઉપર ધનુષ્યના જેવી સુંદર વાંકી ભમ્મરો, ફૂલની પાંખડી જેવા તેના લાલ હોઠ, મોંમાંથી નીકળતી ફૂલના જેવી સુવાસ!—આવી સુંદર કન્યા પૃથ્વી ઉપર કોઈએ હજુ સુધી જોઈ ન હતી.

ત્યાં તો આકાશમાંથી બીજી દેવવાણી સંભળાઈ, કે "આ કન્યા કુરુકુળનો નાશ કરશે!"

પુત્રનું નામ રાખવામાં આવ્યું 'ધૃષ્ટદ્યુમ્ન'; અને છોકરીની ચામડીનો રંગ કાળો હોવાથી તેનું નામ 'કૃષ્ણા' રાખવામાં આવ્યું. દ્રુપદ રાજાની છોકરી એટલે 'દ્રૌપદી' ના નામથી પણ તે ઓળખાય છે.

આ દ્રૌપદીનો જ સ્વયંવર થવાનો હતો. સ્વયંવરમાં જવાની પાંડવોને ઘણી ઇચ્છા થઈ. કુંતીમાતાએ પણ ત્યાં જવાની ઇચ્છા બતાવી.

પાંડવો પાંચાલદેશમાં

પાંડવો પોતાની માતાને લઈને દ્રૌપદીનો સ્વયંવર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવા માટે પાંચાલ દેશમાં ગયા.

એક દિવસ રાતે તેઓ ગંગાનદીને કિનારે જતા હતા, તેવામાં કૌરવોના મિત્ર અંગારવર્ણ નામના એક યક્ષે તેમને રોક્યા. પાંડવો કંઈ યક્ષથી બી જાય તેવા હતા? ના, ના. બન્ને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ જામ્યું. છેવટે અર્જુનના બાણથી અંગારવર્ણનો પ્રાણ જવા લાગ્યો. પોતાના પતિની આવી દશા જોઈને અંગારવર્ણની સ્ત્રી યુધિષ્ઠિરના પગે પડી અને તેને જવા દેવા માટે માગણી કરી. અર્જુને આથી યક્ષને છોડી દીધો.

પાંડવોના આવા સ્વભાવથી યક્ષ ઘણો ખુશી થયો. અર્જુનને તેણે 'ચાક્ષુષી' નામની એક આશ્ચર્યકારક વિદ્યા શિખવાડી. આ વિદ્યાથી અર્જુન સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ-માં શું બને છે એ જોઈ શકવા લાગ્યો. તે સિવાય અંગારવર્ણે પાંડવોને સો ઘોડાઓ આપ્યા. આ ઘોડા એવા નવાઈ ભરેલા હતા, કે તેઓ કોઈ દિવસ માંદા પડે નહિ કે મરણ પામે નહિ; અને ગમે તેટલું કામ કરે તોપણ તેમને થાક લાગે નહિ.

અર્જુને ઘોડાના બદલામાં યક્ષને બ્રહ્માસ્ત્ર આપ્યું.

પાંડવો તે વખતે સંન્યાસીના વેશમાં ફરતા હતા. આવા વેશમાં ઘોડાઓને સાથે લઈ ફરવું ઠીક ન લાગવાથી તેમણે એમ નક્કી કર્યું, કે ઘોડાઓ અંગારવર્ણની પાસે જ રહે; જ્યારે જરૂર પડે ત્યારે અંગારવર્ણ પાંડવોને તે આપે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગારવર્ણ વિદ્વાન પણ ઘણો હતો. ઘણાં શાસ્ત્રોનું તેને જ્ઞાન હતું. પાંડવોને એક પુરોહિતની જરૂર હતી, તેથી તેમણે અંગારવર્ણને પૂછ્યું: "અમારે એક બ્રાહ્મણની જરૂર છે. કોઈ એવો સારો યોગ્ય બ્રાહ્મણ તમારી નજરમાં છે?"

અંગારવર્ણે જવાબ આપ્યો: "તમે અહીંથી ઉત્કોચ નામના તીર્થમાં જાઓ. ત્યાં ધૌમ્ય નામનો એક બ્રાહ્મણ રહે છે. તે તમારો પુરોહિત થવાને બધી રીતે યોગ્ય છે."

પાંડવો ત્યાંથી ઉત્કોચ તીર્થમાં ગયા અને ધૌમ્યને પોતાનો પુરોહિત બનાવ્યો. ધૌમ્યને સાથે લઈ તેઓ પાંચાલ દેશમાં ગયા. રસ્તામાં અનેક બ્રાહ્મણોનો તેમને સંગાથ થયો. બધાંને મોઢેથી દ્રૌપદીનાં વખાણ સિવાય બીજું કંઈ પણ સાંભળવા ન મળતું!

પાંડવો ધીમે ધીમે પાંચાલ દેશમાં પહોંચ્યા; ત્યાં તો ભારે ધામધૂમ શરૂ થઈ ગઈ હતી. કોણ જાણે કેટલા ય દેશ-વિદેશના રાજાઓ ત્યાં આવ્યા હતા! બ્રાહ્મણો અને ઋષિ-મુનિઓની સંખ્યાનો તો પાર ન હતો. મોટા મોટા રાજાઓ સુંદર મહેલમાં રહ્યા હતા. પાંડવો બ્રાહ્મણના વેશમાં એક કુંભારને ત્યાં રહ્યા.

દ્રૌપદીનો સ્વયંવર

સ્વયંવર–સભાનો આરંભ થયો. રાજાઓ સુંદર સુંદર વસ્ત્રો પહેરી સભામાં આવ્યા. પાંડવો પણ સાદા વેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સભામાં આવ્યા અને જ્યાં બ્રાહ્મણો બેઠા હતા ત્યાં બેઠા. દ્રુપદનો પુરોહિત સ્વસ્તિવાચનનો પાઠ કરવા લાગ્યો. બીજી બાજુ વાદ્યો વાગવા લાગ્યાં. ધૃષ્ટદ્યુમ્ને પોતાની બહેન દ્રૌપદી સાથે સભામાં પ્રવેશ કર્યો. દ્રૌપદીએ આજે સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં. તેનું રૂપ જોઈ બધા આશ્ચર્ય પામ્યા અને 'પોતાને આવી સ્ત્રી મળે તો કેવું સારું' એમ વિચાર કરવા લાગ્યા.

ધૃષ્ટદ્યુમ્ને બધા રાજાઓને સંબોધી કહ્યું : "આપ બધા આ ધનુષ્યબાણ જોઈ શકો છો. ઉપર એક ચક્ર ફરે છે; અને એ ચક્ર ઉપર જ એક લક્ષ્ય રાખવામાં આવ્યું છે. નીચે પાણીના કુંડમાં તેનો જે પડછાયો પડે છે, તે તરફ જોઈને જ લક્ષ્યને વીંધવાનું છે. જે રાજા આ પ્રમાણે કરી શકશે, તેને મારી બહેન દ્રૌપદી વરશે."

આ પ્રમાણે બોલી ધૃષ્ટદ્યુમ્ને બધા રાજાઓની આગળ લાવીને દ્રૌપદીને કહ્યું: "બહેન, આ બધા રાજાઓ ઘણા બહાદુર છે. આજે જે રાજા લક્ષ્ય વીંધી પોતાની બહાદુરી બતાવે, તેના ગળામાં તું વરમાળા પહેરાવજે."

ધૃષ્ટદ્યુમ્નની વાત સાંભળી બધાને સહેજ ધ્રુજારી આવી ગઈ. સૌ કોઈ વિચાર કરવા લાગ્યું, કે "એવો કયો ભાગ્યશાળી પુરુષ હશે, જે દ્રૌપદીને આજે મેળવી શકશે?" પાંડવો બ્રાહ્મણના વેશમાં બ્રાહ્મણોની સાથે બેઠા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા; એટલે કોઈએ તેમના તરફ નજર ન કરી. કેટલાકે પાંડવો તરફ જોયું ખરું, પણ તેમને કોઈ ઓળખી શક્યું નહિ.

આ સભામાં શ્રી કૃષ્ણ અને તેમના મોટાભાઈ બળરામ પણ આવ્યા હતા. શ્રી કૃષ્ણે ઝીણી નજરથી જોઈ લીધું, કે પાંડવો સભામાં આવ્યા છે અને છૂપા વેશમાં બ્રાહ્મણોની સાથે બેઠા છે.

પાંડવોને જોઈ શ્રી કૃષ્ણને ઘણો આનંદ થયો. મોટાભાઈ બળરામને તેઓ કહેવા લાગ્યા: "મોટાભાઈ! જુઓ, પાંડવો છૂપા વેશમાં પણ આખરે આવી પહોંચ્યા છે." તેમને જોઈને બળરામને પણ ઘણો આનંદ થયો; પણ આ વાત શ્રી કૃષ્ણ અને બળરામ સિવાય બીજું કોઈ જાણી શક્યું નહિ.

સભામાં વાદ્યોના મંગળ સૂરો સંભળાવા લાગ્યા. એક પછી એક એમ બધા રાજાઓએ લક્ષ્ય વીંધવાનો પ્રયત્ન કરી જોયો.

ધીમે ધીમે દુર્યોધન વગેરેનો વારો આવ્યો; પણ કોઈ ધનુષ્ય ઉપર બાણ જ ન ચઢાવી શક્યા, તો પછી લક્ષ્યવેધની વાત જ ક્યાં કરવી? શરમના માર્યા માથું નીચું કરી તેઓ પોતપોતાના આસને બેસી ગયા.

હવે વીર કર્ણ લક્ષ્યવેધ કરવા ઊઠ્યો. બીજાઓ તો ધનુષ્ય ઉપર બાણ જ ચડાવી શકતા ન હતા, પણ કર્ણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સહેલાઈથી તીર ચડાવ્યું અને લક્ષ્યવેધ કરવા માટે તીર છોડવા તે તૈયાર થયો; પરંતુ એવામાં દ્રૌપદી બોલી ઊઠી: "હું એ સૂતપુત્રને વરવાની નથી."

આ વાત સાંભળી કર્ણથી શું થઈ શકે? શરમ અને અપમાનથી તેનું મોં લાલલાલ થઈ ગયું. હાથમાંનું ધનુષ્ય નીચે મૂકી તે પોતાના આસન ઉપર બેસી ગયો.

ત્યાર પછી ચેદી દેશનો રાજા શિશુપાળ લક્ષ્યવેધ કરવા ઊઠ્યો. શિશુપાળને પોતાના બળનું ઘણું અભિમાન હતું, પણ ધનુષ્ય ઉપર બાણ ચડાવતાં ચડાવતાં જ તેના પગ ભાંગી ગયા! મગધ દેશના રાજા જરાસંધની પણ એવી જ દશા થઈ.

એક પછી એક એમ બધા રાજાની આવી દુર્દશા જોઈ અર્જુનને થયું, કે "હું લક્ષ્યવેધ કરું!"

અર્જુનને બ્રાહ્મણોમાંથી લક્ષ્યવેધ કરવા ઊઠતો જોઈ ને બધા આભા જ બની ગયા! બધા વિચાર કરવા લાગ્યા: "આટલા મોટા મોટા શૂરવીર ક્ષત્રિયો જો લક્ષ્યવેધ ન કરી શક્યા–અરે, ધનુષ્ય ઉપર બાણ જ ન ચડાવી શક્યા, તો એક બ્રાહ્મણ ધનુષ્ય ઉપર બાણ ચડાવી લક્ષ્ય-વેધ કરી શકશે?"

ઘણા અર્જુનની મશ્કરી કરતા તેને રોકવા લાગ્યા. કેટલાક વળી કહેવા લાગ્યા: "બ્રાહ્મણોમાં શું વીર પુરુષો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સ્વયંવરમાં અર્જુન મત્સ્યવેધ કરે છે. [પૃ. ૬૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી પાકતા? બ્રાહ્મણ જામદગ્ન્યે (પરશુરામે) જ આખી પૃથ્વી ઉપરના ક્ષત્રિયોને હરાવ્યા હતા; બ્રાહ્મણ અગસ્ત્યે જ આખા સમુદ્રને પોતાના પેટમાં સમાવ્યો હતો; તો પછી આ બ્રાહ્મણ લક્ષ્યવેધ શા માટે ન કરી શકે?"

અર્જુને હાથમાં ધનુષ્ય લીધું અને ઘણી સહેલાઈથી તેના ઉપર બાણ ચડાવ્યું. ત્યાર પછી જોતજોતામાં લક્ષ્યને વીંધીને જમીન ઉપર પાડ્યું!

બ્રાહ્મણોના આનંદની વાત જ શી કરવી? દેવોએ અર્જુનના માથા ઉપર ફૂલોનો વરસાદ વરસાવ્યો. બમણા જોરથી વાદ્યો વાગવા લાગ્યાં અને આવી ધમાલમાં દ્રૌપદીએ અર્જુનના ગળામાં વરમાળા પહેરાવી!

"દ્રુપદ રાજા આખરે શું એક બ્રાહ્મણને જ પોતાની પુત્રી આપશે?" એ વિચારથી રાજાઓ તો બધા ક્રોધથી બળી જવા લાગ્યા. તેમણે બધાએ ભેગા થઈ વિચાર કર્યો, કે "જે બ્રાહ્મણે લક્ષ્યવેધ કર્યો છે, તેને તો આપણે મારી શકીએ નહિ; કારણ કે બ્રાહ્મણોને આપણાથી મારી શકાય નહિ. આ બધું કારસ્થાન દ્રુપદ અને તેના પુત્ર ધૃષ્ટદ્યુમ્નનું જ લાગે છે; માટે આપણે તેમને જ મારી નાખીએ!"

રાજાઓ 'મારો' 'મારો' કરતા દ્રુપદ ઉપર ધસી ગયા. બધી હકીકત જાણી દ્રુપદ બ્રાહ્મણો પાસેથી નાસી છૂટ્યો; અને અર્જુન હાથમાં ધનુષ્યબાણ લઇ લડવા તૈયાર થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષત્રિયોને આ પ્રમાણે ખોટું આચરણ કરતા જોઈ બ્રાહ્મણો ઘણા ગુસ્સે થયા. તેઓ કહેવા લાગ્યા: "આ કેવી અન્યાયની વાત? એક તો પોતે લક્ષ્યવેધ કરી શક્યા નહિ અને એક ગરીબ બ્રાહ્મણે બિચારાએ લક્ષ્ય વીંધ્યું, તેના ઉપર આટલો બધો ક્રોધ? અમે જ આજે ક્ષત્રિયો સાથે યુદ્ધ કરી તેમને અમારું પાણી બતાવીશું!"

અર્જુન હસતો હસતો બોલ્યો: "આપ બધા મને ફક્ત આશીર્વાદ આપીને દૂર ઊભા રહેશો એટલે બસ; હું એકલો જ તેમને બધાને પૂરો પડીશ."

જોતજોતામાં તો ત્યાં ભારે લડાઈ જામી. અર્જુનની સાથે કર્ણ યુદ્ધ કરવા આવ્યો; પણ અર્જુનના બાણનું બળ જોઈ તે મેદાન છોડીને નાઠો.

એક પછી એક એમ બધા રાજાઓ હારી ગયા. શ્રી કૃષ્ણ બોલ્યા: "ધર્મ પ્રમાણે તો રાજકુમારી આ બ્રાહ્મણને જ પરણી શકે; એટલે નકામું યુદ્ધ કરવાથી શું ફાયદો?"

દ્રૌપદી પાંચની પત્ની કેમ થઈ?

પાંડવો દ્રૌપદીને લઈ બધા બ્રાહ્મણોની સાથે કુંભારને ઘેર પાછા ફર્યા. બહારથી ભીમ અને અર્જુન ઘણા આનંદથી કુંતી દેવીને બૂમ પાડી કહેવા લાગ્યા, કે "મા, મા! આજે અમને ભિક્ષામાં એક સુંદર વસ્તુ મળી છે!"

કુંતી દેવી ઘરમાંથી જ બોલ્યાં: "જે સુંદર વસ્તુ મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, તેના સરખા ભાગ કરી તમે પાંચે ભાઇઓ વહેંચી લો."

આમ કહી કુંતીદેવી ઘરમાંથી બહાર નીકળ્યાં અને દ્રૌપદીને જોઈ સમજી ગયાં, કે એ સુંદર વસ્તુ કઈ છે; પણ માતાની આજ્ઞા પ્રમાણે એમ નક્કી કરવામાં આવ્યું, કે પાંચે ભાઈઓએ દ્રૌપદી સાથે લગ્ન કરવાં. જો તેમ કરવામાં ન આવે, તો માતાની આજ્ઞા ઉથાપી કહેવાય.

આ બાજુ પાંચાલ નગરમાં ભારે ચર્ચા જામી. બધાને મોઢેથી એક જ વાત નીકળતી હતી, કે "અરેરે! દ્રૌપદીના નસીબમાં છેવટે તો બ્રાહ્મણો જ મળ્યા! દ્રૌપદી આખરે તો ભિખારી બ્રાહ્મણોના હાથમાં પડી!"

રાજા દ્રુપદ, તેની રાણી અને ધૃષ્ટદ્યુમ્ન આ વાત સાંભળી ઘણાં દુઃખી થયાં.

દ્રૌપદી કેવા લોકોના હાથમાં જઈ પડી છે, તેની બરાબર તપાસ કરવા માટે દ્રુપદે ધૃષ્ટદ્યુમ્નને મોકલ્યો.

ધૃષ્ટદ્યુમ્ન છાનોમાનો તપાસ કરી લાવ્યો, કે આ બ્રાહ્મણો તે બીજા કોઈ નથી, પણ પાંડવો જ છે! આ વાત જ્યારે બધાએ જાણી, ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો. અર્જુને પોતે જ લક્ષ્યવેધ કર્યો છે અને દ્રૌપદીને મેળવી છે, એ વાત જાણી રાજા દ્રુપદ અને તેની રાણી ઘણાં ખુશ થયાં.

દ્રુપદ રાજાએ પાંડવોને બોલાવવા માટે પોતાના કુળ-પુરોહિતને મોકલ્યા. પાંડવો માતાને અને દ્રૌપદીને લઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રુપદ રાજાના મહેલમાં આવ્યા.

યુધિષ્ઠિરે પહેલાં દ્રુપદ રાજાને પોતાની ઓળખાણ આપી અને ત્યારપછી વિવાહનો પ્રશ્ન ઊઠયો.

યુધિષ્ઠિરે કહ્યું: "અર્જુને લક્ષ્યવેધ કરી દ્રૌપદીને મેળવી છે એ વાત ખરી; પણ માતાએ કહ્યું છે, કે અમારે પાંચે ભાઈઓએ દ્રૌપદી સાથે લગ્ન કરવાં."

દ્રુપદ રાજા તો આ વાત સાંભળી આભા જ બની ગયા! એક પુરુષ ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન કરી શકે; પણ એક સ્ત્રી ઘણા પુરુષો સાથે કેવી રીતે લગ્ન કરી શકે?

એવામાં શ્રી કૃષ્ણ ત્યાં આવી પહોંચ્યા. તેમણે બધી વાત સાંભળીને કહ્યું: "પૂર્વજન્મના કર્મના ફળ પ્રમાણે દ્રૌપદીના નસીબમાં આ જન્મે પાંચ પતિઓ છે. ગયા જન્મમાં દ્રૌપદીએ પતિ મેળવવા માટે શિવ પાસે પાંચ વાર વરદાન માગ્યાં હતાં; એટલે આ જન્મમાં તેને પાંચ પતિઓ મળ્યા છે. દ્રૌપદી તો સ્વર્ગની લક્ષ્મી છે. પાંડવો માટે જ તેણે આ પૃથ્વી ઉપર જન્મ લીધો છે; એટલે આ રીતે લગ્ન કરવામાં કંઈ દોષ નથી."

શ્રી કૃષ્ણની વાત સાંભળી દ્રુપદરાજાનું મન શાંત પડ્યું. તેમણે પાંચ પાંડવો સાથે દ્રૌપદીનાં લગ્ન કરવાં એમ નક્કી કર્યું. શ્રી કૃષ્ણની સલાહ પ્રમાણે તે દિવસે જ સારું ચોઘડિયું જોઈ દ્રુપદરાજાએ પાંડવોની સાથે દ્રૌપદીનાં લગ્ન કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડવોને ધૃતરાષ્ટ્રનું તેડું

આ બાજુ કૌરવોના મનમાં આટલા દિવસ સુધી કંઈ ચિંતા ન હતી; કારણ કે તેઓ તો એમ જ માનતા હતા, કે પાંચે પાંડવો વારણાવતમાં બળીને ભસ્મ થઈ ગયા છે; પણ તે દિવસે દ્રૌપદીના સ્વયંવરની સભામાં બે બ્રાહ્મણોનું પરાક્રમ જોઈ તેમના મનમાં વિચાર આવ્યો: "આ બે પુરુષો કોણ છે? તેમના સ્વભાવ તો બ્રાહ્મણો જેવા લાગતા નથી!" આ બે તેજસ્વી પુરુષો કોણ છે, એ જાણવાની કૌરવોને ખૂબ ઇચ્છા થઈ. તેમના મનમાં શંકા પેદા થઈ, કે આ બે ભાઈઓ પાંચ પાંડવોમાંના બે તો નહિ હોય? પણ આગમાં બળી ગયેલા પાંડવો ફરીથી જીવતા કેવી રીતે થઈ શકે? ગમે તેમ પણ છેવટે જ્યારે તેમને સાચી હકીકતની ખબર પડી, ત્યારે તેમના મનની અશાંતિનો પાર ન રહ્યો.

ચિંતામાં પડેલો દુર્યોધન, તેના કેટલાક ભાઈઓ અને કર્ણ, પાંડવો માટે હવે શું કરવું તેની સલાહ લેવા માટે મહારાજ ધૃતરાષ્ટ્ર પાસે ગયા.

કર્ણ બોલ્યો: "મહારાજ, શત્રુ જ્યારે બહુ બળવાન ન હોય, ત્યારે તો તેને યુદ્ધમાં હરાવવો જ સારો."

ધૃતરાષ્ટ્રે પણ 'પાંડવો માટે હવે શું કરવું?' તેનો વિચાર કરવા ભીષ્મ, દ્રોણ અને વિદુરને બોલાવ્યા. ભીષ્મે, દ્રોણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વિદુરે પાંડવો સાથે યુદ્ધ ન કરવાની સલાહ આપતાં કહ્યું: "પાંડવોને તેમનું અર્ધું રાજ્ય આપી દેવું જોઈએ; કારણ કે તેઓ ઘણા ધાર્મિક અને શૂરવીર પુરુષો છે. વળી, તેમના પિતાનું રાજ્ય ન્યાય પ્રમાણે તો તેમને જ મળવું જોઈએ. પાંડવો પાસેથી આ રાજ્ય લઈ લેવાનો ખુદ દેવોને પણ અધિકાર નથી, તો આપણે કોણ? એટલે તેમના ભાગમાં આવતું રાજ્ય આપણે તેમને આપી દેવું જોઈએ!"

બધાની ઇચ્છા હતી, કે પાંડવોને અર્ધું રાજ્ય આપવું; એટલે આવી દશામાં મહારાજ ધૃતરાષ્ટ્રથી બીજું શી રીતે બોલી શકાય? તેમણે પાંડવોને બોલાવવા સારુ વિદુરજીને પાંચાલરાજ્યમાં મોકલ્યા.

પાંડવોની રાજધાની

વિદુરજીને જોઈ બધાને ખૂબ આનંદ થયો. બધાએ જાણ્યું, કે વિદુરજી તો પાંડવોને હસ્તિનાપુર તેડી જવા માટે આવ્યા છે. પાંડવો દ્રુપદરાજાની રજા લઈ માતા અને દ્રૌપદીને સાથે લઈ, વિદુરજીની સાથે હસ્તિનાપુર તરફ આવવા નીકળ્યા.

જ્યારે પાંડવો હસ્તિનાપુર પહોંચ્યા, ત્યારે તે નગરની પ્રજા પાંડવોને જીવતા જોઈ ખૂબ રાજી થઈ. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ વગેરેએ પાંડવોનો ખૂબ આદર-સત્કાર કર્યો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને રાજ્યમહેલમાં લઈ ગયા.

મહારાજ ધૃતરાષ્ટ્ર યુધિષ્ઠિરને કહેવા લાગ્યાઃ "ભાઈ યુધિષ્ઠિર! તું મારે મન કંઈ પારકો માણસ નથી, પણ તમે લોકો જો અહીં રહેશો તો ફરીથી ભાઈઓ-ભાઈઓ વચ્ચે ઝગડો ઊભો થશે; કારણ કે દુર્યોધન તો તમને એક ક્ષણ સાંખી શકતો નથી; તેથી હું તમને સલાહ આપું છું, કે તમારે તમારું અર્ધું રાજ્ય લઈ ઇંદ્રપ્રસ્થને તમારી રાજધાની બનાવવી અને ત્યાં જ રહેવું. આમ કરશો તો ફરીથી કોઈ વાર તકરાર ઊભી થશે નહિ."

પાંડવોએ મહારાજ ધૃતરાષ્ટ્રની વાત કબૂલ રાખી અને તેમને તથા બીજા વડીલોને નમસ્કાર કરી તેઓ ઇન્દ્રપ્રસ્થમાં આવ્યા.

ઇન્દ્રપ્રસ્થ પણ ઘણું સુંદર નગર હતું. ત્યાં રાજ્ય-મહેલ, રસ્તા, બાગબગીચા બધું હતું. પાંડવોના આવ્યા પછી તે નગરની સમૃદ્ધિ દિવસે દિવસે વધતી ચાલી.

એક વાર મહર્ષિ નારદ સ્વર્ગમાંથી પાંડવોને મળવા માટે તેમની નવી રાજધાનીમાં આવ્યા. નારદ ઘણા બુદ્ધિશાળી ઋષિ હતા. તેમણે પાંડવોને જુદા જુદા પ્રકારના ઉપદેશ આપ્યા અને પછી બોલ્યાઃ "જુઓ, તમે પાંચ ભાઈઓ હંમેશાં સલાહસંપથી રહેજો. આ દુનિયામાં સ્ત્રીને માટે ઘણી વાર તકરાર ઊભી થાય છે. આજથી ઘણાં વર્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં સુંદ અને ઉપસુંદ નામના બે ભાઇઓ રહેતા હતા. બન્ને વચ્ચે સંપ પણ બહુ ભારે હતો, પણ એક વાર એક સુંદર સ્ત્રી તિલોત્તમા માટે બન્ને ભાઇઓને તકરાર થઈ અને એ તકરારમાં ને તકરારમાં જ બન્ને ભાઇઓ કપાઈ મુઆ. દ્રૌપદીને માટે તમારી વચ્ચે પણ આવું કંઈ ન થાય તેની જરા સંભાળ રાખજો."

નારદમુનિની વાત સાંભળી પાંડવોએ નિયમ કર્યો, કે તેમનામાંથી એક પણ ભાઈ જ્યારે દ્રૌપદીની સાથે વાત કરતો હોય, ત્યારે બીજા ભાઈઓએ ત્યાં જવું નહિ; અને કોઇપણ ભાઈ આ નિયમનો ભૂલેચૂકે ભંગ કરે, તો તેણે બ્રહ્મચારી બની બાર વર્ષ સુધી વનમાં રહેવું. આ પ્રમાણે પાંચે ભાઈઓ આનંદથી રાજ્ય ચલાવવા લાગ્યા.

અર્જુનનો બાર વર્ષનો વનવાસ

એવામાં એક વાર એમ બન્યું, કે કોઈ હરામખોર કોઈ એક બ્રાહ્મણની ગાયો ચોરી નાસી ગયો. બ્રાહ્મણે પાંડવો પાસે આવીને તેમની મદદની માંગણી કરી. બ્રાહ્મણને રડતો જોઇ અર્જુન બોલ્યો: "મહારાજ, આપને કંઈ ગભરાવાની જરૂર નથી, હું હમણાં જ તે હરામખોરને પકડી યોગ્ય શિક્ષા કરું છું, તમારી ગાયો પાછી અપાવું છું."

અર્જુન અસ્ત્ર લેવાને દોડતો દોડતો અસ્ત્રાગારમાં ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાભાઈ યુધિષ્ઠિર તે વખતે અસ્ત્રાગારમાં બેઠા બેઠા દ્રૌપદી સાથે વાતો કરતા હતા. ચોરને સજા કરવા માટે અર્જુનને અસ્ત્રોની જરૂર હતી, પણ જો અસ્ત્રાગારમાં જાય તો તેને બાર વર્ષ સુધી જંગલમાં રહેવું પડે એમ હતું ! હવે શું થાય ?

અર્જુને તરત જ નક્કી કર્યું, કે "જંગલમાં જવું પડશે તો જઈશ, પણ ચોરને સજા કરી આ બ્રાહ્મણની ગાયો તો પાછી અપાવવી જ જોઇએ." આમ વિચાર કરી અર્જુન યુધિષ્ઠિરની રજા લઈ અસ્ત્રાગારમાં ગયો અને હથિયારો લઈને ચોરની પાછળ દોડ્યો.

થોડી વારમાં જ તેણે ચોરને પકડી પાડ્યો, ચોરને મારી નાખી. બ્રાહ્મણની ગાયો પાછી અપાવી અને રાજ-ધાનીમાં પાછો ફર્યો. મોટા ભાઈઓને પ્રણામ કરી યુધિષ્ઠિરને કહ્યું: "મોટાભાઈ, તમે આજે જ્યારે અસ્ત્રાગારમાં બેઠા બેઠા દ્રૌપદી સાથે વાતો કરતા હતા, ત્યારે હથિયારો લેવા માટે મેં ત્યાં પ્રવેશ કર્યો હતો; એ રીતે નિયમનો મેં ભંગ કર્યો છે, એટલે લીધેલી પ્રતિજ્ઞા પાળવા માટે બાર વર્ષ સુધી વનમાં રહીશ."

યુધિષ્ઠિરે અર્જુનને કેટલો બધો સમજાવ્યો, કે એમાં કંઈ પાપ નથી; પણ અર્જુને કોઇ પણ રીતે સત્યનો માર્ગ છોડ્યો નહિ. એક વાર જે કાંઈ નિયમ કરવામાં આવ્યો હોય તેનો ભંગ કરવો ઠીક નથી. અર્જુન યુધિષ્ઠિરની રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ વડીલોને પ્રણામ કરી બ્રહ્મચારીના વેશે બાર વર્ષ સુધી જંગલમાં રહેવા ગયો.

અર્જુન વનમાં જઇ જુદા જુદા સ્થળોએ ફરવા લાગ્યો અને બ્રાહ્મણો અને ઋષિ--મુનિઓની સાથે પોતાનો વખત ગાળવા લાગ્યો.

અર્જુન ત્યાર પછી ગંગાદ્વારમાં જઈ રહેવા લાગ્યો. એક દિવસ તે ગંગામાં સ્નાન કરતો હતો, તે વખતે નાગરાજ કૌરવ્યની પુત્રી ઉલૂપી તેને પાતાળમાં ખેંચી ગઈ. અર્જુનનું રૂપ જોઈને અને તેની શૂરવીરતાની વાત સાંભળીને ઉલૂપીને અર્જુન સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ. પહેલાં તો અર્જુને તેની સાથે લગ્ન કરવા આનાકાની કરી, પણ પાછળથી તેની સાથે લગ્ન કર્યાં.

જ્યારે અર્જુન નાગરાજ્યમાંથી બીજી જગ્યાએ જવા નીકળ્યો, ત્યારે ઉલૂપીએ તેને કહ્યું: "હવે પૃથ્વી ઉપરનાં બધાં જળચર પ્રાણીઓને તમે હરાવી શકશો."

આ પછી અર્જુન મણિપુર રાજ્યમાં આવ્યો. અહીં તેણે મણિપુરના રાજા ચિત્રભાનુની કન્યા ચિત્રાંગદા સાથે લગ્ન કર્યાં. ચિત્રાંગદાને એક પુત્ર થયા બાદ ત્રણ વરસે તે મણિપુર છોડી ચાલી નીકળ્યો. અર્જુનના આ પુત્રનું નામ બભ્રુવાહન હતું.

મણિપુરમાંથી અર્જુન અગસ્ત્ય તીર્થ, સૌભદ્ર, પૌલોમ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારંધમ અને ભારદ્વાજ નામનાં પાંચ તીર્થોમાં ગયો. આ પાંચે તીર્થોમાં જવાથી બહુ પુણ્ય મળે છે; પણ આશ્ચર્યની વાત એ હતી, કે આ તીર્થ છોડીને બધા લોકો નાસી ગયા હતા.

લોકોને નાસી જવાનું કારણ જાણો છો? આ પાંચે તીર્થમાં પાંચ ભયંકર મગરીઓ રહેતી હતી. જે કોઈ માણસ નદીમાં નાહવા પડતો, તેને આ મગરીઓ પગ પકડી પાણીમાં ખેંચી જતી અને તેને મારી નાખતી. આ મગરીઓના ત્રાસથી જ લોકો આ તીર્થસ્થાનો છોડી નાસી ગયા હતા; પણ અર્જુન કંઈ મગરીઓથી ડરે તેવો ન હતો. તે એક તીર્થમાં ગયો અને ત્યાં નદીમાં નાહવા લાગ્યો. તે વખતે એક મગરીએ આવી અર્જુનનો પગ પકડ્યો અને તેને પાણીમાં ખેંચી જવા લાગી; પણ અર્જુનને ખેંચવો એ કંઈ રમત વાત હતી? અર્જુને મગરીને ખેંચી કિનારા ઉપર ફેંકી. કિનારા ઉપર આવતાં જ મગરીનું રૂપ બદલાઈ ગયું. તે એક સુંદર અપ્સરાના જેવી બની ગઈ!

અર્જુને આ સ્ત્રીને મગરીનો અવતાર લેવાનું કારણ પૂછ્યું. તેણે જવાબ આપ્યો: "હું એક અપ્સરા જ છું. મારું નામ વર્ગા છે. મારી ચાર સખીઓ પણ છે. તેમનાં નામ સૌરભેયી, સમીચી, બુદ્બુદા અને લતા છે. અમે પાંચે જણાં એક મુનિના શાપથી મગરીઓ બની પાંચ તીર્થ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાનોમાં રહેતાં હતાં. અમારી ખૂબ આજીજી–વિનતિઓથી મુનિને છેવટે દયા આવી અને તેમણે અમને કહ્યું : 'જો કોઈ માણસ તમને પાણીમાંથી બહાર કાઢી શકશે, તો તમે તમારું અસલ રૂપ મેળવી પાછાં સ્વર્ગમાં આવશો.' ત્યારથી તે આજ સુધી કોઈ અમને પાણીમાંથી બહાર કાઢી શક્યું નથી. આજે આપે મને પાણીમાંથી બહાર કાઢી મારો ઉદ્ધાર કર્યો છે, પણ મારી ચાર બહેનપણીઓ બીજાં ચાર તીર્થસ્થાનોમાં છે. દયા કરીને આપ તેમનો પણ ઉદ્ધાર કરો!"

અર્જુન બીજાં ચાર તીર્થસ્થાનોમાં ગયો અને એક પછી એક એમ ચારે અપ્સરાઓનો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી તે પ્રભાસતીર્થમાં ગયો. પ્રભાસમાં શ્રી કૃષ્ણ અર્જુનને મળવા આવ્યા. કેટલાક દિવસ પ્રભાસમાં રહી શ્રી કૃષ્ણ અર્જુનને પ્રભાસમાંથી પોતાની રાજધાની દ્વારકામાં લઈ ગયા.

સુભદ્રા–હરણ

અર્જુને દ્વારકામાં જઇને પહેલી જ વાર શ્રી કૃષ્ણ અને બળરામની બહેન સુભદ્રાને જોઈ. સુભદ્રા ઘણી જ રૂપાળી હતી. સુભદ્રાનું રૂપ જોઈ અર્જુનને તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ.

શ્રી કૃષ્ણ અર્જુનના મનની વાત સમજી ગયા. અર્જુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે સુભદ્રાનાં લગ્ન કરવામાં તેમને કંઈ વાંધો ન હતો. તેમણે વિચાર કર્યો, કે "સુભદ્રાના જેવી રૂપાળી અને ગુણવાળી કન્યા માટે તો અર્જુન જ બધી રીતે યોગ્ય છે. હવે આ લગ્ન કેવી રીતે કરવાં એ જ એક મોટો સવાલ છે."

કન્યાનું હરણ કરી તેની સાથે લગ્ન કરવાનો એક રિવાજ તે વખતના ક્ષત્રિયોમાં હતો. શ્રી કૃષ્ણને આ નિયમ ઘણો ગમતો; કારણ કે તેમને એમ લાગતું, કે જે માણસ કન્યાનું આ પ્રમાણે હરણ કરે, તેનામાં સામાન્ય રીતે વીરતા તો હોય જ; તે ઉપરાંત, તે માણસ સ્ત્રીને માટે દુઃખ સહન કરે છે કે નહિ, તે પણ તરત જ જણાઈ જાય.

આથી શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું: "મિત્ર, જે કન્યા સાથે તું લગ્ન કરવા ઇચ્છે છે, તે કન્યાનું હરણ કરી તેની સાથે તું લગ્ન કર."

છેવટે સુભદ્રાનું હરણ કરવું એમ નક્કી કરવામાં આવ્યું. અર્જુન સુભદ્રા સાથે લગ્ન કરે કે નહિ, તે માટે યુધિષ્ઠિરને પૂછાવવામાં આવ્યું. યુધિષ્ઠિરે તો રાજી થઈ તરત જ હા પાડી.

સુભદ્રા એક દિવસ રૈવતક પર્વત ઉપર દેવપૂજા કરવા ગઈ હતી. અર્જુન પણ શિકાર કરવા જવાને બહાને અસ્ત્ર-શસ્ત્ર લઈ રથમાં બેસી ત્યાં ગયો હતો. શ્રી કૃષ્ણ સાથે અગાઉથી જ આમ નક્કી કરવામાં આવ્યું હતું.

પૂજા કરી રહ્યા પછી સુભદ્રા જ્યારે દ્વારકા તરફ પાછી ફરતી હતી, ત્યારે અર્જુને તેને પોતાના રથમાં બેસાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધી અને રથ હંકારી ગયો. સુભદ્રાની સાથે જેઓ આવ્યા હતા, તેમણે દ્વારકામાં જઈ સુભદ્રાના હરણની બધાને વાત કરી.

દ્વારકામાં તો બધા આ વાત સાંભળી 'મારો' 'મારો' કરતા ઊઠ્યા; આવું અપમાન તે કોણ સહન કરે? બધા અર્જુન સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયા. એવામાં બળરામ બોલ્યા: "અરે, કૃષ્ણ અત્યાર સુધી કેમ છાનો-માનો બેસી રહ્યો છે? તેને શું કહેવું છે, તે તો જરા જોઈએ."

શ્રી કૃષ્ણે બધાને સમજાવતાં સમજાવતાં કહ્યું: "તમે બધા અર્જુન ઉપર ક્રોધે ભરાઓ છો શા માટે? અર્જુને વીર ક્ષત્રિયોની માફક નિયમ પ્રમાણે લગ્ન કરવા સુભદ્રાનું હરણ કર્યું છે. અર્જુન રૂપમાં, ગુણમાં, કુળમાં, કીર્તિમાં–ટૂંકમાં દરેક બાબતમાં શ્રેષ્ઠ છે. તેની સાથે યુદ્ધ કરી શું મેળવશો? યુદ્ધનો વિચાર પડતો મૂકો અને અર્જુનને માનપૂર્વક અહીં બોલાવી લાવી તેની સાથે સુભદ્રાનાં લગ્ન કરો."

શ્રી કૃષ્ણની સલાહ પ્રમાણે બધાએ યુદ્ધનો વિચાર પડતો મૂક્યો અને અર્જુનને ઘણા માનપૂર્વક દ્વારકામાં લાવ્યા. ભારે ધામધૂમ વચ્ચે અર્જુન અને સુભદ્રાનાં લગ્ન થયાં. અર્જુન એક વરસ સુધી દ્વારકામાં રહ્યો અને ત્યાર પછી પુષ્કરતીર્થમાં ગયો.

આ પ્રમાણે બાર વર્ષ પૂરાં થયાં. અર્જુન ઇંદ્ર-પ્રસ્થમાં પાછો ફર્યો; સાથે બળરામ, શ્રી કૃષ્ણ અને સુભદ્રા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આવ્યાં. કુંતીદેવી, દ્રૌપદી અને ચારે ભાઈઓ બધાંને જોઈ ખૂબ ખુશ થયાં. કેટલાક દિવસ ઘણા આનંદથી પાંડવો સાથે ગાળી બળરામ અને બીજા યાદવો દ્વારકામાં પાછા ફર્યા. શ્રી કૃષ્ણ પાંડવો સાથે ઇંદ્રપ્રસ્થમાં જ રહ્યા.

ખાંડવવનદાહ

એક દિવસ શ્રી કૃષ્ણ અને અર્જુન ગંગાકિનારે વાતો કરતા બેઠા હતા. એવામાં એક બ્રાહ્મણ તેમની સામે આવીને ઊભો રહ્યો. તેના માથા પર પીળા રંગની મોટી જટા હતી, મોં ઉપર પીળા રંગની ભવ્ય દાઢી હતી, શરીર ઉપર લાલ કપડું હતું અને તેના મોઢાનો રંગ તપેલા સોનાના જેવો ઉજ્જવળ હતો.

શ્રી કૃષ્ણ અને અર્જુને આ બ્રાહ્મણનો સત્કાર કર્યો અને તેને બેસવા માટે આસન આપ્યું; ત્યાર પછી તેના આવવાનું કારણ પૂછ્યું.

બ્રાહ્મણે કહ્યું: "હું બ્રાહ્મણ છું. પૂરતું ખાવાનું ન મળવાથી મારું પેટ ભરાતું નથી; એટલે મારે માટે ખાવાની કંઈક વ્યવસ્થા કરો."

શ્રી કૃષ્ણ અને અર્જુન બોલ્યા: "મહારાજ, આપને શું ખાવું છે તેની આજ્ઞા કરો; અમે આપને માટે હમણાં જ ભોજન લાવી દઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણે કહ્યું: "તમે જો મને પેટ ભરીને ખવડાવશો, તો જ હું તમારા ઉપર ખુશ થઈશ. તમારાં દાળભાતથી કે મેવા મીઠાઈથી મારું પેટ નહિ ભરાય. હું તો અગ્નિ છું, એટલે મને ઉપયોગી એવો ખોરાક મારે જોઈએ. ખાંડવવનને ખાઈ જવાની મારી ઘણી ઇચ્છા છે, પણ ત્યાં તક્ષક નામનો એક નાગ રહે છે, તે ઇંદ્રનો મિત્ર છે; એટલે જેટલી વાર હું ખાંડવવનને બાળવા ગયો છું, તેટલી બધી વાર ઇંદ્રે વરસાદ વરસાવી મને પાછો કાઢ્યો છે. તમે લોકો તમારાં અસ્ત્રના બળે ઇંદ્રના વરસાદને અટકાવી રાખો તો મારી ભૂખ ટળે."

શ્વેતકી નામનો એક રાજા થઈ ગયો. તે ઘણો મહાન અને બળવાન હતો. તેને યજ્ઞો કરવાનો ખૂબ શોખ હતો. ઋષિમુનિઓ તેના યજ્ઞમાંથી કોઈ દિવસ પરવારતા નહિ. રોજ ઊઠીને યજ્ઞ; રોજ યજ્ઞનો ધુમાડો ખાવો અને મંત્રોનો પાઠ કરવો—એ સિવાય બ્રાહ્મણોને બીજો કોઈ ધંધો ન હતો; પણ આ પ્રમાણે સતત કામ કરવાથી બ્રાહ્મણો થાકી ગયા અને કંટાળીને તેમણે શ્વેતકીને કહી દીધું, કે "હવે અમે યજ્ઞ કરીશું નહિ."

પોતાનાથી હવે યજ્ઞ થઈ શકશે નહિ એ વિચારથી શ્વેતકી રાજાના મનમાં ઘણું દુઃખ થયું. આ દુઃખમાંથી બચવા માટે તેણે મહાદેવજીની તપશ્ચર્યા શરૂ કરી. રાજાના કઠોર તપથી મહાદેવજી ખુશ થયા અને શ્વેતકીને કહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યા: “હે રાજા! જો તું બાર વર્ષ સુધી અગ્નિદેવને ઘી પિવડાવે, તો યજ્ઞ માટે કંઈ વ્યવસ્થા થઈ શકે.”

શ્વેતકીએ આ પ્રમાણે કર્યું. ભગવાન શિવ ખુશ થયા અને દુર્વાસા મુનિને રાજાનો યજ્ઞ કરાવવા મોકલ્યા.

શ્વેતકી રાજાનો યજ્ઞ તો થયો, પણ પેલું ઘી પીતાં પીતાં અગ્નિને હવે વધારે ખોરાકની રુચિ ન રહી. ભૂખ ન હોવાથી અગ્નિદેવ જતા રહ્યા.

અગ્નિને ભૂખ ન હતી; હવે શું કરવું? બ્રહ્માએ વ્યવસ્થા કરી, કે “જો અગ્નિ પુષ્કળ પ્રમાણમાં માંસ ખાય, તો તેનો આ રોગ મટી શકે. ખાંડવવનમાં પુષ્કળ જીવજંતુઓ રહે છે, એટલે અગ્નિએ જીવજંતુઓ સાથે જ આખું ખાંડવવન ગળી જવું. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી.”

અગ્નિ રાજી થતો થતો ખાંડવવનને ગળવા ગયો; પણ વન બાળવાની તેની ઇચ્છા પાર પડી નહિ. ઇંદ્રે જ તેને તેમ કરતાં રોક્યો. વનમાં લાખો હાથીઓ રહેતા હતા. તેમણે પોતાની સૂંઢમાં પાણી ભરી અગ્નિ ઉપર છાંટ્યું અને આગ બુઝાવી નાખી. આ પ્રમાણે અગ્નિદેવે સાત વાર પ્રયત્ન કર્યો અને સાતે વાર તેઓ નિષ્ફળ નીવડ્યા. છેવટે કંટાળીને અગ્નિદેવ બ્રહ્મા પાસે ગયા.

બ્રહ્માએ કહ્યું: “ભાઈ, વનને બાળવાની શક્તિ ફક્ત શ્રીકૃષ્ણ અને અર્જુન પાસે જ છે; તે સિવાય બીજા કોઈ પાસે નથી.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ માટે જ અગ્નિદેવ બ્રાહ્મણના વેષે શ્રી કૃષ્ણ અને અર્જુન પાસે આવ્યા હતા.

અગ્નિદેવની વાત સાંભળી અર્જુને કહ્યું: "અમે ખાંડવવન બાળી તો શકીએ, પણ અત્યારે અમારી પાસે નથી સારાં અસ્ત્રશસ્ત્ર કે નથી સારો રથ. એટલે અમે ઇંદ્ર સાથે કેવી રીતે યુદ્ધ કરી શકીએ? જો કંઈ અસ્ત્ર-શસ્ત્ર આપતા હો, તો વળી કંઈ વિચાર કરીએ."

અર્જુનની વાત સાંભળી અગ્નિએ વરુણનું સ્મરણ કર્યું. વરુણે આવી અર્જુનને ગાંડીવ ધનુષ્ય, અક્ષય ભાથો અને વિશ્વકર્માએ બનાવેલો કપિધ્વજ નામનો રથ આપ્યો. શ્રી કૃષ્ણને વરુણે સુદર્શન ચક્ર આપ્યું.

ગાંડીવધનુષ્ય બ્રહ્માએ પોતે જ બનાવ્યું હતું. આ ધનુષ્ય ઉપર બાણ ચડાવતાં એવો અવાજ થતો, કે જે સાંભળતાં માણસો બેભાન બની જતા; અક્ષયભાથામાંથી કોઈપણ દિવસ બાણ ખૂટે નહિ અને કપિધ્વજરથ બેસનારની જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં તેને લઈ જતો. શ્રી કૃષ્ણને મળેલું સુદર્શન ચક્ર એવું હતું કે જેના તરફ તે ફેંકવામાં આવતું, તે કોઈ ઉપાયથી બચી શકતો જ નહિ. આ ઉપરાંત અગ્નિએ શ્રી કૃષ્ણને કૌમોદકી નામની ગદા પણ આપી હતી. આ ગદાનો અવાજ વજ્રના જેવો હતો.

શ્રી કૃષ્ણ અને અર્જુન આવા અસ્ત્રોથી સજ્જ થઈને અગ્નિદેવને માટે ખાંડવ-વન બાળવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ખાંડવવન દહન [પૃ. ૭૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાંડવવન એટલા જોશથી બળવા લાગ્યું, કે આગની જ્વાળાઓ આકાશને અડકવા લાગી. કાળા ધુમાડાથી આખી પૃથ્વી છવાઈ ગઈ. આગની ગરમીથી પૃથ્વી આખી ગરમ ગરમ થઈ ગઈ અને પ્રાણીઓ 'બચાવો, બચાવો'ની બૂમો પાડવા લાગ્યાં.

ઇંદ્ર તે વખતે ઊનપંચાશત્ (ઓગણપચાસ) પવનને અને ભયંકર વરસાદને લઈ અગ્નિને ઓલવવા આવ્યો; પણ અર્જુનનાં બાણથી પવન અને વરસાદ તો કોણ જાણે ક્યાં ઊડી ગયા!

શ્રી કૃષ્ણના સુદર્શન ચક્રથી અને અર્જુનના બાણથી જીવજંતુઓ બધાં અગ્નિના મુખમાં પડી ભસ્મ થઈ જવા લાગ્યાં. મય નામનો એક રાક્ષસ નાસવા જતો હતો, એવામાં અગ્નિ તેને ભરખી જવા આવ્યો. એક બાજુ અગ્નિ અને બીજી બાજુ શ્રી કૃષ્ણનું સુદર્શન ચક્ર! મય રાક્ષસે આખરે અર્જુનનો આશ્રય લીધો. અર્જુને અભય-વચન આપી તેને બચાવ્યો.

અગ્નિના મુખમાં આખું ખાંડવવન સાફ થઈ ગયું. બચ્યાં ફક્ત મય રાક્ષસ, અશ્વસેન અને બગલાનાં ચાર બચ્ચાં! અર્જુને દયા બતાવી આ લોકોને બચાવ્યાં હતાં.

ખાંડવ વન બળી જવાથી અગ્નિદેવ ઘણા ખુશ થયા. સ્વર્ગમાંથી ઇંદ્ર અને બીજા દેવો પૃથ્વી ઉપર આવ્યા અને શ્રી કૃષ્ણ તથા અર્જુનને આશીર્વાદ આપવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ : સભાપર્વ

મયદાનવે રચેલું સભાગૃહ

જ્યારે ખાંડવવનને બાળવામાં આવ્યું, ત્યારે મય રાક્ષસ અર્જુનની દયાથી જ બચી જવા પામ્યો હતો તે તો તમે ગયા પ્રકરણમાં વાંચ્યું. આ મય રાક્ષસને ઇચ્છા થઈ, કે અર્જુનનું કોઈ સુંદર કામ કરી આપવું.

અર્જુન પાસે જઈ મયે આ વાત કહી. અર્જુને તેને કહ્યું: "મય, હમણાં તો મારે તારી પાસે કંઈ કામ કરાવવું નથી. તું સુખરૂપ તારે ઘેર પહોંચે એટલે હું રાજી થઈશ."

મય બોલ્યો: "અર્જુન, દેવલોકમાં વિશ્વકર્મા જેમ ઉસ્તાદ શિલ્પી ગણાય છે, તેમ રાક્ષસોમાં હું ઉસ્તાદ શિલ્પી ગણાઉં છું. આપનું કોઈ પણ પ્રિય કામ કરી આપવાની મને ઘણી ઉમેદ છે."

મય પોતાને કોઈ પણ રીતે છોડે તેમ નથી, એવું જોઈ અર્જુને તેને કહ્યું: "ઠીક, ત્યારે તું શ્રી કૃષ્ણનું કોઈપણ કામ કરી આપ. હું તેનાથી ખુશ થઈશ."

મયે શ્રી કૃષ્ણને પૂછ્યું. શ્રી કૃષ્ણે જવાબ આપ્યો: "શિલ્પીરાજ, મહારાજ યુધિષ્ઠિર માટે એક એવું સભાગૃહ તૈયાર કરો, કે તેના જેવું બીજું એકે સભાગૃહ આખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વી ઉપર હોય નહિ."

મય દાનવ શ્રી કૃષ્ણની વાત સાંભળી ઘણો રાજી થયો. શ્રી કૃષ્ણ અને અર્જુન મય દાનવને લઈને યુધિષ્ઠિર પાસે આવ્યા. યુધિષ્ઠિરે મય રાક્ષસનો ખૂબ આદર-સત્કાર કર્યો. ત્યારપછી પાંચ હજાર હાથ લાંબા એક સ્થાન ઉપર સભાગૃહ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું. શ્રી કૃષ્ણ કેટલાક દિવસ પાંડવો સાથે ગાળી દ્વારકા પાછા ફર્યા.

ચૌદ મહિના સુધી લાગલાગટ દિવસ અને રાત કામ કરીને મયે એક આશ્ચર્યકારક સભાગૃહ બનાવ્યું. સભાગૃહમાં જડેલા હીરામાણેકનું તેજ તો એટલું બધું હતું, કે સૂર્યનો પ્રકાશ તો તેના કંઈ હિસાબમાં નહિ! સભાગૃહમાં એક મોટું સરોવર હતું, સ્ફટિકનાં પગથિયાં હતાં, ચારે બાજુએ હીરાથી જડેલી બેઠકો હતી અને પાણી તો એવું સ્વચ્છ કે તેમાં મોઢું જોઈ શકાય. વળી, તેમાં સોનાની માછલીઓ આમતેમ તરતી હતી; પણ આ સરોવરની બીજી ખૂબી તો એ હતી, કે સરોવર પાસે જનારને પાણી જેવું તો લાગે જ નહિ—જાણે એક મોટો અરીસો ત્યાં મૂક્યો હોય એવું જ જણાય!

આવું સુંદર સભાગૃહ જોઈ પાંડવો તો ખુશી થાય તેમાં નવાઈ નહિ, પણ દેશવિદેશથી ઋષિમુનિઓ, અરે! સ્વર્ગમાંથી દેવો પણ આ સભાગૃહ જોવા આવતા અને તેની મુક્તકંઠે પ્રશંસા કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજસૂયયજ્ઞ માટે નારદની સૂચના

નારદ મુનિ પાંડવોનું આવું સભાગૃહ જોઈ ઘણા ખુશ થયા. પાંડવોને તેઓ કહેવા લાગ્યા: "તમારા પિતા પાંડુ રાજાને હું સ્વર્ગમાં મળ્યો હતો. તેમની એવી ઇચ્છા છે, કે તમે રાજસૂયયજ્ઞ કરો. રાજસૂયયજ્ઞ કરવાથી આ પૃથ્વી ઉપર બળવાન થવાય છે; એટલું જ નહિ, પણ સ્વર્ગમાં પણ માન મળે છે. તમે પાંચ ભાઈઓ ઘણા બહાદુર છો; એટલે મને તો લાગે છે, કે તમે જરૂર રાજસૂયયજ્ઞ કરી શકશો."

નારદ મુનિના મોઢેથી રાજસૂયયજ્ઞનાં આટલાં બધાં વખાણ સાંભળી યુધિષ્ઠિરને તે યજ્ઞ કરવાની ઘણી ઇચ્છા થઈ. તેમણે પોતાના મંત્રીઓની સલાહ લીધી. બધાએ આનંદ સહિત એકી અવાજે યજ્ઞની વાત વધાવી લીધી. પણ રાજસૂયયજ્ઞ કરવો એ કંઈ રમત વાત ન હતી. રાજસૂયયજ્ઞ કંઈપણ હરકત વગર પાર પડે એ માટે કોઈ યોગ્ય માણસની સલાહ લેવી જોઈએ. શ્રી કૃષ્ણ સિવાય બીજો વધારે યોગ્ય માણસ તો કોણ હોઈ શકે?

એટલે પાંડવોએ પોતાના પ્રિય મિત્ર શ્રી કૃષ્ણને બોલાવવા માટે દ્વારકા તરફ રથ મોકલ્યો. શ્રી કૃષ્ણ તરત જ ઇંદ્રપ્રસ્થ આવ્યા. યુધિષ્ઠિરે તેમને રાજસૂયયજ્ઞ માટે પૂછ્યું.

શ્રી કૃષ્ણે જવાબ આપ્યો: "તમારા જેવા ધાર્મિક અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીર રાજા જ રાજસૂયયજ્ઞ કરવા માટે યોગ્ય છે. પરંતુ મગધ દેશના રાજા જરાસંધને પણ હિંદમાં ચક્રવર્તી રાજા થવાની ઇચ્છા છે; બધા મોટા મોટા રાજાઓએ તેની સાથે મિત્રતા બાંધી છે. શિશુપાળ પણ તેના આશ્રય નીચે છે અને તેનો સેનાપતિ બન્યો છે. તેણે કેટલા રાજાઓને પકડી કેદી તરીકે રાખ્યા છે, તે તો કોઈ જાણતું નથી. તેને માર્યા વગર રાજસૂય યજ્ઞ કેવી રીતે કરી શકશો? વધારે તો શું કહું; હું પોતે જ પણ જરાસંધના ભયથી નાસી ગયો હતો! આવા અત્યાચારી દુષ્ટ રાજાઓનો તો વધ જ કરવો જોઈએ."

જરાસંધનો વધ

આ જરાસંધ કેવી રીતે જન્મ્યો હતો, તેની વીગત બહુ આશ્ચર્યકારક છે. જરાસંધના પિતાનું નામ બૃહદ્રથ હતું. બૃહદ્રથને બે રાણીઓ હતી; પણ બેમાંથી એકે રાણીને કંઈ સંતાન ન હોવાથી રાજાને તથા રાણીઓને ઘણું દુઃખ થતું. છેવટે એક મુનિએ દયા બતાવી બૃહદ્રથને એક કેરી આપીને કહ્યું: "રાજન્, આ કેરી રાણીઓને ખવડાવવાથી તેમને સંતાન થશે!"

બન્ને રાણીઓએ કેરીના બે સરખા ભાગ કર્યા અને એક એક ભાગ ખાઈ ગઈ. કેટલાક સમય પછી બન્ને રાણીઓને એક એક પુત્ર અવતર્યો. આ પુત્રો અદ્ભુત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા; કારણ કે દરેકને એક આંખ, એક કાન, એક પગ, એક હાથ, અડધું માથું હતું—ટૂંકમાં આખા નહિ, પણ અડધા માણસ જેવા હતા! આવા બાળકોને શું કરવું? રાજા અને રાણી ઘણાં દુઃખી થયાં અને દુઃખી મને આ બંને બાળકોને દૂર ફેંકી દીધા.

જરા નામની એક રાક્ષસી તે વખતે ત્યાં થઈને જતી હતી. તેણે રસ્તા ઉપર ફેંકી દીધેલા આ બે બાળકોને જોયા. તેમને બહાર લઈ જવા ઠીક પડશે, એમ વિચારી જરાએ બન્ને બાળકોને ઊંચકી લીધા. જેવા તેણે બન્ને બાળકોને ભેગા કર્યા, કે તરત જ તે જોડાઈ ગયા—બે આંખ, બે કાન, બે હાથ અને બે પગવાળો એક બાળક બની ગયો! આ બાળક એટલા બધા જોરથી ચિચિયારીઓ પાડવા લાગ્યો, કે તેની ચિચિયારીઓથી રાજમહેલમાંથી બધા બહાર દોડી આવ્યા; અને પેલા બાળકને જોતાં જ બધાં સમજી ગયાં, કે બૃહદ્રથ રાજાનો જ આ પુત્ર છે; એટલે તેને રાજા પાસે લઈ ગયા.

જરા નામની રાક્ષસીએ બન્ને ભાગો ભેગા કર્યા હોવાથી બાળકનું નામ 'જરાસંધ' પાડવામાં આવ્યું. આ બાળક જ્યારે મોટો થયો ત્યારે ઘણો ભયંકર નીવડ્યો. કોઈનું કશું તે માનતો નહિ. કેટલા ય બહાદુર પુરુષો અને રાજાઓને તેણે કેદ પકડ્યા અને કેટલાકને મારી નાખ્યા. અસંખ્ય માણસોનો આ રીતે નાશ કર્યો હતો. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરાસંધ એટલો ભયંકર હતો, કે શ્રી કૃષ્ણને મારી નાખવા તેણે પોતાની ગદા ફેંકી હતી. આ ગદા તેણે એટલા બધા જોરથી ફેંકી હતી, કે મગધમાંથી તે મથુરા આવીને પડી!

આવા રાજાને શી રીતે હરાવવો, તેની ચિંતા યુધિષ્ઠિર કરવા લાગ્યા; પણ એવામાં ભીમ બોલી ઊઠ્યો: "જરાસંધથી આપણે જરા પણ ગભરાવાની જરૂર નથી! શ્રી કૃષ્ણની બુદ્ધિ, મારું બળ અને અર્જુનનું પરાક્રમ– આ ત્રણને માટે દુનિયામાં કઈ વસ્તુ અશકય છે?"

અર્જુન પણ ભીમને ઉત્સાહ આપતો બોલ્યો: "મારી પાસે ગાંડીવ જેવું ધનુષ્ય, અક્ષય ભાથો અને વિશ્વકર્માએ બનાવેલો રથ છે. આપણે યુદ્ધ કરી જરાસંધને જરૂર મારી શકીશું. આપણી પાસે આટલું બધું બળ હોવા છતાં જો આપણે યુદ્ધ ન કરી શકતા હોઈએ, તો આપણે રાજ્ય છોડી વનમાં જ રહેવા જવું યોગ્ય છે!"

શ્રી કૃષ્ણે કહ્યું: "જરાસંધ સાથે સૈન્ય લઈ યુદ્ધ કરવું, એ વિચાર તો અશકય જ છે. એટલે ભીમ જો જરાસંધ સાથે દ્વંદ્વયુદ્ધ કરી શકતો હોય, તો કામ કંઈક પાર ઊતરે."

ભીમે જરાસંધ સાથે દ્વંદ્વયુદ્ધ કરવું જ ઠીક છે, એમ આખરે નક્કી થયું. શ્રી કૃષ્ણ, અર્જુન અને ભીમ વિદ્યાર્થી બ્રાહ્મણોનો વેશ લઈ મગધરાજ્ય તરફ જવા લાગ્યા.

અનેક દેશો, અનેક નદી–નાળાં, અનેક જંગલો ને પર્વતો ઓળંગી આખરે તેઓ મગધ રાજ્યમાં પહોંચ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગધદેશની રાજધાની – ગિરિવ્રજનગર–ના પ્રવેશદ્વાર ઉપર જ ત્રણ ભેરીઓ હતી; વૃષ નામના એક રાક્ષસના ચામડામાંથી તે બનાવેલી હતી. આ ભેરીને એકવાર જો વગાડવામાં આવે, તો એક મહિના સુધી તેનો અવાજ સંભળાતો! ત્રણે જણાએ આ ત્રણે ભેરીઓ ભાંગી નાખી. પછી પ્રવેશદ્વારે જે મોટી નોબત હતી, તેને પણ શ્રી કૃષ્ણ, ભીમ અને અર્જુને ભાંગી નાખી. નગરના પ્રવેશના રસ્તા ઉપર આવેલા ચૈતક નામના પર્વતનું શિખર પણ તેમણે ભાંગી નાખ્યું.

આ પ્રમાણે ધીમે ધીમે તેઓ જરાસંધ પાસે પહોંચ્યા. જરાસંધે તેમને બ્રાહ્મણો સમજી ખૂબ આવકાર આપ્યો; પણ ભીમે અને અર્જુને તો જરાસંધને કંઈ જવાબ ન આપ્યો, તેથી જરાસંધના મનમાં શંકા પેદા થઈ.

શ્રી કૃષ્ણ બોલ્યા: "આ બન્ને ભાઈઓએ એવો નિયમ લીધો છે, કે રાત્રિના બે પ્રહર સિવાય બીજે વખતે કંઈ પણ બોલવું નહિ; એટલે આપ તે વખતે તેમની સાથે વાતચીત કરી શકશો."

રાત્રિના બીજા પ્રહર વખતે જ્યારે વાતચીતની શરૂઆત થઈ, ત્યારે જરાસંધે કહ્યું: "આપ વિદ્યાર્થી બ્રાહ્મણોના જેવા લાગો છો તો ખરા; પણ આપના હાવભાવ જોઈને મને તો આપના માટે બીજી જ શંકા આવે છે. મેં આપનો આટલો બધો આદરસત્કાર કર્યો; પણ આપે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને કંઈ જ જવાબ નથી આપ્યો. મને આપની બરાબર ઓળખાણ આપો; અને આપ અહીં શા માટે આવ્યા છો તે કહો."

શ્રી કૃષ્ણે જવાબ આપ્યો: "અમે બ્રાહ્મણો છીએ એમ તો અમે વધારે વાર સુધી કહી શકીએ તેમ નથી. ક્ષત્રિયો અને વૈશ્યો પણ વિદ્યાર્થીઓ બની શકે. શત્રુની પાસેથી બહુ આગતાસ્વાગતા લેવી ઠીક નથી, એમ વિચારી અમે તે વખતે આપને જવાબ આપ્યો ન હતો."

જરાસંધને આથી ઘણું આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું: "હું આપનો શત્રુ કેવી રીતે બન્યો?"

શ્રી કૃષ્ણ બોલ્યા: "જરાસંધ! તું ફક્ત અમારો જ શત્રુ નથી; પણ પૃથ્વી ઉપરના તમામ ક્ષત્રિયોનો શત્રુ છે. હું કૃષ્ણ છું અને આ બન્ને ભાઈઓ ભીમ અને અર્જુન મહારાજ પાંડુના પુત્રો છે અને તેઓ હસ્તિનાપુરના રાજપુત્રો છે. તને તારા બળનું ઘણું અભિમાન છે. તે અભિમાન તોડવા માટે અમે અહીં આવ્યા છીએ. તેં જે જે રાજાઓને પકડી કેદ કર્યા છે, તે બધાને તું છોડી મૂક; નહિ તો અમારી સાથે યુદ્ધ કર."

જરાસંધ આથી ઘણો ગુસ્સે થયો અને મોટેથી બોલી ઊઠ્યો: "રાજાઓને છોડવા કે ન છોડવા એ મારી મરજીની વાત છે; તેમાં તમારે શું પંચાત? ચાલો યુદ્ધ કરો. પહેલાં હું આની સાથે યુદ્ધ કરીશ." એમ કહી તેણે ભીમને બતાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કૃષ્ણને તો એટલું જ જોઈતું હતું. તેઓ બોલી ઊઠયાઃ "ઠીક, ભીમ યુદ્ધ કરવા તૈયાર છે."

પછી ભીમ અને જરાસંધ વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થયું. જરાસંધ અને ભીમ બન્ને જણા મોટા યોદ્ધા હતા. બન્ને જણા હાથોહાથનું યુદ્ધ, મુક્કાબાજીનું યુદ્ધ, ગદાયુદ્ધ, મલ્લયુદ્ધ–કોણ જાણે કેટલી ય જાતનાં યુદ્ધો લડ્યા! આ બધી લડાઈનું વર્ણન તો અહીં આપી શકાય તેમ નથી. ચૌદ દિવસ સુધી લાગલાગટ લડ્યા પછી જરાસંધ ઘણો થાકી ગયો.

જરાસંધનું શરીર બે ભાગનું બનાવેલું છે, એ વાત તો શ્રી કૃષ્ણ જાણતા જ હતા; એટલે જેવો જરાસંધ જમીન ઉપર પડ્યો, કે તરત જ શ્રી કૃષ્ણે ભીમને ઇશારત કરી કે "બે પગ પકડી તેને ચીરી નાખ."

શ્રી કૃષ્ણ તરફથી ઇશારત મળતાં જ ભીમે જરાસંધના બે પગ પકડ્યા અને હવામાં તેને ગોળગોળ ફેરવવા લાગ્યો. સો વાર હવામાં ચક્કર ખવડાવ્યા પછી ભીમે જરાસંધને જમીન સાથે અફાળ્યો. આથી જરાસંધનાં પગ અને પીઠ ભાંગી ગયાં. પછી ભીમે તેના બે પગ પકડી તેના શરીરને બરાબર વચ્ચેથી ચીરી નાખ્યું.

શ્રી કૃષ્ણ, ભીમ અને અર્જુને બધા કેદી રાજાઓને છોડી મૂક્યા. સાક્ષાત્ યમના કોળિયામાંથી પોતાને છુટકારો મળ્યો છે, એ વાત જાણી બધા રાજાઓના આનંદનું તો પૂછવું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું ? મહારાજા યુધિષ્ઠિર રાજસૂયયજ્ઞ કરવાના છે એ વાત જ્યારે છુટકારો પામેલા રાજાઓએ જાણી, ત્યારે તેઓ ઘણા ખુશ થયા અને યુધિષ્ઠિરને દરેક રીતે મદદ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરવા લાગ્યા. જરાસંધના પુત્ર સહદેવે જ્યારે ખૂબ વિનતિઓ કરી અને જ્યારે યુધિષ્ઠિરને મદદ આપવાની પ્રતિજ્ઞા લીધી, ત્યારે જ શ્રીકૃષ્ણે તેને મગધદેશની ગાદી આપી. ભીમ અને અર્જુન સાથે શ્રી કૃષ્ણ ઇંદ્રપ્રસ્થ પાછા ફર્યા. ચારે બાજુએથી પાંડવોને બધા ધન્યવાદ આપવા લાગ્યા.

પાંડવોનો દિગ્વિજય

હવે પાંડવોને માથે ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં આવેલાં બધાં રાજ્યો જીતી લેવાનું કામ બાકી રહ્યું હતું. એટલે ભીમ, અર્જુન, સહદેવ અને નકુળ યુધિષ્ઠિરની રજા લઈ બધા રાજાઓને હરાવવા નીકળી પડ્યા. ભીમ પૂર્વમાં, અર્જુન ઉત્તરમાં, સહદેવ દક્ષિણમાં અને નકુળ પશ્ચિમમાં ગયો.

અર્જુને એક પછી એક કુલિંદ, કાલકૂટ, આનર્ત વગેરે દેશોના રાજાઓને હરાવ્યા અને પ્રાગ્જ્યોતિષપુર નામના શહેર પાસે આવી પહોંચ્યો.

પ્રાગ્જ્યોતિષપુરનો રાજા ભગદત્ત ઘણો બહાદુર હતો. તેની સાથે અર્જુન આઠ દિવસ સુધી ભયંકર યુદ્ધ લડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારપછી ભગદત્તે જાણ્યું, કે અર્જુન તો દેવરાજ ઇંદ્રને ઘણો પ્રિય છે. ભગદત્ત પણ ઇંદ્રનો ભાઈબંધ થતો હતો; એટલે તેણે અર્જુનનો ઘણો આદરસત્કાર કર્યો અને રાજસૂયયજ્ઞમાં મદદ કરવાનું વચન આપ્યું.

ત્યારપછી અર્જુન બીજાં રાજ્યો જીતતો જીતતો ઉત્તર દિશામાં આગળ વધવા લાગ્યો. કોઈ રાજા સાહસ કરી તેની સાથે યુદ્ધ કરતો, તો અર્જુન તેને યુદ્ધમાં હરાવતો. ઘણા તો અર્જુનનું નામ સાંભળીને જ બીકના માર્યા અર્જુન સાથે મૈત્રી બાંધી દેતા! આ પ્રમાણે અર્જુને મોદાપુર, વામદેય, સુદામન, સુનસ્કુલ, ઉલુક, પૌરવ વગેરે દેશના રાજાઓને હરાવ્યા અને કાશ્મીરમાં આવી પહોંચ્યો.

કાશ્મીરને જીતી લઈને અર્જુને ત્રિગર્ત, દારૂ, કોક-નદનાં રાજ્યો ઉપર પોતાની સત્તા જમાવી. ત્યાર પછી તેણે અભિસારી નામના એક ઘણા સુંદર નગર ઉપર પણ પોતાની હકૂમત બેસાડી. અર્જુને મધિક, લોહ, લવણ, કંબોજનાં રાજ્યો પણ જીતી લીધાં. પર્વત ને જંગલમાં પણ જે જે લોકો રહેતા હતા, તેમને પણ અર્જુને વશ કર્યા. નિષ્કુટ અને હિમાચલ પર્વત ઉપર રહેતી બધી જાતિઓ-ને અર્જુને વશ કરી. ત્યાર પછી અર્જુને ગાંધર્વ દેશને પણ જીતી લીધો. ઉત્તરકુરુમાંથી અર્જુને કેટલાક વિચિત્ર ઘોડા, મૃગચર્મ વગેરે આણ્યું. ત્યાર પછી ઉત્તરમાં આવેલા બધાં રાજ્યો જીતી, પુષ્કળ ધન લઈ અર્જુન પોતાની પચરંગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેના સાથે રાજધાની ઇંદ્રપ્રસ્થમાં પાછો ફર્યો.

પૂર્વ દિશામાં ભીમે પાંચાલ, વિદેહ, ગંડક, દશાર્ણ, ચેદિ, કાશી, શર્મક, વર્મક વગેરે દેશો જીતી લીધા. ત્યાર પછી જરાસંધના પુત્રને સાથે લઈને કર્ણના રાજ્ય ઉપર ભીમે હુમલો કર્યો, અને તેને પણ હરાવ્યો. સાગરકુળના મ્લેચ્છોએ ભીમને કેટલાં યે રત્નોની ભેટ આપી! ભીમે પૂર્વ દિશામાં આવેલાં બધાં રાજ્યો જીતી લીધાં અને પોતાની પચરંગી સેના સાથે પોતાના રાજ્યમાં પાછો ફર્યો.

દક્ષિણ દિશામાં સહદેવે મથુરા, મત્સ્ય અને કિષ્કિંધાના વાનરોને હરાવ્યા. વાનરોની સાથે તેણે મિત્રતા બાંધી. ત્યારપછી સહદેવે પાંડ્ય, દ્રવિડ, ઓડ્ર, કેરલ, આંધ્ર, કચ્છ વગેરે રાજ્યો જીત્યાં. દરિયાની પેલી પાર આવેલા લંકાના રાજા વિભીષણે પણ સહદેવને કેટલાં યે રત્નોની ભેટ ધરી! સહદેવ દક્ષિણ દિશામાં આવેલાં સઘળાં રાજ્યો જીતી પોતાની સેના સાથે ઇંદ્રપ્રસ્થ પાછો ફર્યો.

પશ્ચિમ દિશામાં નકુળે શિબિ, ત્રિગર્ત, માલવ, પુષ્કર, કિરાત, યવન, શક વગેરે દેશના રાજાઓને હરાવ્યા. છેવટે એક હજાર હાથીની પીઠ ઉપર પૈસાટકાનો ભાર લાદી પોતાના દેશમાં તે પાછો ફર્યો.

ચારે ભાઈઓ એટલું બધું ધન લાવ્યા, કે રાજ્યની તિજોરીમાં બધું ધન સમાઈ શક્યું નહિ. આખા હિંદમાં પાંડવોનાં જ ગુણગાન ગવાવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજસૂયયજ્ઞ અને શિશુપાલનો વધ

આ બાજુ રાજસૂયયજ્ઞની તૈયારીઓ થવા લાગી. શ્રી કૃષ્ણ પોતે આવીને યજ્ઞની બધી વ્યવસ્થા કરવા લાગ્યા. દેશ-વિદેશના બ્રાહ્મણોને, પંડિતોને, રાજા-મહારાજાઓને આમંત્રણો મોકલવામાં આવ્યાં. ઘણા સારા સારા માણસો ઇંદ્રપ્રસ્થમાં આવવા લાગ્યા. ઇંદ્રપ્રસ્થની શું ભવ્યતા! શું સુંદર તેની ખવડાવવા-પિવડાવવાની વ્યવસ્થા!

હિમાલય જેટલા ઊંચા મોટા મોટા મહેલોમાં રાજાઓ માટે રહેવા-કરવાની વ્યવસ્થા કરવામાં આવી. દરેક મહેલ ઉપર પાંડવોની વિજયધ્વજા ફરકવા લાગી. ફૂલની માળાઓ-થી અને ફૂલથી એક વાર તો બધા મહેલો ઢંકાઈ ગયા. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ, વિદુર, દુર્યોધન, દુઃશાસન—બધાંને નકુળ, હસ્તિનાપુર જઈ ઇંદ્રપ્રસ્થ લઈ આવ્યો.

એક પછી એક એમ બધા રાજાઓ આવી પહોંચ્યા. દરેકને કંઈ ને કંઈ કામ સોંપવામાં આવ્યું. દુઃશાસને ખાવાની વસ્તુઓની વ્યવસ્થા રાખવાનું કામ માથે લીધું. અશ્વત્થામા ઉપર બ્રાહ્મણોની આગતાસ્વાગતા કરવાનો ભાર નાખી દીધો. સંજયે આમંત્રિત રાજાઓની સરભરા કરવાનું પોતાના માથે લીધું. ભીષ્મ અને દ્રોણ, ક્યાં આગળ શું કરવું, તેની સલાહ આપવા લાગ્યા. કૃપાચાર્યને પૈસાટકા સાચવવાનું અને બ્રાહ્મણોને દક્ષિણા આપવાનું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોંપવામાં આવ્યું. દેશવિદેશના રાજાઓ, યુધિષ્ઠિર માટે જે કંઈ ભેટ સોગાદ લાવે, તે લેવાનું કામ દુર્યોધને પોતાના માથે લીધું; અને શ્રી કૃષ્ણે પોતે બ્રાહ્મણોના પગ ધોવાનું કામ માથે લીધું.

ભારે ધામધૂમ વચ્ચે રાજસૂયયજ્ઞ શરૂ થયો. જે રાજાઓ ત્યાં આવ્યા હતા, તેમને દરેકને પોતપોતાના મોભા પ્રમાણે અર્ઘ્ય આપવામાં આવ્યા. જે રાજા બધા રાજાઓ કરતાં શ્રેષ્ઠ હોય તેને રાજસૂયયજ્ઞમાં શ્રેષ્ઠ અર્ઘ્ય આપવાનો રિવાજ હોય છે; એટલે શ્રેષ્ઠ અર્ઘ્ય કોને આપવો, એ માટે યુધિષ્ઠિરે ભીષ્મને પૂછ્યું. ભીષ્મે જવાબ આપ્યો : "શ્રી કૃષ્ણ જ સૌથી શ્રેષ્ઠ રાજા છે; માટે શ્રેષ્ઠ અર્ઘ્ય તો તેમને જ આપવો જોઈએ." સહદેવે શ્રી કૃષ્ણને શ્રેષ્ઠ અર્ઘ્ય આપ્યો. આ જોઈને ઘણા રાજાઓ ઈર્ષાથી બળી જવા લાગ્યા. રાજા શિશુપાલ તો એ સભામાં જ યુધિષ્ઠિર, ભીષ્મ અને શ્રી કૃષ્ણને ગાળો ભાંડવા લાગ્યો.

બીજા અનેક રાજાઓએ પણ શિશુપાળનો પક્ષ લીધો. યુધિષ્ઠિર અને ભીષ્મ બધાને શાંત પાડવા લાગ્યા, પણ રાજાઓનો વિચાર તો કોઈ પણ હિસાબે યજ્ઞમાં ભંગાણ પડાવવાનો હતો. આ બધી બીના જોઈ સહદેવ અને નારદ ઋષિ ઘણા ગુસ્સે ભરાયા અને બોલી ઊઠ્યા : "જે પાપી શ્રી કૃષ્ણનું સન્માન સહન ન કરી શકતો હોય, તેને યોગ્ય શિક્ષા જરૂર મળવી જોઈએ".

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિશુપાલ મોટું સાહસ કરી કૃષ્ણને દ્વંદ્વયુદ્ધ માટે બોલાવવા લાગ્યો. એક પ્રસંગે શ્રી કૃષ્ણે શિશુપાલની માતાને શિશુપાલના સો ગુના માફ કરવાનું વચન આપ્યું હતું; આ જ કારણથી શિશુપાળ અહીં શ્રી કૃષ્ણનું વારંવાર અપમાન કરતો હોવા છતાં શ્રી કૃષ્ણ તેને માફ કરતા હતા.

પરંતુ શિશુપાલના સો ગુનાઓ તો ક્યારના ય પૂરા થઈ ગયા હતા. દુષ્ટ શિશુપાલની યજ્ઞ ભાંગવા માટેની યુક્તિ અને તેની ગાળોનો વરસાદ હવે શ્રી કૃષ્ણથી સહન થઈ શક્યાં નહિ. તેમણે મનમાં સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં વાર જ ચક્ર શ્રી કૃષ્ણના હાથમાં આવી પડ્યું. શ્રી કૃષ્ણે તરત જ શિશુપાલ તરફ તે ફેંક્યું અને તેનું માથું ધડથી જુદું કર્યું.

પછી નિર્વિઘ્ને યજ્ઞ પૂરો થતાં બધા રાજાઓ રાજી થતા થતા પોતપોતાને ઘેર જવા લાગ્યા. પાંડવોએ બધાને ભાવભીની વિદાય આપી. શ્રી કૃષ્ણ પણ બધા પાસેથી વિદાય લઈ પોતાના રાજ્યમાં ગયા.

દુર્યોધન અને તેનો મામો શકુનિ પાંડવોનું સુંદર સભાગૃહ જોઈ મનમાં અદેખાઈથી બળવા લાગ્યા. મય રાક્ષસે બનાવેલું તે સભાગૃહ બહુ વિચિત્ર હતું. સ્ફટિક જોઈ દુર્યોધનના મનમાં એમ લાગ્યું, કે અહીં પાણી છે; એટલે તે કપડાં ઊંચાં લઈ ચાલતો; પણ પછી પાણી નથી એમ જણાતાં શરમનો માર્યો પોતાનાં કપડાં નીચે નાખી દેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર એવી જ ભૂલ કરી તે પાણીમાં પડી ગયો; અને બે ચાર ડૂબકીઓ પણ ખાઈ લીધી. દુર્યોધનની આવી દશા જોઈ પાંડવોના નોકરોનું તો હસી હસીને પેટ દુઃખ્યું.

સભાગૃહની દીવાલો પણ સ્ફટિકની જ બનાવેલી હતી. પારદર્શક દીવાલોને દરવાજો સમજી દુર્યોધન બહાર જવા લાગ્યો; પણ ત્યાં જતાંની સાથે તેને દીવાલનો ધક્કો લાગ્યો! એક બાજુ પાંડવોના રાજસૂયયજ્ઞની બધી ધામધૂમ અને બીજી બાજુ પોતાનું વારંવાર થતું અપમાન—આ બધાથી દુર્યોધન મનમાં ઘણો ગુસ્સે થયો.

મામા શકુનિ દુર્યોધનને શાંત પાડવા લાગ્યા; પણ દુર્યોધનના મનમાં વળી શાંતિ કેવી?! પાંડવોના આટલા બધા પૈસા-ટકા અને તેમને મળતું આટલું બધું માનપાન જોઈ દુર્યોધનની આંખો તો ફાટી જવા લાગી.

દુર્યોધન શકુનિને કહેવા લાગ્યો: "મામા, જે દુર્યોધને શત્રુઓને મારી નાખવા આટલી આટલી યુક્તિઓ કરી હતી, તે દુર્યોધનની આજે આ દશા? મામા, પાંડવોને હેરાન કરવાનો કોઈ પણ ઉપાય બતાવો."

દ્યૂત માટે યુધિષ્ઠિરને આમંત્રણ

શકુનિએ જવાબ આપ્યો: "પાંડવો પોતાના ગુણથી જ આટલા મોટા થઈ શકયા છે. તેમને શ્રી કૃષ્ણ જેવા મિત્ર અને મહારાજ દ્રુપદ જેવા મદદગાર મળ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારામાં વળી પાંચે ભાઈઓ ઘણા બહાદુર છે. આખી પૃથ્વી ઉપર તેમના જેવું કોઈ બહાદુર નથી, એટલે બળથી તો તેમને હરાવી શકાય તેમ છે જ નહિ; તેમ છતાં એક સરસ ઉપાય છે."

દુર્યોધને ઘણો ઘણો આગ્રહ કરી પૂછ્યું, કે "શું ઉપાય છે, મામા?"

શકુનિ બોલ્યો: "તું જાણે છે, કે યુધિષ્ઠિરને સોગઠાંબાજી રમવાનો ઘણો શોખ છે; પણ તેને તે સારી રીતે રમતાં આવડતું નથી. જો તે એક જ વાર મારી સાથે સોગઠાંબાજી રમે, તો તેની પાસેથી રાજપાટ, ધનદોલત બધું લૂંટી લઉં! તું તેને સોગઠાંબાજી રમવા બોલાવ. તેનાથી ના તો પાડી શકાય તેમ નથી; પણ આ વાત તારા પિતાને જણાવવી જોઈશે; કારણ કે તેમની સંમતિ વગર આપણાથી કશું થઈ શકે એમ નથી."

દુર્યોધનની પોતાની તો ધૃતરાષ્ટ્ર પાસે જવાની હિંમત ચાલતી ન હતી; એટલે લાગ જોઈને શકુનિએ જ ધૃતરાષ્ટ્રને આ વાત કહી. ધૃતરાષ્ટ્ર આવું પાપી કર્મ કરવા રાજી ન હતા. તેમણે સલાહ લેવા માટે વિદુરજીને બોલાવ્યા. વિદુરે પણ આવું કાર્ય ન કરવાનું જણાવ્યું; પણ દુર્યોધન તો હઠ લઈને બેઠો, કે "જો તમે મને રજા નહિ આપો, તો હું આપઘાત કરીશ". પુત્રની આવી જીદ્દને લીધે બીજો કોઈ માર્ગ ખુલ્લો ન રહેવાથી ધૃતરાષ્ટ્રે પોતાની મરજી નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવા છતાં રજા આપી.

ધૃતરાષ્ટ્રે વિદુરજીને યુધિષ્ઠિરને આમંત્રણ આપવા માટે મોકલ્યા. વિદુર ઇંદ્રપ્રસ્થ જઈ યુધિષ્ઠિરને સોગઠાંબાજી રમવાનું આમંત્રણ આપી આવ્યા.

શકુનિ સોગઠાં રમવામાં ઘણો હોશિયાર હતો; એટલે તેની સાથે તો બાજી રમવાની યુધિષ્ઠિરની ઇચ્છા ન હતી; પણ સભા વચ્ચે બાજી રમવી જ પડશે, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી એમ યુધિષ્ઠિરને લાગ્યું; એટલે યુધિષ્ઠિર પોતાના ચાર ભાઈઓ, કુંતીદેવી અને દ્રૌપદીને લઈને હસ્તિનાપુર આવ્યા. તે દિવસે તો તે બધાને મળ્યા અને રાત નિરાંતે પસાર કરી.

બીજે દિવસે રમતની શરૂઆત થઈ. શરૂઆતમાં જ એવી શરત કરવામાં આવી, કે બન્ને પક્ષોએ એક વસ્તુ હોડમાં મૂકવી; જે માણસ જીતે, તે માણસ તે વસ્તુ લઈ લે. યુધિષ્ઠિરે કહ્યું: "રમવા માટે મારી નામરજી તો નથી, પણ રમતમાં કોઈ પણ જાતનું છળકપટ ચાલી શકશે નહિ."

શકુનિએ કહ્યું : "બાજીમાં તો જેની પાસે બુદ્ધિ હશે, તે જ જીતશે; એટલે તમને જો છળકપટની ગંધ આવતી હોય, તો તો રમતા જ નહિ; કારણ કે મનમાં શંકા રહેવાથી સારી રીતે રમી શકાતું નથી."

દુર્યોધને કહ્યું : "શરતની વસ્તુ હું આપીશ, પણ મામા શકુનિ જ મારા પ્રતિનિધિ તરીકે રમશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રમતોમાં પ્રતિનિધિ નીમવો ઠીક નથી; તેમ છતાં યુધિષ્ઠિરે કંઈ વાંધો ન લીધો અને રમત શરૂ થઈ. રમત શરૂ થતાં ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, વિદુર–બધા દુઃખી મનથી સભામાં આવી બેઠા અને રમત જોવા લાગ્યા. યુધિષ્ઠિરે પહેલાં પોતાના ગળાનો હાર હોડમાં મૂક્યો. શકુનિ 'હું જીત્યો' એમ કહી હાર લઈ ગયો.

ફરીથી રમતની શરૂઆત થઈ. આ વખતે યુધિષ્ઠિર એક લાખ આઠ હજાર સોનાના ઘડા અને પોતાના રાજ-ભંડારમાં આવેલા બધા ધનને હોડમાં મૂકી રમત રમવા બેઠા. આ વખતે પણ શકુનિ બાજી જીતી ગયો.

યુધિષ્ઠિર ધીમે ધીમે પોતાના હજાર રાજરથ, હજાર હજાર દાસદાસીઓ, હાથી, ઘોડા–બધું બાજીમાં હારવા લાગ્યા. જેમ જેમ તેઓ હારતા ગયા, તેમ તેમ બાજીમાં તેમને વધુ ચડસ થવા લાગ્યો.

આ વખતે વિદુરે ધૃતરાષ્ટ્રને સર્વનાશથી ભરેલી આ રમત બંધ કરવાનું કહ્યું, પણ મરતી વખતે પણ રોગી માણસને દવા પીવી ગમે છે! વિદુરજીની આ શિખામણ કોઈના કાન ઉપર પડી નહિ. દુર્યોધન તો તેમની વાત સાંભળી તેમના ઉપર ગુસ્સે ભરાયો!

રમત આગળ વધવા લાગી. યુધિષ્ઠિરે ધીમે ધીમે પોતાનું રાજપાટ, પૈસાટકા, ગોધન–બધું રમતમાં ખોયું. શકુનિ 'હું જીત્યો' એમ કહી બધું લઈ લેતો. બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હારી જવા છતાં રમતમાંથી યુધિષ્ઠિરનો ચડસ ઓછો થયો નહિ. ધીમે ધીમે તેમણે નકુળ, સહદેવ, અર્જુન, ભીમ–બધાને હોડમાં મૂક્યા અને બાજી હારી ગયા.

છેવટે યુધિષ્ઠિરે પોતાની જાતને હોડમાં મૂકી અને તે બાજી પણ હારી ગયા. હવે તેમની પાસે હોડમાં મૂકવા જેવી કઈ વસ્તુ રહી હતી?

શકુનિએ કહ્યું: "કેમ, તમારી દ્રૌપદી છે ને? તેને હોડમાં મૂકીને રમો."

સભામાં બેઠેલા બધા માણસો આ સાંભળી "અરે, અરે!" એમ કહેવા લાગ્યા; પણ યુધિષ્ઠિર પાસે હજુ બુદ્ધિ બાકી રહી હતી? ના, ના; સોગઠાંબાજીમાં તેમણે પોતાની બુદ્ધિ પણ ગુમાવી હતી; એટલે જ તેમણે લક્ષ્મી જેવી દ્રૌપદીને હોડમાં મૂકી રમવાનું શરૂ કર્યું. શકુનિએ "આ બાજી પણ હું જીત્યો" એમ કહી દ્રૌપદીને જીતી લીધી.

ભીષ્મ, દ્રોણ, વિદુર વગેરે આથી ઘણા દુઃખી થયા; પણ ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રોની સફળતાથી ઘણા ખુશ થયા. દુર્યોધન, દુઃશાસન વગેરેના આનંદનું તો પૂછવું જ શું?

પછી દુર્યોધને દ્રૌપદીને સભામાં લઈ આવવા વિદુરને કહ્યું; પણ વિદુરજી બોલ્યા: "આવું મહાપાપી કાર્ય કોઈ સારો માણસ તો કરી શકશે નહિ. ખરેખર, કુરુકુળના નાશનો સમય પાસે આવ્યો છે; એટલે જ તમારા બધાની બુદ્ધિ આવી થઈ ગઈ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્યોધન વિદુરજીને "ફટ્ બીકણ!" એમ કહેવા લાગ્યો. તેણે પોતાના નાનાભાઈ દુઃશાસનને દ્રોપદીને સભામાં તેડી લાવવા માટે મોકલ્યો.

દુઃશાસન ઘણા આનંદથી દ્રૌપદી પાસે ગયો; અને તેને કહેવા લાગ્યો: "અરે એ, અમે તને જીતી લીધી છે, ચાલ અમારી સાથે રાજસભામાં!"

દ્રૌપદીએ તો પહેલેથી જ પાંડવોના અવળા નસીબની વાત સાંભળી હતી.

દુઃશાસનના હાવભાવ જોઈ દ્રૌપદી નાસીને ગાંધારી દેવીનો આશ્રય લેવા દોડી; પણ દુઃશાસન તો એવો પાપી હતો, કે તેણે દ્રૌપદીના વાળ પકડ્યા અને તેને રાજસભા તરફ ખેંચવા લાગ્યો.

દ્રૌપદી કેટલી ય ચિચિયારીઓ પાડવા લાગી, કેટલી યે આજીજી–વિનતિઓ કરવા લાગી; પણ દુઃશાસન તેને છોડે ખરો? તે દ્રૌપદીને કહેવા લાગ્યો: "તું હવે અમારી દાસી છે. અમે જેમ કહીએ, તે પ્રમાણે તારે કરવાનું છે." આમ કહી દુઃશાસને બે હાથથી તેના વાળ પકડી તેને રાજસભામાં ઊભી કરી.

દ્રૌપદી શરમ અને ક્રોધથી ફક્ત "હા કૃષ્ણ! હા અર્જુન!" એમ બોલવા લાગી.

સભામાં બધા ચૂપ થઈ પોતાનાં મોઢાં નીચાં કરી બેઠા હતા. દ્રૌપદી તેમને કહેવા લાગી: "મારા પતિ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને આજે ગુમાવી બેઠા છે એટલે ચૂપ બેઠા છે! પણ કુરુકુળમાં કોઈ એવો નથી, જે સાચી વાત કહી શકે, જે એક અબળાને આ દુષ્ટ પાખંડીઓના હાથમાંથી બચાવી શકે?"

દ્રૌપદીની આવી દશા જોઈ પાંડવોની છાતી દુઃખથી ફાટી જવા લાગી. દુઃશાસન દ્રૌપદીને 'દાસી, દાસી' એમ કહી આનંદ પામવા લાગ્યો. શકુનિ અને દુર્યોધનના આનંદનો પાર ન રહ્યો.

ભીષ્મ દ્રૌપદીને કહેવા લાગ્યા: "યુધિષ્ઠિર ધર્મરાજ છે. તેઓ હારી ગયા છે. તને હોડમાં કેવી રીતે મૂકી છે, તે અમારાથી સમજાતું નથી; અને તારું આ અપમાન જોઇને તે પણ શાંત બેસી રહ્યા છે, એટલે હવે અમે શું કરી શકીએ?"

દ્રૌપદી રડતી રડતી બોલી: "આ દુષ્ટોએ કપટ કરી રમતમાં તેમની પાસેથી બધું છીનવી લીધું છે; પણ મને તો કોઈ બચાવો!"

દ્રૌપદીવસ્ત્રાહરણ અને શ્રી કૃષ્ણની સહાય

દુઃશાસન દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચવા લાગ્યો. ભીમથી હવે વધારે સહન થઈ શક્યું નહિ. યુધિષ્ઠિર ઉપર ગુસ્સે થઈ તે કહેવા લાગ્યો: "તમારા વાંકથી જ દ્રૌપદીની આજે આ દશા થઈ છે. ઘરની લક્ષ્મીને હોડમાં મૂકી સોગઠાં કેવી રીતે રમી શકાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમનો ગુસ્સો જોઈ અર્જુન તેને કહેવા લાગ્યો: "મોટાભાઈ, મોટાભાઈ યુધિષ્ઠિર ઉપર શા માટે ગુસ્સે થાઓ છો? તેઓ તો ક્ષત્રિયધર્મ પ્રમાણે જ સોગઠાંબાજી રમ્યા છે. વડીલો ઉપર ગુસ્સો કરી ધર્મ ચૂકશો નહિ."

ધૃતરાષ્ટ્રના એક પુત્રનું નામ વિકર્ણ હતું. વિકર્ણ સાચાબોલો હતો. તેણે કહ્યું: "આ સભામાં બધા શાંત શા માટે બેસી રહ્યા છે, તે મને સમજાતું નથી! પણ હું એક વાત પૂછવા માગું છું. યુધિષ્ઠિરે જ્યારે પોતાની જાતને જ ગુમાવી છે, ત્યારે તેમણે કયા હક્કથી દ્રૌપદીને હોડમાં મૂકી? આમ કોઈ દિવસ થઈ શકે નહિ."

વિકર્ણની આ ન્યાયની વાત સાંભળી બધા તેને ધન્યવાદ આપવા લાગ્યા.

એવામાં કર્ણ બોલી ઊઠ્યો: "આ સભામાં આટલા આટલા બુદ્ધિશાળી અને વીર પુરુષો બેઠા છે, તેઓ તો કંઈ બોલતા નથી; પણ આ એક બાળક વિકર્ણ આપણને ધર્મ સમજાવવા આવ્યો છે? દુર્યોધને દ્રૌપદીને ધર્મ પ્રમાણે જ જીતી છે, એટલે તે કૌરવોની સંપત્તિ છે."

દુઃશાસન દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચતો હતો. દ્રૌપદી આકુળ થઈ "હે કૃષ્ણ, મારી લાજ હવે તમારા હાથમાં છે" એમ કહી શ્રી કૃષ્ણને પોકારવા લાગી.

ભગવાન હમેશાં ધર્મની રક્ષા કરે છે; અને થયું પણ તેમ જ. દુઃશાસન જેમ જેમ દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દ્રૌપદી વસ્ત્રાહરણ [પૃ. ૧૧૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો, તેમ તેમ લાલ, પીળા, ભૂરા, લીલા એમ દરેક રંગનાં વસ્ત્રો બહાર આવવા લાગ્યાં. દ્રૌપદીના શરીર ઉપર તો પહેલાં જે વસ્ત્રો હતાં, તેનાં તે જ રહ્યાં.

સભા વચ્ચે વસ્ત્રોનો એક મોટો ઢગલો થઈ ગયો; પણ દ્રૌપદીનાં વસ્ત્રો ખૂટ્યાં નહિ!

દુઃશાસન વસ્ત્રો ખેંચતો ખેંચતો થાકી ગયો. શ્રી કૃષ્ણે દ્રૌપદીની લાજ રાખી!

યુધિષ્ઠિર, અર્જુન, સહદેવ અને નકુળ શરમના માર્યા છાનામાના બેસી રહ્યા હતા અને મોઢેથી કશું બોલતા ન હતા; પણ ભીમથી આવું અપમાન સહન થઈ શક્યું નહિ. ક્રોધથી મોટી ત્રાડ પાડી તે બોલી ઊઠ્યો: "આ સભામાં બેઠેલા બધા ક્ષત્રિયો, સાંભળો! હું આજે તમારી બધાની સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું, કે યુદ્ધમાં આ દુષ્ટ દુઃશાસનની છાતી ચીરી હું તેનું લોહી પીશ; જો હું આમ ન કરી શકું, તો હું નરકમાં પડીશ." ભીમની આ ત્રાડથી આખી સભા ધ્રૂજી ઉઠી.

દુઃશાસન દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચી શક્યો નહિ; એટલે શરમનો માર્યો મોં નીચું રાખી તે બેસી ગયો. પાંડવોની આવી દશા જોઈ દુર્યોધન તેમને પોતાના સાથળ બતાવવા લાગ્યો.

ભીમથી એ સહન થયું નહિ. ફરીથી તે મોટી ત્રાડ પાડી બોલી ઊઠ્યો: "શું કરું? ફક્ત મોટા ભાઈની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞાથી જ મને વાંધો આવે છે, નહિ તો આ સભામાં જ આ દુષ્ટોના પ્રાણ લઈ લઉં. ફરીથી પ્રતિજ્ઞા લઈને હું કહું છું, કે દુષ્ટ દુર્યોધન આજે આનંદથી પોતાની જે સાથળ બતાવી રહ્યો છે, તે જ સાથળ હું મારી ગદાથી ભાંગીશ. જો હું આમ ન કરી શકું, તો મારો સ્વર્ગમાં વાસ નહિ થાય!"

હવે વિદુર બોલ્યા: "તમે બધાએ ભીમની પ્રતિજ્ઞા સાંભળી છે. ભીમ જે પ્રમાણે કહે છે, તે પ્રમાણે જરૂર કરી બતાવે છે. હું મારાં દિવ્ય ચક્ષુથી જોઈ શકું છું, કે આ બધી હકીકતથી કુરુકુળ માટે વિનાશનો રસ્તો ખુલ્લો થઈ ગયો છે."

ધૃતરાષ્ટ્રથી હવે વધારે વાર શાંત બેસી શકાયું નહિ. તે ઘણા ગુસ્સે થઈ દુર્યોધનને કહેવા લાગ્યા: "દુર્યોધન! તારી જ અવળી બુદ્ધિને લીધે બધું નાશ પામ્યું છે; નહિ તો પાંડવોના ઘરની લક્ષ્મીને સભામાં લાવી તેને આવું કહેવાનું સાહસ કોઈ ન કરે. અરે, અરે!"

પાંડવોનો વનવાસ

દુર્યોધનનો તિરસ્કાર કરી ધૃતરાષ્ટ્ર દ્રૌપદીને કહેવા લાગ્યા: "બેટા, તું તો અમારા કુળની મોટી વહુ છે. બોલ, બેટા, તારે શું જોઈએ છે?"

દ્રૌપદીએ કહ્યું: "જો આપ ખરેખર મારા ઉપર ખુશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હો, તો દયા કરી યુધિષ્ઠિરને છોડી મૂકો. કોઈ તેમને 'દાસ' કહી બોલાવે નહિ અને મારા પુત્રો 'દાસપુત્રો' તરીકે ઓળખાય નહિ. મને આ વરદાન આપો."

ધૃતરાષ્ટ્ર બોલ્યા: "તેમ જ થશે, બેટા! તારે બીજું શું જોઈએ છે?"

દ્રૌપદીએ જવાબ આપ્યો: "દયા કરીને અસ્ત્રશસ્ત્ર સહિત ભીમ, અર્જુન, નકુળ અને સહદેવને છોડી મૂકો. હું આથી ખુશ થઈશ."

ધૃતરાષ્ટ્રે કહ્યું: "ઠીક, બેટા, તેમ થશે. હવે તારે બીજું કાંઈ જોઈએ છે? તું બીજું પણ વરદાન માગ."

દ્રૌપદી પાંડવોને પાછી મળી. તેમની ગુલામી દૂર થઈ એટલે દ્રૌપદીને બીજું કશું માગવાનું રહ્યું નહિ. બધા પાંડવો ધૃતરાષ્ટ્રને પ્રણામ કરી ઇંદ્રપ્રસ્થ ચાલ્યા ગયા.

હાથમાં આવેલો શત્રુ આ પ્રમાણે છટકી ગયો! દુર્યોધનથી આવું સહન થઈ શકે? તે તો પાંડવો ઉપર આક્ષેપો કરવા લાગ્યો. દુર્યોધન કર્ણ અને શકુનિ સાથે મંત્રણા ચલાવવા લાગ્યો, કે 'હવે પાંડવોને કઈ રીતે હેરાન કરવા?' ખૂબ વિચાર કર્યા પછી એમ નક્કી થયું, કે 'પાંડવોને ફરીથી સોગડાં રમવા બોલાવવા. આ વખતે જે હારે તે બાર વર્ષ સુધી જંગલમાં અને એક વર્ષ સુધી છુપાઇને રહે.'

આ પ્રમાણે યુક્તિ કરી દુર્યોધન, કર્ણ અને શકુનિએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીથી ઘણી મુશ્કેલીએ ધૃતરાષ્ટ્ર પાસેથી રજા લીધી. તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું : "આ વખતે તો સારી રીતે રમીશું! આ વખતે જે હારશે, તે બાર વર્ષ સુધી જંગલમાં રહેશે અને એક વર્ષ છુપાઈને રહેશે."

પુત્રોની માયાથી મુગ્ધ બની ધૃતરાષ્ટ્રે ફરીથી એવા પાપી કામમાં પોતાની રજા આપી. સારા સારા માણસો તો તેમને આમ ન કરવાનું કહેવા લાગ્યા. દેવી ગાંધારીએ પણ ધૃતરાષ્ટ્રને એવું પાપી કૃત્ય કરતા રોક્યા. તેમણે એમ પણ કહ્યું, કે "આમ કરશો, તો કુરુકુળનો વિનાશ થશે." પણ વિનાશ તો થવાનો જ હતો; તેને કોણ મિથ્યા કરી શકે?

મહારાજ ધૃતરાષ્ટના આમંત્રણથી પાંડવો ફરીથી સોગઠાં-બાજી રમવા આવ્યા. આ વખતે એમ નક્કી થયું, કે 'જે હારે તે બાર વર્ષ સુધી જંગલમાં રહે અને એક વરસ અજ્ઞાતવાસમાં* રહે. અજ્ઞાતવાસ દરમિયાન જો છતા થઈ જવાય, તો ફરીથી બાર વર્ષ સુધી વનવાસ સેવવો; ત્યાર પછી તેને પોતાનું રાજ્ય પાછું મળે.'

રમત શરૂ થઈ. પહેલી બાજીએ જ શકુનિ જીત્યો.

પાંડવો હારી જવાથી જંગલમાં જવાની તૈયારી કરવા લાગ્યા. તેમને હારી ગયેલા જોઈ કૌરવો તેમની મશ્કરી કરવા લાગ્યા.

* છુપાઈ રહેવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમ બોલ્યો: "કરો, આજે તમારાથી જેટલી થઈ શકતી હોય તેટલી મશ્કરી કરો. તેર વર્ષ પછી આ મશ્કરીનો અર્થ બરાબર સમજાશે. દુર્યોધન, કર્ણ, દુઃશાસન, શકુનિ! તૈયાર રહેજો! સમય આવ્યે અમે તમને બધાને પૂરા કરીશું."

અર્જુન બોલ્યો: "હું આ દંભી કર્ણને યમપુરી પહોંચાડવાનો ભાર મારે માથે લઉં છું."

સહદેવ ઘણો ગુસ્સે થઈ શકુનિને કહેવા લાગ્યો: "દુષ્ટ! તું જ આ બધા અનર્થનું મૂળ છે. રમતાં તો બહુ સારું આવડે છે! તેર વર્ષ પછી તું રમજે! હું પ્રતિજ્ઞા લઉં છું; કે યુદ્ધમાં હું તને મારીશ."

ધૃતરાષ્ટ્રના બાકીના છોકરાઓ, કે જેમણે દ્રૌપદીનું અપમાન કર્યું હતું, તેમને મારી નાખવાની પ્રતિજ્ઞા નકુળે લીધી.

દુષ્ટ દુઃશાસને દ્રૌપદીના માથાની વેણી ચૂંથી નાખી હતી, તેથી દ્રૌપદીએ પ્રતિજ્ઞા લીધી, કે "જ્યારે આ દુષ્ટને યોગ્ય શિક્ષા મળશે, ત્યારે જ હું મારા માથાની વેણી બાંધીશ; ત્યાં સુધી હું છૂટા વાળ રાખીશ."

આ પ્રમાણે કુરુકુળના નાશનું સૂચન તે જ વખતે થયું. સ્વર્ગમાંના દેવો કુરુક્ષેત્રમાં લડાનારા કૌરવ–પાંડવના ભયંકર યુદ્ધની છાયા જોઈ થરથરી ઊઠ્યા!

પાંડવો વનમાં જવા તૈયાર થયા. વિદુર યુધિષ્ઠિરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવા લાગ્યા: "કુંતીદેવી હવે ઘરડાં થયાં છે; તેમનાથી વનવાસનાં દુઃખો સહન થઈ શકશે નહિ, એટલે તે તો મારી પાસે જ રહેશે." આખરે તેમ નક્કી થયું. કુંતીદેવી વિદુર પાસે રહ્યાં. પાંડવો દ્રૌપદીને અને પુરોહિત ધૌમ્યને સાથે લઈ વન તરફ વિદાય થયા.

રાજ્યની પ્રજામાં પાંડવોની દુર્દશા જોઈ હાહાકાર મચી ગયો. પ્રજા દુષ્ટ દુર્યોધનને ગાળો ભાંડવા લાગી. આકાશમાં દેવવાણી થઈ: "એક દિવસે તો ધર્મનો જ જય થશે!"

પાંડવોના ગયા પછી એક દિવસ દેવર્ષિ નારદ ધૃતરાષ્ટ્રની પાસે આવીને કહેવા લાગ્યા: "મહારાજ, તમારા પુત્રોના દોષથી જ આજથી ચૌદ વર્ષ પછી તમારો વંશ નિર્મૂળ જશે." આમ કહી નારદ સ્વર્ગમાં ચાલ્યા ગયા.

વૃદ્ધ ધૃતરાષ્ટ્ર આ ભયંકર અમંગળ વાત ઉપર વિચાર કરતાં કરતાં થરથરી ઊઠ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પાંડવોએ બાર વરસ વનમાં કેવી રીતે વિતાવ્યાં તે સઘળી વાત આ પર્વમાં છે તેથી તે વનપર્વ કહેવાય છે.]

૩ : વનપર્વ

વનમાં પાંડવોને સૂર્યની સહાય

પાંચ પાંડવો અને છઠ્ઠી દ્રૌપદી—બધાં જંગલમાં જવા લાગ્યાં. પાંડવોના હાથમાં અસ્ત્રશસ્ત્ર હતાં; અને બધાંએ વનવાસી તપસ્વીઓનાં કપડાં પહેર્યાં હતાં. તેમની સાથે ઇંદ્રસેન વગેરે ચૌદ નોકરો પોતપોતાની સ્ત્રીઓને સાથે લઈ આવવા લાગ્યા.

એ સિવાય રાજ્યના ઘણા સારા સારા માણસો પણ રાજ્ય છોડી વનવાસી થવાની ઇચ્છાથી પાંડવોની સાથે આવવા લાગ્યા. યુધિષ્ઠિરે ઘણાને સમજાવી—પટાવી પાછા મોકલ્યા, પણ બ્રાહ્મણોએ તો કોઈ રીતે તેમનો સાથ છોડ્યો નહિ. તેઓ કહેવા લાગ્યા: "આવા દુષ્ટ પાખંડીઓના રાજ્યમાં અમે જરા વાર પણ રહી શકીશું નહિ. જેમનામાં સારા—નરસાની બુદ્ધિ નથી, ન્યાય—અન્યાયનો વિચાર નથી અને પાંડવો જેવા ધાર્મિક અને વીર પુરુષોને પણ કપટ કરી જેમણે વનમાં મોકલ્યા છે, તેમના રાજ્યમાં અમે કોઈ રીતે રહી શકીએ તેમ નથી."

બ્રાહ્મણો પોતાની સાથે રહે, એ પાંડવોને મન ઘણા આનંદની વાત હતી; પણ આ આનંદમાં જ પાંડવોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં એક ચિંતા પેઠી. આજે તો તેઓ રાજપાટ ગુમાવી વનવાસી બન્યા હતા. તેમને પોતાને તો ખાવાનાં ઠેકાણાં ન હતાં. એવી દશામાં આટલા બધા બ્રાહ્મણોને ક્યાંથી ખાવાનું લાવી આપવું? પોતાને તો જે કંઈ ખાવાનું મળે તેનાથી ચલાવી લેવાય; અરે, ખાવાનું ન મળે તો કેટલાક દિવસ સુધી ભૂખ્યા પણ રહી શકાય, પણ બ્રાહ્મણોને તો કેવી રીતે ભૂખ્યા રાખી શકાય?

બ્રાહ્મણો પાંડવોના મનનો ભાવ કળી ગયા. તેઓ કહેવા લાગ્યા: "અમારે માટે તમારે જરા પણ ચિંતા કરવાની જરૂર નથી. અમે તો વનનાં ફળમૂળ ખાઈશું અથવા ભિક્ષા માગીને જીવન ટકાવી રાખીશું. અમે તો એ રીતે જીવવા ટેવાયલા છીએ; એટલે અમે તમને કોઈ રીતે ત્યજવાના નથી."

પાંડવો બ્રાહ્મણોને સાથે લઈ ધીમે ધીમે ઉત્તર દિશા તરફ આગળ વધવા લાગ્યા. એક રાતે ગંગાના કિનારે એક વડના ઝાડ નીચે ફક્ત પાણી પીને જ તેઓ સૂઈ ગયા. આજે તેમને કશું ખાવાનું મળ્યું નહોતું. યુધિષ્ઠિર મનમાં ઘણા દુ:ખી થયા. પોતાના પુરોહિત ધૌમ્યને પૂછ્યું: "અમને તો ખાવાનું ન મળે તો ચાલે (કારણ કે અમે તે સહન કરી શકીએ), પણ આ બ્રાહ્મણોને અમારે લીધે શા માટે ભૂખ્યા રહેવું પડે? જ્યાં સુધી અમે જીવીએ છીએ, ત્યાં સુધી તો આમ થઈ શકે તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનો શો ઉપાય કરવો તે આપ કહો."

ધૌમ્યે કેટલીક વાર સુધી વિચાર કરી જવાબ આપ્યો: "મહારાજ, સૂર્યદેવ જ આ પૃથ્વીનું પાલન કરે છે. તેમના પ્રભાવથી જ આપણે ખાવાનું અન્ન મેળવી શકીએ છીએ; એટલે આપ સૂર્યદેવની ઉપાસના કરો."

યુધિષ્ઠિર સૂર્યદેવની ઉપાસના કરવા લાગ્યા. સૂર્યદેવ તેમની ઉપાસનાથી સંતોષ પામ્યા. યુધિષ્ઠિરની પાસે આવીને તેઓ કહેવા લાગ્યા: "તારી ઇચ્છા પૂરી થશે. હું બાર વર્ષ સુધી તમારે માટે ખાવા–પીવાની વ્યવસ્થા કરું છું. મારી આ થાળી લે. દરરોજ દ્રૌપદીના ખાધા સુધી આ થાળીમાંથી ખાવાનું ખૂટી જશે નહિ. દ્રૌપદીના ખાઈ રહ્યા પછી તો તે દિવસ માટે ખાવાનું નહિ રહે; એટલે આ થાળીની મદદથી તમે ઇચ્છો એટલા માણસોની ભૂખ સંતોષી શકશો."

સાક્ષાત્ સૂર્યદેવ તરફથી જ પાંડવોને આવી થાળી મળી, એટલે હવે ચિંતાની શી જરૂર ? દ્રૌપદી કોઈ સામાન્ય રાંધેલું અન્ન તે થાળીમાં મૂકતી. ધીમે ધીમે ખાવાનું વધતું જતું. તેમાંથી ગમે તેટલા માણસોને ખવડાવવામાં આવે, તો પણ ખાવાનું ખૂટતું નહિ. દ્રૌપદી જ્યાં સુધી ખાય નહિ, ત્યાં સુધી તો કંઈ વાંધો ન હતો; પણ દ્રૌપદીના ખાઈ રહ્યા પછી થાળીમાં અન્નનો એક દાણો પણ રહેતો નહિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ્યક વનમાં ભીમને હાથે કિર્મીરનો વધ

પાંડવો અનેક દેશ, અનેક નદીનાળાં ઓળંગી છેવટે કામ્યક વનમાં આવી પહોંચ્યા.

આ બાજુ દુર્યોધન, શકુનિ, કર્ણ વગેરે આળસુ બની બેસી રહ્યા ન હતા. તેમના મનમાં તો એક જ વિચાર ઘૂમતો હતો, કે પાંડવો અત્યારે જંગલમાં અસહાય દશામાં છે, માટે તેમને મારી નાખવા માટે આ સમય જ યોગ્ય છે. કૌરવો હાથમાં હથિયારો લઈ રથમાં બેસી પાંડવોને મારી નાખવા માટે નીકળ્યા; પણ આ વખતે શ્રી કૃષ્ણે મહારાજ ધૃતરાષ્ટ્રને કહી તેમને રોક્યા.

મૈત્રેય નામના એક ઋષિએ કૌરવોને ઘણા સમજાવ્યા; પણ દુર્યોધન તો તે વખતે અભિમાનથી આંધળો બની ગયો હતો. તેણે મૈત્રેય ઋષિની વાત ગણકારી નહિ; એટલે મૈત્રેય દુર્યોધનને શાપ આપતાં બોલ્યા: "દુર્યોધન, તારું મૃત્યુ હવે બહુ દૂર નથી. ભીમના હાથે જ તારું મૃત્યુ થવાનું છે!"

ઋષિનો શાપ કોઈ દિવસ મિથ્યા જતો નથી. મહારાજ ધૃતરાષ્ટ્રે ઘણા પ્રયત્ને ઋષિને શાંત કર્યા અને શાપમાંથી કેવી રીતે છૂટી શકાય તે વિષે પૂછ્યું.

મૈત્રેયે જવાબ આપ્યો: "આમાંથી છૂટવાનો એક જ ઉપાય છે, કે તમારા આ દુષ્ટ પુત્રો પાંડવો સાથે સંધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી તેમને અર્ધું રાજ્ય પાછું આપે; તો જ બધા બચી શકે—નહિ તો કુરુકુળનો વિનાશ ચોક્કસ છે."

હવે કામ્યક વનમાં પાંડવો કેવી રીતે રહેતા હતા તે જોઈએ.

રાક્ષસોના ભયને લીધે કામ્યક વનમાં કોઈ રહેતું ન હતું. ઋષિ-મુનિઓ બધા તે જંગલ છોડી દૂર નાસી ગયા હતા. એક દિવસ હિડંબ રાક્ષસનો ભાઈ કિર્મીર ત્યાં આવ્યો. પાંડવોને જોઈ તેમને ખાઈ જવાનો વિચાર તે કરવા લાગ્યો. કિર્મીર પોતાના ભાઈ હિડંબના શોકથી ગાંડા જેવો થઈ ગયો હતો.

કિર્મીરે મોટી ત્રાડ પાડી. ભીમસેને તે જોઈને શાલ નામના ઝાડનું મોટું થડ લઈને કિર્મીર તરફ ફેંક્યું. ત્યાર પછી બન્ને વચ્ચે ભયંકર લડાઈ જામી. આખરે ભીમે રાક્ષસને તેના પગ વચ્ચે પકડ્યો; અને તે તેને હવામાં ચક્કર ચક્કર ફેરવવા લાગ્યો. થોડી વાર સુધી આમ ફેરવીને ભીમે તેને જમીન સાથે અફાળ્યો. કિર્મીર તરત જ મૃત્યુ પામ્યો. ભીમનું બળ જોઈ બધા તેને ધન્યવાદ આપવા લાગ્યા.

વનમાં પાંડવોને ઘણા લોકો મળવા આવતા. બધા જ દુષ્ટ દુર્યોધનની નિંદા કરતા. ઘણા ઋષિ-મુનિઓ પણ પાંડવોને મળવા વનમાં આવતા.

પાંડવો એક જગ્યાએ બહુ દિવસ સુધી રહેતા નહિ. એક જ જગ્યાએ લાંબો વખત રહે, તો ફળફળાદિ ખૂટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય ને શિકાર મળે નહિ; એટલે થોડા દિવસ એક વનમાં, તો વળી થોડા દિવસ બીજા વનમાં એમ પાંડવો વન-વનમાં ભટકવા લાગ્યા.

એક દિવસ મહર્ષિ માર્કંડેય પાંડવોને મળવા આવ્યા; તેઓ કહેવા લાગ્યા: "શ્રી રામચંદ્રની માફક તમે પણ સત્યની રક્ષા માટે જ વનવાસી બન્યા છો; સમય પૂરો થયે તમને ફરીથી રાજ્ય મળશે, જગતમાં તમારું નામ અમર થશે."

વનમાં પાંચ પાંડવો અને દ્રૌપદી ઘણી વાર પોતપોતાનાં સુખ–દુઃખની વાત કરતાં; મોટે ભાગે તો તેઓ પોતાનું રાજ્ય કેવી રીતે પાછું મળશે? આટલા બધા બળવાન દુશ્મનને કેવી રીતે હરાવી શકાશે? તેની જ વાતો કરતાં. પાંડવો તો સુખદુઃખ સહન કરતા, સંન્યાસીના વેશમાં પણ રહેતા; પરંતુ દ્રૌપદીથી આવી દશામાં રહી શકાતું નહિ. તે ઘણી વાર પાંડવોને કહેતી: "તમે શું કરવા ક્ષમા બતાવો છો? દુષ્ટોને યોગ્ય શિક્ષા કરવી, એ તો ક્ષત્રિયોનો ધર્મ છે."

યુધિષ્ઠિર દ્રૌપદીનો ક્રોધ જોઈ તેને શાંત થવાનું કહેતા, પણ ભીમ તો દ્રૌપદીની વાતમાં પોતાનો સાથ પુરાવતો. રાજ્ય ગુમાવી વનવાસી બનીને શાંત બેસી રહેવાનું ભીમને ગમતું નહિ. આ પ્રમાણે જુદી જુદી વાતો કરીને સૌ પોતાના દિવસો પસાર કરતાં. સૌ પોતપોતાના મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના બળ અને પરાક્રમની બડાઈઓ હાંકતા; પણ યુધિષ્ઠિરને તો ભીષ્મ, કૃપ, દ્રોણ, કર્ણ વગેરેની ઘણી બીક લાગતી.

યુધિષ્ઠિરના મનનો ભાવ જાણીને એક દિવસ શ્રી વ્યાસ વનમાં આવ્યા. તેમણે યુધિષ્ઠિરને 'પ્રતિસ્મૃતિ' નામની એક વિદ્યા શિખવાડી, અને અર્જુનને આ વિદ્યા શિખવાડવાનું જણાવ્યું. જો અર્જુન આ વિદ્યા શીખે, તો તેની મદદથી તે શિવ, ઇંદ્ર, યમ, વરુણ, કુબેર વગેરે દેવોને ખુશ કરી તેમની પાસેથી ઘણાં અસ્ત્રો મેળવી શકવા સમર્થ થાય એમ હતું. યુધિષ્ઠિરે શ્રી વ્યાસ પાસેથી 'પ્રતિસ્મૃતિ' વિદ્યા શીખી અર્જુનને શિખવાડી. 'પ્રતિસ્મૃતિ' વિદ્યા શીખી અર્જુન હાથમાં અસ્ત્રશસ્ત્ર લઈ દેવોની તપસ્યા કરવા માટે બહાર નીકળી પડ્યો.

અર્જુનની તપસ્યા

કેટલાંય વન, કેટલાય પહાડ–પર્વત ઓળંગી અર્જુન હિમાલય પર્વત ઉપર આવી પહોંચ્યો. ત્યાંથી તે ઇંદ્રકીલ નામના પર્વત ઉપર ગયો. આ પર્વત ઉપર રહીને તે તપસ્યા કરવા લાગ્યો.

તેની તપસ્યાથી ખુશ થઈ ઇંદ્રે અર્જુનને કહ્યું: "વત્સ અર્જુન! તું મહાદેવની તપસ્યા કર. તેમને ખુશ કરીને જ તું બધું મેળવી શકીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુને હવે ઉપવાસી રહીને મહાદેવની તપસ્યા કરવા માંડી. તેની તપસ્યાથી ખુશ થઈ મહાદેવજી પાર્વતીની સાથે એક હાથમાં અસ્ત્ર લઈ ભીલ બનીને ત્યાં આવ્યા. પાર્વતી ભીલડી બન્યાં હતાં. મહાદેવજી અને પાર્વતી પ્રથમ અર્જુનની પરીક્ષા કરવા માગતાં હતાં.

આ વખતે એવું બન્યું, કે સૂક નામનો એક રાક્ષસ ભયંકર રીંછનો વેશ ધારણ કરી અર્જુનને મારી નાખવા ત્યાં આવ્યો. અર્જુને ધનુષ્ય ઉપર બાણ ચઢાવી રીંછ તરફ તાક્યું. ભીલના વેશમાં આવેલા મહાદેવજીએ પણ રીંછ તરફ પોતાનું બાણ તાક્યું.

બન્નેનાં બાણ છૂટ્યાં. બન્નેનાં બાણ રીંછના શરીર ઉપર એકી સાથે વાગ્યાં. રીંછના વેશમાં આવેલો સૂક રાક્ષસ તો તરત જ મરી ગયો; પણ રીંછને કોણે માર્યું એ વિષે ભીલ અને અર્જુન વચ્ચે તકરાર થઈ.

અર્જુન કહે: "મારા બાણથી રીંછ મરાયું"; અને ભીલ કહે: "મારા બાણથી!"

બન્ને વચ્ચે ઘણા વખત સુધી તકરાર ચાલી. છેવટે કંટાળીને અર્જુને ભીલ તરફ એક તીર તાક્યું; પણ શું આશ્ચર્ય! જે ધનુષ્ય–બાણની મદદથી અર્જુને ખાંડવ વનને બાળ્યું હતું, તે જ ધનુષ્યથી છોડેલાં તીરની ભીલ ઉપર તો કંઈ પણ અસર થતી ન હતી! તે તો તીરને ફૂલની માફક ઝીલી લેતો! ભીલ હસીને કહેવા લાગ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માર, માર, હજુ પણ માર! તારી પાસે જેટલાં અસ્ત્રો છે, તે બધાંથી મને માર!!"

અર્જુન વિચાર કરવા લાગ્યો: "આ ભીલ કોણ હશે? કોઈ દેવ તો નહિ હોય? અર્જુન પાસે 'અક્ષય' નામનો ભાથો હતો, તે તો તમે જાણો છો. આ ભાથો એવો હતો, કે તેમાંથી કોઈ પણ દિવસ બાણ ખૂટે નહિ; તેમ છતાં આ વખતે તે ભાથામાંથી તીર ખૂટી ગયાં; તેથી અર્જુને હવે ધનુષ્યથી ભીલને મારવા માંડ્યો. ભીલે તો હસતાં હસતાં અર્જુનના હાથમાંથી ધનુષ્ય લઈ લીધું. અર્જુન ખડ્ગ લઈ ભીલના માથામાં મારવા લાગ્યો, પણ ખડ્ગના તો ચૂરેચૂરા થઈ ગયા! અર્જુન હવે હાથમાં ઝાડનું થડ લઈ ભીલને મારવા લાગ્યો, પણ ભીલને મન તેનો તો કંઈ હિસાબ જ ન હતો! તે તો પહેલાંની માફક જ હસતો હસતો ઊભો હતો! ત્યાર પછી બન્ને વચ્ચે હાથોહાથની લડાઈ જામી. ભીલ-વેશમાં આવેલા મહાદેવ સાથે અર્જુન કેટલી વાર સુધી ટકી શકે? અર્જુન તરત જ બેભાન થઈ જમીન ઉપર ઢળી પડ્યો.

થોડી વારે અર્જુનને જ્યારે ભાન આવ્યું, ત્યારે તેણે માટીનું મહાદેવનું એક લિંગ બનાવ્યું અને તેની પૂજા કરવા લાગ્યો. પૂજા કરતાં કરતાં અર્જુને ફૂલની એક માળા મહાદેવજીના લિંગ ઉપર ચઢાવી, પણ તે માળા લિંગ ઉપર ન પડતાં ભીલના ગળામાં જઈને પડી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુનને હવે સમજાયું, કે આ ભીલ બીજું કોઈ નથી, પણ ખુદ મહાદેવ જ છે. અર્જુન મહાદેવના ચરણમાં લોટી પડ્યો.

અર્જુનને દિવ્ય અસ્ત્રોની પ્રાપ્તિ

મહાદેવજી રાજી થઈ બોલ્યા: "અર્જુન! તું પણ મારા જેવો જ બહાદુર છે. હું તને 'પાશુપત' નામનું એક અસ્ત્ર આપું છું. ખુદ ઇંદ્ર, યમ અને વરુણ પણ આ અસ્ત્ર ધારણ કરી શકતા નથી. આ અસ્ત્રથી તારા શત્રુઓ નિર્મૂળ થશે."

મહાદેવે અર્જુનના માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યો. અર્જુનને લાગ્યું, કે હવે પોતે પહેલાંનો અર્જુન રહ્યો નથી, પણ નવો અર્જુન જ બની ગયો છે! તેનું બળ, વીર્ય, જ્ઞાન વગેરે પહેલાં કરતાં સોગણાં વધી ગયાં. અર્જુને આજે દેવાધિદેવ મહાદેવનાં પોતાની સગી આંખે દર્શન કર્યાં; તેમની પાસેથી દેવોને પણ મળવું મુશ્કેલ એવું અસ્ત્ર મેળવ્યું. અર્જુનથી વધારે ભાગ્યશાળી હવે કોણ હોઈ શકે?

મહાદેવે અર્જુનને તે અસ્ત્ર કેવી રીતે છોડવું અને તેને કેવી રીતે સાચવી રાખવું, તેની વિદ્યા શિખવાડી; અને પછી પોતે અંતર્ધાન થયા. મહાદેવના ગયા પછી એક પછી એક એમ ઇંદ્ર, યમ, કુબેર વગેરે દેવો અર્જુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે આવ્યા અને તે સર્વેએ તેને જુદા જુદા પ્રકારનાં અસ્ત્રો આપ્યાં. આ બધાં અસ્ત્રો ઘણાં ભયંકર હતાં; અને આ અસ્ત્રોથી માણસની વાત તો જવા દો, પણ યક્ષ, રાક્ષસ, અરે! દેવોને પણ પળ વારમાં હરાવી શકવાને અર્જુન સમર્થ બન્યો.

ઇંદ્રે અર્જુનને આશીર્વાદ આપતાં કહ્યું: "અર્જુન! તું આજે દેવ જેવો બન્યો છે. તારે મારી સાથે સ્વર્ગમાં આવવું પડશે. ત્યાં હું તને બીજાં દિવ્ય અસ્ત્રો આપીશ."

અર્જુન કબૂલ થયો અને ઇંદ્ર સાથે સ્વર્ગમાં ગયો. સ્વર્ગમાં દેવોએ અને અપ્સરાઓએ તેનું સ્વાગત કર્યું. ઘણા દિવસો સુધી તે સ્વર્ગમાં રહ્યો અને પછી બધાંની રજા લઈ પૃથ્વી ઉપર પાછો ફર્યો.

અર્જુન જ્યારે સ્વર્ગમાં હતો, ત્યારે અપ્સરાઓમાં સૌથી વધુ રૂપાળી ઉર્વશી અર્જુનનું રૂપ જોઈ તેના ઉપર મુગ્ધ બની; અને તેણે તેની સાથે લગ્ન કરવાની પોતાની ઇચ્છા બતાવી. ઉર્વશી પૌરવવંશની જનની છે એ અર્જુન જાણતો હતો; તેથી તે હમેશાં ઉર્વશીને પોતાની મા સમાન ગણતો. આથી ઉર્વશીએ ગુસ્સે થઈ અર્જુનને શાપ આપ્યો, કે "તેં મારો અનાદર કર્યો છે; માટે તારે એક વર્ષ છોકરીની માફક રહેવું પડશે."

દેવરાજ ઇંદ્રે જ્યારે આ વાત જાણી, ત્યારે તે ઘણા ખુશ થયા; તેઓ અર્જુનને કહેવા લાગ્યા: "આ શાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારે માટે તો વરદાન જેવો થઈ પડશે. આ શાપની મદદથી તું અજ્ઞાતવાસ દરમિયાન છૂપા વેષે સારી રીતે રહી શકીશ."

અર્જુન આમ જ્યારે સ્વર્ગમાં ઇંદ્રનો મહેમાન બની મોજ ઉડાવતો હતો, ત્યારે આ બાજુ કામ્યક વનમાં પાંડવો અર્જુનના લાંબા સમયથીં કંઈ પણ સમાચાર ન મેળવવાથી ખૂબ ચિંતા કરતા હતા. અર્જુન પાંડવોમાં સૌથી વધુ બળવાન હતો; અને તેના ઉપર જ પાંડવોનો આધાર હતો એમ કહીએ તો પણ ચાલે. તપસ્યા કરવા માટે અર્જુન જ્યારે બધાંની રજા લઈને ગયો ત્યારે બધાના મનમાં એમ હતું, કે અર્જુન દેવો પાસેથી જુદાં જુદાં અસ્ત્રો મેળવીને પાછો ફરશે ત્યારે કેટલો બધો આનંદ થશે ? પણ આજે તો બધાંને એમ જ લાગતું, કે અર્જુનને ન જવા દીધો હોત તો ઠીક થાત !

અર્જુન વિષે પાંડવો આમ ચિંતા કરતા હતા, એવામાં એક દિવસ નારદ ઋષિ તેમને મળવા માટે આવ્યા. નારદે તેમની ચિંતા ઓછી કરવા માટે તેમને જુદાં જુદાં તીર્થસ્થાનો જોવાનું સૂચન કર્યું. પાંડવોને પણ અર્જુન વિના કામ્યક વનમાં રહેવું ઠીક લાગતું નહિ, એટલે તેમણે તીર્થ-સ્થાનો જોવાનું નક્કી કર્યું. આ વખતે લોમશ મુનિ સ્વર્ગમાં અર્જુનને મળી પૃથ્વી ઉપર પાછા ફરતા હતા. તેમણે પાંડવોને આ વાતની ખબર આપી. અર્જુનના કુશળ સમાચાર જાણી પાંડવોની ચિંતા દૂર થઈ અને તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોમશમુનિની સાથે તીર્થભ્રમણ કરવા નીકળી પડ્યા.

તેમણે કેટલાં દેશ, વન, ઉપવન અને તીર્થસ્થાનો જોયાં અને વટાવ્યાં, તેની સંખ્યાનો તો છેડો જ નથી. પ્રભાસ તીર્થમાં પાંડવો શ્રી કૃષ્ણ, બલરામ વગેરે સગાંઓને મળ્યા.

પાંડવો શ્રી કૃષ્ણ સાથે દ્વારકા ગયા. દ્વારકામાં થોડો વખત રોકાઈ તેમણે કૈલાસ તરફ પ્રયાણ આદર્યું. ધીમે ધીમે ચાલતાં ચાલતાં તેઓ ગંધમાદન નામના પર્વત ઉપર આવી પહોંચ્યા. ગંધમાદન પર્વત ઉપર ચારે બાજુએ બરફ જ જામેલો પડ્યો હતો. આવી ઠંડીમાં માણસ તો ઠરી જ જાય ને ? અને પાણીનું તો નામ નિશાન નહિ— ચારે બાજુએ બરફ જ બરફ ! આવે રસ્તે ચાલતાં બધાં ખૂબ થાકી ગયાં. આગળ એકે પગલું પણ ઊપડે નહિ. હવે શું થાય ? ભીમે પોતાના પુત્ર ઘટોત્કચને યાદ કર્યો. ઘટોત્કચ પોતાના સાથીદારો અને બીજા રાક્ષસોને લઈને હાજર થયો.

ભીમને તે પૂછવા લાગ્યો : "પિતાજી, શું કામ પડ્યું ? અને શા માટે બોલાવ્યો છે ?"

ભીમે જવાબ આપ્યો : "બેટા, તારી સાવકી મા દ્રૌપદી ખૂબ થાકી ગઈ છે. આવા રસ્તા ઉપર તેનાથી બિલકુલ ચલાતું નથી. તું તેને ઊંચકીને ચાલ."

ઘટોત્કચે તરત જ દ્રૌપદીને પોતાના ખભા ઉપર બેસાડી દીધી; બીજા રાક્ષસોએ પાંચે પાંડવોને પોતપોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખભા ઉપર બેસાડી દીધા અને સૌ આગળ ચાલવા લાગ્યા. આ પ્રમાણે થોડા દિવસમાં જ પાંડવો વરદા નામના તીર્થમાં આવી પહોંચ્યા. અહીં ઘણા ઋષિ–મુનિઓ રહેતા હતા; અને સ્થળ પણ ઘણું સુંદર હતું. અર્જુન આ સ્થાનેથી જ સ્વર્ગમાં ગયો હતો અને આ સ્થાને જ પાછો ફરવાનો હતો; એટલે અર્જુનને મળવા પાંડવોએ આ સ્થાને જ રહેવાનું નક્કી કર્યું.

ભીમને હનુમાનનો ભેટો

એક દિવસ દ્રૌપદી એક સુંદર સરોવરના કિનારે બેઠી હતી. એવામાં હજાર પાંખડીઓવાળું અનેક સુંદર રંગવાળું એક કમળનું ફૂલ તેની સામે તરતું તરતું આવ્યું. આવું સુંદર ફૂલ મેળવીને તેના જેવું જ બીજું ફૂલ મેળવવાની દ્રૌપદીને ઇચ્છા થઈ. તેણે ભીમને કહ્યું: "જુઓ, જુઓ, કેવું સુંદર ફૂલ છે? તમે આવું બીજું ફૂલ મને ન લાવી આપો?"

કમળનું ફૂલ ઉત્તર દિશામાંથી તરતું તરતું આવ્યું હતું; એટલે તેના જેવું બીજું ફૂલ મેળવવા માટે ઉત્તર દિશા તરફ જવાનું ભીમે નક્કી કર્યું.

ઘણે દૂર ગયા પછી ભીમે એક સુંદર સરોવર જોયું. સરોવરની ચારે બાજુએ એક બગીચો હતો. બગીચામાં સુંદર વૃક્ષો રોપેલાં હતાં; અને સરોવરમાં કોણ જાણે કેટલાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગનાં કમળો હતાં! અને શું સુંદર સરોવરનું પાણી!! ભીમસેન આવું સુંદર સરોવર જોઈ ખૂબ રાજી થયો. પહેલાં તો તેણે સરોવરમાંથી પાણી પીધું અને પછી કમળની શોધ કરવા નીકળી પડ્યો.

સરોવરની ચારે બાજુ સુંદર વૃક્ષોનું જે વન હતું, તેમાં હનુમાન રહેતા હતા. વનમાં નાનો એવો એક રસ્તો હતો. હનુમાન આ રસ્તા ઉપર લાંબા થઈને સૂતા હતા. રસ્તાને આમ બંધ થયેલો જોઈ ભીમે હનુમાનને બાજુ ઉપર ખસી જવા જણાવ્યું.

હનુમાને ભીમની પરીક્ષા કરવાનો વિચાર કર્યો. તેમણે ભીમને કહ્યું: "બાપુ! હું તો ઘણો ઘરડો થયો છું, ચાલવાની મારામાં શક્તિ નથી. મારું પૂછડું પકડી મને જરા બાજુ ઉપર ખસેડીશ, તો મારા ઉપર મોટો ઉપકાર થશે!"

"આ તો કોઈ સામાન્ય વાંદરો છે; તેને ખસેડવામાં મને શું જોર પડવાનું હતું?" એમ વિચાર કરીને ભીમે હનુમાનને ખસેડવા કેટલા ય પ્રયત્નો કર્યા; પણ હનુમાન એક તસુ પણ ખસે તો ને?

ભીમને હવે લાગ્યું, કે આ કોઈ સામાન્ય વાંદરો નથી. તે હાથ જોડીને બોલ્યો: "મારો અપરાધ માફ કરો. આપને ન ઓળખી શકવાથી મેં આપનું અપમાન કર્યું છે. આપ કોણ છો તે કૃપા કરી કહો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હનુમાને જવાબ આપ્યો: "હું શ્રી રામચંદ્રજીનો દાસ પવનસુત હનુમાન છું."

ભીમને પણ બધા પવનપુત્ર કહીને બોલાવતા; એટલે એ રીતે હનુમાન ભીમના મોટા ભાઈ થાય. ભીમે હનુમાનને પ્રણામ કર્યા. ત્યારપછી બન્ને વચ્ચે કેટલીય વાતચીત થઈ.

ભીમે હનુમાનને કહ્યું: "મોટાભાઈ! સીતામાતાની શોધ કરવા સમુદ્ર ઓળંગી આપ લંકા ગયા તે વખતે આપનું જે સ્વરૂપ હતું, તે સ્વરૂપ જોવાની મને ઘણી ઇચ્છા છે. દયા કરી મને એ રૂપ એક વાર બતાવો."

હનુમાને જવાબ આપ્યો: "ભાઈ, તે જોઈ તું કંઈ પણ સાર કાઢીશ નહિ. ઊલટો તું ભયનો માર્યો બેભાન થઈ જઈશ."

પણ ભીમ તો એકનો બે ન થયો. છેવટે નિરુપાયે હનુમાને તે સ્વરૂપ ભીમને બતાવવા માટે પોતાનું શરીર વધારવાનું શરૂ કર્યું. પર્વતથી યે ઊંચું હનુમાનનું માથું આકાશને અડકવા લાગ્યું. શું ભયંકર તેમનું સ્વરૂપ! ભીમે તો ભયથી પોતાની આંખો જ બંધ કરી દીધી.

હનુમાને કહ્યું: "આનાથી વધારે જોવામાં કંઈ ફાયદો નથી". એમ કહી તેમણે પોતાનું શરીર નાનું કરવા માંડયું અને પોતાના પહેલાંના સ્વરૂપમાં આવી ગયા.

હનુમાને ઘણા ખુશ થઈ ભીમને કહ્યું: "ભાઈ, તું કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુશ્કેલીમાં આવી પડે, ત્યારે મને યાદ કરજે. હું તરત જ તને મદદ કરવા આવી પહોંચીશ. કૌરવો સાથે જ્યારે યુદ્ધ થાય, ત્યારે યુદ્ધક્ષેત્રમાં નીચો નમી તું સિંહનાદ કરજે; હું પણ તારા સૂરમાં મારો સૂર પુરાવીશ. આપણા સિંહ-નાદથી યોદ્ધાઓ બધા બેભાન બની જશે! અને તું જે કમળનું ફૂલ શોધવા નીકળ્યો છે, તે તો તને કુબેરના સરોવરમાંથી મળી શકશે."

હનુમાને ભીમને કુબેરના સરોવર તરફ જવાનો માર્ગ બતાવ્યો. ભીમસેન ધીમે ધીમે ચાલતો ચાલતો કૈલાસ પર્વત ઉપર આવેલા કુબેરના સરોવર પાસે આવી પહોંચ્યો. આ સરોવરમાં કુબેર રોજ જળક્રીડા કરવા આવતો. હજાર હજાર રાક્ષસો હાથમાં જુદાં જુદાં હથિયાર લઈ સરોવર ઉપર પહેરો ભરતા.

પણ ભીમ તો કોઈને કંઈ કહ્યા વગર સરોવર પાસે નીચો વળી કમળ ભેગાં કરવા લાગ્યો. રાક્ષસ–પહેરેગીરો હથિયાર લઈ ભીમને મારવા માટે દોડ્યા. ભીમ પાસે તો એક જ હથિયાર હતું અને તે તેની ગદા. ગદાના એક જ પ્રહારથી ભીમે કેટલાય રાક્ષસોને જમીન ઉપર સુવાડી દીધા. હવે ભીમની સામે જોવાની પણ કોઈની હિંમત રહી નહિ. બધા રડતા રડતા કુબેર પાસે ગયા અને તેને બધી બીના જણાવી.

કુબેર તે સાંભળી બોલ્યો: "મને ખબર છે, કે ભીમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેન દ્રૌપદીને માટે કમળ લેવા આવ્યો છે. તેને જેટલાં જોઈએ, તેટલાં કમળ લાવી આપો."

ભીમે આમ અનેક કમળો દ્રૌપદીને ભેટ આપ્યાં.

અર્જુનને અલૌકિક અસ્ત્રોની પ્રાપ્તિ

અર્જુન અમરાવતીમાં ઇંદ્ર પાસે પાંચ વર્ષ સુધી રહ્યો. તે સમય દરમિયાન તેણે ઘણાં અસ્ત્રો ઇંદ્ર પાસેથી મેળવ્યાં. જ્યારે તે પૃથ્વી ઉપર પાછો ફર્યો, ત્યારે ચારે ભાઈઓ અને દ્રૌપદી તેને જોઈ ઘણાં રાજી થયાં. અર્જુને પોતાના ભાઈઓને પોતે સ્વર્ગમાંથી જે અસ્ત્ર-શસ્ત્રો મેળવ્યાં હતાં, તે બતાવ્યાં; અને પોતાને મળેલા સોનાના બધા અલંકારો તેણે દ્રૌપદીને ભેટ આપ્યા. દેવરાજ ઇંદ્ર જાતે પાંડવોને મળવા આવ્યા. પાંડવોના પ્રભાવથી વન સ્વર્ગ સમાન બની ગયું. જે અસ્ત્રની મદદથી અર્જુને હિરણ્યકશિપુના ત્રીસ હજાર પુત્રોને માર્યા હતા, તે અસ્ત્ર પણ તેણે પોતાના ભાઈઓને બતાવ્યાં. શું ભયંકર તે અસ્ત્રો!

વરદા તીર્થમાંથી કામ્યક વનમાં પાછા ફરતાં પાંડવો રસ્તામાં સુબાહુ નામના એક ભીલ રાજાના રાજ્યમાં કેટલાક દિવસ રોકાયા. એક દિવસ ભીમ પર્વત ઉપર શિકાર માટે ફરતો હતો, ત્યારે એક મોટો સાપ તેના શરીરની આજુબાજુ વીંટળાઈ ગયો. જેમ જેમ સાપથી છૂટવા માટે ભીમ પ્રયત્ન કરતો ગયો, તેમ તેમ સાપ વધારે ને વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોરથી ભીમને પોતાની ચૂડમાં ભેરવવા લાગ્યો. સાપની ચૂડથી ભીમ દુર્બળ બની ગયો.

એ સાપ માણસની બોલીમાં ભીમને કહેવા લાગ્યો: "એક વાર હું તારા કુળમાં જન્મ્યો હતો. મારું નામ રાજા નહુષ હતું. અગસ્ત્યમુનિના શાપથી હું સાપ બની ગયો છું. આજે મને ભૂખ લાગી છે; એટલે તને ખાધા વગર રહેવાનો નથી."

ભીમ ઘણા દુઃખમાં આવી પડ્યો. સાપના કોળિયામાંથી છૂટવાનો બીજો કોઈ ઇલાજ ન હતો! એટલામાં યુધિષ્ઠિર ત્યાં આવી પહોંચ્યા. તેમણે ભીમને છોડવા માટે સાપને ઘણી વિનતિ કરી.

સાપે કહ્યું: "જો તું મારા કેટલાક પ્રશ્નોના જવાબ આપી શકીશ, તો હું ભીમને છોડીને ચાલ્યો જઈશ."

યુધિષ્ઠિરે તેમ કરવાનું કબૂલ કર્યું. સાપ તેમને અઘરા અઘરા સવાલો પૂછવા લાગ્યો; અને યુધિષ્ઠિરે પણ તેને એવા જ જવાબો આપવા માંડ્યા. યુધિષ્ઠિરના જવાબોથી સંતોષ પામીને સાપ ભીમને છોડી ચાલ્યો ગયો.

હવે પાંડવો કામ્યક વનમાં પાછા આવી ગયા. ત્યાં અનેક ઋષિ-મુનિઓ અને બ્રાહ્મણો તેમને મળવા આવ્યા. શ્રી કૃષ્ણ અને તેમનાં પત્ની સત્યભામા પણ પાંડવોને મળવા કામ્યક વનમાં આવ્યાં હતાં. નારદ ઋષિ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. આ પ્રમાણે પાંડવો વનમાં આનંદથી દિવસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસાર કરવા લાગ્યા. દ્રૌપદી અને સત્યભામા વચ્ચે જે સ્નેહ હતો, તેને વિષે વધારે તો શું કહેવું? એકબીજાંને જોઈ બન્ને બહેનપણીઓના આનંદનો પાર રહ્યો નહિ. દ્રૌપદી સત્યભામાને સ્વામીભક્તિ અને સ્વામીસેવાની અનેક વાતો કહેતી. સત્યભામા પણ દ્રૌપદીને કહેતી: "બહેન, હવે ચિંતા કરવાની જરૂર નથી. તારા બહાદુર પતિઓ તેમનો વનવાસનો સમય પૂરો થતાં જ તને ફરીથી રાજરાણી બનાવશે."

ચિત્રસેન દુર્યોધનને કેદ કરે છે!

હવે પાંડવોએ દ્વૈતવનમાં રહેવાનું નક્કી કર્યું. પાંડવોને આટઆટલા હેરાન કરી તેમને જંગલમાં કાઢી મૂકવા છતાં દુષ્ટ કૌરવોનાં મન હજી શાંત થયાં ન હતાં. તેમણે સાંભળ્યું હતું, કે પાંડવો વનમાં પણ સુખશાંતિથી રહે છે; એટલે તેમને વનમાં પણ કેવી રીતે હેરાન કરવા એ માટે દુર્યોધન, કર્ણ, શકુનિ વગેરે ભેગા મળી વિચાર કરવા લાગ્યા. ખૂબ વિચાર કર્યા પછી બધાએ નક્કી કર્યું, કે ગાયોની તપાસ કરવાને બહાને બધા યે દ્વૈતવનમાં જવું અને ત્યાં જઈ પાંડવોનાં બળ અને ઠાઠમાઠ જોવાં.

પહેલાંના વખતમાં રાજાઓ ઘણી ગાયો રાખતા અને ગાયોના ચારા માટે તેઓ ગોવાળીઆને ઘણી જમીન આપતા. વચ્ચે વચ્ચે તેઓ જાતે પણ ગાયોની તપાસ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતા. દ્વૈતવનમાં દુર્યોધનના ઘણા ગોવાળીઆ રહેતા હતા. તેમના ઉપર કૌરવોની ગાયો સાચવવાનો ભાર હતો. કૌરવો દ્વૈતવનમાં જ ગાયોની ખબર કાઢવા જતા હતા. ધૃતરાષ્ટ્રે પહેલાં તો કૌરવોને દ્વૈતવનમાં જવાની રજા ન આપી, પણ છોકરાઓના આગ્રહ આગળ અંધરાજા શું કરી શકે? તેને નાછૂટકે રજા આપવી પડી.

રાજા દુર્યોધન એક મોટું લશ્કર લઈ દ્વૈતવન તરફ જવા નીકળ્યો. તેના મનમાં અભિમાન તો માય નહિ! લશ્કરના સૈનિકો હસતા, ગાતા અને શિકાર કરતા આગળ ચાલતા હતા. આ પ્રમાણે ચાલતાં ચાલતાં તેઓ દ્વૈતવનમાં આવેલા એક સુંદર સરોવર પાસે આવી પહોંચ્યા. સૈન્યે ત્યાં તંબૂ તાણી પડાવ નાખ્યો.

આ સરોવરના કિનારા ઉપર જ ગંધર્વરાજ ચિત્રસેન પોતાના કુટુંબકબીલા સાથે રહેતો હતો. તેણે કૌરવોને સરોવરનો કિનારો છોડી ચાલ્યા જવાનું કહ્યું. કૌરવોનું બળ પણ કંઈ ઓછું ન હતું; એટલે તેઓ કંઈ ચિત્રસેનનું કહ્યું માને? જરા બોલાચાલી થયા પછી રિવાજ મુજબ બન્ને પક્ષો વચ્ચે યુદ્ધ શરૂ થયું.

દુર્યોધનનું સૈન્ય ગંધર્વરાજ ચિત્રસેનના લશ્કર સામે ઝાઝી વાર ટકી શક્યું નહિ. સૈનિકોએ યુદ્ધક્ષેત્ર છોડી નાસવા માંડયું. મહાવીર કર્ણ પણ યુદ્ધ થયા પછી થોડી વારે (દુર્યોધનના ભાઈ)વિકર્ણના રથમાં બેસી નાસી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકલે હાથે લડતા દુર્યોધનને ગંધર્વરાજે પકડી લીધો અને કેદ કર્યો; દુર્યોધનની સ્ત્રીઓ પણ ચિત્રસેનના હાથે કેદ પકડાઈ.

અર્જુને દુર્યોધનને છોડાવ્યો

આમ બધાં દુઃખમાં આવી પડ્યાં. દુર્યોધનની રાણી ભાનુમતીએ તેમને છોડાવવા માટે દ્રૌપદીને આ સમાચાર મોકલાવ્યા. દુર્યોધન આ પ્રમાણે ગંધર્વોના હાથમાં કેદ પકડાયો છે, તે ખબર સાંભળી ભીમસેન ખૂબ રાજી થયો. તે કહેવા લાગ્યો: "વનવાસ પછી જે કાર્ય આપણે ઘણી મહેનતથી કરવાનું હતું, તે કાર્ય ગંધર્વોએ આજે પૂરું કર્યું છે! દુષ્ટને યોગ્ય શિક્ષા મળી છે!"

પણ યુધિષ્ઠિર તો આ સમાચાર સાંભળી ઘણા દુઃખી થયા. તેઓ ભીમને કહેવા લાગ્યા: "ભાઈ ભીમ! કૌરવો ભલે આપણા દુશ્મનો હોય, પણ આખરે તો તેઓ આપણા ભાઈઓ જ છે. આજે તે ગંધર્વો સાથેના યુદ્ધમાં હાર્યા છે; તેમની સ્ત્રીઓ કેદ પકડાઈ છે. આવી પરિસ્થિતિમાં આપણે છાનામાના બેસી રહેવું જોઈએ નહિ. વળી, જ્યારે તેઓ જ આપણી મદદ ઇચ્છે છે, ત્યારે આપણે આમ ગલ્લાંતલ્લાં કરીએ તે આપણને શોભે? જા, ભાઈ, ગંધર્વો સાથે યુદ્ધ કરી તેમને છોડાવ."

યુધિષ્ઠિરની વાત સાંભળી ભીમ અને અર્જુન બરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બર સજ્જ થઈને લડવા ચાલ્યા. બન્ને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થયું; પણ અર્જુનના બાણ આગળ ગંધર્વ-સૈન્ય ક્યાં સુધી ટકી શકે? ગંધર્વસૈન્યના ઘણા સૈનિકો અર્જુનનાં બાણથી મરણ પામ્યા. ગંધર્વરાજ ચિત્રસેન પણ અર્જુનનાં બાણથી ઘણો ગભરાઈ ગયો.

તે અર્જુનની સામે આવી કહેવા લાગ્યો: "મિત્ર! હું તારો ભાઈબંધ ગંધર્વરાજ ચિત્રસેન છું. દુષ્ટ કૌરવો પોતાનાં બળ અને શક્તિથી તમને હેરાન કરવા દ્વૈતવનમાં આવ્યા હતા. મેં તેમનું અભિમાન ભાંગ્યું છે. તેમને આ પ્રમાણે છોડાવવા ઠીક નથી."

પણ ભીમે અને અર્જુને બધાંને છોડાવ્યાં અને યુધિષ્ઠિરની પાસે તેમને લઈ ગયા. યુધિષ્ઠિરે દુર્યોધન અને તેની સ્ત્રીઓનાં બંધન છોડી નાખવા જણાવ્યું; ત્યાર પછી ઘણા સ્નેહથી દુર્યોધનને કહ્યું: "ભાઈ! આમ દુઃખ શા માટે ભોગવો છો? જાઓ, બધા ભેગા થઈ રાજધાનીમાં પાછા ફરો. મનમાં જરા પણ ઓછું લાવશો નહિ."

જે પાંડવોને પોતાની શક્તિનો પરચો બતાવવા તે દ્વૈતવનમાં આવ્યો હતો, તે પાંડવોની મદદથી જ પોતાના પ્રાણ બચાવી દુર્યોધન શરમનો માર્યો નીચું મોં કરી ઉતાવળો ઉતાવળો પોતાના રાજ્યમાં પાછો જતો રહ્યો. અભિમાની દુર્યોધન કોઈ પણ રીતે આ અપમાન ભૂલી શકે તેમ ન હતો. આ બનાવથી પાંડવો ઉપર તેનો ગુસ્સો વધી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્યોધનને ખુશ કરવા માટે કર્ણે પ્રતિજ્ઞા લીધી, કે તેર વર્ષ વીતી ગયા પછી યુદ્ધમાં પોતે પાંડવોનો વધ કરશે. આ પ્રતિજ્ઞાથી દુર્યોધનનું મન કંઈક શાંત પડ્યું. આ ઉપરાંત કર્ણે દુર્યોધનને કહ્યું, કે "હું ઘણાં રાજ્યો જીતી આપનો ભંડાર ધનથી ભરી દઈશ."

દુર્વાસા મુનિ પાંડવોના અતિથિ

તમે જાણતા જ હશો, કે દુર્વાસામુનિના શાપના ભયથી દેવો સુદ્ધાં ડરતા. આવા ભયંકર અને ઘણા ક્રોધી મુનિ એક દિવસ પોતાના દશ હજાર શિષ્યોને લઈ દુર્યોધનના મહેલમાં ગયા, તેના અતિથિ બન્યા. દુર્યોધને આખો વખત તેમની પાસે રહી દુર્વાસાને ખુશ ખુશ કરી દીધા. દુર્યોધનની ઇચ્છા એવી હતી કે દુર્વાસા પાસે એવું વરદાન માગવું, જેથી દુર્વાસા વનમાં જઈ પાંડવોના અતિથિ બને અને તેમને બરાબર શિક્ષા કરે.

વિદાય લેતી વખતે દુર્વાસાએ ખુશ થઈ જ્યારે દુર્યોધનને વરદાન માગવાનું કહ્યું, ત્યારે દુર્યોધન બોલ્યો: "મુનિવર! દ્રૌપદીના જમી રહ્યા પછી આપ આપના દશ હજાર શિષ્યોને લઈ વનમાં પાંડવોના અતિથિ બનો. આપ આટલું કરશો એટલે મને મારું વરદાન મળી રહેશે."

દુર્વાસાએ એક દિવસ એ પ્રમાણે કર્યું. એક દિવસ દ્રૌપદીના જમી રહ્યા પછી દુર્વાસા પાંડવોના આશ્રમમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ઊભા! આ અતિથિને કેવી રીતે ભોજન આપવું, એ વિચારથી પાંડવો ગભરાઈ ગયા. તેમને વિચાર આવ્યો કે જો આ અતિથિને ભૂખ્યા વિદાય કરીએ, તો તેમના શાપથી આપણા બધાંનો નાશ જ સમજવો.

દ્રૌપદી એકચિત્તે શ્રી કૃષ્ણનું સ્મરણ કરવા લાગી: "હે કૃષ્ણ! તમારા સિવાય પાંડવોને આ આફતમાંથી કોણ ઉગારશે?"

દ્રૌપદીના સ્મરણથી શ્રી કૃષ્ણ ત્યાં આવી પહોંચ્યા અને પોતાને બોલાવવાનું કારણ પૂછ્યું.

પાંડવોની આફતનું કારણ જાણી શ્રી કૃષ્ણ બોલ્યા: "જો મારી ભૂખ તમે સંતોષી શકો, તો હું આખી દુનિયાની ભૂખ સંતોષી શકું." પાંડવોને હોલામાંથી ચૂલામાં પડવા જેવું થયું! પાંડવો પાસે અન્ન તો હતું નહિ; અને હોત તો દુર્વાસાને જ ન આપત? હવે શું થાય?

શ્રી કૃષ્ણ દ્રૌપદીના મનનો ભાવ જાણી બોલ્યા: "તેં જે થાળીમાં ખાધું છે, તે થાળી પાછી લાવ. થાળીમાં જો એકાદ બે પણ ભાતના દાણા હશે, તો તેનાથી પણ મને તો ચાલશે."

દ્રૌપદીએ ખાલી થાળી લાવી જોયું, તો અંદર ભાતના બે–ચાર દાણા હતા અને થોડુંક શાક પણ હતું. શ્રી કૃષ્ણે આટલો ભાત અને શાક ખાઈ ઉદ્દગાર કાઢ્યા, કે "મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂખ સંતોષાઈ છે; પૃથ્વી ઉપરનાં બધાં માણસોની ભૂખ શમો !"

દુર્વાસા ઋષિ આ વખતે પોતાના દશ હજાર શિષ્યોને લઈ સ્નાન કરવા ગયા હતા. સ્નાન કરી રહ્યા પછી તેમને લાગ્યું, કે પોતાનું પેટ ભરેલું છે. પેટમાં હવે બિલકુલ જગ્યા નથી ! ખુદ ભગવાન પાંડવોના પક્ષમાં હતા; એટલે તેમને કોણ હેરાન કરી શકે? દુર્વાસા પાંડવોને શાપ આપવા આવ્યા હતા, પણ શરમના માર્યા તેમ કરતાં અટક્યા. પાંડવોના આશ્રમે ન જતાં દુર્વાસા મુનિ તેમના દશ હજાર શિષ્યોને લઈ બારોબાર જ પોબારા ગણી ગયા !

જયદ્રથે કરેલું દ્રૌપદીનું હરણ

સિંધુ દેશનો રાજા જયદ્રથ બહુ બહાદુર રાજા હતો.

દુર્યોધનની એકની એક બહેન દુઃશલાનાં લગ્ન તેની સાથે થયાં હતાં. એક વાર જયદ્રથ શિકાર કરતો કરતો પાંડવોના આશ્રમ પાસે આવી પહોંચ્યો. પાંડવોમાંથી કોઈ ભાઈ તે વખતે આશ્રમમાં હાજર ન હતો. બધા શિકાર કરવા દૂર ગયા હતા. દુષ્ટ જયદ્રથ આવી સારી તક જોઈ દ્રૌપદીને પોતાના રથમાં બળજબરીથી બેસાડી નાસી જવા લાગ્યો. દ્રૌપદી ઘણી ગભરાઈ ગઈ. ચારે બાજુએ નજર નાખતી તે મોટેથી બૂમો પાડવા લાગી : "હા પાંડવ! હા કૃષ્ણ! તમે ક્યાં છો? મને બચાવો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડવો શિકાર કરવામાં મસ્ત બન્યા હતા, એવામાં તેમના મનમાં કંઈક યાદ આવ્યું; તેમને લાગ્યું, કે એક મહાન આફત તેમના માથા ઉપર ઝઝૂમી રહી છે. અમંગળની શંકાથી તેમનું મન અસ્થિર થઈ ગયું. દોડતા દોડતા તેઓ આશ્રમમાં આવ્યા અને જોયું તો સર્વનાશ થઈ ગયો હતો—દ્રૌપદી આશ્રમમાં ન હતી !

હકીકત શું બની છે તે જાણી તેમણે તરત જ જયદ્રથનો પીછો પકડ્યો.

પાંડવોને જોઈને જયદ્રથ તો બીકનો માર્યો ગભરાઈ જ ગયો ! તોપણ તેના સૈનિકોએ પાંડવો સાથે યુદ્ધ શરૂ કર્યું; પણ પાંડવો સામે તેઓ બિચારા ક્યાં સુધી ટકી શકે ? જોતજોતામાં બધા મરણ પામ્યા. જયદ્રથે હવે દ્રૌપદીને છોડી નાસી જવાનો વિચાર કર્યો; પણ ભીમે જયદ્રથના વાળ પોતાના હાથમાં પકડ્યા અને તેને નાસી જતાં અટકાવ્યો.

ભીમસેનના હાથમાં પડવાથી જયદ્રથના જુલમી શાસનનો પણ અંત આવ્યો; હવે ફક્ત તેના પ્રાણ જવાના જ બાકી હતા ! ભીમની તો ઇચ્છા હતી, કે અત્યારે જ આ દુષ્ટને યમના ઘેર પહોંચતો કરી દેવો ! પરંતુ યુધિષ્ઠિરે પહેલેથી જ ભીમને ચેતવણી આપી હતી, કે જયદ્રથને કોઈ પણ સંજોગોમાં મારી નાખવો નહિ.

જયદ્રથની છાતી ભયથી ધડકતી હતી. ભીમે તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથાનું મુંડન કરાવ્યું અને ફક્ત પાંચ જ વાળ માથા ઉપર રહેવા દીધા! પછી કહ્યું: "આજથી તું જ્યાં જાય ત્યાં તારે એમ કહેવું પડશે, કે 'હું પાંડવોનો દાસ છું;' કેમ, કબૂલ છે?"

પ્રાણ જવાના ડરથી જયદ્રથ તેમ કરવાને પણ કબૂલ થયો; આવી દશામાં જ તેને યુધિષ્ઠિરની સામે ઊભો કરવામાં આવ્યો. યુધિષ્ઠિરે તેને કહ્યું: "જા, આજે તો હું તને છોડી મૂકું છું, પણ ફરીથી કોઈ વાર આવું કામ ના કરીશ."

જયદ્રથ બચ્યો તો ખરો, પણ સહન કરવા પડેલા અપમાનથી પોતાના પ્રાણ ગયા જેટલું જ દુઃખ તેને થયું. આ અપમાનનો બદલો લેવા માટે તે તપસ્યા કરવા ચાલી નીકળ્યો. તપસ્યાથી મહાદેવજીને ખુશ કરી પોતે યુદ્ધમાં પાંડવોને હરાવી શકે એવું વરદાન માગ્યું.

મહાદેવજી બોલ્યા: "અર્જુન સિવાય બીજા ચાર જણને તું હરાવી શકીશ; પણ તેમના પ્રાણ લેવાનું તો કોઈથી પણ બની શકે તેમ નથી."

કર્ણના દાનવ્રતનો પરિચય

સૂર્યદેવની તપસ્યા કરી કુંતીએ સૂર્યના જેવો જ એક પુત્ર મેળવ્યો હતો. આ પુત્રનું નામ કર્ણ હતું અને તેને ધૃતરાષ્ટ્રના સારથિ અધિરથે ઉછેર્યો હતો. કર્ણ જન્મ્યો ત્યારથી જ તેના શરીર ઉપર અક્ષય કવચ અને કુંડળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં; તેના શરીર પર હોય ત્યાં સુધી કર્ણ અજેય અને અમર હતો. પાંડવોનાં વનવાસનાં બાર વર્ષ પૂરાં થયાં ત્યારે દેવરાજ ઇંદ્રે કર્ણનાં આ કવચ અને કુંડળ લાવવાનો નિશ્ચય કર્યો. કોઈ બ્રાહ્મણ કર્ણ પાસે જો આ વસ્તુઓ માગે, તો કર્ણ તેને આપ્યા વગર રહે જ નહિ! કારણ? કર્ણ મોટો દાનેશ્વરી હતો અને કોઈ પણ માણસ તેની પાસે જે કંઈ માગે તે તેને આપતો; કોઈને પણ તે નિરાશ કરતો નહિ.

સૂર્યદેવને ઇંદ્રની મતલબની જાણ થતાં તેમણે કર્ણને ચેતાવ્યો હતો, પણ કર્ણે કહ્યું: "જો કોઈ બ્રાહ્મણ મારી પાસે કવચ–કુંડળ માગે, તો હું તેને તે આપ્યા વગર રહેવાનો નથી. જો હું આમ ન કરું, તો મારું વ્રત તૂટે."

કોઈપણ સંજોગોમાં કર્ણ પોતાનું વ્રત તોડવાનો નથી, એ જોઈ સૂર્યદેવે કહ્યું: "તો તું દેવરાજ ઇંદ્ર પાસેથી 'એકપુરુષઘાતિની' નામની અમોઘ શક્તિ માગી લેજે. આ શક્તિથી તું અર્જુનનો વધ કરી શકીશ."

એક દિવસ કર્ણ સ્નાન કરીને સૂર્યદેવની સ્તુતિના પાઠ કરતો બેઠો હતો, એવામાં બ્રાહ્મણના વેશમાં ઇંદ્ર તેની સામે આવી ઊભા અને તેનાં કવચ–કુંડળ માગ્યાં.

સૂર્યદેવ પાસેથી કર્ણે પહેલેથી જ બધી હકીકત જાણી લીધી હતી; અને ઇંદ્રને પણ ખબર હતી, કે સૂર્યે કર્ણને પહેલેથી ચેતવ્યો છે. કર્ણે કવચ અને કુંડળના બદલામાં પેલી અમોઘ શક્તિ માગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદ્ર તે આપવાને કબૂલ થયા. શક્તિ આપતાં આપતાં તેમણે કર્ણને કહ્યું: "આ શક્તિથી તું ફક્ત એક જ માણસને મારી શકીશ; પછી ભલેને તે ગમે તેટલો બહાદુર હોય; પણ એક જણને મારી નાખ્યા પછી આ શક્તિ મારી પાસે પાછી આવી જશે."

દેવરાજ ઇંદ્ર પાસેથી અમોઘ શક્તિ લઈ કર્ણે તેમને કવચ અને કુંડળ આપ્યાં.

યક્ષ અને યુધિષ્ઠિરનો સંવાદ

પાંડવો જ્યારે દ્વૈતવનમાં રહેતા હતા, ત્યારે એક બનાવ બન્યો. દેવતા પાડવાનાં લાકડાં એક હરણના શિંગડાં ઉપર બાંધી એક બ્રાહ્મણ ઘેર આવતો હતો, એવામાં જંગલમાં જ હરણ લાકડાં લઈ નાસી ગયું. બીજો કોઈ ઉપાય ન સૂઝવાથી બ્રાહ્મણ પાંડવો પાસે આવ્યો અને હરણને પકડી લાવવાની વિનતિ કરી. બ્રાહ્મણના લાકડાં પાછા લાવવા માટે પાંડવો હરણની પાછળ દોડ્યા.

હરણની પાછળ ખૂબ દોડતાં દોડતાં પાંડવોને ઘણી તરસ લાગી. પાણી વગર તેમનો જીવ જવા લાગ્યો; પણ પાણી ક્યાં મળે તેમ હતું? આખરે નકુળે એક ઝાડ ઉપર ચડીને ચારે બાજુએ નજર નાખી જોયું, તો દૂર એક સરોવર માલૂમ પડ્યું. આ સરોવરમાંથી પાણી લાવવા માટે નકુળ ત્યાં ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતકનું રૂપ ધારણ કરેલો એક યક્ષ સરોવરના કિનારા ઉપર બેઠો હતો. તેણે નકુળને કહ્યું: "હું જે સવાલ પૂછું, તેનો પહેલાં જવાબ આપ અને પછી પાણી પી."

નકુળે યક્ષનું કહેવું ગણકાર્યું નહિ; અને સરોવરમાંથી જેવું તેણે પાણી પીધું, કે તરત જ તેના પ્રાણ જતા રહ્યા તેથી તે જમીન ઉપર પડી ગયો.

નકુળને પાણી લાવતાં કેમ વાર થાય છે; તેની તપાસ કરવા સહદેવ નીકળી પડ્યો; પણ સરોવરને કિનારે જતાં યક્ષે સહદેવને પણ પોતાના સવાલનો જવાબ આપ્યા પછી જ પાણી પીવાનું કહ્યું; પણ સહદેવે તેની વાત ગણકારી નહિ; અને જેવું તેણે પાણી પીધું, કે તરત જ તે પણ મૃત્યુ પામ્યો. આ પ્રમાણે નકુળ, સહદેવ, અર્જુન અને ભીમ બધા યક્ષની વાત ધ્યાનમાં ન લેવાથી મૃત્યુ પામ્યા.

પોતાના ભાઈઓને વાર થતી જોઈ યુધિષ્ઠિર ઘણી ચિંતામાં પડી ગયા; એટલે પોતે જ બધાને શોધવા નીકળી પડ્યા. શોધતાં શોધતાં તેઓ પોતે પણ સરોવરને કિનારે આવી પહોંચ્યા. ત્યાં પોતાના ચારે ભાઈઓનાં શબ જોઈ યુધિષ્ઠિર ઘણા દુ:ખી થયા અને મોટેથી વિલાપ કરવા લાગ્યા.

આખરે યુધિષ્ઠિર પણ સરોવર પાસે પાણી પીવા ગયા. યક્ષે તેમને પણ કહ્યું: "ધર્મરાજ ! પહેલાં મારા સવાલોના જવાબ આપો અને પછી જ પાણી પીઓ; નહિ તો તમારા ભાઈઓની માફક તમે પણ મૃત્યુ પામશો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુધિષ્ઠિરે કહ્યું: "તમારા સવાલ કયા છે તે કહેશો ?"

યક્ષે એક પછી એક એમ સવાલો પૂછવાની શરૂઆત કરી. યુધિષ્ઠિરે પણ બરાબર તેના જવાબો આપવા માંડ્યા.

યક્ષે અનેક સવાલો પૂછ્યા. આ બધા પ્રશ્નો બહુ અઘરા હતા અને ખૂબ વિદ્વાન અને બુદ્ધિમાન માણસ જ તેના જવાબો આપી શકે તેમ હતું. યક્ષે પૂછેલા સવાલો-માંથી કેટલાક નીચે આપ્યા છે:-

યક્ષ—મુસાફરનો મિત્ર કોણ છે ? સંસારી, રોગી અને જેનું મૃત્યુ પાસે આવ્યું હોય તેવા માણસનો મિત્ર કોણ હોઈ શકે ?

યુધિષ્ઠિર—મુસાફરનો મિત્ર તેની સાથે મુસાફરી કર-નાર બીજો મુસાફર છે. સંસારીનો મિત્ર સ્ત્રી છે. રોગી માણસનો મિત્ર વૈદ્ય છે; અને જેનું મૃત્યુ પાસે આવ્યું હોય તેવા માણસનો મિત્ર દાન જ છે.

યક્ષ—પૃથ્વીથી વધારે મોટું કોણ છે ? આકાશથી વધારે ઊંચું કોણ છે ? પવનથી વધારે ઝડપવાળું કોણ છે ? અને ઘાસથી સંખ્યામાં કોણ વધી જાય ?

યુધિષ્ઠિર—પૃથ્વીથી વધારે મોટી માતા છે; પિતા આકાશથી પણ ઊંચા છે; મન પવનથી વધારે ઝડપવાળું છે અને ચિંતા સંખ્યામાં ઘાસથી પણ વધારે છે.

યક્ષ—મનુષ્યોનો આત્મા કોણ છે ? મનુષ્યોનો મુખ્ય હેતુ શો છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુધિષ્ઠિર—પુત્ર એ મનુષ્યોનો આત્મા છે; અને દાન એ મનુષ્યનો મુખ્ય હેતુ છે.

યક્ષ—કઈ વસ્તુનો ત્યાગ કરવાથી દુઃખ દૂર થાય? પૈસાદાર કેવી રીતે થવાય? સુખી કેવી રીતે થવાય?

યુધિષ્ઠિર—ક્રોધનો ત્યાગ કરવાથી દુઃખ દૂર થાય છે; ઇચ્છા છોડવાથી પૈસાદાર થવાય છે અને લોભ છોડવાથી સુખી થવાય છે.

યક્ષ-ઊંઘતી વખતે પણ કયું પ્રાણી પોતાની આંખો બંધ કરતું નથી? જન્મ્યા પછી તરત જ કયું પ્રાણી હાલી-ચાલી શકતું નથી? કઈ વસ્તુને હૃદય નથી? અને કોણ ઘણી જ ઝડપથી પોતાને ઘેર જાય છે?

યુધિષ્ઠિર—માછલી ઊંઘતી વખતે પણ પોતાની આંખો બંધ કરતી નથી; ઈંડું જન્મીને તરત જ હાલી ચાલી શકતું નથી; પથ્થરને હૃદય હોતું નથી અને નદી ઘણી જ ઝડપથી પોતાને ઘેર (સમુદ્ર તરફ) જાય છે.

યક્ષ—ખરેખરો સુખી માણસ કોણ છે? સૌથી વધારે આશ્ચર્યકારક વસ્તુ કઈ છે? સૌથી સુંદર રસ્તો કયો છે? અને સૌથી સુંદર કથા કઈ છે? જો તું મને આ ચાર પ્રશ્નોના જવાબ આપે, તો હું તારા આ ચાર ભાઈઓમાંથી એકને જીવતો કરું.

યુધિષ્ઠિર—જેને માથે દેવું નથી અને જે પોતાના જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં રહે છે, તે માણસ ખરેખરો સુખી છે. દરરોજ આટલા બધા માણસોને આપણે મરતા જોઈએ છીએ; અને છતાં આપણે જીવવાની ઇચ્છા રાખીએ છીએ, તે સૌથી વધારે આશ્ચર્યકારક વસ્તુ છે. મોટા માણસો જે રસ્તેથી જાય છે, તે રસ્તો સુંદર છે; અને બધા મોહમાં માણસ ડૂબી ગયો છે, તે સૌથી સુંદર કથા છે.

બધા પ્રશ્નોના ઉત્તર સાંભળી યક્ષ ઘણો ખુશ થયો અને યુધિષ્ઠિરને કહેવા લાગ્યો: "હે પાંડવ! તારું અલૌકિક જ્ઞાન જોઈ હું ઘણો સંતોષ પામ્યો છું અને રાજી થયો છું. હું તો જાણતો જ હતો, કે તારા સિવાય બીજું કોઈ આ પ્રશ્નોના ઉત્તર આપી શકવાનું નથી. યક્ષના વેશમાં આવેલો હું ધર્મરાજા છું. મારો વિચાર તારી પરીક્ષા કરી જોવાનો જ હતો. હવે હું ઘણો સંતોષ પામ્યો છું. તું તારા કયા ભાઈને જીવતો જોવા ઇચ્છે છે? આપણી શરત પ્રમાણે હું ફક્ત એક ભાઈને જ જીવતો કરી શકીશ."

યુધિષ્ઠિરે જવાબ આપ્યો: "તો દયા કરીને નકુળને જીવતો કરો."

ધર્મરાજે જરા આશ્ચર્ય પામી પૂછ્યું: "તારા સગા ભાઈઓને જીવતા કરવાનું ન માગતાં નકુળને જીવતો કરવાનું કેમ કહે છે?"

યુધિષ્ઠિરે જવાબ આપ્યો: "માતા કુંતીનો હું એક પુત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો જીવતો છું જ, પણ માતા માદ્રીના બન્ને પુત્રો મૃત્યુ પામ્યા છે; એટલા માટે જ હું નકુળના પ્રાણની ભિક્ષા માગું છું."

આ જવાબથી ધર્મરાજ ખૂબ સંતોષ પામ્યા અને યુધિષ્ઠિરને કહેવા લાગ્યા: "ભીમ, અર્જુન, સહદેવ અને નકુળ બધા જ જીવતા થશે. તું હજી પણ એક વરદાન માગ."

ત્યારે યુધિષ્ઠિરે કહ્યું: "બ્રાહ્મણને તેનાં લાકડાં પાછાં મળે તેમ કરો."

ધર્મરાજે કહ્યું: "હું પોતે જ હરણ બની બ્રાહ્મણનાં લાકડાં લઈ ગયો હતો. બ્રાહ્મણને તેનાં લાકડાં પાછાં મળશે. તું હજી પણ એક વરદાન માગ."

યુધિષ્ઠિરે માગ્યું: "અમારા અજ્ઞાતવાસના સમય દરમિયાન કોઈ પણ માણસ અમને ઓળખી શકે નહિ, એવું વરદાન આપો."

ધર્મરાજે કહ્યું: "અજ્ઞાતવાસના સમય દરમિયાન તમે છૂપો વેશ નહિ પહેરો તોપણ કોઈ માણસ 'આ પાંડવો છે' એમ કહી ઓળખી શકશે નહિ." આટલું બોલી ધર્મરાજ અંતર્ધાન થઈ ગયા.

અને યુધિષ્ઠિર મનમાં રાજી થતા થતા પોતાના ભાઈઓને સાથે લઈને આશ્રમમાં પાછા ફર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ : વિરાટપર્વ

[પાંડવો એક વર્ષ સુધી છૂપા વેષે રાજા વિરાટને ત્યાં કેવી રીતે રહ્યા તેનું વર્ણન આમાં આપેલું છે. તેથી આનું નામ **વિરાટપર્વ** પાડયું છે.]

ગુપ્તવેષે પાંડવોનો નિવાસ

પાંડવોના વનવાસનાં બાર વર્ષ પૂરાં થયાં. હવે એક વર્ષ અજ્ઞાતવાસમાં રહેવાનું હતું. આ અજ્ઞાતવાસનું વર્ષ ઘણું ભયંકર હતું; કારણ કે જો કોઈ તેમને પાંડવો તરીકે ઓળખી કાઢે, તો ફરીથી બાર વર્ષ વનમાં જવું પડે તેમ હતું; એટલે આ વર્ષ ખૂબ સાવધાનીથી પસાર કરવાનું હતું.

આ અજ્ઞાતવાસનો સમય કેવી રીતે પસાર કરવો, તે વિષે પાંડવો વિચાર કરવા લાગ્યા. છેવટે ધર્મરાજની સલાહ પ્રમાણે તેમણે નક્કી કર્યું, કે અજ્ઞાતવાસના એક વર્ષ દરમિયાન પાંચે ભાઈઓએ દ્રૌપદીને લઈ મત્સ્ય દેશમાં વિરાટ રાજાને ત્યાં જવું અને તેના મહેલમાં રહી સમય પસાર કરવો. વિરાટ રાજા ખૂબ મોટો રાજા હતો; તે ઉપરાંત, તે ઘણો ધાર્મિક, દાનેશ્વરી અને સત્યવાદી રાજા હતો. પાંડવો ઉપર તે ઘણો સ્નેહ રાખતો.

વિરાટ રાજાના મહેલમાં સમય પસાર કરવાનું નક્કી કર્યા પછી હવે સવાલ ઊઠયો, કે ત્યાં જઈ કામ શું કરવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુધિષ્ઠિરે કહ્યું : "હું વિરાટ રાજાની સભામાં 'કંક' નામનો બ્રાહ્મણ બની રાજાનો સભાસદ બનીશ; અને રાજાની સાથે સોગઠાંબાજી રમીશ."

ભીમે કહ્યું : "હું 'વલ્લભ' નામનો બ્રાહ્મણ બની રાજાનો મુખ્ય રસોઈઓ બનીશ. હું ખાવામાં જેવો હોશિયાર છું, તેવો જ ખાવાનું બનાવવામાં પણ પ્રવીણ છું!"

અર્જુને કહ્યું : "હું શરીર ઉપર અલંકાર પહેરી, માથે વેણી બાંધી, સ્ત્રીનો વેશ લઈ વિરાટ રાજાના અંતઃપુર-માં રહીશ. મારું નામ હું 'બૃહન્નલા' રાખીશ અને રાજાની કન્યાઓને અને રાણીઓને નૃત્યગાન શિખવાડીશ. રાજાને એમ કહીશ, કે પહેલાં હું પાંડવોની રાણી દ્રૌપદીની દાસી હતી."

નકુળે કહ્યું : "હું મારું નામ 'ગ્રંથિક' રાખીશ; અને વિરાટ રાજાની અશ્વશાળામાં કામ કરી શકીશ. હું ઘોડા પારખવામાં પ્રવીણ છું; એટલે આના સિવાય બીજું કોઈ કામ મારાથી થઈ શકશે નહિ."

સહદેવે કહ્યું : "હું મારું નામ 'તંત્રીપાલ' રાખીશ; અને વિરાટ રાજાની મોટી ગૌશાળાનો અધિકારી બનીશ."

પાંચે ભાઈઓએ પોતે શું શું કામ કરવું તે નક્કી કર્યું. બધાએ એમ કહેવાનું નક્કી કર્યું, કે "અમે રાજાને ત્યાં કામ કરતા હતા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુધિષ્ઠિરે હવે દ્રૌપદીને પૂછ્યું: "દ્રૌપદી, તેં તો કોઈ દિવસ કંઈ પણ કામ કર્યું નથી. તું વિરાટ નગરમાં કેવી રીતે રહી શકીશ?"

દ્રૌપદીએ જવાબ આપ્યો: "હું મારું નામ 'સૈરિંધ્રી' રાખીશ; અને કહીશ, કે હું દ્રૌપદીના વાળ ઓળતી હતી. હું એવી રીતે રાણી સુદેષ્ણાનું કામ કરીશ."

પાંડવોએ પોતાની સાથેના માણસોને રાજ્યમાં મોકલાવી દીધા; અને પોતે અજ્ઞાતવાસને માટે નીકળી પડ્યા.

વિરાટ રાજાના રાજ્યની હદમાં આવતાં વાર જ યુધિષ્ઠિરે કહ્યું: "જો આપણે આપણા હથિયારો હાથમાં રાખી શહેરમાં દાખલ થઈશું, તો બધા જ આપણને ઓળખી જશે. અજ્ઞાતવાસના સમય દરમિયાન કોઈ પણ માણસ આપણને પાંડવો તરીકે ઓળખી શકે નહિ એવું આપણે કરવું જોઈએ; કારણ કે જો આપણે એકવાર ઓળખાઈ ગયા, તો ફરીથી પાછાં બાર વર્ષ સુધી જંગલોમાં ભટકવું પડશે. એટલે નગરમાં હથિયાર લીધા વગર જ જવું ઠીક છે."

વિરાટનગરની બહાર ખીજડાનું એક ઝાડ હતું. આ ઝાડની એક ઊંચી ડાળી ઉપર પાંડવોએ પોતાનાં બધાં હથિયારો સંતાડી દીધાં.

ત્યાર પછી રાજા યુધિષ્ઠિરે પોતાના પાંચે ભાઈઓનાં છૂપાં નામ રાખ્યાં. આ નામથી પાંચ ભાઈઓ સિવાય બીજું કોઈ તેમને જાણી શકે નહિ. પાંચે ભાઈઓનાં છૂપાં નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમે આ પ્રમાણે હતાં–જય, જયંત, વિજય, જયત્સેન અને જયદ્બલ.

વિરાટ રાજાની રાજસભામાં આવી પાંચે ભાઈઓએ પોતાનાં છૂપાં નામ આપ્યાં અને પોતાને કંઈ કામ આપવાની વિનતિ કરી. રાજાએ ખુશ થઈ તેમને બધાંને પોતાના મહેલમાં રાખી લીધા. યુધિષ્ઠિર વિરાટ રાજાના સભાસદ-બ્રાહ્મણ બન્યા. ભીમ મુખ્ય રસોઈઓ બન્યો, અર્જુન બૃહન્નલા બનીને રાજકુમારીઓને નૃત્ય ગીત શિખવાડવા લાગ્યો. નકુળ અને સહદેવે અશ્વશાળા અને ગૌશાળાનો ભાર પોતપોતાના માથા ઉપર લીધો.

રાણી સુદેષ્ણા તો દ્રૌપદીને મેળવીને ખૂબ રાજી થઈ ગઈ! તેણે આદરપૂર્વક દ્રૌપદીને પોતાના મહેલમાં આવવાનું જણાવ્યું.

દ્રૌપદીએ કહ્યું: "દેવિ! આપની સાથે રહેવામાં મને કંઈ પણ વાંધો નથી; પણ મારા કેટલાક નિયમો છે, તે પ્રમાણે આપે પણ વર્તવું પડશે. હું કોઈનું એઠું ખાતી નથી અને કોઈના પગ ધોતી નથી. મારે પાંચ ગંધર્વ-સ્વામીઓ છે. જે કોઈ મારું અપમાન કરે છે, તેને મારા ગંધર્વ–પતિઓ યોગ્ય શિક્ષા કરે છે."

સુદેષ્ણાએ દ્રૌપદીના બધા નિયમો કબૂલ રાખ્યા; અને તે તેને પોતાના મહેલ ઉપર લઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીચક-વધ

ભીમ જ્યાં જ્યાં જતો, ત્યાં ત્યાં પોતાનું નામ કાઢ્યા વગર રહેતો નહિ. અહીં પણ તેણે જીમૂત નામના એક ખૂબ બળવાન પહેલવાનને હરાવ્યો. વિરાટ રાજા, આ પાંચેના ગુણોથી હમેશાં તેમના ઉપર રાજી રહેતો અને તેમના ઉપર ઘણો સ્નેહ રાખતો. ભાઈઓ ભાઈઓ વારંવાર એક બીજાને મળી જતા; અને દ્રૌપદી પણ ખાનગીમાં પોતાના પતિઓને મળતી.

સુખેદુ:ખે અજ્ઞાતવાસના દશ મહિના આમ પૂરા થયા. એવામાં પાંડવો પર એક આફત આવી પડી.

વિરાટ રાજાને કીચક નામનો એક સાળો હતો. કીચક ઘણો બહાદુર અને ખૂબ બળવાન હતો. તે ઉપરાંત, તે રાજાનો સેનાપતિ પણ હતો. દ્રૌપદીને જોઈ કીચક તેને અપમાન લાગે એવી વાતો સંભળાવતો. દ્રૌપદી તેને તુચ્છકારી કાઢતી અને પોતાના ગંધર્વ-સ્વામીઓનો ભય કીચકને બતાવતી; પણ કીચક ઘણો બહાદુર હતો. તે કાંઈ આમ ડરી જાય?

એક દિવસ કીચકે દ્રૌપદીનું અપમાન કરવાનો પ્રયત્ન કર્યો. દ્રૌપદી તેનાથી બચવા વિરાટ રાજાની સભામાં દોડી ગઈ. કીચક પણ દ્રૌપદીની પાછળ પાછળ રાજસભામાં ગયો અને ત્યાં જઈ દ્રૌપદીના વાળ પકડી તેને એક મુક્કી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી. યુધિષ્ઠિર અને ભીમને આ જોઈ પગથી માથા સુધી ઝાળ લાગી. ભીમ તો ઊઠવાની જ તૈયારી કરતો હતો; પણ યુધિષ્ઠિરે તેને ઇશારતથી સમજાવ્યો. નવાઈની વાત તો એ છે, કે જેવી કીચકે દ્રૌપદીને મુક્કી મારી કે તરત જ કીચક જમીન ઉપર બેભાન થઈને પડ્યો!

દ્રૌપદીએ રાજાની પાસે ન્યાયની માગણી કરી; પણ વિરાટ રાજા કીચકનો ન્યાય કેવી રીતે કરી શકે? તે પોતે જ કીચકના બળથી ડરતો હતો!

યુધિષ્ઠિરે દ્રૌપદીને કહ્યું: "તું હમણાં અંતઃપુરમાં જા. તારા ગંધર્વ–પતિઓ વખત આવતાં દુષ્ટ કીચકને તેના દુષ્ટ કાર્યનું યોગ્ય ફળ આપશે."

દ્રૌપદી સમજીને અંતઃપુરમાં જતી રહી. ત્યાં જઈ તે રાણી સુદેષ્ણાને કહેવા લાગી: "કીચકને તેના આ પાપનું ફળ ભોગવવું જ પડશે. મારા ગંધર્વ–સ્વામીઓ જરૂર તેને શિક્ષા કરશે."

તે દિવસે રાતે જ ભીમસેન, વિરાટ રાજાની નૃત્ય-શાળામાં ગયો અને અંધારામાં જઈ બેઠો. દુષ્ટ કીચક પણ કોઈ કારણસર ત્યાં ગયો હતો. ભીમે લાગ જોઈ મોટી ત્રાડ પાડી કીચકને પડકાર્યો.

બન્ને જણા ખૂબ બળવાન હતા, એટલે બન્ને વચ્ચે ક્યાંય સુધી લડાઈ ચાલી; પણ કીચકના શા ભાર, કે તે ભીમને હરાવી શકે? ભીમે કીચકના હાથ–પગ વગેરે ભાંગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખી તેને યમને ઘેર પહોંચાડી દીધો !

દ્રૌપદી બધાંને કહેવા લાગી : "મારા ગંધર્વ-પતિઓએ કીચકને મારી નાખ્યો છે." બધાં દ્રૌપદીની વાત સાચી માનતાં.

કીચકના ભાઈઓ પોતાના મોટાભાઈના મૃત્યુના સમાચાર સાંભળી ખૂબ દુઃખી થયા અને ત્યાં આવી મોટેથી વિલાપ કરવા લાગ્યા. ત્યાર બાદ કીચકના શબને અગ્નિદાહ દેવા માટે તેઓ તેને સ્મશાને લઈ ચાલ્યા.

દ્રૌપદી તે વખતે અંતઃપુરના દરવાજા પાસે ઊભી ઊભી કીચકની સ્મશાનયાત્રા જોતી હતી. તેને જોઈ કીચકના ભાઈઓ બોલી ઊઠ્યા : "આ સ્ત્રીના પાપે જ આપણા મોટાભાઈનું મૃત્યુ થયું છે. ચાલો, તેને ય આપણે મોટા ભાઈની સાથે બાળી મૂકીએ." આમ કહી તેઓ દ્રૌપદીને બાંધી પોતાની સાથે લઈ જવા લાગ્યા.

દ્રૌપદી પાંડવોનાં છૂપાં નામથી બૂમો પાડવા લાગી : "મારા ગંધર્વ-સ્વામીઓ ! ક્યાં છો ? જય, જયંત, વિજય, જયત્સેન, જયદ્બલ, મારી રક્ષા કરો !"

ભીમસેન દ્રૌપદીના રડવાનો અવાજ સાંભળી એકદમ સ્મશાને જઈ પહોંચ્યો. ત્યાં જઈ તેણે કીચકના બધા ભાઈઓને મારી નાખ્યા અને દ્રૌપદીને છોડાવી.

આટલા બધા માણસોને ગંધર્વોના હાથે મરાયેલા જોઈ લોકો ઘણા ભય પામ્યા. ગંધર્વો કોણ જાણે શું શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી બેસે! તેમનો ભરોંસો શો? વિરાટ રાજા પણ ઘણો ભય પામી ગયો હતો. દ્રૌપદીને પોતાના મહેલમાં હવે વધારે વખત નથી રાખવી, એવો વિચાર કરી તેણે રાણી સુદેષ્ણાને કહ્યું: "તારી દાસી સૈરિંધ્રીને હવે વધારે વાર રાખવાની જરૂર નથી. તેને આજે જ વિદાય કરી દે."

રાણી સુદેષ્ણાને પણ દ્રૌપદીને હવે રાખવી ગમતી નહોતી. જેને લીધે પોતાના બધા ભાઈઓ મરી પરવાર્યા, તેને રાખવા તે કેમ રાજી હોય?

દ્રૌપદીએ ખૂબ આજીજી કરી રાણીને કહ્યું: "રાણીજી, હવે દયા કરીને ફક્ત તેર જ દિવસ રાખો. પછી તો હું મારી મેળે જ આપની વિદાય લઈશ."

તેર દિવસ પછી તો અજ્ઞાતવાસનો સમય પૂરો થતો હતો. તેર વર્ષ પૂરાં થયા પછી તરત જ પાંડવો વનમાંથી બહાર આવી પોતાનું રાજ્ય જીતી લેશે અને બધા કૌરવોને મારી નાખશે, એ વિચારથી દુર્યોધનનું મન અશાંત બન્યું. તેણે દેશવિદેશ પાંડવોને શોધી કાઢવા છૂપા જાસૂસો મોકલ્યા. એક વાર પાંડવો ઓળખાઈ જાય પછી તો કાંઈ વાંધો ન હતો; પણ જાસૂસો પાંડવોનો કોઈ સ્થળે પત્તો મેળવી શક્યા નહિ.

એવામાં એક દૂત એવી ખબર લાવ્યો, કે વિરાટ રાજાનો બહાદુર સેનાપતિ કીચક મરાયો છે. કીચકના બળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા રાજાઓ ખૂબ ડરતા; અને ખાસ કરીને ત્રિગર્ત દેશના રાજા સુશર્માને તો કીચક ખૂબ હેરાન કરતો હતો.

જ્યારે દૂતે આ ખબર કૌરવોને આપ્યા, ત્યારે રાજા સુશર્મા કૌરવોની રાજસભામાં જ હતો. કીચકના મૃત્યુના સમાચાર સાંભળી સુશર્મા, કર્ણ, શકુનિ બધાએ ભેગા મળીને એવું નક્કી કર્યું, કે હવે વિરાટ રાજાની અસંખ્ય ગાયોનું હરણ કરી હસ્તિનાપુર લઈ આવવી.

પહેલાં સુશર્મા બરાબર સજ્જ થઈને ગાયોની ચોરી કરવા ગયો. ગૌશાળા પાસે તેને રોકનારું કોણ હતું? ગૌશાળાના માણસો દોડતા દોડતા વિરાટ રાજા પાસે આવ્યા અને તેને ગાયોના હરણની ખબર આપી.

વિરાટ રાજા યુદ્ધનો સાજ સજીને યુદ્ધ કરવા ચાલ્યો. સુશર્મા અને વિરાટ વચ્ચે ભયંકર યુદ્ધ થયું; પણ એકાએક સુશર્માએ વિરાટના રથના ટુકડે ટુકડા કરી નાખ્યા, રથના સારથિને મારી નાખ્યો અને વિરાટને કેદ કર્યો.

વિરાટ રાજાને શત્રુના હાથમાં કેદ પકડાયેલો જોઈ વિરાટ રાજાના સૈનિકો રણક્ષેત્રમાંથી નાસભાગ કરવા લાગ્યા.

યુધિષ્ઠિરે બધી હકીકત જાણી ભીમસેનને આજ્ઞા કરી, કે "ભાઈ, આપણા આશ્રયદાતા વિરાટ રાજાને છોડાવી લાવ."

પહેલાં તો ભીમસેને એક મોટું ઝાડ ઉપાડી લડવાનો વિચાર કર્યો; પણ જો ભીમ એવી રીતે લડે, તો તરત જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખાઈ જાય; એટલે યુધિષ્ઠિરે ભીમને કંઈ પણ હથિયાર લીધા વગર જ લડવાનું કહ્યું. ભીમ પણ યુધિષ્ઠિર સાથે સંમત થયો.

ત્રિગર્તરાજ સુશર્માની સાથે ભીમને ભીષણ યુદ્ધ થયું. ભીમે મોટાભાઈ યુધિષ્ઠિરની આજ્ઞાને માન આપી સુશર્માને લડાઈમાં મારી નાખ્યો નહિ. સુશર્મા માંડમાંડ પોતાની જિંદગી બચાવી રણભૂમિમાંથી પોબારા ગણી ગયો. ભીમે આમ વિરાટ રાજાને છોડાવ્યા.

પાંડવોના હાથે છુટકારો પામીને વિરાટ રાજા તેમના ઉપર એટલો બધો ખુશ થઈ ગયો, કે તેણે પોતાનું રાજ્ય પણ પાંડવોને આપી દેવાની ઇચ્છા બતાવી; પણ ધાર્મિક પાંડવો તે કેવી રીતે લઈ શકે? રાજા યુદ્ધમાં જીત્યો છે, એ ખબર સાંભળી નગરના લોકો, એક મોટો ઉત્સવ ઊજવવાની તૈયારીમાં પડી ગયા.

એટલામાં વળી વિરાટ રાજ્ય ઉપર બીજી એક આફત આવી પડી.

વિરાટ રાજા રાજધાનીમાં ન હતો. તે ત્રિગર્તના રાજા સુશર્મા સાથે યુદ્ધ કરવા ગયો હતો; બરાબર તે વખતે કૌરવોએ ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય વગેરેને લઈ વિરાટ રાજ્ય ઉપર હલ્લો કર્યો અને તેની સાઠ હજાર ગાયો લઈને ચાલતા થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા વિરાટ પર સુશર્માની ચડાઈ અને કૌરવો ગાયો લઈ ગયા તેથી બંને વચ્ચે યુદ્ધ

વિરાટ રાજાના પુત્ર ઉત્તરના મનમાં બહુ અભિમાન હતું, કે "હું એક મોટો યોદ્ધો છું". ગૌશાળામાંથી ગાયોનું હરણ થયું છે, તે ખબર જ્યારે ઉત્તરના સાંભળવામાં આવી, ત્યારે ઉત્તર અંતઃપુરમાં જઈ પોતાની માતાને તથા બહેનોને કહેવા લાગ્યો: "જો મને મારો રથ ચલાવનાર સારો સારથિ મળી જાય, તો હું એકલો જ દુષ્ટ કૌરવોને હરાવીને ગાયો પાછી લાવી દઉં!"

વિરાટ રાજાની પુત્રી ઉત્તરા પોતાના મોટાભાઈના મોઢેથી વારંવાર આ વાત સાંભળી કહેવા લાગી: "મોટા-ભાઈ, અમને જે નૃત્ય શિખવે છે તે બૃહન્નલા પણ, સાંભળ્યું છે તેમ, બહુ કુશળ સારથિ છે. તે બનતા સુધી તો અર્જુન-નો સારથિ હતો. તમારી ઇચ્છા હોય, તો હું તેને તમારો સારથિ બનવાનું કહું."

થોડી રકઝક પછી એમ નક્કી થયું. બૃહન્નલા ઉત્તરનો સારથિ બની રથ ચલાવવા લાગ્યો. ઉત્તરા અને બીજી કન્યાઓએ ઉત્તરને જતી વખતે કહ્યું હતું, કે "મોટાભાઈ, યુદ્ધમાં કૌરવોને જીતી તેમનાં સારાં સારાં વસ્ત્રો ઉતારી લાવજો. અમારી પૂતળીઓને શણગારવામાં તે ઠીક કામ લાગશે."

રાજકુમાર પુષ્કળ અભિમાનથી બૃહન્નલાને કહેવા લાગ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું તો કૌરવોને મારી નાખ્યા વગર પાછો ફરવાનો નથી". પણ જે ખીજડાના ઝાડ ઉપર પાંડવોએ પોતાનાં અસ્ત્રશસ્ત્ર સંતાડ્યાં હતાં, તે ઝાડ પાસે આવી જ્યારે ઉત્તરે કૌરવોનું દરિયા જેવું મોટું સૈન્ય જોયું, ત્યારે તો તે બે-ભાન થઈ જવા લાગ્યો! યુદ્ધની વાત તો બાજુએ રહી અને ઉત્તર તો મેદાનમાંથી નાસી જવાની તૈયારી કરવા લાગ્યો; પણ અર્જુન તેને ક્યાં જવા દે તેવો હતો? તેણે ઉત્તરને પોતાનો સારથિ બનવા ખૂબ સમજાવ્યો; અને પોતે ખીજડાના ઝાડ ઉપરથી અસ્ત્ર–શસ્ત્રો અને ગાંડીવ ધનુષ્ય લઈ આવ્યો. ત્યાર પછી અર્જુને ઉત્તરને પોતાની અને પોતાના ચારે ભાઈઓની ઓળખાણ આપી. સાથે સાથે દ્રૌપદીની ઓળખાણ પણ તેણે આપી દીધી.

ઉત્તર પાંડવોનો પરિચય પામી નિશ્ચિંત બન્યો. હવે તેની બીક જતી રહી. ખુદ વીરશ્રેષ્ઠ અર્જુન તેની સાથે યુદ્ધમાં હોય, ત્યાં પછી બીક શાની?

અર્જુને યોદ્ધાનો સાજ સજી રથમાં બેસી ગાંડીવનો ટંકાર કર્યો અને લડાઈ જાહેર કરવા શંખ ફૂંક્યો. ગાંડીવનો ટંકાર સાંભળી કૌરવોનાં હૃદય થરથરી ઊઠ્યાં! આંખો ઉઘાડી જુએ છે, તો અર્જુન એકલો જ એક નાના સરખા સારથિને લઈ યુદ્ધ કરવા આવ્યો હતો; પણ દુર્યોધન તો અર્જુનને જોઈ બહુ રાજી થયો. તે વિચાર કરવા લાગ્યો: "પાંડવોના અજ્ઞાતવાસનો સમય હજુ પૂરો થયો નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં તો અર્જુન પરખાઈ ગયો છે; એટલે હવે શરત પ્રમાણે બધા પાંડવોને બીજાં બાર વર્ષ વનમાં ગાળવાં પડશે." પણ એટલામાં ભીષ્મ પિતામહ બોલી ઊઠ્યા: "પાંડવોના અજ્ઞાતવાસનો સમય પૂરો થઈ ગયો છે!"

ત્યાર પછી જે યુદ્ધ થયું, તે ખરેખર ઘણું ભયંકર હતું. અર્જુને સૌથી પહેલાં બે બાણ દ્રોણાચાર્યના પગ પાસે નાખી પોતાના ગુરુને પ્રણામ કર્યા. કર્ણ, અશ્વત્થામા વગેરેએ અર્જુનને રોકવા ઘણા પ્રયત્નો કર્યા, પણ બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા.

ભીષ્મે તે વખતે દુર્યોધનને કહ્યું: "પાંડવોને તેમનું રાજ્ય પાછું આપી તેમની સાથે ભાઈબંધી બાંધ". પણ ચોર તે કંઈ ધર્મની વાતો સાંભળતો હશે? દુર્યોધને ભીષ્મની સલાહ માની નહિ.

યુદ્ધ ઘણું ભયંકર નીવડયું. આખું આકાશ બાણોથી છવાઈ ગયું. પાસે ઊભેલા માણસને પણ જોઈ શકાતો ન હતો. આ પ્રમાણે ભીષણ યુધ્ધ ચાલતું હતું, એવામાં સંમોહન નામનું બાણ છોડી અર્જુને બધાને બેભાન કરી દીધા. લાગ જોઈ તેણે ફક્ત ભીષ્મ સિવાય બીજા બધાની પાઘડીઓ છોડી લાવવાનું ઉત્તરને કહ્યું. ઉત્તરાએ કૌરવોનાં કપડાં ઉતારી લાવવાનું કહ્યું હતું, તે અર્જુનને યાદ હતું.

અર્જુન બધાને હરાવી ગાયો પાછી લઈ વિરાટ રાજ્યમાં પાછો ચાલ્યો. રસ્તામાં તેણે ઉત્તરને પોતાનું નામ કોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જણાવવું નહિ એમ કહ્યું.

યુદ્ધ શરૂ થતાં પહેલાં ઉત્તરે અર્જુન પાસેથી તેનાં દશ નામના અર્થ જાણવાની ઇચ્છા બતાવી. અર્જુન હવે તેનાં દશ નામના અર્થ બતાવવા લાગ્યો: "મેં ઘણાં રાજ્યો જીત્યાં છે અને ત્યાંથી હું પુષ્કળ ધન લાવ્યો છું; એટલે મારું એક નામ 'ધનંજય' છે. યુદ્ધમાં હું જીત મેળવ્યા વગર પાછો ફરતો નથી; એટલે મારું એક નામ 'વિજય' છે. હું મારા રથને હમેશાં સફેદ ઘોડા જ જોડું છું; એટલે મારું નામ 'શ્વેતવાહન' પણ છે. ઉત્તર ફાલ્ગુની નામના નક્ષત્રમાં મારો જન્મ થયો હોવાથી લોકો મને 'ફાલ્ગુની' પણ કહે છે. રાક્ષસો સાથેના યુદ્ધમાં મને જીત મળતાં દેવરાજ ઇંદ્રે સૂર્યની માફક મને પણ એક મુગટ (કિરીટ) ભેટ આપ્યો છે; તેથી હું 'કિરીટી'ના નામથી પણ ઓળખાઉં છું. હું કોઈ દિવસ યુદ્ધમાં ક્રૂર કાર્ય કરતો નથી; એટલે મારું નામ 'બીભત્સુ' છે. ડાબે અને જમણે એમ બંને હાથે હું સરખી રીતે અસ્ત્ર છોડી શકું છું; તેથી મારું નામ 'સવ્યસાચી' છે. યુદ્ધમાં મારા જેવું સાહસિક કોઈ નથી; એટલે હું 'જિષ્ણુ' કહેવાઉં છું. હું દરેક જગ્યાએ સારું કામ જ કરું છું; તેથી લોકો મને 'અર્જુન' પણ કહે છે. મારી ચામડીનો રંગ કાળો છે; તેથી કેટલાક મને 'કૃષ્ણ' પણ કહે છે." અર્જુનનાં દશ નામ સાંભળી ઉત્તર બહુ રાજી થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બાજુ વિરાટ રાજાએ રાજધાનીમાં પાછા આવી ખબર મેળવી, કે ઉત્તર કૌરવો સામે યુદ્ધમાં ગયો છે. એ સમાચાર સાંભળી વિરાટ રાજા ખૂબ આકુળવ્યાકુળ બન્યો. તેણે તરત પોતાનું લશ્કર ઉત્તરની મદદ માટે મોકલી આપવાની વ્યવસ્થા કરી.

યુધિષ્ઠિરે વિરાટ રાજાને કહ્યું: "મહારાજ! કંઈ પણ ચિંતા કરવાની જરૂર નથી. જે માણસનો બૃહન્નલા સારથિ હોય, તે માણસ કોઈ પણ દિવસ લડાઈમાં હારે નહિ."

એવામાં ખબર આવી, કે ઉત્તર યુદ્ધમાં જીત્યો છે અને ગાયો છોડાવીને તે રાજધાનીમાં પાછો આવે છે.

યુધિષ્ઠિરે કહ્યું: "જોયું, મહારાજ! હું તો પહેલેથી જ કહેતો હતો, કે જે માણસનો બૃહન્નલા સારથિ છે, તે માણસ કોઈ પણ દિવસ યુદ્ધમાં હારે જ નહિ. "પોતાનો પુત્ર આટલા મોટા યુદ્ધમાં જીત્યો છે, તે ખબર સાંભળી વિરાટ રાજાને મન ઘણો આનંદ થયો. ખુશ થતાં થતાં તે યુધિષ્ઠિરની સાથે સોગઠાંબાજી રમવા બેઠો. રમતાં રમતાં તે યુધિષ્ઠિરને કહે: "કંક! આજે મારે મન તો આનંદનો દિવસ છે, મારા પુત્ર ઉત્તરે કૌરવોને આજે યુદ્ધમાં હરાવ્યા છે."

યુધિષ્ઠિરે કહ્યું: "મહારાજ! બૃહન્નલા જ્યાં સરાથિ હોય, ત્યાં વિજય નક્કી જ સમજવો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરાટ રાજા હવે યુધિષ્ઠિર ઉપર ગુસ્સે ભરાયો. તે કહેવા લાગ્યો: "ખબરદાર કંક! વારંવાર 'બૃહન્નલા' 'બૃહન્નલા' કર નહિ. તેને બદલે એમ કહે, કે તમારો પુત્ર ઉત્તર આજે જીત્યો છે.'"

યુધિષ્ઠિર કહે: "પણ ઉત્તર તો બૃહન્નલાની દયાથી જ જીત્યો છે. ભીષ્મ, દ્રોણ, કર્ણ જેવા વીર પુરુષોને બૃહન્નલા સિવાય બીજું કોઈ હરાવી શકે નહિ."

વિરાટથી હવે વધારે સહન થઈ શક્યું નહિ. ક્રોધથી તે પોતાની જાતને પણ ભૂલી ગયો; અને યુધિષ્ઠિરના મોં ઉપર છૂટાં સોગઠાં ફેંક્યાં. નાક ઉપર સોગઠાં વાગવાથી યુધિષ્ઠિરના નાકમાંથી દડદડ કરતું લોહી પડવા માંડ્યું.

દ્રૌપદી પાસે જ હતી. દોડતાં દોડતાં આવી તેણે સોનાના પાત્રમાં લોહી ઝીલી લીધું.

તે વખતે કુમાર ઉત્તર એકાએક રાજસભામાં આવી ચડ્યો. યુધિષ્ઠિરના નાકમાંથી લોહી નીકળતું જોઈ તેણે પૂછ્યું: "પિતાજી, કોણે આમની આવી દશા કરી?"

વિરાટે કહ્યું: "મેં કરી છે. જ્યારે જ્યારે હું તારાં વખાણ કરું છું ત્યારે ત્યારે આ બ્રાહ્મણ કહે છે, કે 'બૃહન્નલાને લીધે જ જીત થઈ છે.' આટલું બધું તેનામાં અભિમાન છે!"

ઉત્તર કહે: "પિતાજી, આ બ્રાહ્મણને જલદીથી સંતુષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરો. જો તે માફ નહિ કરે, તો મારું કોઈ પણ દિવસ ભલું થવાનું નથી. "

પુત્રની વાત સાંભળી વિરાટ રાજા ખૂબ ગભરાયો અને સાથે સાથે આશ્ચર્ય પણ પામ્યો. તેણે તરત જ યુધિષ્ઠિરની ક્ષમા માગી.

યુધિષ્ઠિરે કહ્યું: " મહારાજ, મેં તો પહેલેથી જ આપને માફી આપી છે. "

ઉત્તર વિરાટ રાજાને કહેવા લાગ્યો: ' પિતાજી, લડાઈમાં હું જીત્યો છું, તે વાત બરાબર નથી; હું તો ફક્ત રથ જ હાંકતો હતો. યુદ્ધ કરનાર તો એક મહાવીર દેવપુત્ર હતો. '

ઉત્તરની વાત સાંભળી વિરાટ કહે: " કેમ, તે કેવી રીતે? તે દેવપુત્રને અહીં લઈ આવ. તેના પગની ધૂળ મારા માથા ઉપર ચડાવી હું ધન્ય થઈશ. "

ઉત્તરે જવાબ આપ્યો, " તે બે–ચાર દિવસમાં આપને મળવા આવશે. "

અજ્ઞાતવાસનો સમય હવે પૂરો થયો; એટલે પાંડવોએ પોતપોતાની ઓળખાણ આપવાનું નક્કી કર્યું.

બધાએ નાહીધોઈ સુંદર કપડાં પહેર્યાં. રાજા યુધિષ્ઠિર વિરાટ રાજાના સિંહાસન ઉપર બેઠા; ભીમ, અર્જુન, નકુળ વગેરે તેમની પાસે ઊભા રહ્યા.

વિરાટ રાજા પહેલાં તો કંકને પોતાના સિંહાસન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ચડી બેઠેલો જોઈ ખૂબ ગુસ્સે થયો! પણ જ્યારે તેણે અર્જુન પાસેથી જાણ્યું, કે આ તો યુધિષ્ઠિર પોતે જ છે, ત્યારે તેને જે આનંદ થયો તેની તો વાત જ ન પૂછતા!

ઉત્તર વિરાટને કહે: "પિતાજી! તે દિવસે આ દેવપુત્રે જ યુદ્ધ કરી કૌરવોને હરાવી દીધા હતા. આ બીજું કોઈ નથી, પણ પાંડવોમાં ત્રીજો એવો અર્જુન છે. તે જ આપણા મહેલમાં 'બૃહન્નલા'નું છૂપું નામ રાખી રહ્યો હતો.

યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, સહદેવ, નકુળ અને દ્રૌપદી પાસેથી તેમની ઓળખાણ મેળવી વિરાટ રાજા રાજી રાજી થઈ ગયો.

પાંડવોએ પોતાના રાજ્યમાં એક સામાન્ય માણસને શોભે એવું કામ કરી વર્ષ પૂરું કર્યું છે, એ વાત વિરાટ રાજાને મન તો સ્વપ્ન સમાન લાગી. તે પોતાની જાતને એક મોટી અપરાધી ગણવા લાગ્યો. પાંડવોને હવે કેવી રીતે ખુશ કરવા, તે માટે વિરાટ રાજા ખૂબ વિચાર કરવા લાગ્યો.

અભિમન્યુ અને ઉત્તરાનાં લગ્ન

ખૂબ વિચાર કર્યા પછી વિરાટ રાજાએ પોતાની પુત્રી ઉત્તરાંના લગ્ન અર્જુન સાથે કરવાની ઇચ્છા બતાવી; પણ અર્જુન તો ઉત્તરાનો શિક્ષક હતો અને તેને પોતાની પુત્રી જેવી ગણતો એટલે અર્જુને ઉત્તરા સાથે લગ્ન કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના પાડી; પણ આખરે પોતાના પુત્ર અભિમન્યુ સાથે ઉત્તરાનાં લગ્ન કરવાને તે કબૂલ થયો.

વીર બાળક અભિમન્યુ સાથે ઉત્તરાનાં લગ્ન થવાના છે, એ વાત ચારે દિશામાં ફેલાઈ. બધાંના મોંમાંથી આ વાત સાંભળી એક જ વાક્ય નીકળતું, કે "આવું યોગ્ય લગ્ન તો આંખે જોયું તો નથી, પણ કાને સાંભળ્યું પણ નથી!" એક બાજુ અભિમન્યુ જેવો ગુણવાન, તેજસ્વી અને અસ્ત્રશસ્ત્ર વિદ્યામાં પારંગત હતો, તેમ જ બીજી બાજુ ઉત્તરા પણ સુલક્ષણા, સુંદર અને સર્વગુણોવાળી હતી. વિરાટરાજાનો રાજમહેલ આનંદથી ગાંડો થઈ ગયો.

એક સારા દિવસે સારા ચોઘડિયામાં ઉત્તરા અને અભિમન્યુનાં લગ્ન થઈ ગયાં. પાંડવોના સગાંવહાલાંઓ અને મિત્રો વિરાટ રાજાના રાજ્યમાં આવ્યાં હતાં; પાંડવોના મિત્ર શ્રીકૃષ્ણ અને બળરામ પણ ત્યાં આવ્યા હતા; આ વાત સાંભળી કૌરવો ઈર્ષાથી બળી મરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ : ઉદ્યોગપર્વ

[વનવાસથી પાછા આવ્યા પછી પોતાનું રાજ્ય મેળવવાનો ઉદ્યોગ કરવા લાગ્યા. એથી આ પર્વનું નામ ઉદ્યોગપર્વ પાડ્યું છે.]

પાંડવ–કૌરવ યુદ્ધની તૈયારી

ઉત્તરા અને અભિમન્યુનાં લગ્ન થઈ ગયાં. હવે પાંડવોએ પોતાનું ગુમાવેલું રાજ્ય કેવી રીતે પાછું મેળવવું, એને માટે બીજા રાજાઓ સાથે વિરાટ રાજાના મહેલમાં જ શ્રી કૃષ્ણ મંત્રણાઓ ચલાવવા લાગ્યા. બધાએ ભેગા મળી એમ નક્કી કર્યું, કે પહેલાં તો ભલમનસાઈથી કૌરવો પાસે અર્ધું રાજ્ય માગવું; જો તેઓ ન આપે, તો પછી યુદ્ધ કરીને પણ રાજ્ય તો લેવું જ.

દુર્યોધન અને તેના સાથીદારો પાંડવોની આ માગણી સામે વિરોધ ઉઠાવતા કહેવા લાગ્યાઃ "પાંડવો અજ્ઞાતવાસના સમય પહેલાં જ ઓળખાઈ ગયા છે; માટે તેમણે શરત પ્રમાણે બીજાં બાર વર્ષ વનમાં ગાળવાં જોઈએ." બધી વાતચીત ઉપરથી સમજાયું, કે દુર્યોધન કોઈ પણ સંજોગોમાં પાંડવોને તેમનું અર્ધું રાજ્ય પાછું આપવાને તૈયાર નથી; એટલે બંને બાજુએ લડાઈની ભારે તૈયારીઓ ચાલવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કૃષ્ણ દ્વારિકા ચાલ્યા ગયા. યુદ્ધને માટે કૌરવો અને પાંડવો અસ્ત્રશસ્ત્ર અને માણસો ભેગા કરવા લાગ્યા. બીજાઓને પોતાના પક્ષમાં લેવા માટે બંને પક્ષોએ ચારે બાજુ દૂતોને દોડાવ્યા. પાંડવો સૌથી પહેલાં તો શ્રી કૃષ્ણને પોતાના પક્ષમાં લેવા માગતા હતા; કારણ કે શ્રી કૃષ્ણ સિવાય તેમને પોતાના બળ ઉપર પણ વિશ્વાસ આવતો નહિ. એટલે શ્રી કૃષ્ણને પાંડવોના પક્ષમાં લેવા માટે અર્જુન દ્વારિકા ગયો.

જે દિવસે અર્જુન દ્વારિકા પહોંચ્યો, તે દિવસે જ દુર્યોધન પણ ત્યાં આવ્યો હતો. દુર્યોધન પણ શ્રી કૃષ્ણને પોતાના પક્ષમાં આવવાની વિનતિ કરવા જ આવ્યો હતો. જ્યારે અર્જુન અને દુર્યોધન દ્વારિકામાં શ્રી કૃષ્ણને મળવા ગયા, ત્યારે શ્રી કૃષ્ણ ઊંઘતા હતા.

દુર્યોધન અને અર્જુન બંને જણા તેથી શ્રી કૃષ્ણના સૂવાના ઓરડામાં ગયા. દુર્યોધન તો મોટો રાજા હતો એટલે શયનગૃહમાં જઈ શ્રી કૃષ્ણના માથા પાસે એક સુંદર આસન પડ્યું હતું તેના ઉપર બેઠો.

ઊંઘ પૂરી થતાં શ્રી કૃષ્ણે પહેલાં અર્જુનને અને ત્યારપછી જ દુર્યોધનને જોયો.

દુર્યોધને હસીને કહ્યું : "શ્રી કૃષ્ણ! કૌરવ–પાંડવના યુદ્ધમાં હું આપની મદદ લેવા આવ્યો છું. અમે બંને જણા આપની આંખ આગળ તો સરખા જ છીએ; છતાં હું પહેલો આવ્યો છું, એટલે આપે મને મદદ કરવી જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કૃષ્ણે દુર્યોધનને કહ્યું : “ કુરુવીર ! તમે પહેલાં આવ્યા છો, તે વાત સાચી; પણ મેં તો પહેલાં અર્જુનને જ જોયો છે એટલે હું તો તમને બંને જણાને મદદ આપીશ. એક બાજુ એક અબજ સૈનિકોવાળી ભયંકર મારી નારાયણી સેના રહેશે; અને બીજી બાજુ અસ્ત્રશસ્ત્ર વગર હું રહીશ. યુદ્ધમાં હું કોઈ પણ જાતનો ભાગ લઈશ નહિ. અર્જુન ! તું નાનો છો, એટલે પહેલાં તું જ માગ. ”

અર્જુને તો શ્રી કૃષ્ણને જ માગ્યા; અને શ્રી કૃષ્ણને પણ પાંડવોના પક્ષમાં જ રહેવું હતું.

શ્રી કૃષ્ણ યુદ્ધમાં બિલકુલ ભાગ લેવાના ન હતા; અને હથિયાર પણ પકડવાના ન હતા; એટલે એક અબજ સૈનિકોવાળી શ્રીકૃષ્ણની નારાયણી સેના મેળવી દુર્યોધન ખૂબ ખુશ થઈ ગયો અને બળરામ પાસે તેમની મદદ માગવા ગયો.

બળરામે કહ્યું : “ કૌરવ–પાંડવ બંને મારે મન તો સરખા જ છે; વળી, શ્રી કૃષ્ણ સિવાય મારામાં એક લાકડી ઝાલવાની પણ શક્તિ નથી.” એટલે બળરામ તો તટસ્થ જ રહ્યા. શ્રી કૃષ્ણ યુદ્ધમાં ભાગ લેવાના ન હતા; પણ તેમણે અર્જુનના સારથિ બની યુદ્ધમાં રથ ચલાવવાનું કબૂલ કર્યું.

બંને બાજુએ મોટા મોટા યોદ્ધાઓ જુદાં જુદાં હથિયારો લઈ આવવા લાગ્યા. કોઈની પાસે ભાલો હોય, તો કોઈની પાસે તોમર; કોઈની પાસે પરશુ હોય, તો વળી કોઈ લાકડીઓ લઈ આવે. કોઈ દોરડાં લેતું આવે, તો કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેડે તલવાર લટકાવી આવે. આમ અસંખ્ય અસ્ત્રશસ્ત્ર લઈ અગણિત માણસો કુરુક્ષેત્રના મેદાન ઉપર આવવા લાગ્યા. પાંડવોના પક્ષમાં સાત્યકિ નામનો એક મહા બળવાન યોદ્ધો પોતાની ચતુરંગી સેના સાથે લઈને આવ્યો. તેની સાથે એક અક્ષૌહિણી* સેના હતી. ચેદી દેશનો રાજા મહાવીર ધૃષ્ટકેતુ અને મગધ દેશના રાજા જરાસંધનો પુત્ર જયત્સેન પણ પાંડવોની મદદે આવી પહોંચ્યા. બંનેની પાસે એક એક અક્ષૌહિણી સૈન્ય હતું.

મહાવીર દ્રુપદ અને મત્સ્યરાજ વિરાટ પણ મોટાં મોટાં સૈન્ય લઈ પાંડવોની મદદે આવી પહોંચ્યા. પાર્વત્ય દેશના મોટા ભાગના રાજાઓ પણ પાંડવોના પક્ષમાં જ પોતાના લશ્કરો લઈને આવી પહોંચ્યા. આ રીતે પાંડવો-ના પક્ષમાં લગભગ સાત અક્ષૌહિણી સેના ભેગી થઈ.

દુર્યોધનના પક્ષમાં તો એનાથી પણ મોટી સેના ભેગી થઈ હતી. ઘણા ઘણા દેશના રાજાઓ અને વીરપુરુષો કૌરવોને મદદ કરવા આવ્યા હતા. કૌરવોનું લશ્કર લગભગ અગિયાર અક્ષૌહિણીનું હતું.

બંને પક્ષમાં અસંખ્ય સૈનિકો હતા. દરિયાનાં અનંત મોજાંની માફક બંને સૈન્યો દેખાવા લાગ્યાં.

---

* એક અક્ષૌહિણી સૈન્યમાં ૧૦૯૩૫૦ પગે ચાલતા સૈનિકો, ૨૧૮૭૦ હાથીઓ, ૬૫૬૧૦ ઘોડાઓ અને ૨૧૮૭૦ રથો રહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું મોટું યુદ્ધ કરવાની પાંડવોને તો જરા ય ઇચ્છા ન હતી. તેમને યુદ્ધ તો ગમતું જ ન હતું. યુદ્ધ થતું અટકાવવા દ્રોણે અને ભીષ્મે કેટલા ય પ્રયત્નો કર્યા; પણ બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા. વિદુર, સંજય એ બધા તો આખો દિવસ રાજા ધૃતરાષ્ટ્રને યુદ્ધ અટકાવવા માટે સમજાવવા લાગ્યા. શ્રી કૃષ્ણ જાતે કૌરવોની રાજસભામાં પાંડવો માટે પાંચ ગામની માગણી કરવા ગયા હતા; પણ દુર્યોધને શ્રી કૃષ્ણનું અપમાન કરી સાફ સાફ કહી દીધું, કે "યુદ્ધ વગર તો પાંડવોને એક સોય ઊભી રહે, તેટલી જગ્યા પણ ન આપું !"

જે માણસ યુદ્ધ વગર એક સોય ઊભી રહે તેટલી જગ્યા આપવાની પણ ના પાડતો હોય, તે માણસ સામે યુદ્ધ કર્યા સિવાય બીજો કયો ઉપાય હોઈ શકે ?

રાણી ગાંધારીદેવીએ પણ દુર્યોધનને યુદ્ધ બંધ કરવાને કેટલો બધો ઉપદેશ આપ્યો ? પણ દુર્યોધનની દુષ્ટ બુદ્ધિ ભવિષ્યનો વિચાર જ કરવાને જ ના પાડતી હતી !

શ્રી કૃષ્ણ જ્યારે હસ્તિનાપુર આવતા હતા, ત્યારે રસ્તામાં તેમણે કર્ણને પોતાના રથમાં લીધો, અને કહ્યું: "કર્ણ ! પાંડવો તારા ભાઈઓ છે. કુંતીદેવીનો સૌથી મોટો પુત્ર તો તું જ છે; એટલે તું પાંડવોના પક્ષમાં આવ. પાંડવો તારા દાસ થઈને રહેશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ શ્રી કૃષ્ણની બધી વાત સાંભળ્યા પછી કર્ણ કોઈ પણ રીતે પાંડવોના પક્ષમાં જવા કબૂલ થયો નહિ. તેણે કહ્યું: "શ્રી કૃષ્ણ! હું જાણું છું, કે હું પાંડવોનો મોટો ભાઈ અને કુંતીદેવીનો સૌથી મોટો પુત્ર છું; પણ કુંતીદેવીએ મારા ઉપર એક માના જેવો ભાવ રાખ્યો નથી! લોકો મને 'સૂતપુત્ર'ના નામથી જ ઓળખે છે. વળી, મેં આટલા દિવસ સુધી દુર્યોધનનું અન્ન ખાધું છે; એટલે હું તેને કેવી રીતે છોડી શકું? જે યુદ્ધ થવાનું છે, તે થશે જ; તેને કોઈ અટકાવી શકવાનું નથી."

કુંતીદેવી પણ કર્ણની પાસે ભાઈઓ ભાઈઓ વચ્ચે યુદ્ધ ન કરવાની માગણી કરવા ગયાં હતાં; પણ કર્ણે તેમને કહ્યું: "મા, તારા દોષને લીધે જ હું આજે એક રાજપુત્ર તરીકે ઓળખાવવાને બદલે સૂતપુત્ર તરીકે ઓળખાઉં છું; એટલે જ આજે મારે મારા ભાઈઓ સાથે યુદ્ધ કરવું પડે છે. ગમે તે થાય, પણ હું અર્જુન સિવાય બીજા કોઈ પાંડવને નહિ મારું. અર્જુન મારા જેવો જ બહાદુર છે; એટલે તેની સાથે તો હું યુદ્ધ કરીશ જ. કાં તે મરશે, કાં હું મરીશ. જો અર્જુન મરી જશે, તો હું તારી પાસે આવતો રહીશ, એટલે તને તો પહેલાંની માફક પાંચ પુત્રો જ રહેશે."

કર્ણને જરા પણ ડગતો ન જોઈ કુંતીદેવી તેને આશીર્વાદ આપી પાછાં ફર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતજોતામાં બંને પક્ષના સૈનિકોથી કુરુક્ષેત્રનું મોટું અને ખુલ્લું મેદાન છવાઈ ગયું. કૌરવોના મુખ્ય સેનાપતિ ભીષ્મ પિતામહ બન્યા. અર્જુન પાંડવોનો મુખ્ય સેનાપતિ બન્યો. શ્રી કૃષ્ણ પાંડવોના મુખ્ય સલાહકાર બન્યા. તેમની સલાહ પ્રમાણે જ યુદ્ધ ચાલવાનું હતું.

ભીષ્મે દુર્યોધનને કહ્યું: "હું દરરોજ તારા હજાર શત્રુઓને મારીશ. પણ મારે મન તો જેવો તું છે, તેવા જ પાંડવો છે; એટલે એ પાંચે ભાઈઓમાંથી કોઈના તરફ હું કોઈ પણ અસ્ત્ર કે શસ્ત્ર ફેંકી શકીશ નહિ."

કૌરવપક્ષમાં તો યુદ્ધનો સેનાપતિ કોને નીમવો, એ માટે જ ઘણી ખેંચતાણ થઈ. ભીષ્મ અને કર્ણ વચ્ચે તો પહેલેથી જ તકરાર હતી! એટલે ભીષ્મને મુખ્ય સેનાપતિ બનતા જોઈ કર્ણે કહ્યું: "જેટલા દિવસ સુધી ભીષ્મ યુદ્ધ કરશે, તેટલા દિવસ સુધી હું હથિયાર ધારણ કરીશ નહિ."

બધા જ એમ માનતા હતા, કે "હું મોટો અને બહાદુર લડવૈયો છું;" એટલે એક જણને છોડી બીજાને ઊંચું પદ આપવાનું કાર્ય અતિશય કઠિન હતું.

આખરે એમ નક્કી થયું, કે ધૃષ્ટદ્યુમ્નની સાથે લડવું દ્રોણે, અર્જુનની સાથે ભીષ્મે, ભીમની સાથે દુર્યોધને અને ધૃષ્ટકેતુની સાથે શલ્યે.

રાજા દ્રુપદને શિખંડી નામનો એક નપુંસક પુત્ર હતો; તે પણ યુદ્ધમાં આવ્યો હતો. ભીષ્મે કહ્યું: "હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાની સાથે લડીશ; પણ શિખંડી સામે તો લડીશ નહિ. તે પૂર્વજન્મમાં કાશીરાજની પુત્રી હતી. તમે બધા જાણો છો, કે મારા ભાઈ વિચિત્રવીર્યના લગ્ન માટે હું કાશીરાજની ત્રણ કન્યા–અંબા, અંબાલિકા, અને અંબિકા–ને સ્વયંવરમાંથી બળપૂર્વક ઉપાડી લાવ્યો હતો; પણ તે વખતે અંબાએ મને કહેલું, કે 'હું શાલ્વરાજાને મનથી પરણી ચૂકી છું;' એટલે તેને છોડી બીજી બે કન્યાઓને મારા ભાઈ સાથે પરણાવી હતી. અંબા શાલ્વરાજા પાસે ગઈ; પણ હું અંબાને સ્વયંવરમાંથી ઉપાડી લાવ્યો છું, એ હકીકત જાણી શાલ્વરાજાએ તેને તિરસ્કારથી અને શરમથી સંઘરવાની ના પાડી. અંબા પોતાના પિતાને ઘેર તો કેવી રીતે જઈ શકે? એટલે ઋષિ–મુનિઓને અને દેવોને પોતાનું દુઃખ જણાવવા તે ખૂબ મોટેથી રડવા લાગી. હું જ તેના દુઃખનું કારણ છું, એમ માની અંબાએ મને મારવા માટે શિવ પાસેથી એવું વરદાન માગવા બહુ લાંબા સમય સુધી તપસ્યા કરી. શિવના વરદાનથી તે હવે દ્રુપદરાજાને ત્યાં શિખંડી બની અવતરી છે. હું જાણું છું, કે શિખંડી પુરુષ નથી; એટલા માટે હું તેના તરફ કોઈ પણ જાતનું અસ્ત્ર ફેંકીશ નહિ."

યુદ્ધને માટે બંને સૈન્યો તૈયાર થઈ ગયાં. એ વખતે દુર્યોધન ભીષ્મ, દ્રોણ, કૃપ, વગેરેની પાસે જઈ પૂછવા લાગ્યો: "આપને પાંડવોના આખા સૈન્યને હરાવતાં કેટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ લાગે ?"

ભીષ્મે કહ્યું: "હું એક મહિનામાં યુદ્ધ પૂરું કરી શકું."

દ્રોણે કહ્યું: "મને પણ લગભગ એક મહિનો જ લાગે."

કૃપે કહ્યું: "મારે તો બે મહિનાથી ઓછો સમય ચાલે નહિ."

અશ્વત્થામાએ કહ્યું: "જો હું પ્રયત્ન કરું, તો દશ દિવસમાં જ યુદ્ધ પૂરું કરી શકું."

કર્ણે કહ્યું: "મને તો પૂરા પાંચ દિવસ ન લાગે." કર્ણની આવી અભિમાનભરેલી વાણી સાંભળી ભીષ્મથી હસ્યા વગર રહેવાયું નહિ.

જ્યારે જાસૂસોએ પાંડવોની છાવણીમાં આવી આ વાત કરી, ત્યારે યુધિષ્ઠિરે અર્જુનને પૂછ્યું: "અર્જુન, આખા કૌરવસૈન્યનો નાશ કરતાં તને કેટલા દિવસ લાગે?"

અર્જુને જવાબ આપ્યો: "શ્રીકૃષ્ણ જ્યાં સુધી આપણી સાથે છે, ત્યાં સુધી તો એક પળમાં જ કૌરવ-સૈન્યનો વિનાશ કરી નાખું. મહાદેવે મને જે પાશુપત અસ્ત્ર આપ્યું છે, તે અસ્ત્રથી કૌરવ-સૈન્યનો તો શું પણ આખી પૃથ્વીનો નાશ કરતાં મને એક પળથી વધારે વાર લાગે નહિ; પણ હું તેવી રીતે યુદ્ધ કરવા માગતો નથી. હું તો એક સામાન્ય સૈનિકની માફક જ યુદ્ધ કરવા ઇચ્છું છું"

રાત્રિ પૂરી થતાં સવાર પડ્યું. સવાર થતાં જ મહા-યુદ્ધનો આરંભ થયો. ચારે બાજુએ 'તૈયાર થાઓ –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયાર થાઓ'ની બૂમો પડવા લાગી. છાવણીએ છાવણીએ નિશાનડંકા અને દુંદુભિઓ વાગવા લાગ્યાં. ઘોડાના હણહણાટ અને હાથીની કિકિયારીથી કાને ધાક પડે એટલો મોટો અવાજ થવા લાગ્યો—જાણે પ્રલય કાળ* સામે આવીને ઊભો! સ્વર્ગમાં દેવો પણ ટોળે વળી પાંડવ–કૌરવનું આ મહાન યુદ્ધ જોવા ભેગા થયા; એટલામાં આકાશમાંથી દેવવાણી થઈ, કે "જ્યાં ધર્મ છે, ત્યાં જ વિજય છે."

યુદ્ધ શરૂ થતા પહેલાં શ્રી કૃષ્ણ ધૃતરાષ્ટ્રને મળવા ગયા હતા. તે વખતે શ્રી કૃષ્ણે ધૃતરાષ્ટ્રને કહ્યું હતું, કે "રાજન્, નકામા દુઃખી ન થતા. નસીબમાં જે પ્રમાણે લખ્યું હોય છે, તે પ્રમાણે થાય છે જ. જો તમારે યુદ્ધ જોવાની ઇચ્છા હોય, તો હું તમને એવી શક્તિ આપું."

ધૃતરાષ્ટ્રે કહ્યું: "મારા પુત્રો અને મારા ભાઈના પુત્રો એકબીજાને મારે અને કાપે, પોતાનાં સગાંવહાલાંઓનો પોતાના હાથે જ નાશ થાય, એવું દૃશ્ય જોવા માટે મારે આંખો નથી જોઈતી."

શ્રી કૃષ્ણે કહ્યું: "યુદ્ધના સમય દરમિયાન સંજય તમારી પાસે બેસશે અને યુદ્ધનું બધું વર્ણન કરશે. મારા વરદાનથી સંજય અહીં બેઠો બેઠો બધું જોઈ શકશે." આટલું બોલી શ્રી કૃષ્ણ રાજા ધૃતરાષ્ટ્રની રજા લઈ ચાલી નીકળ્યા.

---

* પ્રલયકાળ વખતે આખી પૃથ્વીનો નાશ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ : ભીષ્મપર્વ

[આમાં ભીષ્મ પિતામહે દસ દિવસ સુધી કૌરવોના સેનાપતિ તરીકે રહીને પાંડવો સામે કરેલા યુદ્ધનું વર્ણન છે. તેથી આનું નામ **ભીષ્મ પર્વ** પાડ્યું છે.]

ભીષ્મના યુદ્ધનો પ્રથમ દિવસ

કુરુક્ષેત્રના વિશાળ મેદાનમાં કૌરવો અને પાંડવોના અસંખ્ય સૈનિકો જ્યાં પડાવ નાખી પડ્યા હતા, ત્યાં માણસોનાં માથાંની થોડા સમય પછી રમત ચાલવાની હતી.

યુદ્ધ શરૂ થતાં પહેલાં બંને પક્ષના મુખ્ય મુખ્ય માણસોએ ભેગા થઈ કેટલાક નિયમો ઘડી કાઢયા હતા—જેવા કે યુદ્ધ પૂરું થયા પછી બંને સૈન્યો વચ્ચે પહેલાંના જેવો જ સંબંધ રાખવો. રથમાં બેસનારો સામા પક્ષના રથમાં બેસનારા સાથે જ યુદ્ધ કરે, ઘોડા ઉપર બેસનારો ઘોડા ઉપર બેસનારા સાથે લડે, હાથી ઉપર બેસનારો હાથી ઉપર બેસનારા સાથે લડે અને પગે ચાલનારો સામા પક્ષના પગે ચાલનારા માણસ સાથે જ લડાઈ કરે. યુદ્ધમાં બેમાંથી કોઈ પણ પક્ષ અન્યાય કે છળ-કપટ જેવું કરી શકશે નહિ. જે સૈનિક ભય પામે, તેને મારવો નહિ. સારથિ, ભાર ઊંચકનાર મજૂર અને યુદ્ધક્ષેત્રમાં વાદ્યો વગાડનાર ઉપર કોઈ હલ્લો કરી શકે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેલી સવારમાં જ છાવણીઓમાં 'તૈયાર થાઓ'–'તૈયાર થાઓ'ની બૂમો પડવા લાગી. ચારે બાજુએ બધા સૈનિકો હાથમાં હથિયારો લઈ વ્યૂહમાં ગોઠવાઈ ગયા. કૌરવસૈન્યના સેનાપતિ ભીષ્મ પિતામહ સાદો પોષાક પહેરી માથે સુંદર અને સાદી પાઘડી બાંધી, શરીરે લોખંડનું મજબૂત બખ્તર પહેરી, એક અક્ષૌહિણી સેના લઈ લડાઈના મેદાનમાં આવી ઊભા. તેમની ચારે બાજુએ ઘણા રથીઓ, મહારથીઓ અને અતિરથીઓ તેમને મદદ કરવા ઊભા હતા. હાથીઘોડાઓના અવાજથી, માણસોના કોલાહલથી અને વાદ્યોના અવાજથી કાને બીજું કંઈ પણ સંભળાતું નહોતું.

અર્જુનના રથના સારથિ શ્રી કૃષ્ણ પોતે હતા. બંને પક્ષના સૈનિકો તૈયાર થઈ ઊભા હતા. અર્જુન પણ ગાંડીવ ધનુષ્ય લઈ રથ ઉપર ચડ્યો. શ્રી કૃષ્ણ અર્જુનના રથને મેદાનની વચ્ચોવચ લઈ ગયા અને ત્યાં રહ્યા રહ્યા કૌરવોના સૈન્યને અને તેના સેનાપતિઓને બતાવવા લાગ્યા. અર્જુને જોયું, કે ચારે બાજુએ તેના ઓળખીતા માણસો જ હતા–કોઈ સગા, તો કોઈ વહાલા. આજે તે બધા તેના શત્રુ બન્યા હતા—તેમની સાથે આજે તેને યુદ્ધ કરવાનું હતું—યુદ્ધમાં આજે તેમને મારવાના હતા! આવું દૃશ્ય જોઈને અર્જુનના હાથમાંથી ગાંડીવ ધનુષ્ય સરી ગયું. તેણે શ્રી કૃષ્ણને કહ્યું: "શ્રી કૃષ્ણ, હું સગાવહાલાઓ સાથે યુદ્ધ કરવા માગતો નથી. રાજપાટનું મારે કંઈ કામ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે રથ પાછો ફેરવો."

શ્રી કૃષ્ણે જોયું, કે અર્જુનનું મન પોતાના સગાવહાલાઓને જોઈ ડગી ગયું છે. માયા-મમતાને લીધે અર્જુન હાથમાં ગાંડીવ ઝાલી શકતો નથી; એટલે શ્રી કૃષ્ણે અર્જુનને ઘણો સમજાવ્યો, તેના મનને અડગ કર્યું અને યુદ્ધ કરવા તેને ઉત્સાહ આપ્યો. શ્રી કૃષ્ણે અર્જુનને તે વેળાએ જે ઉપદેશ આપ્યો હતો, તે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' નામના પુસ્તકમાં આપ્યો છે. તે ઘણો સુંદર છે. તમે જ્યારે મોટા થાઓ, ત્યારે તે જરૂર વાંચજો; કારણ કે અત્યારે તો તમને એમાં બહુ સમજણ નહિ પડે. જો શ્રી કૃષ્ણ તે વખતે ત્યાં હાજર ન હોત, તો અર્જુન યુદ્ધ કરત જ નહિ.

અર્જુનને આમ યુદ્ધક્ષેત્રમાંથી ડગી જતો જોઈ કૌરવ-પાંડવ બન્ને પક્ષના સૈનિકો ખૂબ નવાઈ પામ્યા.

આ વખતે યુધિષ્ઠિર ભીષ્મ-પિતામહ પાસે ગયા. પિતામહને પ્રણામ કરી યુધિષ્ઠિરે તેમના આશીર્વાદ માગ્યા.

ભીષ્મે આશીર્વાદ આપતાં કહ્યું: "બેટા યુધિષ્ઠિર! યુદ્ધમાં વિજય તો તારો જ છે. જો તું મારી પાસે ન આવ્યો હોત, તો હું તમને લોકોને હરાવવાનો વિચાર કરતો હતો; પણ તું આવી રીતે મારી પાસે આશીર્વાદ માગવા આવ્યો છે, તે જોઈ હું તારા ઉપર બહુ ખુશ થયો છું; પણ તમારા દુશ્મનોના પક્ષમાં રહી લડ્યા સિવાય મારે માટે બીજો કોઈ રસ્તો જ નથી; કારણ કે હું દુર્યોધનના વચનથી બંધાઈ ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું. તારે મારી પાસે બીજું શું જોઈએ છે, તે કહે."

યુધિષ્ઠિરે કહ્યું: "દાદાજી, તમે તો મોટા યોદ્ધા છો; તમારી મરજીમાં આવે ત્યારે જ તમે મૃત્યુ પામી શકો, એવું તમને તમારા પિતાનું વરદાન છે; એટલે તમે જ્યાં સુધી જીવતા બેઠા છો, ત્યાં સુધી અમને વિજયની તો કોઈ આશા જ નથી."

ભીષ્મે કહ્યું: "હું તો મારી ઇચ્છા થાય ત્યારે જ મરું. મને યુદ્ધમાં હરાવી શકે એવું તો કોઈ નથી; પણ જ્યારે મને મરવાની ઇચ્છા થશે, ત્યારે હું તને બોલાવીને કહીશ. તું હજુ એક વાર આવી મને મળી જજે."

યુધિષ્ઠિર ભીષ્મ પાસેથી વિદાય લઈ દ્રોણાચાર્ય પાસે ગયા. દ્રોણાચાર્યે પણ આશીર્વાદ આપતાં કહ્યું: "વત્સ, આખરી વિજય તો તમારો જ છે, પણ મને માર્યા વગર તમારે માટે જીતની આશા બહુ થોડી છે! અને લડાઈમાં મને મારી શકે એવું તો કોઈ દેખાતું નથી; છતાં એક ઉપાય છે. જો કોઈ સત્યવાદીના મોઢે હું અત્યંત ખેદજનક સમાચાર સાંભળું, તો હું મારાં હથિયાર છોડું; આવી દશામાં તો મને કોઈ પણ મારી શકે."

કૃપાચાર્યે યુધિષ્ઠિરને કહ્યું: "વત્સ, હું તો અમર છું, પણ યુદ્ધમાં જીત તો તમારી જ થવાની છે; એમાં કાંઈ શંકા નથી."

શલ્યે યુધિષ્ઠિરને વચન આપ્યું, કે "જ્યારે ભયંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધ ચાલતું હશે, ત્યારે હું કર્ણનો સારથિ બની તેનું અભિમાન ઓછું કરીશ."

યુધિષ્ઠિર આ પ્રમાણે બધાને ખુશ કરી તેમને કેવી રીતે મારવા એ વાત જાણી લાવ્યા. બીજી બાજુ શ્રી કૃષ્ણ કર્ણને પાંડવોના પક્ષમાં લાવવા પ્રયત્નો કરવા લાગ્યા; પણ કર્ણ તો કોઈ પણ રીતે દુર્યોધનને છોડવા રાજી ન હતો. યુધિષ્ઠિર જ્યારે પોતાના સૈન્યમાં આવ્યા, ત્યારે તેમની સાથે રાજા ધૃતરાષ્ટ્રનો એક પુત્ર યુયુત્સુ કૌરવોનો પક્ષ છોડી પાંડવોના પક્ષમાં આવ્યો અને પાંડવોને મદદ કરવા લાગ્યો.

પછી ભીષ્મે પોતાનો શંખ ફૂંકી યુદ્ધની ઘોષણા કરી. તરત જ બંને પક્ષમાંથી હજારો શંખો એકી સાથે ફૂંકાવા લાગ્યા. જાણે પ્રલયકાળ પાસે આવ્યો હોય એમ જણાવા લાગ્યું!

યુદ્ધ ઘણું ભયંકર હતું. ચારે બાજુએ ફક્ત રણનાં તતૂડાં અને ધનુષ્યોના ટંકારના અવાજો સંભળાતા હતા. એ અવાજ સાંભળી બધા સૈનિકો જિંદગીનો મોહ છોડી એક બીજાનો વધ કરવા બહાર નીકળી પડ્યા.

અર્જુને સૌથી પહેલાં ગાંડીવ ઉપર બે બાણ ચડાવ્યાં અને ભીષ્મના પગ પાસે તે બાણ છોડી ભીષ્મને પ્રણામ કર્યા. ભીષ્મે પણ બાણ દ્વારા જ અર્જુનને આશીર્વાદ આપ્યા. તે દિવસે ભીમ અને દુર્યોધન, શલ્ય અને યુધિષ્ઠિર, વિરાટ અને ભગદત્ત અને સાત્યકિ અને કૃતવર્માની વચ્ચે ભયંકર યુદ્ધો થયાં, એ વાત ખરી; પણ અર્જુન અને ભીષ્મ વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે લડાઈ થઈ, તેનો તો વિચાર કરવો જ અશક્ય છે. અર્જુનના બાળક પુત્ર અભિમન્યુની યુદ્ધ કરવાની શક્તિથી મોટા મોટા યોદ્ધાઓ પણ ચકિત બની ગયા.

ભીમની ગદાથી કેટલા લાખ કૌરવસૈનિકો મરાયા, તે તો કહેવું મુશ્કેલ છે. આ ભયાનક યુદ્ધમાં વિરાટ રાજાનો પુત્ર ઉત્તર શલ્ય રાજાના હાથે મરાયો. ઉત્તરનો મોટો ભાઈ શ્વેત પણ ભીષ્મના હાથે મરાયો. રાજકુમાર શ્વેતે જે યુદ્ધ કર્યું હતું, તે ખરેખર અદ્ભુત હતું. આ પ્રમાણે પહેલા દિવસનું યુદ્ધ પૂરું થયું. સૈનિકોના શબથી કુરુક્ષેત્રનું મેદાન ભરાઈ ગયું. કૌરવો જીતના આનંદથી ગાંડા બની ગયા.

ભીષ્મ-યુદ્ધના ચાર દિવસો

બીજે દિવસે પાંડવોએ 'ક્રૌંચ વરુણ' નામના વ્યૂહમાં પોતાનું સૈન્ય ગોઠવી દીધું. કૌરવોએ પણ બીજી જાતનો વ્યૂહ તૈયાર કરી પોતાનું સૈન્ય ગોઠવી દીધું. તે દિવસનું યુદ્ધ પણ ભયંકર જ હતું. અર્જુન ભયંકર યુદ્ધ કરી એટલા બધા કૌરવસૈનિકોને મારવા લાગ્યો, કે દુર્યોધન તેનાથી ભય પામી ભીષ્મ પાસે દોડી ગયો અને ભીષ્મને કહેવા લાગ્યો: "દાદાજી, અર્જુન તો આપણા બધા સૈનિકોને પૂરા કરશે! આપ જરા ધ્યાન આપી યુદ્ધ કરો."

હવે ભીષ્મ અને અર્જુન વચ્ચે જે યુદ્ધ શરૂ થયું, તે ઘણું ભયંકર હતું; અને તે જોઈ બધા મોંમાં આંગળાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાલવા લાગ્યાં બન્ને પક્ષના સૈનિકોના ઉત્સાહની હદ ન રહી!

ધૃષ્ટદ્યુમ્ન અને દ્રોણાચાર્ય વચ્ચે પણ જે યુદ્ધ થયું, તે ભયંકર હતું; પણ દ્રોણાચાર્યનાં બાણ ધૃષ્ટદ્યુમ્ન સહન કરી શક્યો નહિ. દ્રોણે ધૃષ્ટદ્યુમ્નની ગદાના ટુકડે ટુકડા કરી નાખ્યા. ધૃષ્ટદ્યુમ્ન હવે ફક્ત ઢાલથી જ દ્રોણનાં બાણને રોકવા લાગ્યો. ધૃષ્ટદ્યુમ્નને આફતમાં આવી પડેલો જોઈ ભીમસેન દોડતો દોડતો તેની મદદે જઈ પહોંચ્યો અને યુદ્ધને વધુ ભયંકર થતું અટકાવ્યું; કારણ કે ભીમસેનથી તો દ્રોણ જેવા મોટા યોદ્ધાઓ પણ ડરતા હતા. તે યુદ્ધમાં ભીમની ગદાથી કૌરવોના અનેક સૈનિકોનો નાશ થયો.

અર્જુનપુત્ર અભિમન્યુના હાથે પણ દુર્યોધનનું તે દિવસે સખત અપમાન થયું; અને અર્જુન જ્યારે અભિમન્યુની મદદમાં આવ્યો, ત્યારે તો યુદ્ધ વધારે ભયંકર થયું.

અર્જુનનાં બાણથી ઘાયલ થઈ કૌરવોના હજાર હજાર યોદ્ધાઓ એક પળમાં ભોંય ભેગા થવા લાગ્યા. ભીષ્મ અને દ્રોણે અર્જુનને રોકવા કેટલા ય પ્રયત્નો કર્યા; પરંતુ અર્જુનને તેઓ રોકી શક્યા નહિ.

ભીષ્મે જોયું, કે જો પળે પળે કૌરવ-સૈન્યના આટલા બધા સૈનિકો નાશ પામશે, તો બધાનું આવી બનશે; એટલે દ્રોણાચાર્ય સાથે મસલત કરી શંખ ફૂંકી ભીષ્મે તે દિવસ પૂરતું યુદ્ધ બંધ કરાવ્યું. કૌરવોના સૈનિકોનો જીવ હવે જરા હેઠો બેઠો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજે દિવસે પાંડવોએ 'અર્ધચંદ્ર' નામનો વ્યૂહ ગોઠવ્યો. કૌરવોએ આજે 'ગરુડ' નામનો વ્યૂહ ગોઠવ્યો હતો. ત્યારપછી પહેલાંની માફક યુદ્ધનો આરંભ થયો.

ભીષ્મ ખૂબ ભયંકર રીતે યુદ્ધ કરતા હતા; તેમ છતાં દુર્યોધનના મનમાં શાંતિ ન હતી. તેની ઇચ્છા હતી, કે ભીષ્મ અને દ્રોણ બન્ને ભેગા થઈ પાંડવોને આજે જ કાં ન મારી નાખે? દંભી દુર્યોધન પાંડવો કેટલા બધા શૂરવીર છે, તે જાણતો જ ન હતો! પછી ભીષ્મ ક્રોધે ભરાઈ એવું યુદ્ધ કરવા લાગ્યા, કે આજે પાંડવોનું આખું સૈન્ય કદાચ કપાઈ જશે!

ભીષ્મના બાણથી ચારે બાજુએ માણસો મરવા લાગ્યાં; પણ અર્જુનને પોતાના સગાવહાલાઓને મારતાં સંકોચ થતો હતો એટલે તે મન દઈ લડતો ન હતો. એટલા માટે જ શ્રી કૃષ્ણ હાથમાં સુદર્શન ચક્ર લઈ યુદ્ધમાં ઊતરવા તૈયાર થયા.

પાંડવોને બચાવવા માટે જ શ્રી કૃષ્ણ પોતાની પ્રતિજ્ઞા-નો ભંગ કરવા તૈયાર થયા છે, તેમ જોઈને અર્જુન શરમાયો. તેણે મજબૂત હાથે ગાંડીવ ધનુષ્ય પકડ્યું અને મજબૂત મને રથ ઉપર ઊભો. દઢ હાથે ગાંડીવ ધારણ કર્યા પછી અર્જુનને માટે શું અશક્ય હતું? કૌરવ–સૈન્યના લાખો સૈનિકો તે દિવસે તેને હાથે મરાયા.

ચોથે દિવસે સવારના ફરીથી યુદ્ધ શરૂ થયું. તે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમસેનની બહાદુરી જોઈ કૌરવ–સૈન્યના સૈનિકોનાં મન ડગી ગયાં. ભીમસેનની ભીષણ ગદાથી તે દિવસે કોણ જાણે કેટલા ય હાથીઘોડા મરાયા, કેટલા ય રથના ચૂરેચૂરા થઈ ગયા, કેટલા ય સૈનિકો સ્વધામ પહોંચી ગયા! દુર્યોધન તે દિવસે ભીમના હાથે મરતાં મરતાં બચ્યો. છેવટે દુર્યોધને પોતાના ચૌદ ભાઈઓને યુદ્ધમાં લડવા મોકલ્યા. સાત ભાઈ-ઓએ તો ભીમના હાથે પોતાના પ્રાણ ગુમાવ્યા. બાકીના સાત ભાઈઓએ નાસી જઈ પોતાના જીવ બચાવ્યા.

ભીષ્મના કહ્યા પ્રમાણે હવે ભગદત્ત યુદ્ધ કરવા આગળ ધસ્યો. તે એક મોટો અને બહાદુર યોદ્ધો હતો. તેની સાથે યુદ્ધ કરતાં ભીમ થોડી વારમાં જ બેભાન થઈ પડ્યો. ભીમ-ને બેભાન બનેલો જોઈ તેનો પુત્ર ઘટોત્કચ રાક્ષસોનું એક ભયંકર દળ લઈ ભગદત્ત ઉપર આક્રમણ કરવા લાગ્યો. હવે યુદ્ધ બંધ કરવા સિવાય બીજો કંઈ ઉપાય જ ન હતો; એટલે ભીષ્મે તે દિવસ પૂરતું જલદીથી યુદ્ધ બંધ રાખવાને શંખ ફૂંક્યો!

ભીષ્મ–યુદ્ધના ૮ દિવસો

પાંચમે દિવસે કૌરવોએ ‘ મકર ’ નામનો વ્યૂહ ગોઠવ્યો; પાંડવોએ તે દિવસે ‘ શ્યેન ’ નામનો વ્યૂહ ગોઠવ્યો હતો. બંને પક્ષો વચ્ચે હવે યુદ્ધ શરૂ થયું. પ્રથમ ભીમ અને અર્જુન ભેગા મળીને ભીષ્મ સાથે યુદ્ધ કરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર પછી દ્રોણ અને સાત્યકિ વચ્ચે યુદ્ધની શરૂઆત થઈ. થોડી વાર પછી શિખંડી પણ હાથમાં ધનુષ્ય–બાણ લઈને ભીષ્મ ઉપર હુમલો કરવા લાગ્યો.

ભીષ્મે તો પ્રતિજ્ઞા લીધી હતી, કે "હું કોઈ પણ સંજોગોમાં શિખંડી સાથે યુદ્ધ કરીશ નહિ." ભીષ્મની આ પ્રતિજ્ઞાનો લાભ લઈ શિખંડી ભીષ્મ ઉપર જોરથી બાણ છોડવા લાગ્યો; પણ ભીષ્મ તો શિખંડી તરફ એક પણ બાણ મારતા નહિ. ભીષ્મને આમ ભયમાં આવી પડેલા જોઈ દ્રોણ આગળ આવ્યા અને શિખંડી ઉપર આક્રમણ કરવા લાગ્યા. શિખંડીને હવે નાસી જવાની ફરજ પડી.

તે દિવસે સાત્યકિએ દુર્યોધનના દશ હજાર સૈનિકો માર્યા. આ જોઈ ભૂરિશ્રવા નામનો એક રાજા, જે કૌરવ-પક્ષમાં હતો, તે સાત્યકિ ઉપર ધસી આવ્યો. ભૂરિશ્રવાને જોઈ સાત્યકિના સૈનિકો ભયથી નાસી જવા લાગ્યા; એટલે સાત્યકિના દશ પુત્રો પિતાને મદદ કરવા આવી પહોંચ્યા, પણ ભૂરિશ્રવાનાં બાણની સામે તેઓ વધુ વાર ટકી શકયા નહિ. તે જોઈ અર્જુને ભયંકર યુદ્ધ ખેલવાનું શરૂ કર્યું; અને તેને હાથે કૌરવોના પચીશ હજાર સૈનિકો માર્યા ગયા.

છઠ્ઠે દિવસે કૌરવોએ 'ક્રૌંચ' વ્યૂહ ગોઠવ્યો; અને પાંડવોએ 'મકર' વ્યૂહ ગોઠવી પોતાનું સૈન્ય તૈયાર કર્યું. તે દિવસે ભીમસેન અને ધૃષ્ટદ્યુમ્નના પરાક્રમથી કૌરવસૈન્ય-નો ઘાણ નીકળી ગયો. દુર્યોધનના તેર ભાઈઓ ભીમસેન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર આક્રમણ કરવા આવ્યા; પણ ભીમસેનની પ્રચંડ ગદાથી બધા ઠંડા જ થઈ ગયા !

ત્યાર પછી ધૃષ્ટદ્યુમ્ન અને દ્રોણ વચ્ચે ભયાનક યુદ્ધ થયું. આ યુદ્ધમાં પાંડવોને પુષ્કળ આફતોનો સામનો કરવો પડ્યો. ભીષ્મ અને અર્જુન વચ્ચે જે યુદ્ધ થયું, તે પણ કંઈ ઓછું ભયજનક ન હતું. તે દિવસના યુદ્ધમાં ધૃષ્ટદ્યુમ્ન અને ભીમે બીજા બધા કરતાં સૌથી વધારે પરાક્રમો કરી બતાવ્યાં; એટલે તે દિવસનું યુદ્ધ પૂરું થયા પછી યુધિષ્ઠિરે બંને જણને યોગ્ય માન આપ્યું.

સાતમે દિવસે પાંડવોએ 'વજ્ર' નામનો વ્યૂહ ગોઠવ્યો હતો; કૌરવોએ તે દિવસે 'મંડપ' નામનો વ્યૂહ ગોઠવ્યો. ત્યાર પછી યુદ્ધ શરૂ થયું. સાત્યકિ અને અલંબુષ નામના રાક્ષસ વચ્ચે જોવા જેવું ભયંકર યુદ્ધ થયું હતું. અલંબુષ પોતાની માયાથી જુદી જુદી યુક્તિઓ કરવા લાગ્યો; પણ સાત્યકિએ ઇંદ્રાસ્ત્ર છોડી રાક્ષસને એટલો બધો હેરાન કરવા માંડ્યો, કે રાક્ષસને છેવટે નાસી જવા સિવાય બીજો કોઈ ઉપાય જડ્યો નહિ.

ઘટોત્કચ ભગદત્ત ઉપર આક્રમણ કરવા આવ્યો; પણ ભગદત્ત જેવા એક શૂરવીર યોદ્ધા સામે ઘટોત્કચ ક્યાં સુધી ટકી શકે? થોડી વાર યુદ્ધ કર્યા પછી ઘટોત્કચને નાસી જવાની ફરજ પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદ્રદેશનો રાજા શલ્ય તે દિવસે નકુળ અને સહદેવ ઉપર આક્રમણ કરવા આવ્યો; પણ સહદેવ પોતાના મામા શલ્ય ઉપર એટલા જોરથી બાણો મારવા લાગ્યો, કે તેનાં બાણોથી ઘવાઈને શલ્ય પોતાના રથમાં બેભાન થઈ પડ્યો. એટલે શલ્યનો સારથિ જલદીથી તેને રણક્ષેત્રની બહાર લઈ ગયો.

ભીષ્મ, દ્રોણ અને અર્જુને સામસામા પક્ષના અનેક સૈનિકોનો નાશ કર્યો. ત્યાર બાદ સાંજ પડવાથી તે દિવસ પૂરતું યુદ્ધ બંધ રાખવામાં આવ્યું.

આઠમે દિવસે પાંડવોએ 'શૃંગાટક' નામના વ્યૂહમાં પોતાનું સૈન્ય ગોઠવ્યું; અને કૌરવોએ 'સાગર' નામના વ્યૂહમાં પોતાનું સૈન્ય ગોઠવ્યું હતું. તે દિવસે શરૂઆતથી જ ભીષ્મે ભયંકર યુદ્ધ ખેલવા માંડયું હતું. ભીમસેન તેમને રોકવા લાગ્યો. ભીમના પરાક્રમથી ભીષ્મ જેવા શૂરવીર યોદ્ધા પણ જરા હેરાન થઈ ગયા. દુર્યોધનના સુનાભ, આદિકેતુ, બહ્વાશી, કુંડધાર, મહોદર વગેરે આઠ ભાઈઓ ભીષ્મને મદદ કરવા લાગ્યા; પરંતુ ભીમે એક પછી એક એમ આઠે ભાઈઓને યમના ઘેર પહોંચાડી દીધા.

અર્જુનના પુત્ર ઇરાવાણે તે દિવસે ભયાનક યુદ્ધ કર્યું. શકુનિના છ ભાઈઓ તેના હાથે મરાયા; પણ આખરે આર્યશૃંગ નામના એક માયાવી રાક્ષસે તેને મારી નાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્યોધનના કેટલાક ભાઈઓ ભીમને મારી નાખવા માટે દ્રોણાચાર્યને સાથે લઈને યુદ્ધ કરવા આગળ આવ્યા; પણ ભીમે એક પછી એક એમ નવ ભાઈઓને પૂરા કરી દીધા. બાકીના ભાઈઓએ નાસી જઈ પ્રાણ બચાવ્યા. ભીમ યુદ્ધમાં એવો ગાંડો થઈને ફરવા લાગ્યો, કે તેના હાથે એકી સાથે હજાર હજાર યોદ્ધાઓ મરવા લાગ્યા. ભીષ્મ, દ્રોણ, કૃપ વગેરે મોટા મોટા યોદ્ધાઓ પણ ભીમને રોકવા અસમર્થ નીવડ્યા. તે દિવસે મોડી રાત સુધી યુદ્ધ ચાલ્યું.

યુદ્ધમાં આટલા બધા ભાઈઓને મૃત્યુ પામેલા જોઈ દુર્યોધનના હૃદયને સખત આઘાત લાગ્યો. તેને લાગ્યું, કે ભીષ્મ બરાબર મન દઈ યુદ્ધ કરતા નથી. કર્ણે દુર્યોધનને કહ્યું : "ભીષ્મમાં હવે પહેલાંનું બળ અને તેજ રહ્યાં નથી. જો ભીષ્મ અસ્ત્રનો ત્યાગ કરે, તો હું બે દિવસમાંજ આખા પાંડવસૈન્યને પૂરું કરું."

દુર્યોધને જ્યારે ભીષ્મની છાવણીમાં જઈ ઉપરની વાત કહી, ત્યારે ભીષ્મ બહુ ગુસ્સે થઈ ગયા અને કહેવા લાગ્યા: "શું, અર્ધરથી કર્ણ મારા મોં આગળ આટલી બધી ડંફાશ મારે છે? શું હું ધ્યાન દઈ લડતો નથી અથવા લડવામાં ભૂલ કરું છું? પાંડવો કેટલા અસાધારણ વીર છે, તે તું હજુ સુધી પણ સમજી શક્યો નથી? ગમે તેમ થાય, પણ કાલે હું તને બતાવીશ, કે 'સાચું યુદ્ધ કોને કહેવાય?'"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીષ્મે પોતાના વધનો બતાવેલો ઉપાય

નવમા દિવસનું સવાર થયું ના થયું, ત્યાં તો ઘોર યુદ્ધની શરૂઆત થઈ. અભિમન્યુ અને દ્રૌપદીના પાંચ પુત્રો એટલી બધી સરસ રીતે લડવા લાગ્યા, કે કૃપ, અશ્વત્થામા વગેરે બહાદુર લડવૈયાઓ પણ તેમનાથી ભય પામ્યા. તેમને મદદ કરવા અલંબુષ રાક્ષસ આવી પહોંચ્યો. તે પોતાની માયા બતાવવા લાગ્યો, પણ અભિમન્યુએ તેને હેરાન હેરાન કરી મૂક્યો.

અર્જુનનું તે દિવસનું યુદ્ધ-પરાક્રમ પ્રલયકાળ સમું જ હતું. ભીષ્મ શરૂઆતમાં તો ધીમે ધીમે શાંતિથી લડતા હતા; પણ જ્યારે તેમણે જોયું, કે અર્જુનના પરાક્રમથી કૌરવ-સૈન્યને માટે નાસી છૂટવા સિવાય બીજો કોઈ રસ્તો જ નથી, ત્યારે તેમણે ખૂબ જોરથી લડવાનું શરૂ કર્યું. ભીષ્મનાં બાણોથી પળે પળે પાંડવોના સેંકડો સૈનિકો મરવા લાગ્યા. આ જોઈ શ્રી કૃષ્ણે પણ અર્જુનને ઉત્સાહ આપવા માંડ્યો; પણ કેટલા ય પ્રયત્નો કરવા છતાં અર્જુન ભીષ્મને રોકી શક્યો નહિ. સાંજ સુધી ભીષ્મ આવું જ ભયંકર યુદ્ધ ખેલ્યા.

ભીષ્મનું તે દિવસનું યુદ્ધ જોઈ પાંડવો ખૂબ ભય પામ્યા. રાતે આરામ કરતી વેળાએ યુધિષ્ઠિરે શ્રી કૃષ્ણને પૂછ્યું: "હવે આનો શું ઉપાય ? ભીષ્મ પિતામહ પોતાની મરજી વગર મરી શકે તેમ નથી; અને કાલે જો તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ભયંકર રીતે લડશે, તો આપણે સહીસલામત આપણી છાવણીમાં પાછા ફરીશું કે કેમ તે શંકા પડતી વાત છે."

શ્રી કૃષ્ણે કહ્યું: "ચાલો, અત્યારે જ આપણે ભીષ્મની પાસે જઈએ અને યુદ્ધ વિષે કંઈક શિખામણ માગીએ." આમ કહી શ્રી કૃષ્ણ પાંડવોને લઈ ભીષ્મની છાવણીમાં ગયા.

શ્રી કૃષ્ણ અને પાંડવોને જોઈ ભીષ્મના આનંદનો પાર ન રહ્યો! તેમણે કહ્યું: "તમે આવ્યા તે ઠીક થયું. દરરોજ યુદ્ધમાં અસંખ્ય માણસોને મારી મારું મન કોણ જાણે કેવુંય થઈ ગયું છે! હવે મને વધારે જીવવાની ઇચ્છા નથી. તમે લોકો મારો વધ કરવાની તૈયારી કરો."

યુધિષ્ઠિરે પૂછ્યું: "પણ, દાદાજી, યુદ્ધમાં આપનો વધ કરી શકે એવો કયો વીર પુરુષ આ પૃથ્વી ઉપર છે?"

ભીષ્મે જવાબ આપ્યો: "એ તેં ઠીક પૂછ્યું. મારી ઇચ્છા ન હોય, તો દેવો પણ મને મારી શકવા અસમર્થ છે. જ્યાં સુધી મારા હાથમાં અસ્ત્ર છે, ત્યાં સુધી તો કોઈ મને મારી શકે તેમ નથી; આમ છતાં એક ઉપાય છે. તું મને એ ઉપાયથી જ માર."

યુધિષ્ઠિરે પૂછ્યું: "દાદાજી, કયો ઉપાય છે?"

ભીષ્મે કહ્યું: "તારા સૈન્યમાં દ્રુપદ રાજાનો પુત્ર શિખંડી છે, તે મૂળ સ્ત્રી છે. તે જો યુદ્ધમાં લડવા આવશે, તો તેને જોઈ હું મારાં હથિયારો છોડી દઈશ; કારણ કે સ્ત્રી ઉપર હું અસ્ત્ર ફેંકી શકું નહિ. અર્જુન જો તેને પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખીને મારી સાથે યુદ્ધ કરે, તો તારી ઇચ્છા પૂરી થાય."

અર્જુને શિખંડીને આગળ કરી ભીષ્મને પાડ્યા

પછી ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં અર્જુને કહ્યું : "જે પિતામહના ખોળામાં રમીને હું મોટો થયો છું, એ પિતામહનો મારે એક રાજ્ય માટે વધ કરવો પડશે? હું કોઈ પણ રીતે આવું પાપી કૃત્ય કરવાનો નથી."

એટલે શ્રી કૃષ્ણ તેને સમજાવતાં બોલ્યા: "તેમાં કશું જ પાપ નથી. શિખંડી ભીષ્મના મૃત્યુનું કારણ છે, એવું તો મહાદેવે જ નક્કી કર્યું છે. વળી, મૃત્યુ એ જ હવે ભીષ્મને માટે તો શાંતિનો ઉપાય રહ્યો છે; એટલે ભીષ્મને જે રીતે શાંતિ મળે, તે કાર્ય તારે કરવું જોઈએ—એ તારું કર્તવ્ય છે."

દશમે દિવસે ફરીથી યુદ્ધની શરૂઆત થઈ. આજે શિખંડીને સૌથી મોખરે રાખી પાંડવો યુદ્ધ કરતા હતા. ભીષ્મ શિખંડી ઉપર એકે બાણ ફેંકતા ન હતા; તેઓ ફક્ત પાંડવોના બીજા સૈનિકો ઉપર જ બાણનો વરસાદ વરસાવતા હતા. ભીષ્મના બાણથી પાંડવસૈન્યમાં જરા અવ્યવસ્થા વ્યાપી. અર્જુન શિખંડીને ઉત્સાહ આપતો કહેવા લાગ્યો: "દાદાજીનું મૃત્યુ તારે હાથે જ થવાનું છે; એટલે તું તારી જિંદગીના ભોગે પણ ભીષ્મ ઉપર બાણ માર."

શિખંડીના બાણથી ભીષ્મનું આખું શરીર ઘવાઈ ગયું; છતાં ભીષ્મે એક પણ બાણ તેની ઉપર ન માર્યું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી બાજુએથી કૌરવોના સૈનિકો શિખંડીને રોકવા આવી શકે નહિ, એટલા માટે અર્જુન અને ભીમ રસ્તામાં જ તેમને રોકતા હતા.

અર્જુન જાણે અંગારા વરસાવતો હોય તેમ બાણ મારવા લાગ્યો. અર્જુનને આ પ્રમાણે યુદ્ધ કરતો જોઈ બધાને લાગ્યું, કે જો આ રીતે થોડી વધારે વાર અર્જુન યુદ્ધ કરશે, તો આખું કૌરવસૈન્ય નિર્મૂળ થઈ જશે.

દુર્યોધન બહુ ગભરાયો. તે દોડતો દોડતો ભીષ્મની પાસે ગયો અને કહેવા લાગ્યો: "દાદાજી, થઈ રહ્યું! અર્જુન તો આપણને બધાને મારીને પૂરા કરશે. આપ જરા વધુ ધ્યાન દઈ યુદ્ધ કરો!"

દુર્યોધનની વાત સાંભળી ભીષ્મના હૃદયને સખત આઘાત લાગ્યો. તેમણે કહ્યું: "દુર્યોધન! તું ભારે અકૃતજ્ઞ છે. હું દરરોજ પાંડવોના દશ હજાર સૈનિકોને મારું છું; છતાં તારા મનને શાંતિ થતી નથી! ઠીક, આજે રણ-ભૂમિમાં મારા પ્રાણ હોમી મેં તારું જે અન્ન ખાધું છે, તેનું દેવું હું ભરપાઈ કરી આપીશ."

હવે ભીષ્મે જે યુદ્ધનો આરંભ કર્યો, તે ઘણું ભયંકર હતું. કોઈએ પણ આવું ભયંકર યુદ્ધ હજુ સુધી જોયું ન હતું. તે એક દિવસમાં જ પાંડવોના સેંકડો રથીઓ, પાંચ હજાર હાથી, દશ હજાર ઘોડા અને ચૌદ હજાર પાયદળના સૈનિકો નાશ પામ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિખંડી પહેલાંની માફક જ ભીષ્મના શરીર ઉપર બાણ મારતો હતો; એવામાં ભીષ્મે યુધિષ્ઠિરને જોયા. ભીષ્મે તેમને કહ્યું: "ભાઈ યુધિષ્ઠિર, અર્જુનને કહી જલદી મારો વધ કરવાની વ્યવસ્થા કર અને મને શાંતિ આપ."

શિખંડી અર્જુનને બાજુ ઉપર રાખી ભીષ્મને બાણ મારવા લાગ્યો. એક બાજુએથી શિખંડી બાણ મારતો હતો અને ત્યારે બીજી બાજુએથી અર્જુન ભીષ્મ સાથે યુદ્ધ કરતો હતો. કૌરવોએ અર્જુનને રોકવા કેટલા ય પ્રયત્નો કર્યા; પણ કોઈ તેને રોકી શક્યો નહિ.

દશમા દિવસે ભીષ્મ બાણશય્યા પર

ધીમે ધીમે ભીષ્મનું આખું શરીર બાણથી છવાઈ ગયું. એક તલભાર જગ્યા ભીષ્મના શરીર ઉપર ન રહી. છેવટે જ્યારે સૂર્ય આથમ્યો, ત્યારે ભીષ્મ રથમાંથી જમીન ઉપર પડી ગયા; પણ ભીષ્મને એટલાં બધાં બાણો શરીરમાં પેસી ગયેલાં હતાં, કે જ્યારે તેઓ રથમાંથી પડી ગયા, ત્યારે તેમનું આખું શરીર બાણના ટેકે અદ્ધર જ રહ્યું. શરીરનો કોઈ પણ ભાગ જમીનને અડકતો ન હતો– જાણે ભીષ્મ બાણની પથારી ઉપર સૂતા હોય એમ લાગતું! આવી સ્થિતિને 'શરશય્યા' કહેવાય છે; 'શર' એટલે બાણ અને 'શય્યા' એટલે પથારી. કૌરવોના સૈન્યમાં ભીષ્મનું પતન જોઈ હાહાકાર મચી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધને તે દિવસ પૂરતું બંધ રાખવામાં આવ્યું. અર્જુન અને બીજા પાંડવો તેમ જ દુર્યોધન વગેરે કૌરવો ભીષ્મની પાસે જઈ પહોંચ્યા. રાજધાનીમાંથી સ્ત્રીઓ પણ ભીષ્મને મળવા રણક્ષેત્ર ઉપર આવી.

ભીષ્મે બધાંને કહ્યું: "અત્યારે દક્ષિણાયન ચાલે છે, એટલે કે સૂર્ય હમણાં આકાશના દક્ષિણ ભાગમાં છે. જેટલા દિવસ સુધી દક્ષિણાયન રહેશે, તેટલા દિવસ સુધી હું આ બાણની પથારી ઉપર જ સૂઈ રહીશ. સૂર્ય જ્યારે ઉત્તરાયણના થશે, ત્યારે મૃત્યુ માટે સારો દિવસ જોઈ હું મારો દેહ છોડીશ. તમે લોકો મારે માટે જરા પણ શોક કરશો નહિ."

ભીષ્મ બાણની પથારી ઉપર સૂતા તો ખરા, પણ તેમને માટે ત્યાં ઓશીકા જેવું કંઈ ન હતું. અર્જુને બાણ છોડી ભીષ્મના માથા માટે બાણનું ઓશીકું તૈયાર કરી આપ્યું. ભીષ્મને હવે પાણીની તરસ લાગી, એટલે તેમણે પાણી માગ્યું. દુર્યોધન સોનાના પ્યાલામાં પાણી લઈ આવ્યો, પણ ભીષ્મે તે પાણી ન પીધું અને અર્જુનના મોં સામે જોયું. અર્જુને તીર છોડી પૃથ્વીની અંદર આવેલી ગંગામાંથી પાણી કાઢ્યું. વીરોમાં શ્રેષ્ઠ ભીષ્મ એક વીર પુરુષને છાજે તેવા ઉપાયથી કાઢેલું પાણી પીને સંતોષ પામ્યા.

પછી ભીષ્મે દુર્યોધનને બોલાવી કહ્યું: "હવે યુદ્ધ બંધ કર." ભીષ્મે કર્ણને પણ બોલાવ્યો; અને તેઓ કર્ણને ભેટી પડ્યા. ભીષ્મની સાથે કર્ણ ઘણી વાર ખરાબ રીતે વર્તતો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આજે કર્ણ બધું ભૂલી ગયો અને ભીષ્મને માટે ઘણો દુઃખી થયો. ભીષ્મે કૌરવ–પાંડવ બધાને બોલાવી આશીર્વાદ આપ્યા અને બધાને ધર્મને માર્ગે ચાલવાની સલાહ આપી.

ત્યારપછી કૌરવસૈન્યમાં સેનાપતિ કોણ થાય એ માટે પ્રશ્ન ઊઠ્યો. દ્રોણાચાર્ય તે પદને માટે બધી રીતે યોગ્ય પુરુષ હતા; એટલે કૌરવ–પાંડવોના યુદ્ધમાં કૌરવ–પક્ષના બીજા સેનાપતિ તરીકે દ્રોણાચાર્યની નિમણૂક થઈ. જ્યાં સુધી ભીષ્મ સેનાપતિ તરીકે રહ્યા, ત્યાં સુધી કર્ણ યુદ્ધમાં ઊતર્યો ન હતો; પણ હવે તેણે કૌરવોનો પક્ષ લઈ યુદ્ધમાં ઊતરવાનું નક્કી કર્યું. આથી ભીષ્મ જેવા મહાન યોદ્ધાનું પતન થવા છતાં કૌરવોને વિજયની આશા બંધાઈ.

આ બાજુ અંધ રાજા ધૃતરાષ્ટ્ર ભીષ્મના પતનના સમાચાર સાંભળી ખૂબ દુઃખી થયા. પોતાના પુત્રો ઉપર ભવિષ્યમાં આવી પડનારી આફત વિષે હવે તેમને જરા જેટલી પણ શંકા રહી નહિ. ધૃતરાષ્ટ્ર આ વિચારથી ઘણા આકુળવ્યાકુળ બની ગયા, પણ હવે તો તેનો કંઈ ઉપાય જ ન હતો! મહાયુદ્ધ તો શરૂ થઈ ગયું હતું, હવે તેને પૂરું કર્યા વગર કોઈનો ય છૂટકો ન હતો. પાપી મનુષ્યને યોગ્ય શિક્ષા તો મળવી જ જોઈએ.

શ્રી કૃષ્ણે ધૃતરાષ્ટ્રને આશ્વાસન આપતાં કહ્યું: "હે રાજન્! મિથ્યા શોકનો ત્યાગ કરો; ધર્મનો જ જય થશે, તેમાં લગારે શંકા નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ : દ્રોણપર્વ

[ભીષ્મ પછી કૌરવના સેનાપતિ દ્રોણ થયા. એનું વર્ણન આ પર્વમાં હોવાથી આનું નામ **દ્રોણપર્વ** પાડ્યું છે.]

સેનાપતિ દ્રોણનું યુદ્ધ

આજે યુદ્ધ શરૂ થયાનો અગિયારમો દિવસ હતો. દ્રોણાચાર્ય આજના યુદ્ધના સેનાપતિ બન્યા હતા. મહાવીર કર્ણ પણ યુદ્ધમાં ઊતર્યો હતો. કૌરવ–સૈન્યના સૈનિકો ઘણા આનંદથી જયધ્વનિ કરવા લાગ્યા. તેમના મનમાં હતું, કે પાંડવો કર્ણને જોઈ ને જ ઊભી પૂછડીએ નાસી જશે!

દ્રોણે 'શકટ' નામનો વ્યૂહ ગોઠવી સૈન્ય સજ્જ કર્યું; પાંડવોએ 'ક્રૌંચ' વ્યૂહમાં પોતાનું સૈન્ય ગોઠવ્યું હતું.

જોતજોતામાં ભયંકર યુદ્ધ શરૂ થયું. બંને પક્ષના સૈનિકોનાં બાણની વૃષ્ટિથી આખું આકાશ છવાઈ ગયું. દુર્યોધન પોતાના ગુરુ દ્રોણાચાર્યને કહેવા લાગ્યો: "આચાર્યદેવ, આજના યુદ્ધમાં મારે બીજું કશું જોઈતું નથી; ફક્ત યુધિષ્ઠિરને જ આપ મારી નાખો."

દ્રોણાચાર્યે કહ્યું: "દુર્યોધન! યુધિષ્ઠિરને તો હું મારી શકું....પણ જ્યાં સુધી અર્જુન રણભૂમિ ઉપર છે, ત્યાં સુધી એવી આશા રાખવી નકામી છે; કારણ કે અર્જુન મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્ય હોવા છતાં મારાથી વધારે હોશિયાર છે. અર્જુન મહાદેવ, ઇંદ્ર વગેરે પાસેથી જુદાં જુદાં અસ્ત્રો મેળવીને બહુ મોટો બળવાન થઈ પડ્યો છે. તેના જેવો યોદ્ધો આ પૃથ્વી ઉપર અત્યારે તો કોઈ નથી; છતાં જો અર્જુનને રણક્ષેત્રમાંથી દૂર લઈ જવામાં આવે, તો હું યુધિષ્ઠિરને મારી શકું."

આજે દ્રોણાચાર્ય યુધિષ્ઠિરનો વધ કરવાના છે, એ સમાચાર બધાએ સાંભળ્યા; પાંડવોએ પણ તે જાણ્યું.

અર્જુને કહ્યું: "ગુરુદેવ જરા વધારે પડતી આશા રાખે છે; કારણ કે જ્યાં સુધી હું જીવું છું, ત્યાં સુધી તો યુધિષ્ઠિરનો કોઈ વાળ પણ વાંકો કરી શકે તેમ નથી."

બન્ને પક્ષના સૈનિકો ભારે ઉત્સાહથી યુદ્ધ કરતા હતા. દ્રોણાચાર્યે લડાઈમાં ઊતરી જે યુદ્ધ કર્યું, તે ઘણું અદ્ભુત હતું. દ્રુપદ, યુધિષ્ઠિર, ભીમ, અભિમન્યુ, સાત્યકિ વગેરે તેમને રોકવા આવ્યા; પણ દ્રોણાચાર્યની સામે કોણ ઊભી શકે? પાંડવોના સૈનિકો ટોળાબંધ મરવા લાગ્યા.

એટલામાં યુધિષ્ઠિર દ્રોણના સપાટામાં આવી ગયા. યુધિષ્ઠિરને બચવા માટે હવે બીજો કોઈ ઉપાય જ ન હતો. પાંડવોના લશ્કરમાં હાહાકાર વર્તી ગયો. યુધિષ્ઠિરને આમ ગભરાયલા જોઈને અર્જુન રથમાં બેસી ગાંડીવનો ટંકાર કરતો યુધિષ્ઠિરની મદદે આવી પહોંચ્યો. અર્જુનના બાણની સામે કોઈ ટકી શકતું જ ન હતું; કૌરવોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગણિત સૈનિકો પાંડવોના હાથે મૃત્યુ પામ્યા. એટલામાં સાંજ પડી અને પૃથ્વી આખી અંધકારથી છવાઈ ગઈ. દ્રોણ પણ અર્જુનના સપાટામાંથી મહા પરાણે બચ્યા હતા. સાંજ પડી જવાથી તે દિવસ પૂરતું યુદ્ધ બંધ રાખવામાં આવ્યું.

બારમે દિવસે ફરીથી યુદ્ધની શરૂઆત થઈ. પહેલાંના વખતમાં લશ્કરનો એક ભાગ એવો હતો, જે અગ્નિને સાક્ષી તરીકે રાખી એવી પ્રતિજ્ઞા લેતો, કે "દુશ્મન ગમે તેવો બળવાન હોય, પણ આજે તેનો વધ કર્યા વગર પાછા ફરવું નથી." આ પ્રકારના સૈનિકોને 'સંશપ્તકો' કહેવામાં આવતા. કૌરવોના લશ્કરમાં આવા અસંખ્ય સંશપ્તકો હતા. કૌરવોનો વિચાર એવો હતો, કે અર્જુનને રણભૂમિમાંથી દૂર લઈ જવો, જેથી દ્રોણાચાર્ય યુધિષ્ઠિરને કેદ પકડી શકે અથવા મારી શકે. આ કારણથી જ સંશપ્તકોએ અર્જુનને લડવાનું આહ્‌વાન આપ્યું.

અર્જુને યુધિષ્ઠિરની રક્ષા માટે સત્યજિત નામના એક યોદ્ધાને નીમ્યો. યુધિષ્ઠિરને તેણે કહ્યું: "મોટાભાઈ, સંશપ્તકો મને યુદ્ધ કરવાને બોલાવે છે; એટલે ત્યાં ગયા વગર મારો છૂટકો નથી. વીર સત્યજિત આપની પાસે રહેશે. જ્યાં સુધી તે જીવતો છે, ત્યાં સુધી આપને માટે કોઈ પણ પ્રકારનો ભય નથી; પણ કદાચ જો તે મૃત્યુ પામે, તો પછી આપ યુદ્ધ બંધ કરી નાસી છૂટજો."

હવે સંશપ્તકો અને અર્જુન વચ્ચે લડાઈ શરૂ થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંશપ્તકોએ તો પ્રતિજ્ઞા લીધી હતી, કે આજે અર્જુનને માર્યા સિવાય પાછા ફરવું નથી. શ્રી કૃષ્ણની નારાયણી સેના ભારે પરાક્રમી હતી. નારાયણી સેનાનાં સૈનિકો અર્જુન ઉપર એટલાં બધાં બાણ ફેંકવા લાગ્યા, કે શ્રી કૃષ્ણ પણ અર્જુનને જોઈ શકતા ન હતા. છેવટે અર્જુને વાયુ-અસ્ત્ર છોડીને તે બધાંના અસ્ત્ર-શસ્ત્રોને ઉડાવી દીધાં. નારાયણી સેનાના સૈનિકો પણ સૂકાં પાંદડાંની માફક ઊડવા લાગ્યા. અર્જુને હવે ભલ્લ-અસ્ત્ર છોડીને કોઈના હાથ, કોઈના પગ, તો કોઈનું માથું કાપી લીધાં.

બીજી બાજુ દ્રોણાચાર્ય તેમનું કામ કર્યે જતા હતા. અર્જુનને નારાયણી સેનાની સાથે યુદ્ધમાં રોકી રાખીને દ્રોણ યુધિષ્ઠિરને મારવા તત્પર થયા. દ્રોણના બાણથી સત્યજિત મૃત્યુ પામ્યો; એટલે હવે યુધિષ્ઠિર અર્જુનની સલાહ પ્રમાણે યુદ્ધક્ષેત્ર છોડી નાસી ગયા.

તે દિવસે ભીમ અને દુર્યોધન વચ્ચે ભયંકર યુદ્ધ થયું. દુર્યોધન યુદ્ધમાં હારી જતાં રણભૂમિમાંથી નાસી ગયો; એટલે તે પછી ભગદત્ત અને ભીમ વચ્ચે ભયંકર ગદાયુદ્ધ શરૂ થયું; ભગદત્ત તેની ગદા વડે અને તેનો હાથી તેના પગ વડે પાંડવોના સૈનિકોનો ઘાણ કાઢવા લાગ્યા. છેવટે એવી પરિસ્થિતિ ઊભી થઈ, કે ભગદત્ત અને તેના હાથીના પરાક્રમથી પળે પળે પાંડવોના સેંકડો સૈનિકો મરવા લાગ્યા. કોઈ પણ વીર પુરુષ ભગદત્તને કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના હાથીને રોકી શક્યો નહિ !

અર્જુન આ બધો મામલો જોઈ જલદીથી સંશપ્તકોને હરાવી ભગદત્તની સાથે યુદ્ધ કરવા આવ્યો. અર્જુનના બાણોથી ઘવાઈને ભગદત્ત તેના ઉપર બહુ ગુસ્સે થયો અને અર્જુનને મારવા માટે તેણે ભયંકર 'વૈષ્ણવ અસ્ત્ર' છોડ્યું. આખી પૃથ્વી ઉપર ફક્ત નારાયણ સિવાય બીજું કોઈ આ અસ્ત્રને ઝીલી શકે એમ ન હતું. અર્જુનને બચાવવાનો હવે બીજો કોઈ ઉપાય ન રહેવાથી શ્રી કૃષ્ણે પોતાની છાતી ઉપર આ અસ્ત્ર ઝીલી લીધું અને અર્જુનને બચાવ્યો. તે દિવસે શ્રી કૃષ્ણે જો 'વૈષ્ણવ અસ્ત્ર' પોતાની છાતી ઉપર ઝીલ્યું ન હોત, તો અર્જુન બચી શકત નહિ. અર્જુને પછી 'અર્ધચંદ્ર' નામનું અસ્ત્ર છોડીને ભગદત્તનું માથું કાપી નાખ્યું; તેનો હાથી પણ અર્જુનના હાથે મરાયો.

પછી અર્જુને ચારે બાજુએ નજર નાખી તો તેને જણાયું, કે એક બાજુ દ્રોણ પાંડવોના લાખો સૈનિકોને મારી રહ્યા છે અને બીજી બાજુ સંશપ્તકો પોતાની સાથે બીજી વાર યુદ્ધ કરવા તૈયાર થઈ રહ્યા છે; ત્યારે બીજી બાજુ કર્ણે પણ ભયંકર યુદ્ધની શરૂઆત કરી દીધી હતી; અને ભીમ? ભીમ તો બસ ગાંડા હાથીની માફક યુદ્ધક્ષેત્રમાં ઘૂમતો હતો ને કૌરવસૈન્યને તોબા તોબા પોકરાવતો હતો. એટલામાં સાંજ પડવા આવી અને તે દિવસ પૂરતું યુદ્ધ બંધ રહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિમન્યુવધ

તેરમા દિવસના યુદ્ધમાં કૌરવોએ એવું તો અયોગ્ય કૃત્ય કર્યું, કે લોકો આજે પણ તે કૃત્યને ભૂલી શક્યા નથી. તે દિવસે વીર બાળક અભિમન્યુને એક અન્યાયી યુદ્ધ કરીને કૌરવોના સાત મહારથીઓએ મળીને માર્યો.

બીજી બાજુ અર્જુને આ દિવસે સંશપ્તકોની સાથે ખૂબ ભયંકર યુદ્ધ ખેલ્યું. ગુરુ દ્રોણાચાર્યે એક એવો ચક્રવ્યૂહ ગોઠવ્યો, કે આ ચક્રવ્યૂહમાંથી બહાર આવવાની યુક્તિ ફક્ત અર્જુન સિવાય બીજા કોઈને આવડતી ન હતી. અભિમન્યુ વ્યૂહની અંદર ગયો તો ખરો, પણ તેને વ્યૂહમાંથી બહાર આવવાની યુક્તિ આવડતી ન હતી.

યુધિષ્ઠિર, ભીમ, દ્રુપદ, સાત્યકિ વગેરે અભિમન્યુને ઉત્સાહ આપતા બોલ્યા: "તું એક વાર અમને રસ્તો બતાવી વ્યૂહની અંદર પ્રવેશ કર. અમે બધા તે રસ્તે વ્યૂહમાં દાખલ થઈને તને છોડાવીશું."

અભિમન્યુ ચક્રવ્યૂહમાં દાખલ થયો. તેણે એકલાએ દ્રોણ, દુર્યોધન, કર્ણ, શલ્ય વગેરેને અસ્થિર કરી મૂક્યા; પણ અભિમન્યુને મદદ કરવા તો કોઈ આવ્યું નહિ; કારણ કે પાંડવો વ્યૂહમાં દાખલ જ થઈ શક્યા નહિ. જયદ્રથ એકલો વ્યૂહમાં દાખલ થવાનો માર્ગ સાચવતો હતો. તે યુદ્ધ કરીને વ્યૂહના બારણા આગળથી પાંડવોને વારંવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળક અભિમન્યુએ ફક્ત રથના પૈડાથી જ
કેટલાયે સૈનિકોને મારી નાખ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા હઠાવવા લાગ્યો.

દ્રોણ, કૃપ, કર્ણ વગેરે છ છ મહારથીઓ એકી સાથે બાળક અભિમન્યુ ઉપર તૂટી પડ્યા; પણ તેઓ જરા પણ ફાવ્યા નહિ. દ્રોણ વારંવાર અભિમન્યુના હાથે પરાજિત થઈ કહેવા લાગ્યા: "અભિમન્યુના જેવો વીર પુરુષ મેં હજી સુધી જોયો નથી!"

તે દિવસે અભિમન્યુ એકલાએ નવ હજાર રથી, નવસો હાથી, એક હજાર ઘોડા અને પાયદળના અસંખ્ય સૈનિકોનો નાશ કર્યો!

વારંવાર પ્રયત્ન કરવા છતાં પણ જ્યારે અભિમન્યુ એક પગલું પણ ન ખસ્યો, ત્યારે દ્રોણે કહ્યું: "જ્યાં સુધી અભિમન્યુના હાથમાં હથિયાર છે, ત્યાં સુધી તેને હરાવી શકાય એમ નથી. તમે બધા ભેગા થઈ અભિમન્યુ ઉપર હુમલો કરો; અને કોઈ તેનું ધનુષ્ય, કોઈ તેની ઢાલ, કોઈ તેની તલવાર—એમ તેનાં બધાં શસ્ત્રો કાપી નાખો."

આખરે થયું પણ તેમ જ. બધાએ ભેગા થઈ બાળક અભિમન્યુનાં બધાં હથિયારોનો નાશ કર્યો; પરંતુ પાસે રથ ન હોવા છતાં અને ધનુષ્યબાણ પણ ન હોવા છતાં બાળક અભિમન્યુએ ફક્ત રથના પૈડાથી જ કેટલાય સૈનિકો મારી નાખ્યા! છેવટે બધાના સામુદાયિક આક્રમણની સામે અભિમન્યુ ટકી શક્યો નહિ અને મૃત્યુની ગોદે પોઢ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુનની પ્રતિજ્ઞા અને જયદ્રથવધ

અર્જુન જ્યારે સંશપ્તકો સાથે યુદ્ધમાં રોકાયો હતો, ત્યારે તેને પોતાના પ્રિય પુત્ર અભિમન્યુનાં મૃત્યુના સમાચાર મળ્યા. સાત મહારથીઓ ભેગા થઈ અભિમન્યુ ઉપર કેવી રીતે તૂટી પડ્યા હતા અને જયદ્રથે કેવી રીતે પાંડવોને વ્યૂહમાં પેસવા નહોતા દીધા તેની બધી વીગત અર્જુને મેળવી. પોતાના પુત્રને થયેલા અન્યાયથી અર્જુન બહુ ગુસ્સે થયો. તેણે તરત જ પ્રતિજ્ઞા લીધી, કે "હું આવતી કાલે સૂર્યાસ્ત થતા પહેલાં જયદ્રથનો વધ કરીશ. જો હું મારી પ્રતિજ્ઞા પૂરી ન કરી શકું, તો હું સળગતી ચિતા પર ચડી મારા પ્રાણ છોડીશ."

કૌરવોએ અર્જુનની આ પ્રતિજ્ઞાની વાત સાંભળી.

ચૌદમે દિવસે સવારમાં જ દ્રોણાચાર્યે એક આશ્ચર્ય-કારક વ્યૂહની રચના કરી અને જયદ્રથને તેની વચમાં સંતાડી દીધો. દ્રોણાચાર્યે મોટા મોટા વીર પુરુષોને જયદ્રથના બચાવ માટે રોકી દીધા; પણ તે દિવસે અર્જુન જે લડાઈ લડ્યો, તેવી લડાઈ પહેલાં તે કોઈ દિવસ લડ્યો ન હતો. પાંડવપક્ષના બીજા મહાન યોદ્ધાઓ—સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન વગેરે—અર્જુનને મદદ કરવા લાગ્યા. અર્જુનના ગાંડીવનો ટંકાર અને શ્રી કૃષ્ણના પાંચજન્ય શંખનો અવાજ સાંભળી આકાશ, પાતાળ અને પૃથ્વી ધ્રૂજી ઊઠ્યાં. ભીમસેન અને ઘટોત્કચ પણ ભયાનક કિકિયારીઓ પાડી યુદ્ધ કરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમની ગદાના આઘાતથી દ્રોણાચાર્યનો રથ ભાંગી ગયો અને તેમનો સારથિ પણ મૃત્યુને શરણ થયો. બધાને લાગ્યું, કે ભીમ આજે ગાંડો થઈ ગયો છે. તેનાથી બચવા માટે હવે કોઈ ઉપાય ન રહ્યો. બધા સૈનિકો નાસી જઈને પોતાની જિંદગી બચાવવા લાગ્યા. દુર્યોધનના પાંચ ભાઈઓને ભીમે એકલાએ મારી નાખ્યા. કર્ણ જેવા વીર પુરુષને પણ ભીમે કેટલીય વાર હરાવ્યો. કર્ણને તે કહેતો: "સૂતપુત્ર, હું તને મારી નાખીશ નહિ; કારણ કે તારો નાશ કરવાની પ્રતિજ્ઞા તો અર્જુને લીધી છે."

ભૂરિશ્રવાની સાથે લડતાં લડતાં સાત્યકિ મરતાં મરતાં બચ્યો. અર્જુને વખતસર ત્યાં આવી પહોંચી ભૂરિશ્રવાને મારી નાખ્યો અને સાત્યકિને બચાવ્યો. હવે લગભગ સાંજ પડવા આવી હતી; સૂર્ય આથમવાને બહુ વાર ન હતી. અર્જુને પ્રતિજ્ઞા લીધી હતી, કે સૂર્યાસ્ત પહેલાં જ જયદ્રથને મારવો. અર્જુન જો આમ કરવામાં નિષ્ફળ નીવડે, તો તે પોતાના પ્રાણ બળતી ચિતામાં હોમી દેવાનો હતો; તે વાત યાદ છે ને? એટલે શ્રી કૃષ્ણે યુક્તિ કરી સૂર્યનું તેજ ઢાંકી દીધું. બધાંને લાગ્યું, કે સાંજ પડી ગઈ અને હજુ સુધી અર્જુન જયદ્રથને મારી શક્યો નથી! સાચેસાચ સૂર્ય અસ્ત પામ્યો છે કે નહિ, તે જોવા જયદ્રથે પોતાનું માથું જરાક ઊંચું કર્યું. તરત જ શ્રી કૃષ્ણ બોલી ઊઠ્યા: "અર્જુન! જયદ્રથનું માથું હમણાં ને હમણાં કાપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ. પણ સાવધાન! એ માથું જો જમીન ઉપર પડશે, તો તારું જ મૃત્યુ થશે. જયદ્રથને તેના પિતાનું એવું વરદાન છે, કે જે માણસ જયદ્રથનું માથું કાપે, તે માણસનું જ મૃત્યુ થાય. તું એક કામ કરઃ જયદ્રથનો પિતા અત્યારે સ્યમંતપંચક નામના તીર્થમાં તપસ્યા કરે છે. તું જયદ્રથનું માથું તેના ખોળામાં ફેંક. આમ કરવાથી બાપ અને બેટો બન્ને જણા મૃત્યુ પામશે."

અર્જુને શ્રી કૃષ્ણના કહ્યા પ્રમાણે જયદ્રથનું માથું કાપી નાખ્યું. તરત જ સૂર્ય ચમકતો દીપી ઊઠ્યો. જયદ્રથને નાશ પામેલો જોઈ કૌરવો બહુ ક્રોધે ભરાયા અને વધારે જોરથી યુદ્ધ કરવા લાગ્યા.

અર્જુનના બાકીના ચાર ભાઈઓ ઘણી વાર કર્ણના સપાટામાં આવી જતા; પણ કર્ણે તો કુંતીદેવી પાસે પ્રતિજ્ઞા લીધી હતી, કે "હું અર્જુન સિવાય બીજા કોઈ પાંડવને મારીશ નહિ." ખરેખર, કર્ણની આ પ્રતિજ્ઞાને લીધે જ પાંડવો બચી ગયા!

ઘટોત્કચ ને દ્રોણનો વધ

ભીમનો પુત્ર ઘટોત્કચ તો ગાંડાની માફક જ યુદ્ધ કરતો હતો. કર્ણના જેવા મહારથીઓ પણ ઘટોત્કચના બાણથી અસ્થિર થઈ ગયા. કૌરવસૈન્યના સૈનિકો તો ઘટોત્કચને જોઈ દૂર જ નાસવા લાગ્યા! છેવટે બધાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્ણને કહ્યું : "કર્ણ ! ઇંદ્ર પાસેથી 'એકપુરુષઘાતિની' નામની જે શક્તિ તને મળી છે, તે શક્તિથી તું ઘટોત્કચનો વધ કર. એથી આજે જીવતા રહીએ, એટલે પત્યું !"

કર્ણને પણ બીજો કોઈ ઉપાય ન સૂઝવાથી તેણે 'એકપુરુષઘાતિની' શક્તિ છોડી; ઘટોત્કચ તરત જ મૃત્યુ પામ્યો; પણ મરતાં મરતાં યે તે પોતાના શરીરના ભારથી એક અક્ષૌહિણી સૈનિકોને મારતો ગયો !

ઘટોત્કચને મૃત્યુ પામેલો જોઈ શ્રી કૃષ્ણના આનંદનું તો પૂછવું જ શું ! શ્રી કૃષ્ણ એટલા માટે રાજી થતા હતા, કે જો 'એકપુરુષઘાતિની' શક્તિથી ઘટોત્કચ ન મરાયો હોત, તો કોઈક દિવસ કર્ણ એ અસ્ત્ર અર્જુનના ઉપર અજમાવત.

પરંતુ જ્યાં સુધી દ્રોણાચાર્ય જીવતા હતા, ત્યાં સુધી તો પાંડવો વિજયને માટે કોઈ આશા ન હતી; એટલે શ્રી કૃષ્ણે નક્કી કર્યું, કે દ્રોણાચાર્યને છળકપટ કરીને પણ મારવા. જો દ્રોણ "અશ્વત્થામા મરાયો છે" એવા સમાચાર સાંભળે, તો પોતાના પુત્રના શોકથી પોતાનાં હથિયારો છોડે અને પછી તો તેમને સહેલાઈથી મારી શકાય; એટલે ભીમ મોટેથી કહેવા લાગ્યો : "અશ્વત્થામા મરાયો છે !" જ્યારે દ્રોણના કાને આ શબ્દો પડ્યા, ત્યારે આ વાત સાચી છે કે ખોટી તે જાણવા માટે દ્રોણે યુધિષ્ઠિરને પૂછ્યું; કારણ કે યુધિષ્ઠિર કોઈ દિવસ જૂઠું બોલતા નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દિવસના યુદ્ધમાં અશ્વત્થામા નામનો એક હાથી મરાયો હતો. યુધિષ્ઠિરે દ્રોણને જવાબ આપવામાં એક યુક્તિ કરી. તેમણે કહ્યું: "અશ્વત્થામા મરાયો છે;" અને પછી કોઈ ન સાંભળે તેવા ધીમા અવાજે કહ્યું: "પણ તે નામનો હાથી." "અશ્વત્થામા નામનો હાથી મરાયો છે" એ શબ્દો દ્રોણને કાને ન પડ્યા; એટલે તેમને તો પોતાનો પુત્ર અશ્વત્થામા જ મરાયો છે એમ લાગ્યું. પુત્રશોકથી તેમણે તરત જ પોતાનાં અસ્ત્રશસ્ત્ર છોડ્યાં; એટલે તે તક જોઈ ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યનું માથું કાપી લીધું.

દ્રોણના મૃત્યુના સમાચાર સાંભળીને અશ્વત્થામા બહુ ગુસ્સે ભરાયો. તે નારાયણ અસ્ત્ર છોડી યુદ્ધ કરવા લાગ્યો; પણ અર્જુને પોતાનાં અસ્ત્રો વડે અશ્વત્થામાનાં બધાં અસ્ત્રોનો નાશ કર્યો.

પાંચ દિવસના ભીષણ યુદ્ધ પછી દ્રોણાચાર્ય મૃત્યુ પામ્યા. કૌરવોનાં મન ફરીથી અશાંત બન્યાં; પણ હજુ વિજયની એક આશા હતી. મહાવીર દ્રોણના મૃત્યુ પછી કર્ણ કૌરવસૈન્યનો સેનાપતિ બન્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ : કર્ણપર્વ

[દ્રોણાચાર્ય પછી કર્ણે કૌરવોના સેનાપતિનું કામ કર્યું' એનું આમાં વર્ણન છે; તેથી આનું નામ કર્ણપર્વ કહેલ છે.]

સેનાપતિ કર્ણનું યુદ્ધ

પંદરમે દિવસે મહાવીર કર્ણ સેનાપતિ બની યુદ્ધમાં ઊતર્યો. કૌરવો આજે આનંદની કિકિયારીઓ પાડતા હતા. કર્ણે દુર્યોધનને ખાતરી આપતાં કહ્યું: "મિત્ર, કોઈ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી. હું આજે જ પાંડવોને હરાવી દઉં છું!"

કર્ણે 'મકર' નામનો વ્યૂહ ગોઠવ્યો; અને અર્જુને 'અર્ધચંદ્ર' નામનો વ્યૂહ ગોઠવ્યો. પાંડવપક્ષના મોટા મોટા યોદ્ધાઓ આ વ્યૂહમાં ગોઠવાઈને યુદ્ધ કરવા લાગ્યા.

મહાવીર કર્ણે શરૂઆતમાં 'નારાચ' નામનું અસ્ત્ર છોડી પાંડવોને અસ્થિર કરી મૂકયા. વીર અર્જુન તે વખતે સંશપ્તકો સાથે યુદ્ધમાં રોકાયેલો હતો.

ભીમસેન આજે ભયંકર રીતે યુદ્ધ લડતો હતો. અશ્વત્થામા અને ભીમ વચ્ચે ભયાનક યુદ્ધ ચાલ્યું. બન્નેનાં બાણમાંથી જાણે અગ્નિ વરસવા લાગ્યો! આવું ભયંકર યુદ્ધ લડતાં બન્ને જણા પોતપોતાના રથ ઉપર બેભાન થઈ પડ્યા; એટલે તેમના સાથીઓ તેમને રણક્ષેત્રમાંથી દૂર લઈ ગયા. થોડી વાર પછી ભાન આવ્યું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત જ અશ્વત્થામા અર્જુન સાથે યુદ્ધ કરવા આવ્યો.

બન્ને પક્ષનું ઘોર યુદ્ધ

અર્જુન તે વખતે પણ સંશપ્તકો સાથે યુદ્ધમાં રોકાયેલો હતો. થોડી વાર સુધી અશ્વત્થામા અર્જુન સાથે લડ્યો, પણ આખરે અશ્વત્થામાને નાસી જવું પડ્યું. એવે વખતે મગધદેશનો રાજા દંડધાર અને તેનો ભાઈ દંડ બન્ને જણા ભેગા થઈ પાંડવસૈન્યનો ઘાણ કાઢવા લાગ્યા; પણ અર્જુને તરત જ તે બન્ને જણાને યમના ઘેર પહોંચાડી દીધા!

કર્ણની સાથે નકુળે ભયંકર યુદ્ધ આદર્યું; પણ નકુળના શા ભાર, કે તે કર્ણની સામે ટક્કર ઝીલી શકે? કર્ણે નકુળ ઉપર હુમલો તો કર્યો, પણ તેને તેણે તરત જ છોડી દીધો; કારણ કે પાંડવોમાં અર્જુન સિવાય બીજા કોઈને પણ કર્ણ મારવાનો ન હતો. કુંતીદેવી પાસે લીધેલી આ પ્રતિજ્ઞા તમને યાદ છે ને? કર્ણના પરાક્રમથી પાંડવપક્ષના સૈનિકોનાં મન ઊંચા થઈ ગયાં.

કૃપાચાર્યના હાથે તે દિવસે ધૃષ્ટદ્યુમ્ન મરતાં મરતાં બચ્યો. ધૃષ્ટદ્યુમ્નના સારથિએ આફત જોઈ રથ પાછો ફેરવી લીધો અને ખૂબ દૂર નાસી ગયો. સારથિએ જો આમ ન કર્યું હોત, તો ધૃષ્ટદ્યુમ્ન પોતાની છાવણીમાં જીવતો પાછો ફરત નહિ.

દુર્યોધનની સાથે યુધિષ્ઠિરે પણ ભીષણ યુદ્ધ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુધિષ્ઠિરે તે દિવસે દુર્યોધનને બહુ હેરાન કર્યો. લડતાં લડતાં યુધિષ્ઠિરનું ભયંકર અસ્ત્ર વાગવાથી દુર્યોધન પોતાના રથ ઉપર બેભાન થઈ પડ્યો; પણ ભીમે ત્યાં આવી યુધિષ્ઠિરને કહ્યું: "મોટાભાઈ, તમે દુર્યોધનને ન મારશો. મેં પ્રતિજ્ઞા લીધી છે, કે દુર્યોધનને તો હું જ મારીશ. તમે તો આ વાત જાણો છો."

ભીમની વાત સાંભળી યુધિષ્ઠિરે દુર્યોધનને છોડી દીધો.

બીજી બાજુ કર્ણ અને અર્જુન વચ્ચે જે ભયંકર યુદ્ધ ચાલતું હતું, તે છેક સાંજ સુધી ચાલ્યું. તે યુદ્ધ જોઈ બંને પક્ષના સૈનિકો ભયથી આકુળવ્યાકુળ બની ગયા.

બીજે દિવસે ફરીથી ભીષણ યુદ્ધ શરૂ થયું. એક તો કર્ણ મહા શૂરવીર યોદ્ધો હતો અને વળી વધારામાં તેણે મદ્રદેશના રાજા શલ્યને સારથિ તરીકે મેળવ્યો હતો; એટલે આજે કંઈ ગમે તેમ યુદ્ધ ચાલવાનું ન હતું! સારા સારથિ વગર કોઈ પણ રથી સારી રીતે લડી શકે નહિ. મદ્રરાજ શલ્યને સારથિ તરીકે મેળવી કર્ણે મનમાં નક્કી કર્યું, કે કાં તો આજે અર્જુનને મારવો, કાં તો પોતે મરવું!

પણ આનું પરિણામ તો જુદું જ આવ્યું! શલ્ય કર્ણનો સારથિ બની વાતવાતમાં તેના મનને દુઃખ આપવા લાગ્યો. કર્ણ વારંવાર પોતાની બહાદુરીની બડાઈઓ હાંકતો. તેની તો ગણતરી હતી, કે અર્જુન અને શ્રી કૃષ્ણ તેની આગળ કંઈ હિસાબમાં જ નથી! પણ જ્યારે યુદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતું હતું, ત્યારે શલ્ય કર્ણના એ અભિમાનને કડવાં વેણો સંભળાવી દૂર કરતો.

તેમ છતાં કર્ણ તે દિવસે સારું લડ્યો. પાંડવોના કેટલા સૈનિકો તે દિવસે કર્ણના હાથે મરાયા, તેની તો ગણતરી જ થાય તેમ ન હતી. યુધિષ્ઠિરની સાથે કર્ણ તે દિવસે ભયંકર લડાઈ લડ્યો. કર્ણ શરૂઆતમાં તો યુધિષ્ઠિરની સામે ટકી શક્યો નહિ, અને તે એટલે સુધી કે એક વાર તો કર્ણ બેભાન પણ થઈ ગયો, તોપણ આખરે તેણે યુધિષ્ઠિરને હરાવ્યા; પરંતુ કર્ણ અર્જુન સિવાય બીજા કોઈ પાંડવને મારવાનો ન હતો. કર્ણની આ પ્રતિજ્ઞાને લીધે યુધિષ્ઠિર તે દિવસે બચી ગયા.

બીજી બાજુ, ભીમસેને ભયંકર યુદ્ધ કરી કૌરવ-સૈન્યની બહુ બૂરી દશા કરી મૂકી. કર્ણને તો તે ગણકારતો જ ન હતો. કર્ણની સાથે તેને વારંવાર લડાઈ થતી. ભીમ તો આખો વખત ગાંડો થઈને જ યુદ્ધ કરતો હતો. કૌરવસૈન્યના કેટલા સૈનિકો તેને હાથે મરાયા, તે તો જાણવું મુશ્કેલ છે. હવે કર્ણ પોતે જ ભીમની સાથે લડવા આગળ આવ્યો.

બન્ને શૂરવીરો વચ્ચે ભયંકર લડાઈ જામી. બેમાંથી કોઈ કમ ન હતું. કેટલીક વાર સુધી આ પ્રમાણે યુદ્ધ કરી કર્ણ ભીમના બાણથી ઘવાઈ ગયો અને બેભાન થઈ રથમાં પડ્યો. સારથિ શલ્ય જલદીથી કર્ણના રથને રણભૂમિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર લઈ ગયો. થોડી વાર પછી ભાન આવ્યું, કે તરત જ કર્ણ યુદ્ધક્ષેત્ર ઉપર આવ્યો.

તે દિવસે ભીમે દુર્યોધનના છ ભાઈઓને મારી નાખ્યા. ભીમ તો આજે સાક્ષાત્ યમ જેવો બની ગયો હતો. જે કોઈ તેની પાસે જતું, તે જીવતું પાછું ફરતું નહિ!

ભાન આવ્યા પછી કર્ણ ભીમસેન સાથે ફરીથી લડવા આવ્યો તો ખરો, પણ ભીમસેનની ગદાનો માર ખાઈ ફરીથી તેને પાછા જતા રહેવું પડ્યું.

કર્ણે હવે યુધિષ્ઠિર સાથે યુદ્ધ શરૂ કર્યું. કર્ણના બાણથી ઘવાઈ યુધિષ્ઠિરના રથના ઘોડા મરી ગયા અને યુધિષ્ઠિરનાં બધાં અસ્ત્ર–શસ્ત્રો કપાઈ ગયાં. યુધિષ્ઠિરે નાસી જઈ પોતાની જિંદગી બચાવી.

અશ્વત્થામા અને ધૃષ્ટદ્યુમ્નની વચ્ચે પણ યુદ્ધ ચાલતું હતું. અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નની બહુ બૂરી દશા કરી. ધૃષ્ટદ્યુમ્નને આમ ફસાયેલો જોઈ અર્જુન તેને મદદ કરવા આવી પહોંચ્યો. અર્જુને તો થોડી વાર યુદ્ધ કરી તરત જ અશ્વત્થામાને હરાવી દીધો.

અર્જુને જોયું, કે કર્ણ યુધિષ્ઠિરનું પણ અપમાન અને મશ્કરી કરવાનું ચૂકતો નથી. અર્જુનથી મોટા ભાઈની મશ્કરી સહન થઈ શકી નહિ. તે કર્ણ ઉપર ખૂબ ક્રોધે ભરાયો; અને પ્રતિજ્ઞા લીધી, કે "આજે ગમે તે થાય, પણ કર્ણને માર્યા સિવાય પાછા ફરવું નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુનની આવી પ્રતિજ્ઞા સાંભળી પાંડવોના સૈન્યમાં ફરીથી ઉત્સાહનું મોજું ફરી વળ્યું. ભીમસેન હવે એટલા જોરથી યુદ્ધ કરવા લાગ્યો, કે એવું યુદ્ધ તો પહેલાં કોઈએ કોઈ જગ્યાએ જોયુ જ ન હતું. ભીમસેનની ગદાથી દુશ્મનોના હજારો અને લાખો સૈનિકો મરવા લાગ્યા.

દુઃશાસનનો વધ

ભીમની સાથે દુઃશાસન લડવા આવ્યો. આજે ભીમ મસ્ત બની લડતો હતો. રાજસભામાં દ્રૌપદીને સહન કરવું પડેલું પેલું અપમાન ભીમસેન ભૂલ્યો ન હતો. આ પાપિષ્ઠ દુઃશાસન જ દ્રૌપદીના વાળ પકડી તેને રાજસભામાં ખેંચી લાવ્યો હતો! ભીમે દુઃશાસનને જોઈ પ્રતિજ્ઞા લીધી, કે "આજે જ આ દુષ્ટ દુઃશાસનની છાતીમાંથી નીકળતું લોહી પીવું અને દ્રૌપદીના છુટા વાળ બાંધવા."

ભીમસેન રાક્ષસની માફક ગાંડો થઈ યુદ્ધ કરવા લાગ્યો. ભીમની સામે આવવાની હિંમત કોણ કરે? ભીમે કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા, કૃપ વગેરેને બોલાવી કહ્યું: "શૂરવીર કૌરવો! હું આજે આ દુઃશાસનનો વધ કરી મારી પ્રતિજ્ઞા પૂરી કરવાનો છું; તમારા હાથમાં જો બળ હોય, તો તેને તમે કોઈક બચાવજો!"

જોતજોતામાં ભીમસેને દુઃશાસનને જમીન ઉપર પાડી નાખ્યો અને તેની છાતી ઉપર ચડી બેઠો. ત્યાર પછી મોટેથી ત્રાડ પાડી ભીમ બોલ્યો: "આજે હું આ પાપીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાતીમાંથી લોહી પી દ્રૌપદીને થયેલા અપમાનનો બદલો લઉં છું."

ભીમે તરત જ દુષ્ટ દુઃશાસનની છાતી ચીરી નાખી અને તેમાંથી નીકળતું ધગધગતું ગરમ લોહી પીધું. આમ ભીમના હાથે દુઃશાસનનો અંત આવ્યો.

આખા શરીરે લોહી, મોંમાં પણ લોહી–લોહી પીને ગાંડો બની ગયેલો ભીમ બે હાથમાં ગદા લઈ કૌરવસેનાનો વિનાશ કરવા લાગ્યો. તેને રોકવાની હિંમત કોઈનામાં ન હતી!

"રાક્ષસ આવ્યો છે!" "રાક્ષસ આવ્યો છે!" એમ બોલતા કૌરવસૈન્યના સૈનિકો જ્યાં ઊભા હતા, ત્યાંથી નાસવા લાગ્યા અને એ રીતે પોતાની જિંદગી બચાવવા લાગ્યા. ભીમે તે દિવસે દુર્યોધનના બીજા દશેક ભાઈઓને યમના ઘેર પહોંચતા કરી દીધા.

અર્જુને પણ કર્ણના પુત્ર વૃષસેનને મારી પોતાના પુત્ર અભિમન્યુના મૃત્યુનું વેર લીધું.

પોતાના પ્રિય પુત્ર વૃષસેનને મૃત્યુ પામેલો જોઈ કર્ણ ભાન ભૂલ્યો. તે એકદમ અર્જુન સામે યુદ્ધ કરવા આગળ ધસી આવ્યો.

કર્ણનો વધ

કર્ણ અને અર્જુન પૃથ્વી ઉપર શ્રેષ્ઠ વીરો હતા. તેમના જેવા શૂરવીરો ભારતવર્ષમાં હજુ પાક્યા ન હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી પૃથ્વીના માણસો ચકિત બની આ બંને વચ્ચેનું યુદ્ધ નિહાળવા લાગ્યા. સ્વર્ગમાં દેવો પણ મોંમાં આંગળાં ઘાલી આ બન્ને વચ્ચેનું યુદ્ધ જોવા લાગ્યા.

શ્રી કૃષ્ણ અર્જુનને ઉત્સાહ આપતા બોલ્યા: "મિત્ર, આજે કર્ણનો વધ કરી પાંડવોને મુશ્કેલી વગરના કર. કૌરવસૈન્યના મોટા મોટા યોદ્ધાઓ તો લગભગ મરી પરવાર્યા છે; અને હવે કર્ણ જતાં તેઓ બળ વગરના થઈ જશે."

કર્ણ અને અર્જુન વચ્ચેનું યુદ્ધ અત્યંત ભીષણ હતું. બન્ને જણા જાણે બાણ સાથે રમત ન કરતા હોય એમ લાગતું હતું. અર્જુનનાં બાણોથી હેરાન હેરાન થઈ કર્ણે 'સર્પમુખ' નામનું અસ્ત્ર અર્જુન તરફ છોડયું.

આ અસ્ત્ર ઘણું ભયંકર હતું. શ્રી કૃષ્ણે અર્જુન ઉપર આફત આવતી જોઈ રથના ઘોડાને જમીન ઉપર બેસાડી દીધા. 'સર્પમુખ' અસ્ત્રથી અર્જુનના માથાનો મુગટ જ ભાંગી ગયો.

અર્જુને હવે બ્રહ્માસ્ત્ર છોડયું; પણ કર્ણ એવો ચતુર હતો, કે તેણે અર્જુનના બ્રહ્માસ્ત્રના પણ પોતાના બાણથી ટુકડે ટુકડા કરી નાખ્યા. આ પ્રમાણે કેટલીક વાર સુધી કોઈ કોઈને હરાવી શકયું નહિ.

અર્જુને કર્ણનાં અસ્ત્રશસ્ત્ર પોતાના બાણથી કાપી નાખ્યાં. કર્ણે પણ અર્જુનના ધનુષ્યની દોરી કાપી નાખી. ભીમ અને શ્રી કૃષ્ણ અર્જુનને વારંવાર ખૂબ સાવધાનીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડવાનું કહેતા અને લાગ જોઈ કર્ણને મારવાનું કહેતા.

ભયંકર યુદ્ધ ચાલતું હતું, એવામાં પરશુરામના પહેલાના શાપથી કર્ણના રથનું પૈડું જમીનમાં ખૂતી જવા લાગ્યું; રથને ફરીથી ઊભો કરી શકાય એમ ન હતું.

કર્ણે અર્જુનને જરા થોભી જવા કહ્યું; પણ શ્રી કૃષ્ણે તેમ કરવાની ના પાડી. તેઓ બોલી ઊઠ્યા : "સૂતપુત્ર ! દ્રૌપદીને રાજસભામાં ખેંચી લાવી તેનું અપમાન કરતી વખતે અને બાળક અભિમન્યુને સાત મહારથીઓએ ભેગા થઈ માર્યો તે વખતે તારું આ ધર્મજ્ઞાન ક્યાં ગયું હતું ? અર્જુન, અત્યારે જ તું કર્ણને માર; તેનો રથ ઊભો થાય ત્યાં સુધી તું ખોટી થઈશ નહિ."

પરશુરામના શાપથી કર્ણ અસ્ત્રશસ્ત્ર કેવી રીતે છોડવાં તે પણ ભૂલી ગયો હતો ! રથ તો જમીનમાં ખૂતી ગયો હતો. હવે કંઈ પણ માર્ગ ન હતો ! છેલ્લી ઘડી પાસે આવેલી જોઈ કર્ણે સૂર્યદેવ તરફ જોઈ તેમને ભાવપૂર્ણ નમસ્કાર કર્યા. અર્જુને ગાંડીવ ઉપર એક ભયંકર બાણ ચડાવ્યું. કૌરવસૈન્યમાં હાહાકાર થઈ ગયો અને જોતજોતામાં કર્ણનું કપાયેલું માથું જમીન ઉપર પડ્યું. સૂર્યપુત્રનું તેજ તરત જ ખરતા ઉજ્જ્વળ તારાની માફક સૂર્ય સાથે મળી ગયું.

પાંડવો હવે કોઈ પણ જાતના વિચાર વગર કૌરવ-સૈન્યનો સંહાર કરતા હતા. કર્ણ હતો નહિ, એટલે દુર્યોધન-નો જમણો હાથ તો જાણે ખાલી ખાલી જણાવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીષ્મ ને દ્રોણ તો પહેલેથી જ મરી પરવાર્યા હતા; અને દુઃશાસન વગેરેમાંથી પણ આજે કોઈ ન હતું; તેથી દુર્યોધનની આશા ખાસ કરીને કર્ણના બળ ઉપર જ બંધાઈ હતી; પરંતુ તે પણ આજે ગયો! ફક્ત બે દિવસના યુદ્ધમાં જ કર્ણનું પતન થયું!

કર્ણના મૃત્યુથી દુર્યોધનના હૃદયને સખત આઘાત પહોંચ્યો. પોતાના મિત્રના શોકથી દુર્યોધન પોતાનું ભાન ભૂલી ભયંકર યુદ્ધ કરવા લાગ્યો. ધીમે ધીમે સાંજ પડી અને તે દિવસ પૂરતું યુદ્ધ બંધ રહ્યું. બધા વીર પુરુષો ભેગા થઈ કર્ણનું શબ શોધવા નીકળી પડ્યા. જ્યારે સંજયે રાજા ધૃતરાષ્ટ્રને કર્ણના મૃત્યુની વાત કહી, ત્યારે તેમણે કહ્યું: "હવે કૌરવોને માટે વિજયની આશા રહી લાગતી નથી." આટલું બોલી રાજા ધૃતરાષ્ટ્ર બેભાન થઈ ગયા.

હવે કૌરવ–પક્ષમાં યુદ્ધ કરી શકે એવો કોઈ વીર પુરુષ રહ્યો ન હતો, તેથી અશ્વત્થામા વગેરેએ દુર્યોધનને યુદ્ધ બંધ કરવાનું કહ્યું; પણ દુર્યોધનનું ભેજું ભમી ગયું હતું, તે વળી કોઈની વાત ધ્યાનમાં લે કે?

બીજા દિવસના યુદ્ધને માટે મદ્રરાજ શલ્યની સેનાપતિ-પદે નિમણુક થઈ. રાત પૂરી થતાં સવારમાં શલ્ય કૌરવોના સેનાપતિ બની યુદ્ધ કરવાના હતા; પરંતુ મોટા મોટા યોદ્ધાઓ પણ પાંડવોના હાથે બચ્યા નથી, એ વાતથી કોઈના મનને શાંતિ ન હતી. તે દિવસની રાત બધાએ ઊંઘ વગર જ કાઢી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ : શલ્યપર્વ

[કૌરવોના સેનાપતિ તરીકે શલ્યે એક દિવસ કામ કર્યું, તે દિવસના યુદ્ધનું આમાં વર્ણન હોવાથી આ પર્વનું નામ **શલ્યપર્વ** પડયું છે.]

શલ્યને મારવા યુધિષ્ઠિરની પ્રતિજ્ઞા

આજના કૌરવ–પાંડવોના યુદ્ધમાં કૌરવપક્ષના મુખ્ય સેનાપતિ મહારાજા શલ્ય બન્યા હતા; પણ યુદ્ધમાં આજે જેમ કૌરવપક્ષમાં કોઈ વીર પુરુષ ન હતો, તેમ કૌરવપક્ષના સૈનિકોમાં યુદ્ધ લડવાનો ઉત્સાહ પણ ન હતો. ભીષ્મ, દ્રોણ, કર્ણ કે જેમની સામે બહાદુરીમાં કોઈ ઊભી શકે તેમ ન હતું–આખી પૃથ્વીના વીર પુરુષો જેમની સમક્ષ પોતાનાં માથાં નમાવતા–તેવા વીર પુરુષો પણ પાંડવોના હાથે એક પછી એક માર્યા ગયા હતા; એટલે હવે વિજયની આશા પણ કયાંથી રહે ?

સૈનિકોની આવી દશા જોઈ કૃપાચાર્યે દુર્યોધનને પાંડવો સાથે સંધિ કરી લેવાની સલાહ આપી; પણ દુર્યોધન સંધિ કરવા તૈયાર ન હતો. તેની ઇચ્છા હતી, કે યુદ્ધમાં શત્રુઓ સામે લડી અમર કીર્તિ મેળવવી; પણ શત્રુઓથી હલકા થઈ તેમની સાથે સંધિ કરવાનું દુર્યોધનને જરાએ ગમતું નહિ.

શ્રી કૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું: “ મહારાજ, આજે શલ્ય રાજાને તો આપે જ મારવા જોઈશે. ભીષ્મ, દ્રોણ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્ણની સરખામણીમાં શલ્ય કંઈ ઊતરતા નથી; એટલે શલ્ય આપણા મામા છે એમ મનમાં લાવી તેમના ઉપર હેત બતાવતા નહિ!"

શલ્યને સેનાપતિ બનાવી મહારથી કૃપ, કૃતવર્મા, અશ્વત્થામા, શકુનિ બધા ભેગા થઈ ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. શલ્યે તે દિવસે 'સર્વતોભદ્ર' નામનો વ્યૂહ ગોઠવ્યો હતો. યુદ્ધ ભયંકર હતું. શલ્ય બે હાથથી સતત બાણનો વરસાદ વરસાવવા લાગ્યા અને પાંડવોના સૈનિકોને મારવા લાગ્યા.

બીજી બાજુ ભીમ અને અર્જુન શંખ ફૂંકી સિંહ-નાદ કરી જે યુદ્ધ કરતા હતા, તે પણ અત્યંત ભયાનક હતું. ભીમ, અર્જુન, નકુળ, સહદેવ વગેરેના બાણથી કૌરવોના સૈનિકો અસ્થિર બની ગયા અને પ્રાણ બચાવવા નાસી જવા લાગ્યા; એટલે શલ્ય દોડતા દોડતા પાંડવો સામે આવ્યા અને તેમને બાણ મારવા લાગ્યા.

નકુળે યુદ્ધમાં કર્ણના પુત્ર સુષેણ, ચિત્રસેન અને સત્યસેનને મારી નાખ્યા. શલ્યની સાથે ભીમે પણ ભયંકર ગદાયુદ્ધ શરૂ કર્યું. બન્ને જણા મોટા મોટા યોદ્ધાઓ હતા. બન્નેની ગદાઓ એક–બીજા સાથે અફળાવાથી તેમાંથી આગ ઝરવા લાગી. બન્ને જણા કેટલીય વાર સુધી લડ્યા. છેવટે એક–બીજાની ગદા વાગવાથી શલ્ય અને ભીમ બેભાન થઈ પડ્યા. કૃપાચાર્ય દોડતા દોડતા ત્યાં આવી પહોંચ્યા અને શલ્યને દૂર લઈ ગયા. થોડી વાર પછી ભીમને ભાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું, એટલે તે તરતજ ઊભો થઈ શલ્યને શોધવા લાગ્યો.

યુધિષ્ઠિરની સાથે શલ્યને વારંવાર યુદ્ધ કરવું પડતું. યુધિષ્ઠિરે બાણ મારી કોણ જાણે કેટલીયે વાર શલ્યને બેભાન કરી મૂક્યા; પણ જ્યારે ભાન આવતું ત્યારે શલ્ય પાંડવોના અસંખ્ય સૈનિકોને મારતા. ભીમ, સાત્યકિ વગેરે યુધિષ્ઠિરને મદદ કરતા હતા. શલ્યે યુધિષ્ઠિર અને ભીમ બન્ને જણનાં બખ્તર ચીરી નાખ્યાં.

શલ્યના બાણથી પાંડવોના સેંકડો સૈનિકોને મરતા જોઈ યુધિષ્ઠિરે પ્રતિજ્ઞા લીધી, કે " આજે ગમે તે થાય, પણ શલ્યનો વધ તો કરવો જ છે. જો હું મારી આ પ્રતિજ્ઞા પૂરી ન કરી શકું, તો હું મારા પ્રાણનો ત્યાગ કરીશ."

મ્લેચ્છ રાજા શાલ્વ તે દિવસે તેના હાથી ઉપર બેસી પાંડવોના સૈન્યમાં ત્રાસ ફેલાવતો હતો; એટલે ધૃષ્ટદ્યુમ્ને ગદાથી તેને પૂરો કર્યો.

શલ્ય અને શકુનિ મરાયા

દુર્યોધન, શકુનિ વગેરે બધા ભયંકર યુદ્ધ લડતા હતા; અને બીજી બાજુ ઉપર અર્જુન અને દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા વચ્ચે ભયંકર યુદ્ધ ચાલતું હતું. અશ્વત્થામા બહુ બળવાન અને યુક્તિબાજ યોદ્ધો હતો, એટલે અર્જુન તેને સહેલાઈથી હરાવી શક્યો નહિ.

યુધિષ્ઠિર અને ભીમનાં બાણોથી શલ્યના રથ, ઘોડા, અસ્ત્ર–બધું કપાઈ ગયું, એટલે હવે શલ્ય હાથમાં ખડ્ગ લઈ

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધ કરવા લાગ્યા; પરંતુ તેમનું ખડ્ગ પણ કપાઈ ગયું; એવામાં યુધિષ્ઠિરે શલ્ય તરફ એક ભયંકર શક્તિ ફેંકી. આ શક્તિ જોઈ શલ્યનો જીવ ઊડી ગયો. હવે તો કોઈ ઉપાય જ ન હતો. જોતજોતામાં શક્તિ શલ્યની છાતીમાં સોંસરી ઊતરી ગઈ. શલ્ય રાજા શમીના વૃક્ષની માફક ધબ દઈને જમીન ઉપર પડ્યા.

શલ્યના મૃત્યુથી કૌરવસૈન્યમાં હાહાકાર મચી ગયો. હવે તો બધા નાસી જઈને જ પોતપોતાના પ્રાણ બચાવવાની પેરવી કરવા લાગ્યા; પરંતુ દુર્યોધને તેમને તેમ કરતાં અટકાવ્યા અને ફરીથી ભયંકર યુદ્ધ શરૂ થયું; પણ પાંડવો સામે હવે ટક્કર ઝીલી શકે એવો કયો વીર બાકી રહ્યો હતો?

ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંથી દુર્યોધન ઉપરાંત બીજા બાર ભાઈઓ હજુ જીવતા હતા. ભીમે એકલાએ તે દિવસે તે બારેને પૂરા કર્યા.

ધૃષ્ટદ્યુમ્ન અને શકુનિ વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થયું. તે યુદ્ધમાં કૌરવોના કેટલા સૈનિકો માર્યા ગયા, તેની ચોક્કસ સંખ્યા કહેવી મુશ્કેલ છે.

કુરુક્ષેત્રના મેદાનમાં અઢાર દિવસ યુદ્ધ ચાલ્યું હતું. તેટલા સમય દરમિયાન કૌરવોના કેટલા સૈનિકો, કેટલા સેનાપતિઓ, કેટલા રથીઓ અને કેટલા મહારથીઓ માર્યા ગયા, તેની ચોક્કસ સંખ્યા જ જાણી શકાઈ નથી. કૌરવોનું સાગર જેવડું વિશાળ સૈન્ય પાણીના એક બિંદુ સમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયું હતું એમ કહીએ તો પણ ચાલે!

અર્જુન વાદળાની માફક સતત બાણોનો વરસાદ વરસાવતો હતો; અને ભીમ પોતાની ગદાથી કૌરવસૈન્યનો સંહાર કરતો હતો.

હવે સહદેવ અને શકુનિ વચ્ચે ભયંકર યુદ્ધ ચાલ્યું. સહદેવ એક હાથમાં ભાલો લઈ બોલ્યો: "જે હાથ વડે કપટ કરી તું અમારી સાથે સોગઠાં રમ્યો (અને પરિણામે અમને વનમાં મોકલ્યા), તે હાથથી જ તું આ ભાલો અટકાવ. જો તું ભાલો અટકાવી શકે તો હું જાણું, કે શકુનિ વીર છે—નહિ તો તું બાયલો છે."

શકુનિ સહદેવના ભાલાનો વેગ અટકાવી શક્યો નહિ. તેનું કપાયેલું માથું જમીન ઉપર પડ્યું. શકુનિના મૃત્યુથી કૌરવસૈન્યમાં ફરીથી હાહાકાર મચી ગયો. પાંડવોએ આનંદથી શંખ ફૂંક્યો.

દુર્યોધન સરોવરમાં છુપાઈ ગયો

દુર્યોધન ફરીથી ભયંકર રીતે યુદ્ધ કરવા લાગ્યો, પણ હવે બેમાંથી એકે પક્ષમાં ઝાઝા સૈનિકો રહ્યા ન હતા. સાગર જેવું વિશાળ સૈન્ય જોતજોતામાં જાદુના ખેલની માફક ખલાસ થઈ ગયું. આ વખતે સાત્યકિ સંજયને મારવા માટે પ્રયત્ન કરવા લાગ્યો, પણ શ્રી કૃષ્ણે સાત્યકિને તેમ કરતાં અટકાવ્યો.

દુર્યોધનને મદદ કરવા હવે કોઈ રહ્યું ન હતું, એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડવો હવે દુર્યોધનની શોધ કરવા લાગ્યા. જ્યારે દુર્યોધને સાંભળ્યું, કે પાંડવો પોતાને શોધવા નીકળ્યા છે, ત્યારે તે નાસી ગયો અને પોતાના પ્રાણ બચાવવા માટે દ્વૈપાયન નામના એક સરોવર તરફ જવા લાગ્યો. રસ્તામાં સંજય મળતાં દુર્યોધને તેને કહ્યું: "હું દ્વૈપાયન સરોવરના પાણીમાં છુપાઈ જાઉં છું. મારા પિતાને આ વાત કહેજો. આજની રાત આરામ લઈ કાલે હું ફરીથી યુદ્ધ શરૂ કરીશ."

કૃપ, અશ્વત્થામા અને કૃતવર્મા આ સરોવરના કિનારા ઉપર ઊભા રહી દુર્યોધનને બોલાવવા લાગ્યા. દુર્યોધને તેમને જવાબ આપ્યો: "આજે તો મારામાં ઊઠવાની પણ શક્તિ નથી. આજની રાત આરામ લઈ કાલે હું ફરીથી યુદ્ધ શરૂ કરીશ."

અશ્વત્થામાએ કહ્યું: "મહારાજ, તમારે માથે કોઈ પણ જાતનો ભય નથી. હું પ્રતિજ્ઞા લઈ કહું છું, કે પાંડવો-ને પૂરા કર્યા સિવાય હું જળને અડકવાનો નથી."

આખા કુરુરાજ્યની જે દશા થઈ હતી, તે તો આંખે જોઈ જાય તેમ ન હતી. પ્રજા રાજ્ય છોડી નાસી જતી હતી. નગરની કન્યાઓ પોતાના સગાવહાલાઓને યુદ્ધમાં મૃત્યુ પામેલા જોઈ રોકકળ કરી રહી હતી; અને એ દશામાં તેઓ નગરને છોડી જતી હતી. "રાજા યુદ્ધમાં હારી ગયો છે; તેના નગરમાં હવે રહીએ, તો કોણ જાણે શું થાય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પાંડવો રાજ્ય ઉપર અધિકાર મેળવી જરૂર આપણને હેરાન કરવાના!" આવા આવા અનેક વિચારોથી પ્રજા ભય પામી હતી; પણ સંજયે તેમને અભયવચન આપ્યું; અને જ્યારે પાંડવોએ પોતે પ્રજાનું કંઈ પણ ખરાબ નહિ કરવાની ખાતરી આપી, ત્યારે બધા શાંત થયા.

બીજી બાજુ પાંડવો દુર્યોધનને શોધતાં હેરાન હેરાન થઈ ગયા! કોઈ પણ જગ્યાએ દુર્યોધનનો પત્તો લાગ્યો નહિ! છેવટે કેટલાક માણસો નાસી ગયેલા દુર્યોધન સંબંધી સમાચાર લાવ્યા, કે દુર્યોધન દ્વૈપાયન સરોવરમાં બેઠો બેઠો અશ્વત્થામા વગેરે સાથે વાતો કરતો હતો.

પાંડવો દ્વૈપાયન સરોવર પાસે જઈ કિનારા ઉપર ઊભા રહી દુર્યોધનને ગાળો દેવા લાગ્યા અને તેને પાણીમાંથી બહાર આવવાનું કહેવા લાગ્યા. દુર્યોધનના મનની દશા આજે જુદી જ હતી. તે પાંડવોને રાજ્ય પાછું આપવા માગતો હતો; અને આટલા બધા સગાવહાલા અને સૈનિકોના મૃત્યુ પછી યુદ્ધ કરવાની તેની ઇચ્છા નથી, એમ તેણે કહ્યું; પણ ભીમસેનને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી. રાજસભામાં અભિમાનના મદથી ગાંડો થઈ દુર્યોધન વારંવાર દ્રૌપદીનું અપમાન કરવા ખાતર જ પોતાની સાથળો બતાવતો હતો; અને તે જ વખતે ભીમે તે સાથળ ભાંગવાની પ્રતિજ્ઞા લીધી હતી, તે બધું તમને યાદ છે ને?

ભીમે દુર્યોધનને કહ્યું, "દુષ્ટ! તેં દ્રૌપદીનું હડહડતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપમાન કર્યું, કપટ કરી સોગઠાં જીતી અમને વનમાં મોકલ્યા અને 'યુદ્ધ વગર એક તસુ પણ જમીન આપવાનો નથી' એવું તેં અમને સંભળાવ્યું હતું; અને ત્યાર પછી આટલા બધા સૈનિકોને મારી પૃથ્વીને ક્ષત્રિયો તથા વીર પુરુષો વગરની કરી; હવે તું નાછૂટકે સાધુનો વેષ ભજવવા નીકળ્યો છે ? સેતાન, સરોવરના પાણીમાં તું કેટલા દિવસ છુપાઈ બેસીશ ? ગદાયુદ્ધને માટે બહાર નીકળ. આજે હું તારાં હાડકે હાડકાંને મારી ગદાનો સ્વાદ ચખાડું."

આખરે ભીમની ગદાથી દુર્યોધન પડ્યો

દુર્યોધન જેવો અભિમાની હતો, તેવો વીર પણ હતો. કોઈ પણ વીર પુરુષ આવું અપમાન સહન કરી ચૂપ બેસી રહી શકે નહિ; અને ગદાયુદ્ધમાં દુર્યોધન ક્યાં ઊતરતો હતો ? એટલે ભીમ અને દુર્યોધન વચ્ચે ગદાયુદ્ધ શરૂ થયું. દુર્યોધન બળરામનો શિષ્ય હતો; એટલે બળરામ પણ યુદ્ધ જોવા માટે ત્યાં આવી પહોંચ્યા.

ગદાયુદ્ધ ભયંકર હતું. બન્ને વીર પુરુષોના પગના ભારથી પૃથ્વી ધ્રૂજવા લાગી. દુર્યોધનની ગદા વાગવાથી એક વાર ભીમ બેભાન થઈ ગયો; અને ભીમની ગદા વાગવાથી દુર્યોધન પણ એક વાર બેભાન થઈ ગયો. આ પ્રમાણે યુદ્ધ ચાલતું હતું. બન્ને જણની ગદાઓ એક–બીજી સાથે અથડાવાથી તેમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. એવામાં દુર્યોધને ભીમ ઉપર બહુ જોરથી ગદાની ચોટ લગાવી. ભીમ મરતાં મરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચ્યો! ત્યાર પછી દુર્યોધન કૂદકો મારી ભીમને ફરીથી ગદા મારવા જતો હતો, એવામાં શ્રી કૃષ્ણની સલાહ પ્રમાણે અર્જુને પોતાની ડાબી સાથળ ઠોકી ભીમને છૂપી રીતે નિશાની આપી, કે "દુર્યોધનની સાથળ ઉપર ગદા માર." દુર્યોધન ફરીથી એક વાર કૂદકો મારી ભીમને મારવા જતો હતો, એવામાં ભીમે દુર્યોધનની સાથળ ઉપર ગદા મારી તેને ભાંગી નાખી. ભીમ હવે દુર્યોધનના માથા ઉપર લાતો મારી તેની મશ્કરીઓ કરવા લાગ્યો; પણ ભીમે ગમે તેટલી બહાદુરી બતાવી હોય, તોપણ આ યુદ્ધ તો અન્યાયી જ હતું. બધા ભીમને આ અન્યાયી કૃત્ય કરતો રોકવા લાગ્યા.

ગદાયુદ્ધનો એવો નિયમ છે, કે કોઈએ પેટની નીચેના ભાગમાં ગદા મારવી નહિ. બળરામ ભીમના અન્યાયી યુદ્ધથી તેની ઉપર બહુ ગુસ્સે થઈ ગયા અને ભીમને મારવા દોડ્યા; પણ શ્રી કૃષ્ણે તેમને સમજાવી તેમ કરતાં રોક્યા.

શ્રી કૃષ્ણે દુર્યોધનને ઘણો સમજાવ્યો; પણ દુર્યોધન કહેવા લાગ્યો: "હું તો એક વીર પુરુષની માફક સ્વર્ગમાં જઈશ. જીતવાનું મારા ભાગ્યમાં નહિ લખાયું હોય; એટલે જ હું હાર્યો છું. તમે પૃથ્વીને જીતી તેના દુઃખનો ભાર સહન કરો."

અશ્વત્થામા, કૃપ અને કૃતવર્મા દુર્યોધનને મળવા આવ્યા. દુર્યોધને અશ્વત્થામાને આગલા દિવસનો સેનાપતિ બનાવ્યો. અશ્વત્થામા સિંહનાદ કરી ચાલ્યો ગયો. હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા દુર્યોધન એકલો લોહીવાળા શરીરે માથું નીચું કરી બેસી રહ્યો.

આજે દુર્યોધનના મનમાં પાછલા કેટલાક દિવસોની અનેક વાતો યાદ આવવા લાગી. જિંદગીમાં તેણે જેટલાં અન્યાયી કૃત્યો કર્યાં હતાં, તે એક પછી એક યાદ આવવાં લાગ્યાં અને તેના દુ:ખી શરીરને વધારે દુ:ખી કરવા લાગ્યાં. આટલા બધા દિવસ પછી દુર્યોધન સમજી શક્યો, કે 'જે અન્યાયી અને અધર્મી છે, તે કોઈ પણ દિવસ લાંબા વખત સુધી આ પૃથ્વી ઉપર ટકી શકતું નથી.'

બીજી બાજુ સંજયના મોંએ દુર્યોધનના પતનના સમાચાર સાંભળી વૃદ્ધ રાજા ધૃતરાષ્ટ્ર પુત્રના શોકથી એક બાળકની માફક રડવા લાગ્યા. તેમના પ્રાણથી અધિક વહાલા પુત્રનું પતન થયું હતું.

શ્રી કૃષ્ણે તો ધૃતરાષ્ટ્રને ઘણા વખત પહેલાં આ વાત કહી દીધી હતી; તેમ છતાં ધૃતરાષ્ટ્ર એટલો બધો શોક કરવા લાગ્યા તેથી બધાંને લાગ્યું, કે હવે ધૃતરાષ્ટ્ર વધારે દિવસ જીવી શકશે નહિ. રાણી ગાંધારી દેવી તો પુત્રના શોકથી લગભગ ગાંડાં જેવાં થઈ ગયાં. શોકને લીધે તેમનાથી કંઈ પણ બોલી શકાયું નહિ.

બધાંને લાગ્યું, કે હવે કૌરવ–પાંડવોના યુદ્ધનો અંત આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ : સૌપ્તિકપર્વ

[દ્રૌપદીના સૂતેલા પાંચે પુત્રોને અશ્વત્થામાએ મારી નાખ્યા; આ વર્ણન આ પર્વમાં હોવાથી તે સૌપ્તિકપર્વ કહેવાય છે.]

અશ્વત્થામાનું ઘોર કૃત્ય

કૌરવપક્ષમાં હવે ફક્ત ત્રણ વીર પુરુષો જ જીવતા રહ્યા હતા; પણ તેઓ એકલા પાંડવો સાથે કેવી રીતે લડી શકે? દુર્યોધન પડ્યો પડ્યો આનો જ વિચાર કરતો હતો. મધ્યરાત્રિ થઈ હતી. ચારે બાજુએ ગાઢ અંધકાર છવાઈ ગયો હતો. અશ્વત્થામાએ નક્કી કર્યું, કે આવા અંધકારમાં છાનામાના પાંડવોની છાવણીમાં જવું અને ઊંઘતા શત્રુઓને મારી નાખવા. મનમાં વિચાર આવતાંની સાથે જ અશ્વત્થામા આવું પાપી કૃત્ય કરવા માટે સંતાઈને પાંડવોની છાવણીમાં ગયો.

છાવણીના દરવાજા પાસે જઈ અશ્વત્થામા જુએ છે, તો ખુદ મહાદેવ છાવણીની ચોકી કરતા હતા; એટલે અશ્વત્થામા મહાદેવની સ્તુતિ કરવા લાગ્યો. સ્તુતિથી ખુશ થઈ મહાદેવજી છાવણીનો દરવાજો છોડી ચાલી ગયા. અશ્વત્થામાએ હાથમાં ભયંકર અસ્ત્ર લઈ પ્રવેશ કર્યો.

વીર ધૃષ્ટદ્યુમ્ને અશ્વત્થામાના પિતા દ્રોણાચાર્યનો વધ કર્યો હતો. આખો દિવસ લડી લડીને ધૃષ્ટદ્યુમ્ન બહુ થાકી ગયો હતો; એટલે રાતે તેને એટલી બધી સારી ઊંઘ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી હતી, કે આજુબાજુ શું ચાલે છે, તેનું તેને જરા પણ ભાન ન હતું.

પાંડવોના સૈન્યમાં અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્ન ઉપર બહુ ખિજાયો હતો. અશ્વત્થામા પિતૃશોકથી ગાંડો બની ગયો હતો; અને પિતાને મારનાર શત્રુ સામે જ સૂતો હતો. અશ્વત્થામાનું મગજ સ્થિર રહી શક્યું નહિ. ઊંઘતા ધૃષ્ટદ્યુમ્નને મારવા માટે અશ્વત્થામા સાવધાનીથી છુપાઈને બેઠો; પણ એવામાં ધૃષ્ટદ્યુમ્ન જાગી ગયો. મધ્યરાત્રિએ શયનગૃહમાં આરામ કરતી વખતે આવી આફત આવી પડેલી જોઈ ધૃષ્ટદ્યુમ્ન બિલકુલ ગભરાયો નહિ; પણ અશ્વત્થામાની સામે ટકવા માટે તેને અસ્ત્રશસ્ત્રની જરૂર હતી; કારણ કે સૂતી વખતે તે એક પણ હથિયાર પોતાની પાસે રાખતો નહિ.

અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નને મારી નાખવા ઉતાવળો બન્યો. ધૃષ્ટદ્યુમ્નને અસ્ત્ર આપવાની વાત તો દૂર રહી, પણ તેને અસહાય જોઈ અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નને ઘણી નિષ્ઠુર રીતે માર્યો—તે એટલે સુધી કે ધૃષ્ટદ્યુમ્નના માથા ઉપર વારંવાર લાતો મારવાનું પણ તે ચૂક્યો નહિ. આટલા બધા દિવસ પછી આજે અશ્વત્થામાને પિતૃશોકની શાંતિ મળી!

મરતી વખતે ધૃષ્ટદ્યુમ્ને એક મોટી ચીસ નાખી હતી. પાંડવોની છાવણીમાં હાહાકાર મચી ગયો. રાત્રિ ઘણી અંધારી હતી—અમાસની રાત્રિને પણ હઠાવી દે તેવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઉપરાંત ભેગા થયેલાં સૈનિકોમાં કોણ જાણે કોનો ભય પેઠો હતો; એટલે ધૃષ્ટદ્યુમ્નની ચીસ જેવી કાને પડી, કે તરત જ બધા ઊભા થઈ નાસવા લાગ્યા.

અશ્વત્થામાને આ ઠીક તક મળી. યુદ્ધને માટે કોઈ સૈનિક તૈયાર ન હતો; એટલે અશ્વત્થામાના હાથે જેટલા સૈનિકો ચડ્યા, તે બધાને અશ્વત્થામાએ પૂરા કર્યા. આ પ્રમાણે પાંડવોના પુષ્કળ સૈનિકો આવા છૂપા હુમલામાં મરણ પામ્યા.

અશ્વત્થામાના મનમાં હવે બીજો દુષ્ટ વિચાર આવ્યો. ઘવાયેલા શરીરે હજુ રણમેદાનમાં દુર્યોધન જીવતો પડ્યો હતો. એકાએક અશ્વત્થામાના મનમાં એવો વિચાર આવ્યો, કે જો આ ગોટાળામાં ઊંઘતા પાંડવોને મારી તેમનાં પાંચ માથાં દુર્યોધનને ભેટ ધર્યાં હોય, તો બિચારો દુર્યોધન મરતાં મરતાં પણ જરા શાંતિ મેળવે. મનમાં એક વાર નક્કી કર્યા પછી અશ્વત્થામા ઝાઝી વાર થોભે તેવો ન હતો!

બધી છાવણીઓમાં ભય અને શંકાની લાગણી પ્રસરી રહી હતી. અશ્વત્થામા ધીમા પગલે પાંડવોને મારી નાખવા તેમની છાવણીમાં ગયો.

આટલું બધું નીચ કૃત્ય કરતાં અશ્વત્થામાના પગ ધ્રૂજવા લાગ્યા. મનમાં વિચાર આવ્યો, કે " પાછો જાઉં "; પણ અશ્વત્થામા પાછો ફર્યો નહિ. અંધારામાં હાથ ફેરવતાં પાંચ ઊંઘતા માણસો અશ્વત્થામાના હાથે ચડ્યા. અશ્વત્થામા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એક મોટા ખડ્ગના પ્રહારથી પાંચે માથાંને ધડથી છૂટાં પાડ્યાં.

અશ્વત્થામાના આનંદનો પાર ન રહ્યો. તેને થયું: "હાશ, આજે પૃથ્વી પાંડવો વગરની થઈ!"

એક રાક્ષસની માફક અશ્વત્થામા છાવણીઓમાંથી બહાર નીકળ્યો. તેનું આખું શરીર લોહીથી લાલ રંગાઈ ગયું હતું. અશ્વત્થામાએ ડાબા હાથમાં પાંચ ભાઈઓનાં પાંચ માથાં પકડ્યાં હતાં; અને જમણા હાથમાં લોહીથી ખરડાયેલું ખડ્ગ ઝાલ્યું હતું.

યુદ્ધક્ષેત્રના કયા ભાગમાં દુર્યોધન પડ્યો છે, તેનું કંઈ ઠેકાણું જ ન હતું. અશ્વત્થામાએ દુર્યોધનને ખૂબ શોધ્યો; આખરે તેનો પત્તો લાગ્યો.

દુર્યોધનમાં હવે ઊભા થવાની શક્તિ ન હતી; તેને લાગતું હતું, કે હવે તો મૃત્યુ આવે તો સારું! પણ તેનો જે યુદ્ધ-સ્વભાવ હતો, તે તો મૃત્યુ-સમયે પણ સુધર્યો ન હતો. અશ્વત્થામાએ ધબ દઈ જેવાં પાંચ માથાં જમીન ઉપર મૂક્યાં, કે તરત જ દુર્યોધન આનંદથી બેઠો થઈ ગયો!

ત્યાર પછી હસતાં હસતાં અશ્વત્થામાએ દુર્યોધનને કહ્યું: "મહારાજ! આટલા દિવસે પૃથ્વી પાંડવો વગરની થઈ શકી છે. હું આપને માટે પાંડવોના આ પાંચ માથાંની ભેટ લાવ્યો છું." ત્યાર પછી અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુના સમાચાર પણ દુર્યોધનને આપ્યા.

શરીરમાં જો વધારે લોહી રહ્યું હોત, તો દુર્યોધન આ સમાચાર સાંભળી આનંદથી નાચવા જ મંડી પડ્યો હોત! પાંડવોના મૃત્યુના સમાચાર સાંભળી દુર્યોધનને જે આનંદ થયો, તેની તો વાત જ ન પૂછતા.

મરતા દુર્યોધનને અશ્વત્થામાના કૃત્યથી શોક

અંધારામાં હાથ લંબાવી દુર્યોધને સૌથી પહેલાં ભીમનું માથું માગ્યું. ભીમ ઉપર દુર્યોધનને સૌથી વધારે ચીડ હતી; મરેલા દુશ્મનના કપાયેલા માથા ઉપર દુર્યોધને જોરથી મૂઠી મારી! પણ આ શું? મોટાં મોટાં ઝાડ મારવાથી પણ જે માથાને કંઈ થતું ન હતું, તે માથાના જ દુર્યોધનની મૂઠીથી ચૂરેચૂરા થઈ ગયા! દુર્યોધન નવાઈ પામ્યો. માથા તરફ તેણે જરા ધ્યાનથી જોયું. દુર્યોધન ચીસ પાડી ઊઠ્યો. તેણે કહ્યું: "આ ભીમનું માથું નથી, પણ તેના પુત્રનું માથું છે! આ તો દ્રૌપદીના માનનું ધન છે."

ત્યાર પછી ધ્રૂજતે હાથે દુર્યોધને બીજાં બધાં માથાં તપાસ્યાં. અને બધાં માથાં જોઈ દુર્યોધન મોટેથી વિલાપ કરવા લાગ્યો. પાંચે માથાં પાંચ પાંડવોનાં ન હતાં, પણ તેમના પુત્રોનાં હતાં. અશ્વત્થામા પણ પોતાની ભયંકર ભૂલ માટે પસ્તાવો કરવા લાગ્યો!

શ્રી કૃષ્ણની સલાહ પ્રમાણે તે રાતે પાંડવો અને સાત્યકિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે છાવણીમાં રહ્યા જ ન હતા; એટલે જ તેઓ અશ્વત્થામાના હાથમાંથી બચ્યા હતા.

દુર્યોધન માથે હાથ દઈ રડતો રડતો બોલ્યો: "આજે કુરુવંશ નિર્મૂળ ગયો છે; આટલા બધા પ્રખ્યાત વંશમાં પિતૃઓને શ્રાદ્ધ આપનારું કોઈ રહ્યું નહિ! કૌરવો તો બધા મરી ગયા છે; પણ જો આ પાંચ બાળકો જીવ્યા હોત, તો અમારો વંશ જીવતો રહેત. આચાર્યપુત્ર! આજે તેં સર્વનાશ કર્યો છે. આટલા દિવસ પછી આજે મને ખબર પડે છે, કે મેં કેટલું મોટું પાપ કર્યું છે!"

અશ્વત્થામાએ પાંચ પાંડવોને મારી નાખવાનું વચન આપી દુર્યોધનને શાંત થવાનું કહ્યું; પણ પાંડવો પહેલાં તેમના પુત્રો મૃત્યુ પામ્યા છે, એ જોઈ દુર્યોધન રડતાં રડતાં આકુળવ્યાકુળ થઈ ગયો.

પોતાના સગાવહાલાના શોકથી દુ:ખી થયેલો રાજા દુર્યોધન ગાંડાની માફક જમીન ઉપર ઢળી પડ્યો.

ભારતવર્ષનો આટલો બધો પ્રખ્યાત રાજા, અગિયાર અક્ષૌહિણી સેનાનો મુખ્ય નાયક, મહાબળવાન એવો દુર્યોધન આજે તદ્દન અસહાય બની કુરુક્ષેત્રના મેદાનમાં પડ્યો હતો! તેનાં ખરાબ કૃત્યોના ફળ રૂપે જ તેને પોતાની છેલ્લી પથારી જમીન ઉપર કરવી પડી. ધીરે ધીરે દુર્યોધન મૃત્યુ પામ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશ્વત્થામાનો પ્રાણ સમો મણિ પાંડવોએ કબજે કર્યો

આ બાજુ પાંડવોની છાવણીમાં દ્રૌપદી પોતાના પુત્રોના શોકથી ગાંડી થઈ ગઈ! પાંડવો તેને જરા પણ શાંત કરી શક્યા નહિ. દ્રૌપદી રડતાં રડતાં આકુળવ્યાકુળ બની ગઈ! પોતાના પુત્રો મૃત્યુ પામ્યા હોય તે વખતે કઈ માતા છાનીમાની બેસી રહી શકે?

દ્રૌપદીએ કહ્યું: "અશ્વત્થામાના માથાનો મણિ મને લાવી આપો—નહિ તો હું ઉપવાસ કરી મારો દેહ છોડીશ."

છેવટે પાંડવોએ અશ્વત્થામાના માથાનો મણિ લઈ આવવાનું નક્કી કર્યું, ત્યારે જ દ્રૌપદી જરા શાંત થઈ. અશ્વત્થામાના માથાનો મણિ લઈ આવવા પાંડવો નીકળી પડ્યા. ધીમે ધીમે તેઓ અશ્વત્થામાની સામે આવીને ઊભા. અશ્વત્થામા તરત સમજી ગયો, કે આનાથી બચવા હવે કોઈ ઉપાય નથી. પાંડવો એક તો પુત્રના શોકથી ગાંડા થઈ ગયા હતા અને વળી તેઓ જગતમાં અજેય વીર હતા; એટલે અશ્વત્થામાનું મૃત્યુ ન થાય તો બીજું શું થાય?

અશ્વત્થામાએ પૃથ્વીનો નાશ કરવા 'બ્રહ્મશિર' નામનું એક ભયંકર અસ્ત્ર છોડ્યું. તેની સામે અર્જુને પણ બ્રહ્માસ્ત્ર છોડ્યું. દેવોએ આ જોયું. તેમને થયું, કે હવે તો બધાંનો નાશ થઈ જશે; આખી સૃષ્ટિ રસાતળ થઈ જશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે નારદ અને શ્રી વ્યાસ ત્યાં આવી બન્ને જણની વચ્ચે ઊભા. બન્ને યોદ્ધાઓને નારદે તથા શ્રી વ્યાસે પોતપોતાનાં અસ્ત્રો પાછાં ખેંચી લેવા જણાવ્યું. અર્જુને તો તરત જ પોતાના બ્રહ્માસ્ત્રને પાછું ખેંચી લીધું; પણ અશ્વત્થામાથી આમ બની શકે એમ ન હતું. તેણે કહ્યું: 'મારાથી બ્રહ્માસ્ત્ર પાછું ખેંચી શકાશે નહિ, તેમ કરવાને હું નિરૂપાય છું; પણ તે અસ્ત્રને પાંડવોની કોઈ સ્ત્રીના ગર્ભ ઉપર હું નાખું છું' એમ કહી તેણે તે અસ્ત્ર સગર્ભા ઉત્તરા તરફ છોડ્યું. અશ્વત્થામાના તે અસ્ત્રથી ઉત્તરાનો ગર્ભ જો કે નાશ પામ્યો,' તોપણ શ્રી કૃષ્ણે તેને સજીવન કર્યો હતો.

પછી અશ્વત્થામાએ પાંડવોના બાળકપુત્રોનો વધ કર્યો હતો તે અપરાધ માટે તેણે પોતાના પ્રાણસમો મણિ પાંડવોને આપી દેવો, એમ નારદે તથા વ્યાસે ઠરાવ્યું.

અશ્વત્થામા આમ કરવાને કબૂલ થયો. અશ્વત્થામાએ પોતાના માથાનો મણિ પાંડવોને આપી દીધો; અને અભિમન્યુનો પુત્ર, કે જેને શ્રી કૃષ્ણે બચાવ્યો હતો, તે પુત્રનું નામ પરીક્ષિત રાખવામાં આવ્યું.

અશ્વત્થામાના માથાનો મણિ મેળવી દ્રૌપદી શાંત થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧ : સ્ત્રીપર્વ

[આ પર્વમાં કૌરવોની સ્ત્રીઓના શોકનું વર્ણન છે; એ કારણે આને સ્ત્રીપર્વ કહેવામાં આવે છે.]

કૌરવોની સ્ત્રીઓનો શોક

કૌરવ–પાંડવોનું મહાયુદ્ધ હવે પૂરું થઈ ગયું. બન્ને પક્ષના આટલા મોટા લશ્કરમાંથી ભાગ્યે જ કોઈ બચ્યું હશે. ઘેર ઘેર રોકકળ થઈ રહી હતી. અંધરાજા ધૃતરાષ્ટ્ર પણ પોતાના પુત્રો માટે રડવા લાગ્યા. શ્રી કૃષ્ણ, વિદુરજી વગેરે તેમને આશ્વાસન આપવા લાગ્યા. બધાની છાતી દુઃખથી ભરાઈ ગઈ હતી.

ધૃતરાષ્ટ્ર કૌરવોના અને પાંડવોના સગાવહાલાઓનાં શબ જોવા કુરુક્ષેત્રમાં આવ્યા.

યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રને જોઈ તેમને પ્રણામ કર્યા. ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને પૂછ્યું: "ભીમ ક્યાં છે?"

આ પ્રશ્ન તો તદ્દન સામાન્ય હતો; પણ ધૃતરાષ્ટ્રના બોલવામાં અને તેમના મોં ઉપર તો જુદો જ ભાવ તરી આવતો હતો. તેમના મોં ઉપરથી એ સ્પષ્ટ જણાઈ આવતું હતું, કે ધૃતરાષ્ટ્ર ભીમ ઉપર બહુ ગુસ્સે થયા છે; અને જો ભીમ ભોગજોગે ધૃતરાષ્ટ્રના હાથે ચડે, તો ધૃતરાષ્ટ્ર તેને કંઈ પણ કર્યા વગર છોડે નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કૃષ્ણ પહેલેથી જ ધૃતરાષ્ટ્રના મનનો ભાવ કળી ગયા હતા; એટલે તેમણે એક લોખંડનો ભીમ તૈયાર રાખ્યો હતો. આ ભીમને શ્રી કૃષ્ણે ધૃતરાષ્ટ્ર પાસે મોકલ્યો. ભેટવાને બહાને ધૃતરાષ્ટ્રે આ બનાવટી ભીમની છાતી ઉપર એટલા જોરથી મુક્કી મારી, કે બનાવટી ભીમના ચૂરેચૂરા થઈ ગયા. બનાવટી ભીમને બદલે જો સાચો ભીમ ધૃતરાષ્ટ્ર પાસે ગયો હોત, તો તે જરૂર મૃત્યુ પામત! ધૃતરાષ્ટ્ર વૃદ્ધ અને વળી અંધ હતા; છતાં તેમનામાં આટલું બધું જોર હતું!

પાછળથી ધૃતરાષ્ટ્ર પોતાના આ કાર્યને માટે બહુ દુઃખી થયા અને શરમીંદા પડી ગયા; પણ આટલા બધા પુત્રોના શોકથી રાજા ધૃતરાષ્ટ્ર ભીમને મારવા ઇચ્છે તેમાં કશું જ નવાઈ પામવા જેવું નથી.

પાંડવોને વધારે બીક તો ગાંધારીદેવીની હતી. પાંડવોના મનમાં એવો ભય હતો, કે ગાંધારી દેવી પોતાના સો પુત્રોના મૃત્યુનો શોક કોઈ પણ રીતે સહન કરી શકશે નહિ; અને તેથી પાંડવો ઉપર ગુસ્સે થઈ તે તેમને ભયંકર શાપ આપશે. આ ભયથી બધાનાં મન કંપી ઊઠ્યાં; પણ ખરી રીતે આવો ભય રાખવાનું કંઈ પણ કારણ ન હતું.

ગાંધારી દેવી બહુ ગુણવાન સ્ત્રી હતાં. આખી જિંદગી દરમિયાન તેમણે એક પણ ખોટું કાર્ય કર્યું ન હતું. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલાં બધાં ધાર્મિક હતાં, કે જ્યારે તેમણે સાંભળ્યું કે પોતાના પતિ ધૃતરાષ્ટ્ર જન્મથી જ અંધ છે, ત્યારે તેમણે એક મોટા પાટાથી પોતાની આંખો બાંધી દીધી હતી. આ પછી તેમણે કોઈ વાર પોતાની આંખોનો પાટા છોડ્યો ન હતો. તેમણે પોતાના પુત્રોને કેટલી ય વાર અન્યાયી યુદ્ધ ન કરવાનું કહ્યું હતું. યુદ્ધ શરૂ થયું તે પહેલાં દુર્યોધન તેમની પાસે આશીર્વાદ માગવા ગયો હતો. ગાંધારીદેવીએ બીજી માતાઓની માફક પોતાના આ અધાર્મિક પુત્રને "તું વિજયી થા" એમ કહી આશીર્વાદ આપ્યો ન હતો; પણ "ધર્મનો જ જય થશે" એમ કહી આશીર્વાદ આપ્યો હતો.

પુત્રશોકથી અત્યંત દુઃખી થયેલાં ગાંધારીદેવીને પાંડવોએ પ્રણામ કર્યા; અને ગાંધારીદેવીએ તેમને આશીર્વાદ આપ્યો. ભીમે દુર્યોધનને ખોટી રીતે માર્યો છે, એ હકીકત જાણવા છતાં ગાંધારી દેવી પાંડવોને પોતાના પુત્રો જ ગણવા લાગ્યાં.

બીજી તરફ પાંડવો યુદ્ધમાં જીત્યા છે, એ ખબર મેળવી કુંતી દેવી દુઃખથી આકુળવ્યાકુળ બની ગયાં; કર્ણ કુંતીદેવીનો મોટા પુત્ર હતો; એટલે કર્ણના શોકથી કુંતી દેવી મોટેથી રડવા લાગ્યાં.

કુંતીના મોંએથી પાંડવોએ તો તે દિવસે જ જાણ્યું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે કર્ણ તેમનો મોટો ભાઈ થાય. આ હકીકત સાંભળી પાંડવોને પણ ઘણું દુઃખ થયું. તેમણે કહ્યું: "મા, જો તેં પહેલેથી અમને આ વાત કહી હોત, તો કૌરવ–પાંડવનું આ મહાયુદ્ધ કદી થાત નહિ." આમ કહી પાંડવો કુંતી-દેવીને ઠપકો આપવા લાગ્યા; પણ શ્રી કૃષ્ણે બધાને સમજાવી શાંત પાડ્યા. ગાંધારીદેવીએ પોતાના પુત્રોનો શોક મનમાં જ દાબી રાખ્યો; અને "હવે પાંડવો મારા પુત્રો છે" એમ કહી મનનું સમાધાન કર્યું.

કૌરવોની સ્ત્રીઓ મોટેથી રડતી હતી. પાંડવો હવે ત્યાં ઝાઝી વાર થોભી શક્યા નહિ. વિધિ પ્રમાણે તેમણે બધા મરેલા સગાવહાલાઓને સ્મરણાંજલિ આપી અને હસ્તિનાપુર જવા લાગ્યા.

ધર્મરાજ યુધિષ્ઠિર રાજા થયા, ત્યારે ગાંધારીદેવીએ પુત્રશોકથી ગાંડાં બની શ્રી કૃષ્ણને કહ્યું: "મારા પુત્રોને છળકપટ કરી તમે જ મારી નાખ્યા છે. તમારા લીધે જ કુરુકુળનો આજે નાશ થયો છે; તેથી હું તમને શાપ આપું છું, કે "હે શ્રી કૃષ્ણ! તમારું મૃત્યુ પણ તમારા સગાવહાલાઓ-ની સાથે જ થશે. આજે મારી વહુઓ જે પ્રમાણે રડે છે, તે પ્રમાણે તમારા યદુવંશની વધૂઓ એક દિવસ રડશે."

આ શાપ સાંભળી શ્રી કૃષ્ણ જો કે ભગવાન હતા, તો પણ મનમાં ભયથી થરથરી ઊઠ્યા; કારણ કે શોકથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીડાયેલી માતાનો શાપ કોઈ દિવસ નકામો જાય નહિ.

જે થવાનું હતું તે થઈ ગયું. રાજા ધૃતરાષ્ટ્ર મનમાં ને મનમાં શ્રી કૃષ્ણનો પેલો સંદેશો યાદ કરવા લાગ્યા, કેઃ-

"હે રાજન્! મિથ્યા શોકનો પરિત્યાગ કરો; ધર્મનો જ જય થશે, તેમાં લગારે શંકા નથી."

ખરેખર, ધર્મનો જ જય થયો. પાંચે પાંડવો આજે ધર્મની જ ધજા ફરકાવતા હતા; અને કૌરવો તેમનાં અધાર્મિક કૃત્યોને લીધે મૃત્યુ પામ્યા.

ભીષ્મ પિતામહ હજુ બાણની પથારી ઉપર જીવતા પડ્યા હતા; એટલે બધા તેમની પાસે જવા તૈયાર થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨ : શાંતિપર્વ

[લડાઈ થઈ રહ્યા પછી જ્યારે શાંતિનો સમય આવ્યો ત્યારના સમયનું વર્ણન આ પર્વમાં છે; એ કારણે આને **શાંતિપર્વ** કહેવાય છે.]

ભીષ્મનો ઉપદેશ

મહાવીર ભીષ્મ હજુ સુધી મૃત્યુ પામ્યા ન હતા. પાંડવો ભીષ્મ પિતામહ પાસે ઉપદેશની અનેક વાતો સાંભળવા ગયા.

શૌર્યમાં, બહાદુરીમાં, જ્ઞાનમાં, રાજનીતિમાં, દૃઢતામાં, ઇંદ્રિયસંયમમાં ભીષ્મની બરાબરી કરી શકે એવો માણસ મળવો મુશ્કેલ હતો. શત્રુ કે મિત્ર બધા જ ભીષ્મને પ્રાણથી અધિક ચાહતા; અને તેઓ કંઈ પણ કહેતા તેમાં શ્રદ્ધા રાખતા.

ભીષ્મે બાણની પથારીમાં સૂતાં સૂતાં પાંડવોને ધર્મની અનેક વાતો સંભળાવી. યુધિષ્ઠિરને તેમણે યોગની વાતો કહી. બીજાઓને તેમણે હરિનામનો મહિમા, પાપપુણ્ય, ધર્મ–અધર્મ વિષે વાતો કહી. તે ઉપરાંત, કેટલાંક નવાં સત્યો પણ તેમણે પાંડવોને બતાવ્યાં. ભીષ્મના ઉપદેશથી બધાંનાં મન શાંત થયાં.

યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો. વિદુરજી મંત્રી બન્યા. ભીમસેન યુવરાજ બન્યો. આમ બધા ભેગા થઈ રાજ્યનો ભાર વહેવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩ : અનુશાસનપર્વ

[આમાં ભીષ્મપિતામહે પાંડવોને ઉપદેશ આપ્યો છે; તેથી આને **અનુશાસનપર્વ** કહેવાય છે.]

ભીષ્મનો સ્વર્ગવાસ

ઉત્તરાયણનો સમય પાસે આવી પહોંચ્યો. બાણની પથારી ઉપર ભીષ્મ સૂતા હતા. બધા પાંડવો ભીષ્મ પિતામહને છેલ્લી વાર મળવા ભેગા થયા હતા. તેઓ ભીષ્મને પ્રણામ કરતા હતા.

તેમને આશીર્વાદ આપતાં ભીષ્મે કહ્યું: "તમને બધાને જોઈ હું બહુ ખુશ થયો છું. બાણની પથારી ઉપર રહી મેં અઠ્ઠાવન દિવસો ગાળ્યા છે. આજે માઘ માસના શુકલ પક્ષનો દિવસ છે. સૂર્ય આજે આકાશના ઉત્તર ભાગમાં આવશે. હું હવે મારા દેહનો ત્યાગ કરીશ."

ચારે બાજુએ બ્રાહ્મણો અને ઋષિ-મુનિઓ ધર્મનાં વચનો બોલતા ઊભા હતા. ભીષ્મદેવે બધાને આશીર્વાદ આપી હસતે મોઢે પોતાનો દેહ છોડ્યો. ચંદનનાં લાકડાંની ચિતા ઉપર તેમના શબને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

તમે જાણો છો, કે દેવવ્રત ભીષ્મ આઠ વસુઓમાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક હતા. વસિષ્ઠ ઋષિના શાપથી તેમને આ પૃથ્વી ઉપર અવતરવું પડ્યું હતું. એ બધી હકીકત પણ તમે જાણો જ છો. ભીષ્મને આજે તેમના શાપમાંથી મુક્તિ મળી. ભીષ્મદેવ પોતાના અસલ સ્થાન સ્વર્ગમાં ચાલ્યા ગયા. ભીષ્મના સ્વર્ગવાસની ખબર મળતાં લોકોમાં હાહાકાર મચી ગયો.

ભીષ્મ તો આ દુનિયા છોડી જતા રહ્યા, પણ માણસોના મનમાં તેમની યાદગીરી હમેશાં રહી છે. આજે પણ આપણે "भीष्मः शान्तनवो वीरः सत्यवादी जितेन्द्रियः।"* વગેરે કહી ભીષ્મને યાદ કરીએ છીએ.

* શાંતનુના પુત્ર ભીષ્મ સત્યવાદી, વીર અને જિતેંદ્રિય હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪ : અશ્વમેધપર્વ

[આમાં પાંડવોએ કરેલા અશ્વમેધ યજ્ઞનું વર્ણન હોવાથી આ પર્વ અશ્વમેધપર્વ કહેવાય છે.]

અશ્વમેધ યજ્ઞની તૈયારી

રાજ્ય ઉપરની બધી આફતો દૂર થઈ અને રાજ્યમાં ફરીથી શાંતિ સ્થપાઈ; પરંતુ શત્રુઓ વગરના થઈને પણ રાજા યુધિષ્ઠિરના મનને શાંતિ મળી નહિ. મોટા કુરુક્ષેત્રના મેદાનમાં તેમના અસંખ્ય સગાવહાલાઓ અને વડીલો મૃત્યુ પામ્યા હતા. આજે યુધિષ્ઠિરના મનમાં એમ જ લાગતું હતું, કે આ બધા હત્યાકાંડનું મૂળ પોતે અને તેમના ચાર ભાઈઓ જ છે. આ વસ્તુ ઉપર વિચાર કરતાં યુધિષ્ઠિર દિવસ ને રાત દુ:ખી રહેવા લાગ્યા.

આ વખતે શ્રી વ્યાસે યુધિષ્ઠિરને કહ્યું : “ તમે અશ્વમેધ યજ્ઞ કરો. વડીલો અને સગાવહાલાઓને મારવાથી તમને જે પાપ લાગ્યું છે અને જેને લીધે તમને દુ:ખ થાય છે, તે આ યજ્ઞથી દૂર થશે અને તમને શાંતિ મળશે. ”

અશ્વમેધ યજ્ઞ કરવા માટે પાંડવોને બીજો તો કોઈ વાંધો ન હતો, પણ તેને માટે પૈસાની બહુ જરૂર પડે તેમ હતું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પાંડવોના પૈસા યુદ્ધમાં જ લગભગ પૂરા થઈ ગયા હતા, એટલે અશ્વમેધ યજ્ઞ કરવા માટે પૈસા ક્યાંથી લાવવા ?

પાંડવોની આવી સ્થિતિ જોઈ શ્રી કૃષ્ણે તેમને કહ્યું: "પહેલાંના વખતમાં મરુત નામના એક રાજાએ હિમાલય પર્વત ઉપર એક યજ્ઞ કર્યો હતો. આ યજ્ઞમાં તેણે બ્રાહ્મણોને એટલું બધું સોનું દાનમાં આપ્યું, કે બ્રાહ્મણો તે સોનાને ઉપાડી શક્યા નહિ; અને તેથી સોનું હિમાલય ઉપર જ રાખી પોતપોતાના દેશ ચાલ્યા ગયા. તમે આ સોનું લાવી યજ્ઞ કરો."

ભારે ધામધૂમ વચ્ચે અશ્વમેધ યજ્ઞની તૈયારીઓ ચાલવા લાગી. પાંડવોનાં મન હવે જરા શાંત પડવા માંડ્યાં.

અશ્વમેધ યજ્ઞનો એવો નિયમ છે, કે યજ્ઞની પહેલાં એક ઘોડાને સારી રીતે શણગારી તેના માથા ઉપર વિજયપતાકા બાંધવી; વિજયપતાકા ઉપર જે રાજા યજ્ઞ કરે છે, તેનું નામઠામ વગેરે લખેલું હોય છે. આ ઘોડો પોતાની મરજી-માં આવે તે દેશમાં જાય. ઘોડાના રક્ષણ માટે એક સૈન્ય રાખવામાં આવતું. આ સૈન્ય હમેશાં ઘોડાની પાછળ પાછળ જતું અને તેનું રક્ષણ કરતું. રસ્તામાં જો કોઈ દેશનો રાજા અથવા દસ્યુ× ઘોડાને અટકાવે, તો તેની સાથે પેલું સૈન્ય

+ હિંદુસ્તાનના અસલ વતનીઓ, જેમને **અનાર્યો** પણ કહેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધ કરી ઘોડાને છોડાવે. આ પ્રમાણે દિગ્વિજય કરી ઘોડા સાથે બધા પાછા ફરે અને પછી યજ્ઞ પૂરો થયો ગણાય.

અશ્વમેધ માટે અર્જુનનો દિગ્વિજય

પાંડવોના અશ્વમેધ યજ્ઞનો ઘોડો લઈ મહાવીર અર્જુન જ દિગ્વિજય કરવા બહાર પડ્યો. ફરીથી અસંખ્ય રાજાઓ ને વીર પુરુષોની સાથે અર્જુનને લડવું પડયું, પણ અર્જુનને જીતવાની શક્તિ તો કોઈનામાં હતી જ નહિ; એટલે અર્જુન ખૂબ સાહસથી દેશવિદેશ ઘૂમવા લાગ્યો.

પણ આટલો મોટો મહારથી અને બળવાન યોદ્ધો હોવા છતાં અર્જુન કોઈ પણ જાતની મુશ્કેલી વગર તો દિગ્વિજય કરી, ઘોડાને લઈ, હસ્તિનાપુર પાછો ફરી શક્યો નહિ. અર્જુનને કઈ કઈ જગ્યાએ સૌથી વધારે મુશ્કેલીઓ પડી, તેને વિષે થોડી હકીકત મેળવી લઈએ.

નીલધ્વજ નામનો એક રાજા હતો. તેના પુત્રનું નામ પ્રવીર હતું. આ પ્રવીરે અશ્વમેધ યજ્ઞનો ઘોડો રોકી અર્જુન સાથે ભયંકર લડાઈ કરી હતી. આ નીલધ્વજ રાજા અગ્નિદેવનો સસરો થતો હતો.

નીલધ્વજે પ્રવીરને ઘોડો છોડી દેવા માટે કેટલું ય સમજાવ્યો, પણ એક ક્ષત્રિયનો પુત્ર આવું અપમાન કેવી રીતે સહન કરી શકે? એટલા માટે જ યુદ્ધ થયું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવીર ક્ષત્રિયનો પુત્ર હોવા ઉપરાંત તેની માતા જના ભારે તેજસ્વી અને સાહસિક સ્ત્રી હતી. પ્રવીરે માતાનો આશીર્વાદ અને ઉત્સાહ મેળવી અર્જુનને યુદ્ધનું કહેણ મોકલાવ્યું. પ્રવીર અને અર્જુન વચ્ચેનું યુદ્ધ ઘણું ભયંકર હતું. બધાને લાગ્યું, કે અર્જુન હારી જશે! પણ શ્રી કૃષ્ણની બુદ્ધિ પ્રમાણે અર્જુને જુદી જુદી યુક્તિઓ કરી પ્રવીરને હરાવ્યો. અર્જુનનાં બાણથી ઘવાઈ પ્રવીર મૃત્યુ પામ્યો. તેની માતા જના તો પુત્રના શોકથી લગભગ ગાંડી જેવી થઈ ગઈ. રાજા નીલધ્વજ અર્જુનને શરણે ગયો.

હવે ઘોડો આ રાજ્યમાંથી બીજી દિશામાં ચાલવા લાગ્યો. અનેક જગ્યાએ ફરી અર્જુન તેના સૈન્ય સાથે સ્ત્રીઓના એક રાજ્યમાં આવી પહોંચ્યો; ત્યાં એક પણ પુરુષ ન હતો, બધી સ્ત્રીઓ જ હતી! નવાઈની વાત તો એ હતી, કે અહીંની રાણી પ્રમીલાએ ઘોડાને અટકાવ્યો; અને તેનું સ્ત્રીઓનું લશ્કર લઈ તે અર્જુનની સાથે યુદ્ધ કરવા નીકળી પડી.

જેણે આખી પૃથ્વી જીતી હતી એવા અર્જુન સામે લડવાની હિંમત પ્રમીલા જેવી એક સ્ત્રીએ બતાવી! પણ સારા નસીબે બન્ને વચ્ચે યુદ્ધ થયું જ નહિ. કારણ? પ્રમીલાએ અર્જુન સાથે લગ્ન કર્યાં!

આ પ્રમાણે કોઈ પણ જાતની મુશ્કેલી વગર બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ વધવા લાગ્યા; પણ મણિપુર રાજ્યમાં અર્જુનને ફરીથી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

આ મણિપુર રાજ્ય અર્જુનના સસરાનું રાજ્ય હતું. અર્જુને મણિપુર રાજ્યની રાજકન્યા ચિત્રાંગદા સાથે લગ્ન કર્યાં હતાં, તે વાત યાદ છે ને? આ ચિત્રાંગદાને અર્જુનથી એક પુત્ર થયો હતો, તેનું નામ બભ્રવાહન રાખવામાં આવ્યું હતું.

બભ્રુવાહનમાં તેના પિતા અર્જુનની માફક જ યુદ્ધ કરવાને સાહસ અને શક્તિ હતાં. બભ્રુવાહન લાંબા વખતથી પોતાના મામાનું રાજ્ય લઈ મોસાળમાં જ રહેતો હતો. પોતાના રાજ્યમાં પાંડવોનો ઘોડો આવ્યો છે, એવા સમાચાર જાણી બભ્રુવાહને તે ઘોડાને અટકાવ્યો. અર્જુને બભ્રુવાહનને ઘોડો છોડી દેવા કહ્યું; પણ બભ્રુવાહન કહે: "હું યુદ્ધ વગર ઘોડો છોડવાનો નથી."

આમ પિતા અને પુત્ર વચ્ચે યુદ્ધ શરૂ થયું.

રાણી ચિત્રાંગદાએ પુત્રને બહુ સમજાવ્યો. તેને કહ્યું: "પુત્ર થઈને પિતા સાથે લડવું ઠીક નહિ દેખાય; તને પાપ લાગશે." પણ બભ્રુવાહને કંઈ પણ ગણકાર્યું નહિ.

દેશદેશના લોકો આશ્ચર્ય પામી પિતા-પુત્રનું આ યુદ્ધ જોવા આવ્યા.

અર્જુનની સાથે કર્ણનો પુત્ર વૃષકેતુ, શ્રી કૃષ્ણનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્ર પ્રદ્યુમ્ન અને એવા બીજા અનેક વીર પુરુષો હતા. યુદ્ધની શરૂઆતમાં અર્જુનને લાગ્યું, કે વૃષકેતુ, પ્રદ્યુમ્ન વગેરે બાળક બભ્રુવાહનને હરાવી ઘોડો પાછો મેળવશે, પણ અર્જુનની ધારણા ખોટી પડી; બભ્રુવાહને અર્જુનના લશ્કરના મોટા શૂરવીરોને પણ હરાવી દીધા; એટલે હવે અર્જુનને લડાઈમાં ઊતરવું પડ્યું.

પણ લલાટે લખેલા લેખ મિથ્યા થાય છે? અર્જુનને ગંગાદેવીનો શાપ હતો, કે "તું તારા પુત્રના હાથે મૃત્યુ પામીશ." આજે આ શાપ ફળ્યો. બભ્રુવાહનના બાણથી ઘવાયેલો અર્જુન મૃત્યુ પામ્યો. પાંડવોની છાવણીમાં હાહાકાર મચી ગયો. બભ્રુવાહનની માતા ચિત્રાંગદા જમીન સાથે માથું અફાળી રડવા લાગી.

તે વેળા અર્જુનની બીજી એક પત્ની નાગકન્યા ઉલૂપી સંજીવની મણિ લઈ આવી. અર્જુનના શબ ઉપર આ મણિ ઘસતાં જ મરેલા અર્જુને આંખ ઉઘાડી.

અર્જુન પૃથ્વી ઉપર અજેય યોદ્ધો હતો. બહાદુરીમાં તે બધાથી ચડી જાય તેવો હતો. ફરીથી જીવતો થઈ અર્જુને સૌથી પહેલાં બભ્રુવાહનને પોતાની છાતી સરખો ચાંપ્યો. પોતે આટલા બધા સાહસિક અને મહાન યોદ્ધાનો પિતા છે, એ વાત જાણી અર્જુન પોતાની જાતને ધન્ય ધન્ય માનવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશ્વમેધની સમાપ્તિ

ત્યાર પછી અર્જુને પોતાના પરાક્રમથી મગધ, ગાંધાર વગેરે રાજ્યો જીતી લીધાં; અને તે ઘોડા સાથે હસ્તિનાપુર પાછો ફર્યો.

મોટી ધામધૂમ સાથે અશ્વમેધ યજ્ઞ પૂરો થયો. પાંડવોએ બ્રાહ્મણોને પુષ્કળ પૈસા દાનમાં આપ્યા.

પાંડવોએ જુદા જુદા દેશના રાજાઓને નિમંત્રણ મોકલાવ્યાં હતાં; એટલે ઘણા રાજાઓ હસ્તિનાપુર આવ્યા હતા. યજ્ઞ પૂરો થયા પછી તેમણે રાજી થતાં થતાં પાંડવોની રજા લીધી. આખા ભારતવર્ષમાં સાબિત થઈ ચૂક્યું, કે પાંડવો જ શ્રેષ્ઠ છે. બધા રાજાઓના ગયા પછી શ્રી કૃષ્ણે પણ પાંડવોની પાસેથી વિદાય લીધી; અને તેઓ પણ યદુવંશના માણસોને લઈ દ્વારકા ગયા.

કુરુક્ષેત્રના યુદ્ધ પછી જે અશાંતિ અને અવ્યવસ્થા દેખાતાં હતાં, તે આજે આમ દૂર થયાં. શ્રી કૃષ્ણના દ્વારકા ગયા પછી યુધિષ્ઠિર રાજસિંહાસન ઉપર બેઠા. યુધિષ્ઠિર રાજા થયા પછી દેશમાં ફરીથી શાંતિ સ્થપાઈ અને ધર્મ-રાજ્યની સ્થાપના થઈ. ચારે દિશાઓમાં રાજા યુધિષ્ઠિરનાં ગુણગાન ગવાવા લાગ્યાં. પ્રજા સુખ–શાંતિથી રહેવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ : આશ્રમવાસિકપર્વ

[ધૃતરાષ્ટ્ર અને વિદુર વગેરે વનમાં આશ્રમ બનાવીને રહ્યાં; તેનું વર્ણન આ પર્વમાં હોવાથી આને **આશ્રમવાસિકપર્વ** કહે છે.]

વાનપ્રસ્થ ધૃતરાષ્ટ્ર વગેરે અગ્નિથી બળી મૂઆં

યુધિષ્ઠિર અને તેમના ચાર ભાઈઓ ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને પોતાનાં માતાપિતા જેવાં જ ગણતા હતા; પણ સ્નેહનું આ બંધન છોડી ધૃતરાષ્ટ્ર અને ગાંધારી બન્ને જણાંએ વનમાં જવાનો નિર્ણય કર્યો. એમ નક્કી થયું, કે સંજયને લઈ ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ વનમાં જવું અને જિંદગીના બાકીના દિવસો તપસ્યા કરી પૂરા કરવા. કુંતીદેવી પણ ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને વનમાં જતા જોઈ વનમાં જવા તૈયાર થયાં. બાકીના જીવનમાં કોઈને પણ સંસારમાં રહેવાની ઇચ્છા ન હતી.

ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી બધાં વનમાં જવાને તૈયાર થયાં, ત્યારે વિદુરજીને પણ હવે રાજ્યમાં રહેવું ઠીક લાગ્યું નહિ. લાંબા સમયથી વિદુરજી તો ધર્મ તરફ જ વળેલા હતા; એટલે પાંડવો તેમને રોકી શક્યા નહિ.

ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી, વિદુરજી અને સંજયને વનમાં મૂકી પાંડવો રાજધાનીમાં પાછા ફર્યા.

થોડા વખત પછી વનમાં જપ-તપ કરતાં વિદુરજીનો દેહ એક દિવસ પડ્યો.

નારદ મુનિએ પાંડવોની રાજધાનીમાં આવી તેમને આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાચાર આપ્યા. પાંડવો વિદુરજીના મૃત્યુથી બહુ દુઃખી થયા; કારણ કે વિદુરજી હમેશાં પાંડવોના ભલાની ચિંતા કરતા.

પણ ફક્ત વિદુરના મૃત્યુના સમાચાર આપી નારદજી મૌન ન રહ્યા. તેમણે બીજા પણ એક શોકજનક સમાચાર પાંડવોને આપ્યા.

એક દિવસ રાજા ધૃતરાષ્ટ્ર વનમાં યજ્ઞ કરતા હતા; પણ યજ્ઞ પૂરો થવા છતાં હોમનો અગ્નિ હજી બુઝાતો ન હતો. ધૃતરાષ્ટ્ર કે બીજા કોઈને આ વાતની ખબર હતી નહિ. તેઓ તો પહેલાંની માફક જ તપસ્યા કરતા હતા. ધીમે ધીમે અગ્નિ આખા વનમાં ફેલાયો; અને આ આગમાં જ ધૃતરાષ્ટ્ર, સંજય, કુંતી અને ગાંધારી બળીને ભસ્મ થઈ ગયાં.

નારદે આ સમાચાર પાંડવોને આપ્યા. યુધિષ્ઠિરને તેમણે મરેલા વડીલોની શ્રાદ્ધક્રિયા કરવાનું કહ્યું.

આવા દારુણ સમાચાર સાંભળી પાંચે ભાઈઓ શોકને લીધે નાના બાળકની માફક રડવા લાગ્યા. આટલા બધા વીર હોવા છતાં પાંડવો આટલા બધા પોચા હૃદયના છે, તે તો પ્રજાએ પહેલી વાર જ જાણ્યું. પ્રજા પણ આવા દારુણ સમાચાર સાંભળી આંખમાંથી આંસુ ખાળી શકી નહિ.

ભારે ધામધૂમ વચ્ચે શ્રાદ્ધ ઇત્યાદિ ક્રિયાઓ પૂરી થઈ. પાંડવોએ ચારે બાજુએથી બ્રાહ્મણો બોલાવ્યા હતા; અને તેમને દાનમાં પુષ્કળ ધન આપી વિદાય કર્યા હતા. વડીલોના શ્રાદ્ધની ક્રિયા આમ કોઈ પણ જાતની અડચણ વગર પૂરી થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬ : મૌસલપર્વ

[અદ્દ્ભુત રૂપે ઉત્પન્ન થયેલ મૂસળ દ્વારા યાદવોનો નાશ થયો; તેનું વર્ણન આમાં હોવાથી આ **મૌસલપર્વ** કહેવાય છે.]

શ્રી કૃષ્ણનું સ્વધામગમન

યુધિષ્ઠિરે ધર્મ અને ન્યાયથી ૩૬ વર્ષ રાજ્ય કર્યું; પરંતુ હવે તેમને વિપરીત સમય દેખાવા લાગ્યો.

યાદવોએ ભારે ત્રાસ વર્તાવવા માંડ્યો હતો. ઋષિમુનિઓ તેમનાથી દુઃખ પામવા લાગ્યા. એક દિવસ ઘણા માણસો ભેગા થઈ એક પુરુષના પેટે તાંસળી બાંધી, તેને સ્ત્રીનાં વસ્ત્રો પહેરાવી નારદ મુનિ પાસે લઈ ગયા.

તેમણે મુનિને પૂછ્યું, કે 'મહારાજ! આ સ્ત્રીને છોકરો અવતરશે કે છોકરી?'

નારદ મુનિ સમજી ગયા, કે આ લોક મશ્કરી કરવા આવ્યા છે; તેથી તેમણે યાદવોને શાપ આપ્યો, કે "તેના પેટમાં જે કંઈ છે તેનાથી તમારા બધાનો નાશ થશે."

આ પ્રમાણે મુનિનો શાપ સાંભળીને બધા છાનામાના ઘેર ચાલ્યા ગયા; અને શાપના નિવારણનો ઉપાય વિચારવા લાગ્યા.

બધાએ ભેગા મળી લોઢાની તાંસળીના કાપીને ઝીણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝીણા બારીક કણ કરી નાખ્યા અને તે ભૂકાને સમુદ્રમાં ફેંકી દીધો અને ધાર્યું કે હવે તેનાથી શું નુકસાન થશે?

થોડા વખત પછી દારૂ પીને બધા યાદવો મદમસ્ત બની સમુદ્ર કાંઠે ગયા અને માંહોમાંહે લડવા લાગ્યા. તાંસળીના લોઢાનો ભૂકો જે સમુદ્રમાં નાખી દીધો હતો, તેની તલવારની ધાર જેવી 'પાન' (સોઇયા) ઊગી હતી. દારૂની બેભાન સ્થિતિમાં આ ધારદાર 'પાન'ને પાણીમાંથી ખેંચી કાઢી એકબીજાને મારવા લાગ્યા. મુનિના શાપથી આ 'પાન' મૂસળ સમાન બની અને બધા ત્યાં જ કપાઈ મરી ગયા.

આ સમાચાર સાંભળી બળરામે, સાકો સમય આવ્યો એમ સમજી, યોગ દ્વારા પોતાના શરીરનો ત્યાગ કર્યો; અને એક ઘરડા શિકારીના બાણથી ઘવાઈ શ્રી કૃષ્ણ પણ સ્વર્ગમાં ચાલ્યા ગયા. યાદવોની સ્ત્રીઓમાં રોકકળ થઈ રહી. ગાંધારીદેવીનો શાપ આ રીતે ફળ્યો.

શ્રી કૃષ્ણના સ્વર્ગમાં ચાલ્યા જવાથી અર્જુન તો બુદ્ધિમાં અને બળમાં બન્નેમાં નિર્બળ થઈ ગયો! શ્રી કૃષ્ણનો સ્વર્ગવાસ થયા પછી અર્જુન દ્વારકા છોડી ઇંદ્રપ્રસ્થમાં આવતો હતો. રસ્તામાં ચોરોએ અર્જુન ઉપર હુમલો કર્યો. નવાઈની વાત તો એ છે, કે કેટલાં ય બાણ ફેંકવા છતાં અર્જુન ચોરોને રોકી શક્યો નહિ. અર્જુન ચોરોને રોક્યા વગર જ રાજધાનીમાં પાછો ફર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય ચોરોના હાથે અર્જુનનો પરાજય થયો ! અર્જુન આ પરાજયને પોતાના કલંક સમાન ગણવા લાગ્યો. આ કલંકને દૂર કેવી રીતે કરવું ? તેણે શ્રી વ્યાસના આશ્રમમાં જઈ તેમને પોતાના મનનું દુઃખ જણાવ્યું.

શ્રી વ્યાસે કહ્યું : "પુત્ર આને માટે દુઃખી ન થા. પૃથ્વી ઉપર હવે તમારું કાર્ય પૂરું થયું છે અને તમારે માટે સ્વર્ગમાં આવવાનો સમય પાસે આવ્યો છે; એટલે જ તમારી શક્તિ તમને છોડીને જતી રહી છે. હવે તમે મહા-પ્રસ્થાન માટે તૈયાર થાઓ."

અભિમન્યુના પુત્ર પરીક્ષિતને હસ્તિનાપુરની ગાદીએ બેસાડી પાંચે ભાઈઓ અને છઠ્ઠી દ્રૌપદી સ્વર્ગમાં જવાને રસ્તે રવાના થયાં. શ્રી કૃષ્ણના વંશમાં જે યાદવ જીવતો હતો, તેને યુધિષ્ઠિરે ઇંદ્રપ્રસ્થ આપી દીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭ : મહાપ્રાસ્થાનિકપર્વ

[દ્રૌપદી સાથે પાંડવોનું સ્વર્ગે જવાનું વર્ણન આમાં છે; તેથી આ **મહાપ્રાસ્થાનિકપર્વ** કહેવાય છે.]

પ્રથમ દ્રૌપદીનું મરણ

પાંચે ભાઈઓ સ્વર્ગમાં જતા હતા. સાથે દ્રૌપદી હતી. તેમણે બધાંએ સંન્યાસીઓનાં વસ્ત્રો પહેર્યાં હતાં. દુનિયાનો એક પણ દુર્ગુણ હવે તેમની સાથે રહ્યો ન હતો.

એક કૂતરો પણ પાંડવોની પાછળ પાછળ હસ્તિનાપુરથી આવતો હતો.

અર્જુને રાજધાનીમાંથી બહાર આવ્યા પહેલાં જ પોતાનાં અસ્ત્રશસ્ત્ર છોડ્યાં હતાં. અગ્નિદેવે અર્જુનને ગાંડીવ ધનુષ્ય આપ્યું હતું, તે ગાંડીવ ધનુષ્ય અગ્નિદેવ પોતે આવી પાછું લઈ ગયા.

સ્વર્ગના રસ્તે જતાં જતાં પાંડવોએ કેટલાં ય નદીનાળાં, પહાડપર્વત ઓળંગ્યાં; અને છેવટે તેઓ બધાં હિમાલય પર્વત ઉપર આવી પહોંચ્યાં; પણ દ્રુપદરાજાની કન્યા અને પાંડવોની પટરાણી દ્રૌપદીથી હવે આગળ ચાલી શકાયું નહિ. હિમાલય પર્વતના બરફથી તેના પગ ઠરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા. તેનું આખું શરીર નકામું બની ગયું. છેવટે દ્રૌપદી-એ ત્યાં જ પોતાના પ્રાણ છોડ્યા.

યુધિષ્ઠિરને ભીમે પૂછ્યું: "મહારાજ, દ્રૌપદી સદેહે સ્વર્ગમાં કેમ ન જઈ શકી?"

યુધિષ્ઠિરે જવાબ આપ્યો: "દ્રૌપદી આપણને બધાને સરખી રીતે ચાહતી ન હતી, પણ અર્જુનને જ સૌથી વધારે ચાહતી હતી. તેના આ અપરાધથી તેનું પતન થયું છે."

સહદેવ અને નકુળનું મરણ

બાકીના માણસો આગળ ચાલવા લાગ્યા. બદરિકાશ્રમ આગળ સહદેવ મૃત્યુ પામ્યો.

ભીમે યુધિષ્ઠિરને સહદેવના પતનનું કારણ પૂછ્યું.

યુધિષ્ઠિરે કહ્યું: "સહદેવના મનમાં એમ હતું, કે 'મારા જેવો પંડિત કોઈ નથી.' તેના આ અભિમાનથી તેનું પતન થયું છે."

ત્યારપછી ચારે ભાઈઓએ આગળ વધવાનું શરૂ કર્યું. ચંદ્રકાલી પર્વત પાસે આવી નકુળ મૃત્યુ પામ્યો.

નકુળના પતન સંબંધે યુધિષ્ઠિરે કહ્યું: "નકુળના મનમાં એવું અભિમાન હતું, કે 'મારા જેવો રૂપાળો કોઈ નથી.' તેના પતનનું આ જ કારણ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુનનું મરણ

હવે બાકી રહ્યા યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન: ત્રણે ભાઈઓના દુ:ખનો પાર ન હતો. પત્ની અને બે ભાઈઓના શોકથી તેઓ અત્યંત દુ:ખી થયા. યુધિષ્ઠિરે ભીમ અને અર્જુનને શાંત કર્યા અને ઉત્તર દિશામાં આગળ વધવાનું શરૂ કર્યું. જેમ જેમ તેઓ આગળ વધતા ગયા, તેમ તેમ વધારે ને વધારે બરફ આવતો ગયો. આ પ્રમાણે ચાલતાં ચાલતાં તેઓ નંદીઘોષ નામના પર્વત ઉપર આવી પહોંચ્યા.

નંદીઘોષ પર્વત બહુ મોટો હતો અને અહીં બધી ઋતુઓ સરખી હતી. ચારે બાજુએ બરફ સિવાય બીજું કંઈ માલૂમ પડતું નહિ. બરફને લીધે અહીં કોઈ જીવ-જંતુ જીવી શકતું નહિ. અરે, એટલું જ નહિ, પણ અહીં ઝાડપાન પણ ઊગતાં નહિ. આવા ભયંકર બરફને ઓળંગી અર્જુન આગળ વધી શક્યો નહિ. નંદીઘોષ ઉપર જ તેણે પોતાનો દેહ છોડ્યો.

સુખમાં કે દુ:ખમાં હરેક સમયે અર્જુન જેવો કોઈ સાથી યુધિષ્ઠિરને મળ્યો ન હતો. અર્જુનને લીધે જ પાંડવોને જગતમાં આટલું બધું માનપાન અને કીર્તિ મળ્યાં હતાં; એટલે તેના મૃત્યુથી યુધિષ્ઠિર અને ભીમને જે શોક થયો, તે તો અહીં લખી શકાય તેમ નથી.

યુધિષ્ઠિરને ભીમે પૂછ્યું: "મહારાજ, અર્જુને તો કોઈ દિવસ અન્યાયી કૃત્ય કર્યું નથી, તો પણ તેની કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી દશા થઈ?"

યુધિષ્ઠિરે કહ્યું: "અર્જુને એવી પ્રતિજ્ઞા લીધી હતી, કે 'હું એક જ દિવસમાં બધા શત્રુઓનો નાશ કરીશ.' પણ અર્જુન આ પ્રતિજ્ઞા પૂરી કરી શક્યો નથી. તેના પતનનું આ જ કારણ છે."

ભીમસેનનું મરણ

હસ્તિનાપુરથી નીકળ્યાં હતાં છ જણ; હવે બાકી રહ્યા માત્ર બે જ જણ. દુઃખી મને બન્ને જણા આગળ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં બન્ને જણા સોમેશ્વર પર્વત પાસે આવી પહોંચ્યા. હવે ભીમસેનમાં ચાલવાની શક્તિ રહી નહિ. તેનો પ્રચંડ દેહ સોમેશ્વર પર્વત ઉપર પડતાં જ આખી પૃથ્વી કંપી ઊઠી!

પૃથ્વી કંપે નહિ તો શું કરે? આટલો મોટો વીર પુરુષ, જે મોટાં મોટાં ઝાડ લઈને યુદ્ધ કરતો હતો, તેનું શરીર કંઈ ઓછું વજનદાર ન હતું! ભીમસેને પોતાની જિંદગી દરમિયાન કેટલાય રાક્ષસ–રાક્ષસીઓને માર્યાં હતાં. તેનું શબ જમીન ઉપર પડતાં જ સોમેશ્વર પર્વત ઉપર આવેલાં બધાં પશુપક્ષીઓ જમીન સાથે અફળાઈ મૃત્યુ પામ્યાં.

ભીમે મરતાં મરતાં યુધિષ્ઠિરને પોતાના પતનનું કારણ પૂછ્યું. યુધિષ્ઠિરે તેને કહ્યું: "તારા મનમાં એમ હતું, કે 'મારા જેવો બળવાન બીજો કોઈ નથી' તારા આ અહંકારને લીધે જ તારું પતન થયું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુધિષ્ઠિરની ઇંદ્રે લીધેલી પરીક્ષા

હવે બાકી રહ્યા યુધિષ્ઠિર! આંખની કીકીઓ જતાં માણસને જેટલું દુઃખ થાય તેટલું બલકે તેથી પણ વધારે દુઃખ બધાંને ગુમાવી યુધિષ્ઠિરને થવા લાગ્યું. તેઓ દુઃખથી અધીરા બની ગયા. કેટલીક વાર સુધી તો તેઓ આકુળ-વ્યાકુળ બની વિલાપ કરવા લાગ્યા, પણ યુધિષ્ઠિર તેમ હારી જાય તેવા ન હતા. મન સાથે તેમણે નક્કી કર્યું, કે સ્વર્ગમાં તો જવું જ છે. રસ્તામાં નકામા ખોટી થવાથી કંઈ વળવાનું નથી.

હવે યુધિષ્ઠિર એકલા ઉત્તર દિશામાં આગળ વધવા લાગ્યા. સાથે પેલો કૂતરો તો હતો જ. ચાલતાં ચાલતાં તેઓ ગંધમાદન પર્વત ઉપર આવી પહોંચ્યા. ગંધમાદન પર્વતથી સ્વર્ગ બહુ દૂર ન હતું. સ્વર્ગનાં વાજાં તો ત્યાંથી જ સંભળાતાં હતાં.

રાજા યુધિષ્ઠિર તો ધર્મના પુત્ર હતા. તેમના જેવો ધાર્મિક પુરુષ હજુ સુધી જગતમાં પાક્યો ન હતો. આ કારણથી જ તેમને તેમના ભાઈઓ અને પત્નીની માફક રસ્તામાં દેહ ન છોડવો પડ્યો. સ્વર્ગના દ્વારને પોતાનું લક્ષ્ય રાખી યુધિષ્ઠિર તે બાજુ ચાલવા લાગ્યા અને આખરે યુધિષ્ઠિર સ્વર્ગના દરવાજા પાસે આવી પહોંચ્યા; પણ સ્વર્ગના દરવાજા પાસે જે દરવાન હતો, તે યુધિષ્ઠિરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંદર દાખલ થવા દેતો ન હતો. તેણે યુધિષ્ઠરને પૂરી ખાતરી કરી આવવાનું કહ્યું; અને પોતે દેવરાજ ઇંદ્રને 'યુધિષ્ઠિર આવ્યા છે' એવા સમાચાર આપવા ગયો.

યુધિષ્ઠિર દરવાજા પાસે બેઠા હતા. એવામાં એક બ્રાહ્મણ યુધિષ્ઠિરને મળવા આવ્યો. આ બ્રાહ્મણ તે બીજું કોઈ ન હતું, પણ દેવરાજ ઇંદ્ર જ હતા. ઇંદ્ર બ્રાહ્મણ બની યુધિષ્ઠિરની પરીક્ષા કરવા આવ્યો હતો!

બ્રાહ્મણ તો એકી સાથે યુધિષ્ઠિરના ગુણ ગાવા લાગ્યો. યુધિષ્ઠિરે મૃત્યુ લોકમાં રહી જે જે કાર્યો કર્યાં હતાં, તે બધાં કાર્યો બ્રાહ્મણ એક પછી એક સંભળાવા લાગ્યો; પણ યુધિષ્ઠિરને કોઈ દિવસ પોતાનાં વખાણ સાંભળવાં ગમતાં નહિ, તેથી તેમણે બ્રાહ્મણને કહ્યું: "ભૂદેવ! મને ભગવાન શ્રી કૃષ્ણ પાસે લઈ જાઓ. આ સિવાય મારે બીજું કંઈ સાંભળવું નથી."

બ્રાહ્મણના વેશમાં આવેલો ઇંદ્ર યુધિષ્ઠિરને લઈ આગળ ચાલ્યો અને કહેવા લાગ્યો: "રાજન્, આપના જેવો ધાર્મિક પુરુષ મેં હજુ સુધી જોયો નથી. આપના ચાર ભાઈઓમાં અને દ્રૌપદીમાં નાના નાના પણ દુર્ગુણો હતા; અને તેથી જ તેઓ સદેહે સ્વર્ગમાં આવી શક્યાં નથી."

યુધિષ્ઠિરે કહ્યું: "હું વધુ સમય થોભી શકું એમ નથી. મને જલદીથી અંદર લઈ જાઓ."

ઇંદ્રે કહ્યું: "મહારાજ! આપ તો ધાર્મિક પુરુષ છો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે આપ તો પાપી કૃત્ય કેમ કરો ? પણ આ કૂતરો ઘણું હલકું પ્રાણી છે. આપ તેને છોડી દો. કૂતરાને તો કોઈ રીતે સ્વર્ગમાં દાખલ કરી શકાય એમ નથી."

પણ એક વાર આશ્રય આપ્યા પછી યુધિષ્ઠિર કૂતરાને છોડી દે તેવા ન હતા. તેમણે કહ્યું : "વિપ્રદેવ! હું કોઈ પણ રીતે કૂતરાને છોડી શકું તેમ નથી."

બ્રાહ્મણે કહ્યું: "ભાઈઓ અને પત્ની આપને આટલાં બધાં વહાલાં લાગતાં હતાં, તેમ છતાં આપે તેમને છોડ્યાં; અને એક કૂતરાને આપ નહિ છોડી શકો ?"

યુધિષ્ઠિરે જવાબ આપ્યો: "પણ મેં તેને આશ્રય આપ્યો છે."

બ્રાહ્મણે કહ્યું: "તોપણ કૂતરો સ્વર્ગમાં પ્રવેશ કરી શકશે નહિ; કારણ કે તેણે કંઈ પણ પુણ્ય કર્યું નથી."

ત્યારે યુધિષ્ઠિરે કહ્યું: "મૃત્યુ લોકમાં મેં જેટલું પુણ્ય કર્યું છે, તેમાંથી અર્ધું પુણ્ય આ કૂતરાને મળો !"

એકદમ દેવરાજ ઇંદ્ર પોતાના રૂપમાં પ્રકટ થયા અને યુધિષ્ઠિરની પ્રશંસા કરવા લાગ્યા. યુધિષ્ઠિરે કૂતરાની સામે જોયું; પણ કૂતરો ક્યાં હતો ? કૂતરાને બદલે ખુદ ધર્મરાજ ઊભા ઊભા હસતા હતા ! ધર્મરાજ જ કૂતરાનું રૂપ લઈ યુધિષ્ઠિરની પરીક્ષા કરવા આવ્યા હતા !

ત્યાર પછી દેવરાજ ઇંદ્રના રથમાં બેસી યુધિષ્ઠિર ધર્મરાજ અને ઇંદ્રની સાથે સ્વર્ગમાં દાખલ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ : સ્વર્ગારોહણપર્વ

[પાંડવોના સ્વર્ગે જવાનું વર્ણન આમાં હોવાથી આને **સ્વર્ગારોહણપર્વ** કહે છે.]

યુધિષ્ઠિર સદેહે સ્વર્ગમાં

ઇંદ્રની રાજધાની અમરાવતી યુધિષ્ઠિરના આવવાના કારણે બહુ સુંદર રીતે શણગારાઈ હતી. જુદી જુદી જગ્યાએ સ્વર્ગનો વૈભવ જોઈ યુધિષ્ઠિરે શ્રી કૃષ્ણનાં દર્શન કર્યાં.

શ્રી કૃષ્ણે આદરપૂર્વક યુધિષ્ઠિરને પોતાની પાસે બોલાવ્યા; પણ યુધિષ્ઠિરે દ્રૌપદી અને પોતાના ભાઈઓને ત્યાં ન જોઈ, શ્રી કૃષ્ણને તે બધાં બતાવવાની વિનતિ કરી.

એવામાં યમનો દરવાજો ઊઘડ્યો અને એક દેવદૂત યુધિષ્ઠિરને તે રસ્તે લઈ જવા લાગ્યો. તે સ્થાન ઘણું બિહામણું હતું. ચારે બાજુએ અંધારા સિવાય બીજુ કંઈ પણ માલૂમ પડતું નહિ. તે ઉપરાંત ત્યાં માથું ફાટી જાય તેવી દુર્ગંધ મારતી હતી. ચારે બાજુએ આના સિવાય બીજું કંઈ જ દેખાતું નહિ!

યુધિષ્ઠિર ખૂબ ભય પામ્યા. મોટી ચીસ પાડી તેમણે કહ્યું: "મારાં સગાંવહાલાંઓ ક્યાં છે? હું તેમને જોવા ઇચ્છું છું. હું આ જોઉં છું તે શું છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સ્વર્ગારોહણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવદૂતે કહ્યું: "રાજન્! તું જે જુએ છે, તે નરક છે. તારાં સગાંવહાલાંઓને તું હમણાં જ જોઈશ; તેમનાં કર્મનાં ફળરૂપે તેમને અહીં નરકમાં રાખવામાં આવ્યાં છે."

બધાં દિવ્ય શરીરે સ્વર્ગમાં

ત્યાર પછી યુધિષ્ઠિર ભીમ, અર્જુન વગેરે ભાઈઓને અને ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરે કુટુંબીજનોને મળ્યા. યુધિષ્ઠિર પોતાના ધર્મબળથી બધાંને સ્વર્ગમાં લઈ આવ્યા.

સ્વર્ગમાં આવી યુધિષ્ઠિરે શ્રી કૃષ્ણ અને દેવરાજ ઇંદ્રને પૂછ્યું: "જિંદગીમાં મેં એવું તે કયું પાપ કર્યું છે, જેના ફળરૂપે આજે મારે નરકનાં દર્શન કરવાં પડ્યાં?"

ઇંદ્રે કહ્યું: "મહારાજ, પાપપુણ્ય કર્યા સિવાય તો જગતમાં કોઈ જ રહેતું નથી. આપે પણ જૂઠું બોલી મોટું પાપ કર્યું છે; તેથી જ આપને નરક જોવું પડ્યું."

યુધિષ્ઠિરના મનમાં પોતે શું અસત્ય બોલ્યા છે, તે યાદ આવ્યું નહિ.

એટલે ઇંદ્રે કહ્યું: "મહારથી દ્રોણાચાર્યનાં અસ્ત્ર છોડાવવા માટે આપે યુદ્ધ સમયે એવું કહ્યું હતું, કે 'અશ્વત્થામા મરાયો છે' અને પાછળથી આપ કોઈ ન સાંભળી શકે એવી રીતે બોલેલા કે 'પણ હાથી!'"

યુધિષ્ઠિર બધી વાત હવે સમજી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદ્રે કહ્યું: "ભીમ, અર્જુન, નકુળ અને સહદેવ તેમ જ દ્રૌપદીએ કંઈ ને કંઈ પાપી કૃત્ય કર્યું હતું; એટલે તેમને થોડો વખત પણ નરકવાસ ભોગવવો પડ્યો; અને હવે તે બધાં દિવ્ય દેહ ધારણ કરી સ્વર્ગમાં આવ્યાં છે. આપને તે બધાં અહીં મળશે. સ્વર્ગની ગંગા–મંદાકિનીના પવિત્ર જળમાં સ્નાન કરી આપ પણ દિવ્ય દેહ ધારણ કરો."

મંદાકિનીના પવિત્ર જળમાં પ્રવેશ કરતાંની સાથે જ યુધિષ્ઠિરનો માનુષી દેહ અદૃશ્ય થઈ ગયો અને તેમણે સુંદર એવું દિવ્ય શરીર મેળવ્યું.

ત્યાર બાદ પાંચ પાંડવો અને દ્રૌપદી ભેગાં થઈ સ્વર્ગનાં સુખનો ઉપભોગ કરવા લાગ્યાં.

*

—અને મહાભારતની અમૃત સમાન કથા અહીં સમાપ્ત થાય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મહાભારત'નાં નીતિસૂત્રો

"ગમે તેટલા મોટા પાત્રમાં એક નાનું સરખું પણ છિદ્ર હોય તો તેમાંનું બધું જ પાણી ગળી જાય છે, તેમ માણસની ગમે તે એક ઇંદ્રિય પણ જો બેલગામ હોય તો તેની તમામ બુદ્ધિ હરાઈ જાય છે."

"જ્ઞાન વડે મનને વશ કરવું; મન વડે ચક્ષુ અને કર્ણને વશ કરવાં; ચક્ષુ અને કર્ણ વડે હાથપગને વશ રાખવા અને ધૈર્ય વડે ઉપસ્થ અને ઉદરને વશ રાખવાં."

"પ્રવૃત્તિઓનું ક્રોધ થકી રક્ષણ કરવું; ધર્મનું ઈર્ષા થકી રક્ષણ કરવું જ્ઞાનનું અહંકાર થકી રક્ષણ કરવું અને આત્માનું પ્રમાદ થકી રક્ષણ કરવું."

"આશા ધૈર્યને હરી લે છે, ઈર્ષા ધર્મનું હરણ કરે છે, ક્રોધ શ્રીનું હરણ કરે છે, કુસંગતિ ચારિત્ર્યનું હરણ કરે છે; કામ લજ્જાને હરે છે, વૃદ્ધાવસ્થા રૂપને હરે છે, મૃત્યુ પ્રાણને હરે છે, અને અહંકાર એ સર્વસ્વનું હરણ કરે છે."

"સૌને જીતવા કરતાં પોતાને જ જીતવું એ શ્રેષ્ઠ છે. પોતાને જીતનાર મહાત્માના જયને ફેરવીને તેનો પરાજય કરવા કોઈ સમર્થ નથી."

"જે ધન કોઈને આપી શકાય જ નહિ, એ ધન શા કામનું? જે બળ વડે જુલમગારના જુલમનું દમન કરી ન શકાય, તો તે બળ કામનું જ શું? જે જ્ઞાનવડે સર્વનું હિત સાધી ન શકાય, તે જ્ઞાન હોય તો ય શું અને ન હોય તો ય શું? જે આત્માવડે ષડ્રિપુને વશ ન કરી શકાય, તે આત્મા ય કામનો શો?"

"પાણી પીવું હોય તો કપડા વડે ગાળીને શુદ્ધ કરીને પીવું; ડગલું ભરવું હોય તો ચક્ષુ વડે માર્ગ શુદ્ધ કરીને ડગલું ભરવું; વિચાર કરતી વખતે બુદ્ધિ વડે વિચારને શુદ્ધ કરીને વિચાર કરવો; અને જો કાંઈ મોઢેથી બોલવું હોય, તો સત્યવડે વાણીને શુદ્ધ કરીને જે કાંઈ કહેવું હોય તે કહેવું."

"દિવસે એવાં કામ કરવાં કે રાતે સુખે નિદ્રા આવે; કોરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋતુના દસ મહિના એવો ઉદ્યમ કરવો કે વર્ષા ઋતુમાં સુખે ઘરમાં બેસી રહેવાય; જુવાનીમાં એવું કાર્ય કરવું કે ઘડપણ સુખમાં પસાર થાય; અને આખી જિંદગીભર એવાં જ કામ કરવાં, કે જેથી મરણ પછી પણ આપણી કીર્તિ જળવાઈ રહે. ”

સૂતેલા મનુષ્યનું પ્રારબ્ધ પણ સૂઈ જાય છે ઊભા થયેલા મનુષ્યનું પ્રારબ્ધ ઉભું થાય છે. અને કામ કરવા મંડી ગયેલા મનુષ્યનું પ્રારબ્ધ પણ કામ કરવા મંડી જાય છે. ”

“ હોલવાતાં રહી ગયેલો જરા જેટલો અગ્નિ કરજ ભરતાં ભરતાં રહી ગયેલું થોડુંક જ કરજ અને મરતાં મરતાં રહી ગયેલો નાનો સરખો શત્રુ થોડી વારમાં જ વધી જાય છે અને સર્વસ્વનો નાશ કરે છે. ”

“ જે વગર તેડયે આવીને ઊભો રહે છે, વગર પૂછયે સલાહ આપતો ફરે છે, જે વિશ્વાસપાત્ર ન હોય તેનો વિશ્વાસ કરે છે અને વિશ્વાસપાત્ર હોય તેનો અવિશ્વાસ કરે છે, તે જ મૂર્ખ છે.”

“ જો કુટુંબના એક માણસનો ત્યાગ કર્યાથી આખું કુટુંબ બચી જતું હોય, તો એક જણનો ત્યાગ કરી જ દેવો; કુટુંબનું બલિદાન આપતાં જો આખું ગામ બચતું હોય, તો કુટુંબનું બલિદાન દઈ દેવું; જો ગામનું બલિદાન આપવાથી આખો દેશ બચી જતો હોય, તો ગામનો ભોગ આપી દેવો; અને આખા જગતનો ત્યાગ કર્યાથી જો આત્માનું રક્ષણ થતું હોય, તો સુખેથી આખા જગતનો ત્યાગ કરવો. ”

“ ક્રોધ કરતાં પહેલાં ઘણો વિચાર કરવો. મોઢામાંથી વેણ ઉચ્ચારવું તે ઘણો વિચાર કરીને ઉચ્ચારવું. પોતાનું કર્તવ્ય નક્કી કરવું તે પણ ખૂબ વિચાર કરીને કરવું. કોઈ પણ કામમાં હાથ ઘાલતાં પહેલાં ખૂબ વિચાર કરવો; અને આરંભેલું કામ પડતું મૂકતાં પહેલાં પણ ઘણો જ વિચાર કરવો.”

“ સોનું રૂપાથી બગડે છે. ફરી ફરીને અભ્યાસ નહિ કરવાથી વિદ્યા કટાઈ જાય છે. મિથ્યા વચન બોલવાથી પુરુષ ભ્રષ્ટ થાય છે. કુતૂહલથી સતી ભ્રષ્ટ થાય છે અને સ્ત્રીને એકલી મૂકીને લાંબી મુસાફરીએ જવાથી સ્ત્રી બગડે છે.”

અનુસંધાન જુઓ પાન ૨૬૭ →

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહાભારત" શું છે?

૧ : અમૂલ્ય રત્નોની અખૂટ ખાણ



એ ગ્રંથ મેં ચાર મહિનામાં (યરોડા જેલમાં) પૂરો કર્યો ત્યારે મને લાગ્યું, કે આ 'મહાભારત' ને કાંઈ ઉપમા આપવી હોય તો તે ગણ્યાંગાંઠ્યાં સુંદર જવાહિરોની એકાદ તિજોરીની ન આપી શકાય; **પણ અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથે જ તેને સરખાવી શકાય, કે જે ખાણને જેમ જેમ વધુ ને વધુ ઊંડી ખોદીએ, તેમ તેમ તેમાંથી કિંમતી જવાહીર વધુ ને વધુ નીકળતાં જાય."**

—મહાત્મા ગાંધીજી

૨ : વિલક્ષણ મહત્તાનો ગ્રંથ

'મહાભારત' ગ્રંથ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. × × × તેમાં ધર્મરાજની સત્યનિષ્ઠા, કર્ણની ઉદારતા, ભીષ્મનું બાહુબળ, અર્જુનનું યુદ્ધ-કૌશલ્ય ઇત્યાદિ અવર્ણનીય ગુણોયુક્ત વીરોનાં વર્ણન છે. અને તે વીરોનાં ચરિત્ર વાંચવા યોગ્ય–મનન કરવા યોગ્ય છે. એમાં પણ **ભીષ્મપિતામહનો** દૃઢ

ભા. ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચય અને શ્રી કૃષ્ણનું રાજનીતિકૌશલ્ય તો વિલક્ષણ જ મહત્ત્વ ધરાવે છે. તેમના આગળ બીજાઓના બીજા ગુણો ફીકા પડી જાય છે. × × × આથી નવયુવકોને હું કહું છું, કે 'મહાભારત'નું અધ્યયન અવશ્ય કરો અને ભીષ્મ પિતામહનો દૃઢ નિશ્ચય તથા શ્રી કૃષ્ણનું રણકૌશલ્ય તમારામાં વધારવાનો પ્રયત્ન કરો. —લોકમાન્ય તિલક

૩ : જિજ્ઞાસાની અનુપમ તૃપ્તિ

આ કાવ્યમય ઇતિહાસ તો એવી અજબ રીતે લખાયો છે, કે તેમાંથી પ્રત્યેક જાતના માણસને રસાસ્વાદ મળી શકે છે. આસ્તિક ભગવદ્ભક્ત આમાં ભક્તિમાર્ગ જોઈ શકે છે; વેદાંતી આમાંથી આત્મપ્રત્યયનું જ્ઞાન મેળવી શકે છે; તર્કવિશારદ એમાં યુક્તિવાદ જોઈ શકે છે; શાસ્ત્રજિજ્ઞાસુ આમાંથી અનેક શાસ્ત્રના સિદ્ધાંતો જાણી શકે છે; ઇતિહાસપ્રેમી માટે એમાં અતિવિશાળ કાર્યક્ષેત્ર રહેલું છે; રાજ્યપ્રકરણીને એમાં રાજનીતિ દેખાય છે; વીરને એમા વીરતાનાં દૃષ્ટાંત મળી આવે છે; ગૃહસ્થાશ્રમીને એમાંથી ઉત્તમ ગૃહસ્થનું જીવન જાણવા મળે છે અને બ્રહ્મચારીને આદર્શ બ્રહ્મચારીના દાખલા મળે છે—તાત્પર્ય કે જેની જેની જેવી જેવી જિજ્ઞાસા હોય તેની તેની તે તે તમામ પ્રકારની જિજ્ઞાસા આપણા પૂર્વજોના આ અનુપમ પ્રાચીન ઇતિહાસરૂપી 'મહાભારત'માંથી તૃપ્ત થાય છે. —પંડિત સાતવલેકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ : ચિરકાળનો ઇતિહાસ



"'રામાયણ' અને 'મહાભારત'ને કેવળ મહાકાવ્ય જ કહેવાં ન જોઈએ; પરંતુ તે ઇતિહાસ પણ છે. અલબત્ત, તે કાંઈ સમય અથવા ઘટનાઓના ઇતિહાસ નથી; કેમ કે ઘટનાઓના ઇતિહાસ તો અમુક સમયનું જ અવલંબન કરે છે; પરંતુ 'રામાયણ' અને 'મહાભારત' તો ભારતવર્ષના ચિરકાળના ઇતિહાસ છે. બીજા ઇતિહાસ તો સમય સમય પર ફેરવાતા રહે છે; પરંતુ આ ઉભય ઇતિહાસમાં કાંઈ પણ પરિવર્તન નથી થતું. ભારતવર્ષની જે સાધના, જે આરાધના અને જે સંકલ્પ છે, તેનો જ ઇતિહાસ આ બંને મહાકાવ્યોરૂપી રાજપ્રસાદના ચિરકાલરૂપી રાજસિંહાસન પર સમ્રાટસમો વિરાજે છે."

—કવિવર રવીન્દ્રનાથ ઠાકુર

← અનુસંધાન પાન ૨૬૪નું ચાલુ

"બાપને ઘરની સ્ત્રીઓના રક્ષણનું, માતાને રસોડાનું, પુત્રને વિદ્વાન અતિથિની સેવાનું, બીજાં કુટુંબીઓને ઘરની ગાયોની સંભાળ લેવાનું અને ગુમાસ્તાને વેપારનું એટલાં કામ કદાચ બીજાને સોંપી શકાય; પણ ખેતીનું કામ તો કોઈને ન સોંપતાં જાતે જ કરવું."

"કોઈ ધનુર્ધર બાણ મારે તો કદાચ એક જણને મારે તો મારે, કદાચ એક જણ પણ તેનાથી ન મરાય; પણ બુદ્ધિમાન માણસ પોતાની બુદ્ધિના જોરે બળવાન રાજાનો અને તેના આખા રાજ્યનો બેઉનો નાશ કરવા સમર્થ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તુ' સાહિત્ય વર્ધક કાર્યાલય' પ્રકાશિત

સંપૂર્ણ મહાભારત

- મૂલ્ય રૂા. ૪૫)
- આવા મોટા અક્ષરોમાં
- દળદાર ૭ (સાત) ગ્રંથો
- ચિત્રો ૨૭
- કદ ઇંચ ૭ાા" × ૧૦"
- એકંદર પાન ૫૨૦૮

અગત્યની સૂચના:—(૧) ઉપરના સાતે ગ્રંથો એક સાથે ખરીદનારને ૬ા ટકા કમિશન મળશે. (૨) રેલવે રસ્તે મગાવનારે કિંમત ઉપરાંત પેકિંગ વગેરે ખર્ચના રૂા. ૦ાા વધુ મોકલતાં પાર્સલ કયા સ્ટેશને મોકલવાનું છે તે સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવું. (૩) ટપાલરસ્તે મગાવનારે રૂા. ૬) પોસ્ટેજના વધુ મોકલવા.

ગ્રંથ ૧ લો—આદિ અને સભાપર્વ

જેમાં શકુંતલા આખ્યાન, કચ–દેવયાની આખ્યાન, ભીષ્મ-પ્રતિજ્ઞા, યયાતિ આખ્યાન, પાંડવ–કૌરવની જન્મકથા, દ્રોણ-દ્રુપદ સ્પર્ધા, લાક્ષાગૃહ, હિડિંબા–વધ, બકાસુર–વધ, દ્રૌપદી સ્વયંવર, વિદુરનો ઉપદેશ, પાંડવની વિજય–કથા, જરાસંધ–વધ, શિશુપાલ–વધ, દ્યૂત, દ્રૌપદી વસ્ત્રાહરણ અને પાંડવનું વન પ્રસ્થાન... વગેરે, વગેરે આવે છે. * પાન–૮૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથ ૨ જો—વન અને વિરાટપર્વ

જેમાં પાંડવોનો વનવાસ, નળ આખ્યાન, રામ–આખ્યાન, જટાસુર–વધ, તીર્થયાત્રા, અગસ્ત્ય આખ્યાન, લોપા–મુદ્રાનું લગ્ન, પરશુરામની તેજહાનિ, ગંગાવતરણ, ઋષ્યશૃંગ–આખ્યાન, બાજ અને હોલાની કથા, માંધાતા–ચરિત્ર, ભીમ અને હનુમાનનો મેળાપ, માર્કંડેય–સમસ્યા, શિબિરાજાની પરીક્ષા, કાર્તિકેય–સ્તોત્ર, દ્રૌપદી–સત્યભામા–સંવાદ, દાનની દુષ્કરતા, સ્વર્ગના ગુણ–દોષ, જયદ્રથે કરેલું દ્રૌપદીનું હરણ, સાવિત્રી ચરિત્ર, સૂર્ય–કર્ણ સંવાદ, યમ–યુધિષ્ઠિરની પ્રશ્નોતરી, પાંડવના અજ્ઞાતવાસની મહાકથા, કીચક–વધ, ગોહરણની કથા, પાડવનું પ્રાકટ્ય, ઉત્તરાનાં લગ્ન...વગેરે વગેરે આવે છે. * પાન ૮૦૦

ગ્રંથ ૩ જો—ઉદ્યોગ અને ભીષ્મપર્વ

જેમાં વિરાટની સભામાં શ્રી કૃષ્ણનું ભાષણ, દુર્યોધન અને શલ્યની મૈત્રી, વિશ્વરૂપનો વધ, વૃત્રનો વધ, નહુષની કથા, પાંડવ–કૌરવની સૈન્ય–જમાવટ, સંજયવાણી, યુધિષ્ઠિરનો સંદેશ, સંજય–ધૃતરાષ્ટ્રનો સંવાદ, વિદુરનીતિ, સનત્સુજાત, ગીતા ધૃત-રાષ્ટ્રના ઠપકો અને વિલાપ, શ્રી કૃષ્ણનો સંદેશો, દુર્યોધનની આત્મશ્લાઘા, કર્ણ-ભીષ્મ-વિવાદ, શ્રી કૃષ્ણનું મહાત્મ્ય, દંભોદ્ભવ-આખ્યાન, માતલીની વરની શોધ, ગાલવ–ચરિત્ર, માધવીની તપ-શ્ચર્યા, યયાતિનાં પતન અને પુનઃ સ્વર્ગારોહણ, ભીષ્માદિનો દુર્યોધનને ઉપદેશ, વિશ્વરૂપ દર્શન, શ્રી કૃષ્ણે કુંતીનો સંદેશો કહેવો, કર્ણની પાસે કુંતી–પુત્ર અને માતાનું મિલન, સેનાપતિની નિમણૂક ને કુરુક્ષેત્રમાં પ્રવેશ, પાંડવની છાવણી, બન્ને પક્ષોનાં સૈન્યની તૈયારી, યુદ્ધના મેદાનમાં, ભીષ્મ–મુખ્ય સેનાપતિ તરીકે બલરામની તીર્થયાત્રા, દુર્યોધનનો પાડવોને ઉલૂક સાથે સંદેશો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડવોનો પ્રત્યુત્તર, સેનાપતિની યોજના, રથી–અતિરથીની ગણના, કાશીરાજની કન્યાઓનું હરણ, પરશુરામ અને ભીષ્મનું યુદ્ધ, અંબાની તપશ્ચર્યા, અંબાનો અગ્નિ-પ્રવેશ. શિખંડીની ઉત્પત્તિ, વ્યાસદર્શન અને દુશ્ચિહ્ન કથન, યુગાનુસાર આયુષ્યનું વર્ણન, વ્યૂહરચના, અર્જુનને (ભગવદ્ ગીતાનો) ઉપદેશ, ભીષ્મ અને અર્જુનનું યુદ્ધ, દ્રોણાચાર્ય અને ધૃષ્ટદ્યુમ્નનું યુદ્ધ, ભીષ્મ અને દુર્યોધનનો સંવાદ, વિશ્વોપાખ્યાન, યુદ્ધના ૪ થી ૧૧ દિવસોનું રોમાંચક વર્ણન, ઘટોત્કચનું યુદ્ધ, અભિમન્યુનો ઝપાટો, ભીષ્મનું પતન...વગેરે વગેરે આવે છે. * પાન ૯૦૦

[આ ગ્રંથમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમાવેશ થયેલ છે.]

ગ્રંથ ૪ થો––દ્રોણપર્વ

જેમાં યુદ્ધના ૧૧ મા દિવસથી દ્રોણાચાર્ય સેનાપતિપદે નિમાયા છે તે તથા કર્ણના વીરોદ્ગાર, સેનાપતિ દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા, અર્જુનનાં દિવ્યાસ્ત્રો, ચક્રવ્યૂહ રચના, જયદ્રથની કથા, છ જણ સામે એકલો વીર અભિમન્યુ, અભિમન્યુનું મૃત્યુ, તેના મૃત્યુ-ની કથા, શિબિરાજાનું ચરિત્ર, ઘટોત્કનો વધ, દિલીપ રાજાનું ચરિત્ર, ભરત રાજાનું ચરિત્ર, પૃથુરાજાનું ચરિત્ર, પારાશરનું ચરિત્ર, અર્જુન—એના શોક ને કોપ, એની પ્રતિજ્ઞા ને યુદ્ધ માટે તૈયારી, એનું સ્વપ્ન અને પાશુપતાસ્ત્રની પુનઃ પ્રાપ્તિ,......રણ-મોરચે સાત્યકીનો સપાટો, સુદર્શનનો વધ, રાક્ષસો તેમ જ જરાસંધનો નાશ, ભીમ અને કર્ણનું યુદ્ધ, કર્ણ રણમાંથી પલાયન થાય છે, બન્નેનો પુનઃ ભેટો, ભૂરિશ્રવાનો વધ, રાત્રિયુદ્ધ એની ભયંકરતા. દીવાને આશરે રાત્રિયુદ્ધમાં મહારથીઓનું ઘમસાણ, કાપાકાપી, કચ્ચરઘાણ, અશ્વત્થામાનું પરાક્રમ, કર્ણ—કૃપાચાર્યનો વચનકલહ, પાંડવો શોકમાં—શ્રી કૃષ્ણ આનંદમાં, કર્ણે ઈંદ્રની શક્તિનો દુરુપયોગ કર્યો, બન્ને પક્ષનાં સૈન્યોની નિદ્રા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રણ મોરચે જ, વિરાટ અને દ્રુપદનાં મરણ, દ્રોણાચાર્યને અશ્વસ્થામાના વધની શંકા, અંતિમ પરાક્રમ, દ્રોણનો વધ, અશ્વત્થામનું પરાક્રમ, નારાયણાસ્ત્રનો પ્રયોગ, રણભૂમિપર વ્યાસ ભગવાન, શતરુદ્રીય સ્તોત્રારંભ, શંકર–માહાત્મ્ય, વ્યાસ અને અર્જુનનો મેળાપ...વગેરે વગેરે આવે છે. * પાન–૫૦૦

ગ્રંથ ૫ મો—કર્ણ, શલ્ય, સૌપ્તિક ને સ્ત્રીપર્વ

યુદ્ધનો સોળમો દિવસ શરૂ: સેનાપતિ તરીકે કર્ણ નિમાય છે અને પછી—મકરવ્યૂહ અને અર્ધચંદ્ર વ્યૂહની રચના, અશ્વત્થામાનો પરાજય, કર્ણનું પરાક્રમ, ત્રિપુરાખ્યાન, ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડીની હાર, મહાસંહાર...ભયંકર ઘમસાણ, શલ્યનું સારથિપદ યુદ્ધનો સત્તરમો દિવસ, કર્ણ અને શલ્ય વચ્ચે ટપાટપી, હંસ અને કાગડાની કથા, શાપનું સ્મરણ થતાં કર્ણનો આવેશ અશ્વત્થામાની પ્રતિજ્ઞા, શ્રી કૃષ્ણ અર્જુનને પ્રોત્સાહન આપે છે, કર્ણવધ માટે અર્જુનની ભીષ્મપ્રતિજ્ઞા, ભીમને હાથે શકુનિનો પરાજય, કર્ણને શલ્ય ઉત્તેજક વચન કહે છે, કૌરવ–સૈન્યનો નાશ, દુ:શાસનનો વધ, કર્ણ અને અર્જુનનો સમાગમ, સંધિ કરી લેવાનો અશ્વત્થામાનો દુર્યોધનને ઉપદેશ, દ્વંદ્વયુદ્ધ, કર્ણનો વધ, કૌરવ–સૈન્યનું રણમાંથી પલાયન થવું, શલ્યનું પરાક્રમ, શલ્યનો વધ, શકુનિ અને તેના પુત્ર ઉલૂકનો વધ, બળદેવનું આગમન, તીર્થયાત્રાનું વિસ્તૃત વર્ણન, દુર્યોધનનું ધરામાં પેસી જવું, ભીમસેન સાથે તેનું ગદાયુદ્ધ, દુર્યોધન પડ્યો ! અર્જુનનો દિવ્યરથ બળી ગયો !...અશ્વત્થામાએ રાત્રિ–સમયે દ્રૌપદીના પુત્રોને મારી નાખવાથી ગાંધારી આદિ સ્ત્રીઓનો કરુણ વિલાપ, વિલાપ અને સાંત્વન......વગેરે વગેરે આવે છે.

પાન–૫૭૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથ ૬ ઠ્ઠો—શાંતિપર્વ

(આ ગ્રંથ છૂટક પણ મળશે રૂ. ૭ાા; ટપાલખર્ચ રૂ. ૧]

આ પર્વ સમસ્ત 'મહાભારત' ના મેરુદંડ સમાન છે. એમાં રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મની ત્રિવેણી વહે છે. તેના પુણ્ય સલીલમાં સ્નાન કરનાર મુમુક્ષુ વાચકના આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપી ત્રિવિધ તાપ ટળી જાય છે; અને પરિણામે સાચી શાંતિ લાધે છે.

કર્ણના વધ માટે યુધિષ્ઠિરને પશ્ચાતાપ, કર્ણને શાપ થવાનું કારણ, શ્રીકૃષ્ણનો ઉપદેશ, રાજાઓનું કર્તવ્ય, પાપ-પુણ્ય વિચાર, ભક્ષ્યાભક્ષ્ય-વિવેક, ચાર્વાકનો વધ, ચાર્વાક-વૃત્તાંત, સંબંધીઓનાં શ્રાદ્ધ, રાજધર્મ, રાજા અને રાજ્ય-બંધારણનો કાળ, વર્ણાશ્રમ ધર્મ, આશ્રમોના ધર્મ, રાષ્ટ્રમાં રાજાની આવશ્યકતા, રાજાનું ગૌરવ, રાજરક્ષાના ઉપાયો, દંડનીતિમહત્ત્વ, રાજાના વર્તનના છત્રીસ પ્રકારો, આપદ્ધર્મ, મિત્રામિત્ર વિચાર, અમાત્યયોજના, રાજનીતિ વર્ણન, રાજાનાં કર્તવ્ય, રાજાનાં વર્તન, રાજોપનિષદ, યુદ્ધધર્મ, વીરપુરુષનું વર્ણન, યુદ્ધ કરવાની રીતિ, શૂરાનાં લક્ષણ, વિજયનાં લક્ષણ, શત્રુને જીતવાના ઉપાયો, આળસનું પરિણામ, સંકટો તરી જવાના ઉપાયો, રાજાના સહાયકો કેવા હોવા જોઈએ? નીચ તે તો નીચ જ, ધર્મ-અર્થ-કામનો વિચાર, શીલનું મહત્ત્વ, માતા-પિતાના ઋણમાંથી કેમ છુટાય? તેનો વિચાર આપત્તિ સમયે દ્રવ્ય મેળવવાનો ઉપાય, અતિથિ-સત્કાર, ક્રોધાદિ તેર શત્રુઓનું નિરૂપણ, ઘાતકી પુરુષનાં લક્ષણ, પાપો અને તેનાં પ્રાયશ્ચિત, સૃષ્ટિ-રચના, ચાતુર્વર્ણ્ય, સંસારના ચાર આશ્રમો-(૧) બ્રહ્મચર્ય આશ્રમ (૨) ગૃહસ્થ આશ્રમ (૩) વાનપ્રસ્થ આશ્રમ અને (૪) સંન્યાસ આશ્રમ, નિષ્કામ જપયજ્ઞનું ફળ, ચડતી-પડતીનાં લક્ષણ, શ્રદ્ધાની પ્રશંસા, મોક્ષનાં સાધન, વૃત્રાસુરનો વધ, યોગવિધિ, નારાયણ સ્તોત્ર-નારાયણ માહાત્મ્ય, ઉત્તમ આશ્રમધર્મ કયો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથ ૭ મો:–અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ, મહાપ્રાસ્થાનિક, અને સ્વર્ગારોહણપર્વ

જેમાં વિશ્વામિત્ર ક્ષત્રિય હતા છતાં બ્રાહ્મણ કેમ થયા, દૃઢ ભક્તિનો મહિમા, શુભ કર્મનાં ફળ, શિયાળ અને વાનરનો સંવાદ, લક્ષ્મીનો વાસ, કુપાત્રને ઉપદેશ આપ્યાનું પરિણામ, મનુષ્યનું કર્તવ્ય, મહાદેવ–માહાત્મ્ય, શિવભક્તિ–પ્રશંસા, શ્રી કૃષ્ણને મળેલાં વરદાન, અષ્ટાવક્ર અને દિશાનો સંવાદ, દાનપાત્ર કોણ? તીર્થસ્નાન–માહાત્મ્ય, ગંગા–માહાત્મ્ય, જગતમાં પૂજનીય કોણ? શરણાગતની રક્ષા, સુપાત્ર અને કુપાત્રની પરીક્ષા, વિવાહધર્મ–કથન, દાનના ધર્મ, પાત્રતા અને શ્રેષ્ઠતા, અન્નદાનનું માહાત્મ્ય, કયા નક્ષત્રમાં કયું દાન આપવું? વ્રતાદિનાં ફળ, શ્રાદ્ધવિધિ, નિર્લોભવૃત્તિનું દિવ્ય ફળ, શપથવિધિ, બલિદાનવિધિ અગસ્ત્ય અને ભૃગુનો સંવાદ, ચાંદ્રવ્રત, સંસારચક્ર, દયાધર્મ, અહિંસાનું ફળ, કીડાનું આખ્યાન, સ્ત્રીઓનાં ધર્મ અને નીતિસ્વભાવ, પ્રાયશ્ચિત–વિધિ, દાનના પાંચ પ્રકાર, ઉમા–મહેશ્વર–સંવાદ, સ્ત્રીધર્મકથન, વિષ્ણુસહસ્રનામ, સાવિત્રીવ્રત આખ્યાન, ભીષ્મનું સ્વર્ગારોહણ, પાંડવનો અશ્વમેધ યજ્ઞ, સિદ્ધ બ્રાહ્મણ અને કશ્યપનો સંવાદ, બ્રાહ્મણગીતા, ગુરુ–શિષ્ય–સંવાદ, અર્જુન–બભ્રુવાહન નું યુદ્ધ, નોળિયાએ પાંડવોના રાજસૂય યજ્ઞને વખોડી કાઢ્યા! પ્રભુભક્તિનું સામર્થ્ય, દાવાનળમાં ધૃતરાષ્ટ્ર વગેરે બળી મરે છે, યાદવોનો મહાસંહાર, શ્રી કૃષ્ણનું સ્વધામગમન, પાંડવોનું સ્વર્ગારોહણ...વગેરે વગેરે આવે છે. * પાન–૮૨૮

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, અમદાવાદ : કાલબાદેવી, મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

ગ્રંથોનું સૂચિપત્ર

આદર્શ ગ્રંથો—મૂળ તથા અનુવાદ

એકાદશ સ્કંધ—મૂળ સહિત સરળ ભાષાંતર ૪૯૦ ૪–૪
બળવાન બનો!—કર્મનો શ્રેષ્ઠતમ ઉપદેશ—ગુજરાતી ભાષાંતર, શ્રી. સાતવલેકરજીની ટીકા સાથે યજુર્વેદનો અધ્યાય ૧ લો ૧૧૨ ૦–૮
વિવેકચૂડામણિ—શંકરાચાર્ય વિરચિત : મૂળ સહિત ભાષાંતર ૧૬૦ ૦–૧૨
જીવન્મુક્તિવિવેક—મુક્તિ માટે માર્ગદર્શન આપતો પ્રાચીન ગ્રંથ ૨૨૦ ૧–૪
અષ્ટાવક્રગીતા—મૂળ શ્લોકો તથા સરળ અર્થ ૭૨ ૦–૮
મહાવાક્ય રત્નાવલિ—સરળ અર્થ સાથે ૧૪૪ ૦–૧૨
એકાદશ ઉપનિષદો—મૂળ શ્લોકો સાથે સરળ અનુવાદ ૪૫૨ ૨–૮
બૃહદારણ્યક અને બીજાં ૧૦૦ ઉપનિષદો—મૂળ શ્લોકો તથા સરળ અનુવાદ: (છપાય છે.)
વિદુરનીતિ—મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ૧૬૮ ૦-૧૨
મનુસ્મૃતિ—સરળ ભાષાંતર, મૂળ શ્લોકો સહિત ૬૪૦ ૩–૦
આર્યધર્મનીતિ ને ચાણક્યનીતિસાર—પસંદ કરી ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો, સરળ અર્થ સાથે ... ૨૦૮ ૦–૮
વિષ્ણુસહસ્રનામ—ભગવાન વિષ્ણુનાં હજાર નામો, અર્થ સાથે ૧૨૮ ૦–૪

શાસ્ત્રગ્રંથો—માત્ર અનુવાદ

સંપૂર્ણ મહાભારત–ભાષાંતર—દળદાર સાત ગ્રંથોમાં... ૫૨૦૯ ૪૫–૦
શ્રીમદ્ ભાગવત—બે ગ્રંથમાં ભાષાંતર—આવૃત્તિ ૧૧મી, ૨૭ ચિત્રો ૧૨૪૦ ૮–૦
,, ,, –ભાગ બીજો–(આવૃત્તિ ૮ મી) છૂટક મળશે ૬૬૭ ૩–૦
ભગવતી (દેવી) ભાગવત—સરળ ભાષાંતર, મોટા અક્ષરોમાં ૯૨૮ ૬–૦
વિચાર સાગર—વેદાંતનાં દોહન–સારરૂપ તત્ત્વજ્ઞાનનું પુસ્તક ૪૩૨ ૨–૮
લઘુ યોગવાસિષ્ઠ—મહામૂલા જીવનની દરેક પળ યોગપૂર્ણ વિતાવવા પ્રેરણા આપતું અજોડ પુસ્તક ... ૫૫૪ ૨–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગવાસિષ્ઠ મહારામાયણ—ચાર દળદાર ગ્રંથો: વૈરાગ્ય, મુમુક્ષા, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને નિર્વાણ—આ છ પ્રકરણો ૧૯૦૮ ૧૨–૦

મહાભારતનું શાંતિપર્વ—રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ—ચારે વર્ણ, આશ્રમના સામાન્ય ધર્મો ૮૫૬ ૭–૮

અન્ય ધાર્મિક ગ્રંથો

ધમ્મપદ—મૂળ તથા ગુ૦ અનુવાદ: પં. બેચરદાસની ટીકા સાથે ૧૮૦ ૧–૦

દત્ત–પરશુરામ અથવા આત્મદર્શનયોગ—ભગવાન દત્તાત્રેય પ્રણીત ત્રિપુરારહસ્ય, જ્ઞાનખંડ, વિસ્તૃત વિવરણ સાથે ૩૪૪ ૨–૦

આત્મરામાયણ—રામાયણની ટૂંકી કથા સાથે તત્ત્વજ્ઞાન સમજાવતું અધ્યાત્મ વિષયનું સરળ પુસ્તક ૧૪૦ ૦–૧

પરમાનંદની પ્રાપ્તિ—લે૦ ધીરજલાલ સાંકળિયા: શુદ્ધાદ્વૈત મતથી બ્રહ્મનું નિરૂપણ કરતું પુસ્તક, રસિક વાતચીતરૂપે ૨૬૪ ૧–૮

મોક્ષમાળા—શ્રીમદ્ રાજચંદ્રકૃત જૈનતત્ત્વજ્ઞાનનું ઉત્તમ પુસ્તક મહાત્મા ગાંધીજીના પરિચય સાથે … … ૧૮૦ ૧–૪

પરમ સુખી થવાના ઉપાય—શ્રીમન્નથુરામ શર્માનાં ધાર્મિક વ્યાખ્યાનોનો ઉપયોગી સંગ્રહ ૩૩૬ ૨–૦

પ્રભુમય જીવનનું રહસ્ય—મહાપુરુષોના ઉપદેશ—ભજનો ઈ૦ ૧૬૮ ૧–૦

મીરાં અને નરસિંહ—(સંપાદક: ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ દિવેટિયા) પસંદ કરેલાં ૧૬૩ ભજનો તથા પદો ૧૦૪ ૦–૧૨

વિવેકાનંદસાર—વિવેકાનંદના સમગ્ર ઉપદેશોના સારરૂપે ૨૬૪ ૨–૦

રામકૃષ્ણકથામૃત—ઉપદેશો, બોધક વાતચીતના પ્રસંગો ઇ૦ ૮૦૦ ૫–૦

તુકારામ ગાથા—બે ગ્રંથોમાં—પ્રભુપ્રેમ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યપ્રેરક ૪૧૪૧ મરાઠી અભંગોનું સરળ ભાષાંતર ૧૮૪૦ ૬–૦

દાસબોધ—ભક્તિનિરૂપણ, જન્મદુઃખનિરૂપણ, નવ પ્રકારની ભક્તિ, બ્રહ્મનિરૂપણ, પિંડ અને બ્રહ્માંડ, સારાસાર વિચાર ઇ૦ અનેક પ્રકારના સમર્થ રામદાસના ઉપદેશો ૬૪૮ ૨–૮

સ્વામી રામતીર્થના સદુપદેશો—આત્મકૃપા, બ્રહ્મચર્ય, રાષ્ટ્રીય ધર્મ, આત્મસાક્ષાત્કારનો વિધિ, પ્રારબ્ધ નહિ પણ પુરુષાર્થ, યજ્ઞનું રહસ્ય, આનંદ, જીવતો કોણ છે? વગેરે બાબતો સમજાવતાં—

વ્યાખ્યાનો ઇત્યાદિ—(ગ્રંથ ૧ લા રૂપે) … … ૫૬૪ ૨–૮

સદુપદેશો—(ગ્રંથ ૩ જા રૂપે) … … … ૫૨૦ ૨–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદના ઉપદેશો—ધર્મ એટલે શું? ભક્તિનું ખરું સ્વરૂપ, વેદાંતનું કાર્ય, ભરતખંડનું ભવિષ્ય, આપણું કર્તવ્ય, પુનર્જન્મ, ભક્તિયોગ, મૂર્તિપૂજા, પ્રભુપ્રેરિત વાતો, પત્રો ઇત્યાદિ

સદુપદેશો—(ભાગ ૪–૫ રૂપે) આવૃત્તિ ૨ જી	૬૦૦	૨–૪
ભક્તિયોગ—(ભાગ ૮મા રૂપે) આવૃત્તિ ૨ જી...	૩૮૪	૧–૮
પાતંજલયોગ ને જ્ઞાનયોગ (ભાગ ૧૦–૧૧ રૂપે)	૫૬૦	૨–૦
પાતંજલ યોગસૂત્ર—ભગવાન પતંજલિનાં યોગસૂત્રો, અર્થ તથા સ્વામી વિવેકાનંદજીના વિવેચન સાથે...	૧૯૨	૧–૦
જ્ઞાનયોગ—આત્મા, વ્યાવહારિક વેદાંત, કલ્યાણનો પંથ, યાજ્ઞવલ્ક્ય ને મૈત્રેયી વ૦ ઉપર વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો	૨૩૬	૦–૧૨
રાજયોગ—(સ્વામી વિવેકાનંદકૃત) સાધન, પ્રાણ, પ્રાણનું આધ્યાત્મિક રૂપ, પ્રાણનો સંયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ ઇત્યાદિ	૧૩૬	૦–૧૨
આખ્યાનમાળા—ગ્રંથ ૧ લો તથા બીજો—સ્વ૦ અનંતપ્રસાદ કૃત ભક્તો, ઋષિ–મુનિઓ તથા દેવ–દેવીઓનાં કુલ ૪૩ આખ્યાનોનો ઉત્તમ સંગ્રહ ...	૧૪૨૮	૬–૦
વૈદિક વિનય—દરરોજના સ્વાધ્યાય માટે ચૂંટેલા ૩૬૦ વેદમંત્રો, ભાષાંતર–વિસ્તૃત સમજૂતી સાથે ...	૮૪૦	૩–૧૨
ઉપદેશસારસંગ્રહ—મહાત્મા તિરુવલ્લુવરના વેદતુલ્ય ઉપદેશો	૩૮૪	૧–૮
સુબોધરત્નાકર—ધર્મનીતિનાં પ્રેરક ૧૦૫ દૃષ્ટાંતો... ...	૩૦૦	૧–૮

સ્વ૦ પઢિયારકૃત પુસ્તકો

સ્વર્ગનું વિમાન—ભક્તિમાર્ગના ૩૨૫ ટૂંકા રમૂજી દાખલા	૩૭૨	૨–૦
સ્વર્ગની કૂંચી—સદ્વર્તન રાખતાં શીખવનારું પુસ્તક ...	૩૭૨	૨–૦
સ્વર્ગનો ખજાનો—ભક્તિમાર્ગની ત્રીજી ચોપડી—દૃષ્ટાંતો સાથે	૩૧૨	૨–૦
સ્વર્ગનો પ્રકાશ—જ્ઞાન અને પરમાર્થનો સંબંધ તથા ... પાગલ હરનાથની જાણવા લાયક વાતો ...	૩૩૬	૨–૦
સ્વર્ગનો આનંદ—ભક્તિના અનેક પ્રકારોની સમજ ...	૩૬૦	૨–૦
સ્વર્ગની સડક—સ્વર્ગપ્રાપ્તિનો ટુંકો ને સરળ રસ્તો બતાવનાર	૪૬૮	૨–૦
સંસારમાં સ્વર્ગ—સંસારને સ્વર્ગરૂપ બનાવનારું પુસ્તક	૩૪૮	૨–૦
સ્વર્ગની સીડી—મોક્ષમાર્ગનાં ૧૨ પગથિયાંની સમજ...	૩૬૦	૨–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચું સ્વર્ગ-ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતો-દૃષ્ટાંતો સાથે	૪૯૨	૨ ૦
સ્વર્ગની જિંદગી-કંગાળ મનોદશાને માટે ભોમિયારૂપે	૩૦૦	૨-૦

રામાયણો

ગિરધરકૃત રામાયણ-કવિ ગિરધરદાસની હસ્તપ્રત ઉપરથી	૭૯૨	૪-૮
માનસ રામાયણ-બે ભાગમાં : દોહા-ચોપાઈ, બાળબોધ લિપિ અને ભાષાંતર ગુજરાતીમાં : ૩૦ ચિત્રો સાથે	૧૪૦૦	૭-૦
તુલસીકૃત રામાયણ-બે ભાગમાં, દોહા-ચોપાઈ ગુજરાતી લિપિમાં અર્થ સાથે: ૩૬ ચિત્રો સહિત ...	૧૪૩૨	૭-૮
,, ,, ભાગ ૨ જો-આવૃત્તિ ૭ મી ...	૬૪૦	૩-૦
વાલ્મીકિ રામાયણ-ભાષાંતર-મોટા અક્ષરો, ૩૭ ચિત્રો સાથે	૧૫૨૮	૬-૦

ભગવદ્ ગીતાઓ—

શ્રીમદ્ ભગવદ્‌ગીતા-પં. સાતવળેકરજીની પુરુષાર્થબોધિની ટીકા સાથે : ત્રણ ગ્રંથોમાં	૧૨૦૦	૧૨-૦
શ્રીમદ્ ભગવદ્‌ગીતા-મોટા અક્ષર : ગુજરાતી સરલાર્થ સહિત	૨૪૮	૦-૧૨
ભગવદ્‌ગીતા-મૂળ શ્લોકો, ગુ૦ પદચ્છેદ તથા શબ્દાર્થ સાથે	૩૬૮	૧-૪
ભગવદ્‌ગીતા-ગુજરાતી લિપિમાં શ્લોકો, પદચ્છેદ તથા શબ્દાર્થ સહિત ...	૩૬૮	૧-૪
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા-ભગવાન જ્ઞાનેશ્વરે લખેલી અનેક દાખલા-દૃષ્ટાંતથી ગીતા સમજાવતી 'ભાવાર્થ દીપિકા' નામની ટીકા-સરળ અર્થ સાથે ...	૮૮૮	૪ ૦
શ્રી ભગવદ્‌ગીતા-એક બાજુ શ્લોક ને બીજી બાજુ ભાષાંતર, કદ-૩ા=૪પા, બોર્ડપટ્ટીનાં પૂંઠાં ...	૪૯૦	૦-૮
શ્રીમદ્ ભગવદ્‌ગીતા-માત્ર ગુજરાતી ભાષાંતર, કદ ૩ા=૪પ આવૃત્તિ ૨૦ મી, બોર્ડપટ્ટીનાં પૂંઠાં	૨૮૮	૦-૪
મૂળ-મૂળ ભગવદ્‌ગીતા: (માત્ર સંસ્કૃતમાં પાઠ કરનારા માટે) પાન ૧૧૨: મોટા અક્ષર ૦-૧૪ પાન ૨૦૮: મધ્યમ અક્ષર		૦-૫
અવધૂતગીતા-મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ...	૧૫૨	૧-૦

જીવનચરિત્રો

રમણ મહર્ષિ-(લે. સ્વામી માધવતીર્થ) ટૂંકો પરિચય ને બોધ	૧૮૪	૧-૦
સાઈ બાબા-શિરડીના પ્રખ્યાત સંતનું ચરિત્ર	૪૩૬	૩-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી સહજાનંદ–ચરિત્ર ને ઉપદેશો	૩૩૬	૧–૮
ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથોમાં–વિસ્તૃત ચરિત્ર (સચિત્ર)	૧૫૯૬	૬–૮
જ્ઞાનેશ્વર મહારાજ ને **મહાત્મા એકનાથ** : બે ચરિત્રો	૫૦૪	૨–૮
રામકૃષ્ણ પરમહંસ–પ્રેરણાદાયી અદ્‌ભુત ચરિત્ર ...	૬૦૮	૨–૮
સ્વામી વિવેકાનંદ–જીવનના પ્રસંગો આલેખતું વિસ્તૃત ચરિત્ર	૭૬૪	૩–૦
સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર, વેદાંતના ઉપદેશો સાથે	૬૭૨	૩–૦
સંત તુકારામ–મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું વિસ્તૃત ચરિત્ર	૬૪૮	૨–૮
સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને શિવાનંદજીનાં ચરિત્રો ...	૪૨૪	૧–૬
શ્રી રામચંદ્ર દત્ત ને નાગમહાશયનાં ચરિત્રો ...	૩૩૬	૧–૦
મ૦ સુરસુદાસજી, ભૂધર ભક્ત ને જાનકીદાસજીનાં ચરિત્રો	૨૫૬	૦–૧૦
ભક્તચરિત્ર–નાભાકૃત ભક્તમાળમાં નહિ આવેલાં ૨૯ ભક્તોનાં અદ્‌ભુત અને પ્રેરણાદાયી ચરિત્રો (આવૃત્તિ ૨ જી)	૫૨૮	૨–૮
આદર્શ ચરિત્રસંગ્રહ–ભાગ ૨ જો: બોધક ૭૦ ટૂંકાં ચરિત્રો	૬૨૪	૨–૮
ભારતના વીરપુરુષો–ઐતિહાસિક ૪૦ વીર પુરુષોનાં ચરિત્રો	૩૩૬	૧ ૪
મુસ્લિમ મહાત્માઓ–૯૬ મુસ્લિમ સૂફી સંતોનાં ચરિત્રો	૭૫૬	૨–૪
વીર દુર્ગાદાસ અથવા **મારુ સરદારો**–મારવાડના રાજપૂત યુગના આ નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત...	૩૦૪	૧–૦

સંતવાણી–ભજનો ઇત્યાદિ

પરિચિત પદસંગ્રહ–ખાસ પસંદ કરીને ચૂંટેલાં ૬૯૭ ભજનો	૪૦૦	૧–૧૨
ભજનસાગર–જુદા જુદા ભક્તોનાં ૯૩૧ ઉત્તમ ભજનોનો સંગ્રહ	૬૮૮	૨–૮
અખાની વાણી–અઘરા શબ્દોના અર્થ તથા સુધારાવધારા સાથે	૫૦૪	૩–૦
तुकाम्हणे:–પસંદ કરેલા અભંગોનો સંગ્રહ મરાઠીમાં...	૧૨૦	૦–૫
પ્રીતમદાસની વાણી–ધોળ, છપ્પા, કક્કા, મહિના ઇ.નો સંગ્રહ	૫૬૦	૨–૮
દીવાને સાગર–જીવનસાફલ્યનો ઉલ્લાસ આપતો ગઝલસંગ્રહ	૪૮૦	૪–૮
જીવન–પગલે–(કાવ્યો)–જીવનપથ ઉજાળવા પ્રેરણાદાયી કાવ્યસંગ્રહ	૧૧૨	૦–૧૦

ખાસ સ્ત્રીઉપયોગી ગ્રંથો—

શ્રી શારદામણિ દેવી–ટૂંકું ચરિત્ર	૧૦૪	૦–૮
સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો–સ્ત્રીઓની કેળવણી, લગ્ન, વારસાહક્ક, ગામડાંની સ્ત્રીઓના પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ તથા સ્ત્રીઓની ફરજ ઇ૦ અનેક વિષયો	૨૬૪	૧–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણમયી-વાર્તાના સ્વરૂપમાં સ્ત્રીઉત્કર્ષની ભાવનાને રજૂ કરતો ગ્રંથ: સ્ત્રીઓના રોગો અને તેના ઉપાયો સાથે: આવૃત્તિ ૨ જી ૨૨૪ ૧-૦

ભારતની દેવીઓ-ત્રણ ગ્રંથો: પ્રાચીન તથા અર્વાચીન ૫૨૮ સતીઓનાં ચરિત્રો: સૌથી મોટો ને સસ્તો સંગ્રહ ૨૨૬૮ ૯-૦

કલ્યાણી માતા અને સદ્દગુણી પુત્રી-સ્ત્રીઉપયોગી ટૂંકી ચાર વાતો-બાલિકાઓ માટે ખાસ ઉપયોગી ૧૬૦ ૦-૮

ટૂંકી વાતો-ગ્રંથ ૧ લો-સામાજિક નિર્દોષ ૬૬ વાતો ૫૮૯ ૨-૮

" " ૨ જો-કુટુંબ માટે ઉપયોગી ૫૭ વાતો ૫૭૬ ૨-૮

" " ૪ થો-સ્ત્રીપુરુષને ઉપયોગી ૫૬ વાતો ૪૦૯ ૨-૮

" " ૬ ઠો-સર્વ માટે ઉપકારક ૮૬ વાતો ૭૨૦ ૨-૮

બાળકો માટેનાં પુસ્તકો—

બિરબલ અને બીજા-લે૦ જ્યોતીન્દ્ર હ૦ દવે: બાદશાહ અને બિરબલની તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ ૨૮૦ ૧-૮

સદ્દગુણી બાળકો-૬૯ ખરા બનાવોનો સંગ્રહ... ... ૧૩૬ ૦-૮

ભારતીય નીતિકથાઓ-'મહાભારત'માંની ૫૨ ટૂંકી વાતો ૧૯૨ ૦-૮

સુબોધક નીતિકથા-સ્વ૦ 'બિરબલ'કૃત ૧૫૨ બોધપ્રદ વાતો ૨૩૨ ૦-૮

બાળકોની વાતો-ભાગ ૧ લો: બોધપ્રદ ૨૧ વાતો ... ૮૪ ૦-૬

" " ભાગ ૨ જો: બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ ૨૬૪ ૦-૮

પ્રકીર્ણ સાહિત્ય—

સુવર્ણયુગ-શ્રી. કનૈયાલાલ મુનશીના લેખોનો સંગ્રહ ... ૯૬ ૦-૮

આત્મનિરીક્ષણ ને સંકલ્પ-રમણલાલ દેસાઈ-સ્વસુધારણા માટે પ્રેરણા આપતું ઉત્તમ પુસ્તક (બીજી આવૃત્તિ) ૧૬૮ ૧-૦

ગુજરાતની ગઝલો-(દી. બ. કૃષ્ણલાલ ઝવેરી સંપાદિત) જુદી જુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ ... ૧૮૦ ૧-૦

કચ્છની લોકવાર્તા-(લે૦ ડુંગરશી ધરમશી સંપટ)... કચ્છદેશની રાજપૂત યુગની ઘટનાઓ આલેખતો ગ્રંથ ૩૫૪ ૨-૦

સાહિત્યઆરંભિકા-લે૦ હિંમતલાલ ગણેશજી અંજારિયા: ગુજરાતી સાહિત્યના વિકાસનો ઇતિહાસ: ૧૫૨ ૧-૦

ઉત્સાહ અને ચેતનાપ્રેરક ગ્રંથો—

અંતરની વ્યથા-લે૦ 'સોપાન' : : ૫ આત્મકથાઓ ૧૯૨ ૧-૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુબોધ કથાસાગર–બોધદાયક ૫૦૫ દૃષ્ટાંતોનો સંગ્રહ ૪૬૪ ૨–૦
સુખી જીવનનાં સાધન–આનંદી જીવન માટે ઉત્સાહ પ્રેરક ૩૧૨ ૧–૮
આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ ૧–૨–મહાપુરુષોના જીવનપ્રસંગો પરથી બોધક અને અનુકરણીય ૮૧૯ દૃષ્ટાંતોનો સંગ્રહ ૯૨૮ ૪–૦
કતલખાનું–શ્રમજીવીઓનાં અનેકવિધ દુઃખો તથા ધનિકોની નિર્દયતા દર્શાવતી નવલકથા (અપ્ટન સિંકલેરકૃત) ૬૯૬ ૩–૦
શુભસંગ્રહ–(ભાગ ૨ ને ૯) ઘરગથ્થુ દવાઓ તથા ઉપયોગી માહિતીના ૩૧૩ લેખોનો સંગ્રહ ૧૨૮૦ ૫–૪
સુબોધ પુષ્પવાટિકા–શેખસાદીકૃત: આ પુસ્તકમાં રાજનીતિ, ત્યાગીની રહેણીકરણી, મૌનનો મહિમા, શિક્ષણનું ફળ ઇ૦ છે. ૧૩૧ ૦–૫

વૈદક તથા વિજ્ઞાનના ગ્રંથો—

ખોરાકના ગુણદોષ–લેખક: ડૉ. રસિકલાલ જે. પરીખ આયુર્વેદ પદ્ધતિથી રોજીંદા ખોરાક માટે માર્ગદર્શન આપતું પુસ્તક: સુધારાવધારા સાથેની નવી આવૃત્તિ ૧૦૦ ૦–૧૦
ઔષધિ કલ્પલતા–જડ અને હઠીલા રોગો ઉપર ૪૩ વનૌષધિઓના સેવન વિષે સમજૂતી ૧૧૨ ૦–૧૨
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–મ૦ ગાંધીજીકૃત: શરીરરચના, હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં, પાણીના તથા માટીના ઉપચાર, અકસ્માત, ગર્ભવેળા સ્ત્રી–પુરુષનું કર્તવ્ય વગેરે ૧૨૮ ૦-૮
વૈદક સંબંધી વિચારો–બે ગ્રંથમાં, આરોગ્ય અને વૈદકને લગતા ઉપયોગી ૨૯૧ લેખોનો સંગ્રહ ૧૧૧૬ ૩–૧૨
આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ–૧૦ મી આવૃત્તિ: અનેક વનસ્પતિઓના ગુણ–દોષ, ઉપયોગ તેમ જ રોગો, તેનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ ૮૩૨ ૬–૦
આયુર્વેદ નિબંધમાળા–બે ગ્રંથમાં: વૈદ્ય તિલકચંદ તારાચંદકૃત: આયુર્વેદ પ્રમાણે અનેક રોગ, તેનાં લક્ષણ, કારણ, ઉપાયો તેમ જ અનુભૂત ઉપચારો બતાવતો ઉત્તમ ગ્રંથ ૧૧૫૨ ૪–૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, નદી જવાને રસ્તે, સેશન્સ કોર્ટ પાસે, અમદાવાદ
અને કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

'આમ સાહિત્યશ્રેણી'

આ ગ્રંથાવલિમાં જ્ઞાન-ચારિત્ર્ય-વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતે બહાર પડે છે. હાલ નીચે પ્રમાણે પુસ્તકો પ્રકટ થયાં છે:-

ગીતાસંકલન-સંપાદક: શ્રી૦ રમણ મહર્ષિ: મોઢે કરવા જેવા ગીતાના ૪૧ શ્લોકોનું સંકલન, બીજાં બે સંકલનો સાથે	૫૨	૦-૩
કણ્ઠાભરણમ્-ચૂંટેલા પ્રાર્થના-મંત્રો-અર્થ સાથે (નવી આવૃત્તિ)	૬૪	૦-૩
ધ્યાન અને જ્ઞાન-સ્વામી માધવતીર્થ ... (નવી આવૃત્તિ)	૪૮	૦-૩
જ્ઞાનનાં ઝરણાં:-સ્વામી માધવતીર્થ ... (બીજી આવૃત્તિ)	૬૪	૦-૩
ભક્તરાજ હનુમાન-હનુમાનજીનું ટૂંકું જીવનચરિત્ર ...	૮૮	૦-૬
શ્રીમત્ શંકરાચાર્ય-લેખક: પુરાતન બુચ: જગદ્‌ગુરુ આદ્ય શંકરાચાર્યનું ટૂંકું જીવન અને કવન ...	૪૮	૦-૩
ભગવાન બુદ્ધ-લે૦ પુરાતન બુચ: કેટલાક જીવન-આદર્શોનું નિરૂપણ	૫૬	૦-૪
શ્રી તૈલંગ સ્વામી-વિશુદ્ધાનંદ તથા પૌહારીબાબાનાં ચરિત્રો	૮૮	૦-૪
બાળકોના વિવેકાનંદ-બાળોપયોગી ટૂંકું ચરિત્ર-નવી આવૃત્તિ	૫૬	૦-૪
સંત કબીર-લેખક: પુરાતન બુચ: કબીરજીના જીવન અને ઉપદેશ	૫૬	૦-૩
કાળમુખી અને બીજી વાતો-લેખક: ચુનીલાલ મડિયા	૬૪	૦-૩
શ્રાવણની ધાર ને બીજી વાતો-લેખક: ,, ,,	૬૪	૦-૩
કેરીની મોસમ ને બીજી વાતો-લેખક: 'શયદા' ...	૭૮	૦-૫
સમ્રાટ શ્રેણિક અને દેવી નંદા-જૈન સંસ્કૃતિની બે નાટિકાઓ	૬૪	૦-૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર સૂર્યોદય–તત્ત્વજ્ઞાનની બાળપોથી જેવું સરળ પુસ્તક ૫૨ ૦–૩
સેનાવતી ને ગોપીચંદ તથા ભર્તૃહરિ ને વિક્રમ–'કલાપી'કૃત ૪૮ ૦–૩
જેસલ અને તોરલ તથા ગોપીચંદ ને જાલંધર– „ ૫૬ ૦–૩
ઉચ્ચ જીવનઃ–ડૉ. હરિપ્રસાદ વ્ર૦ દેસાઈ ૫૬ ૦–૩
ઉત્તરગીતા–અર્જુનને ઉત્તરાવસ્થામાં શ્રીકૃષ્ણે આપેલા તત્ત્વ-
બોધનો સરળ અનુવાદ: મૂળ શ્લોકો સાથે ... ૬૪ ૦–૬
શ્રી રામકૃષ્ણ ઉપદેશ ૮૮ ૦–૫
અણોજો ને નવું રેલવે સ્ટેશન–લે૦ શ્રી. ચુનીલાલ વ૦ શાહ ૬૦ ૦–૪
જીવનનો સર્ગ–લે૦ શ્રી. 'સોપાન' ૮૪ ૦–૬
નવજવાન– „ ૬૪ ૦–૪
અહિંસાનું રહસ્ય– „ ૭૨ ૦–૪
એ વૃદ્ધ પુરુષ !– „ ૫૬ ૦–૪
આશાને અજવાળે– „ ૫૬ ૦–૪
મનને–(કાવ્ય)–એક સંતની મનોનિગ્રહ પ્રેરતી કવિતાઓ... ૪૦ ૦–૩
જયભારતી–(કાવ્ય) શ્રી. 'શયદા'કૃત ભારતની ચડતી-
પડતીનું દિગ્દર્શન ૩૬ ૦–૬
શ્રીમંતોનો સડો–(કાવ્ય)–ઈશ્વર ધોળકિયા ૬૪ ૦–૪
બાળસદ્બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ૧૨૦ ૦–૪
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા–ઉપદેશયુક્ત સંવાદ
આધુનિક અને રામાયણ યુગની તુલના સાથે ૧૬૪ ૦–૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, સેશન્સ કોર્ટ પાસે, પો. બો. નં. ૫૦, અમદાવાદ
અને કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ–૨

બાલભારત–૧૦૦૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૭૪ / ૧૯૪૨

છેલ્લી અર્ધી સદીમાં મહા-ગુજરાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી અને ભિક્ષુ અખંડાનંદ એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા ભિક્ષુ અખંડાનંદે જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને, સર્વ રીતે શુદ્ધ કરીને, સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘેરેઘરમાં પહોંચાડી છે.

આ અપ્રમત્ત સંતપુરુષે ‘कथयन्तो मां नित्यम्’ એ ગીતાસૂત્ર પ્રમાણે છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે; અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા ભિક્ષુ અખંડાનંદનું સ્થાન ગુજરાતના ગૌરવમાં—હિંદના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવાદ અને મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar